ભજનીયો વ્રજાધિપ:



[illegible] ચિ. પરીખ • રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રીવલ્લભઃ ॥

ભજનીયો વ્રજાધિપઃ

: સંકલન-લેખન :

(ગો.વા.) **વ્રજરત્નદાસ ચિમનલાલ પરીખ**
પ્રા. રમેશભાઈ વિઠ્ઠલદાસ પરીખ

: પ્રકાશક :

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમા સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨.
ફોન : (૦૨૭૬૨) ૪૨૩૫૩ ફેક્સ : (૦૨૭૬૨) ૪૭૬૫૫
Email : hpct@wilnetonline.net

Bhajaniyo Vrajadhip
by Prof. Rameshbhai V. Parikh

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રાપ્તિસ્થાન :

- **હરસાનીજી હાઉસ (રૂબરૂ અને પોસ્ટ દ્વારા)**
  ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર, બી. કે. સિનેમા સામે, મહેસાણા.
  ફોન : (૦૨૭૬૨) ૪૨૩૫૩ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ (માત્ર રૂબરૂમાં)**
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લે માળે,
  ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
  ફોન : (૦૨૨) (ઓ) ૨૦૧૦૦૮૪, ૨૦૬૦૮૫૮ (ઘર) ૩૬૯૩૮૨૧
  ફેક્સ : ૯૧-૨૨-૨૦૬૦૮૫૮.

પ્રથમ આવૃત્તિ :
શ્રાવણ, વિ. સં. ૨૦૪૪, ઑગષ્ટ, ૧૯૮૮

પુનર્મુદ્રણ :
(૧) નૃસિંહ જયંતિ, જેઠ, સં. ૨૦૫૦, મે ૨૩, ૧૯૯૪
(૨) અષાઢ, સં. ૨૦૫૧, જુલાઈ, ૧૯૯૫
(૩) વામનજયંતી, સં. ૨૦૫૭, ઑગષ્ટ, ૨૦૦૧

પુસ્તક પ્રકાશન સહાય : રૂા.૫૦/-

મુદ્રક :
ભાગ્યમુદ્રા (ઓફસેટ યુનિટ)
૧૫૮, જી.આઈ.ડી.સી. ફેઝ - ૧, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : ૦૨૭૬૨-૫૫૦૩૩

રસેશનો રસથાળ (અનુક્રમણિકા)

- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (પ્રસ્તાવના) : પ્રા. રમેશભાઈ પરીખ ૫
- કૃષ્ણસેવા સદા કાર્યા (આમુખ) : પ્રા. રાજન કડિયા ૯

ભાગ ૧ : સેવાસિદ્ધાંત, સ્વરૂપ, નિત્ય તથા વર્ષોત્સવ પ્રકાર

૧. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ૧૭
૨. સેવાનો વ્યવહારુ વિચાર ૨૩
૩. સેવાનું આચાર-સ્વરૂપ ૩૦
૪. સેવામાં સ્વરૂપ-ભાવના ૩૯
૫. મંગળાથી રાજભોગ સુધીની સેવા-પ્રણાલિકા ૫૦
૬. ઉત્થાપનથી શયન સુધીનો સેવા-પ્રકાર ૭૫
૭. સેવાનો ઓછામાં ઓછો ક્રમ ૮૨

- **પરિશિષ્ટો : ૧ થી ૯** ૮૫-૧૭૪
  ૧. ભજનીયો વ્રજાધિપઃ : ગો. શ્રી નિકુંજલતા બેટીજી ૮૫
  ૨. ઉત્સવનો પ્રકાર : ગો. શ્રી નિકુંજલતા બેટીજી ૮૬
  ૩. પુષ્ટિરહસ્ય ચર્ચા : ગો. શ્રી. બાલકૃષ્ણલાલજી ૧૦૨
  ૪. પુષ્ટિશિક્ષા (અનુવાદ : ગો. વા. વ્રજરત્નદાસ પરીખ) ૧૧૧
  ૫. ક્યારે કયા પાઠ કરશો ? : ગો.વા. વ્રજરત્નદાસ પરીખ ૧૧૬
  ૬. આશૌચ-દર્પણ (સૂતક-નિર્ણય) : શ્રી પ્રેમલાલ મેવચા ૧૧૯
  ૭. પ્રાતઃસ્મરણ (વિવિધ સ્તોત્ર) : સંકલિત ૧૨૭
  ૮. વૈ. ઉપયોગી નિત્યકર્મ : શાસ્ત્રી ગોવર્ધનદાસ ધીરજરામ ૧૪૪
  ૯. સેવામાં વપરાતા પારિભાષિક શબ્દો ૧૬૯

ભાગ ૨ : નિત્યની લીલાભાવના (*'સહસ્રીભાવના'* પર આધારિત)

૧. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ૧૭૭
૨. નિત્યલીલા નિત્યનૂતન ૧૮૭
૩. નંદભવનમાં સખીજનો નંદનંદનને જગાવે છે ૧૯૦
૪. શ્રીઠાકોરજી નિકુંજમાં જાગે છે ૧૯૭
૫. શ્રીયશોદાજી જગાવે છે ૨૦૧

૬. મંગલભોગ અને મુરલીલીલા ૨૦૪
૭. આઓ ગોપાલ, સિંગાર બનાઉં ૨૦૭
૮. દોઉ મુખ દેખત દર્પનમેં ૨૧૪
૯. ગોપીવલ્લભ-ભોગ ૨૧૭
૧૦. ગોવિન્દ ચલે ચરાવન ગૈયાઁ ૨૧૮
૧૧. પ્રિય નવનીત પાલને ઝૂલે ૨૨૧
૧૨. જેંવત નંદ-કાન્હ-બલભૈયા ૨૨૬
૧૩. આજ ગોપાલ પાહુને આયે ૨૨૯
૧૪. મૈયા મોરી, મૈં નહીં માખન ખાયો ૨૩૪
૧૫. મોહન જેંવત છાક સલોની ૨૩૭
૧૬. જેંવત દોઉ રંગભરે ૨૪૧
૧૭. બૈઠે હરિ રાધે સંગ કુંજભવન અપને રંગ ૨૪૩
૧૮. હરિ-દરસનકો તરસત અઁખિયાઁ ૨૪૫
૧૯. ઘર જૈવેકી ભઈ હૈં બિરિયાઁ ૨૪૮
૨૦. અંતરંગ મિત્ર સાથે અંતરની વાતો ૨૫૦
૨૧. ગૃહગમન ૨૫૩
૨૨. વ્રજવનિતા-સંવાદ ૨૫૫
૨૩. હવે નંદભવનમાં ૨૬૪
૨૪. નંદાલયમાં સખીજનો સાથે ૨૬૭
૨૫. હવે યશોદાજી સાથે ૨૬૮
૨૬. કાન્હ, હમારી દુહિ દીજે ગૈયા ૨૭૩
૨૭. ઘૈયા : માતાપુત્રની વાતો ૨૭૭
૨૮. બ્યારુ કરત હૈં ઘનસ્યામ ૨૭૯
૨૯. પોઢિયે ઘનસ્યામ, બલૈયા લૈહૌં ૨૮૨
૩૦. કુસુમસેજ પિય-પ્યારી પૌઢે ૨૮૪

■

પ્રસ્તાવના

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર સેવક કુંભનદાસજી.

શ્રીનાથજીની કીર્તન-સેવા કરે.

શ્રીગુસાંઈજીએ એક દિવસ પૂછ્યું : ‘કુંભનદાસજી, તમારે પુત્ર કેટલા?’

કુંભનદાસજી કહે, ‘મહારાજ ! મારે દોઢ પુત્ર છે.’

સાંભળનાર સૌને આશ્ચર્ય થયું. કુંભનદાસજીને સાત પુત્રો હોવા છતાં દોઢ પુત્ર હોવાનું કેમ કહ્યું? ભલા, કોઈને અર્ધો પુત્ર હોય? શ્રીગુસાંઈજીએ ફરી પૂછ્યું : ‘કુંભનદાસજી, તમે દોઢ પુત્ર કેમ કહો છો?’ કુંભનદાસજીનો જવાબ સાંભળવા સૌના કાન સરવા થયા. તેમણે વિનમ્ર ભાવે કહ્યું : ‘કૃપાનાથ, સેવા અને સ્મરણ બંને કરે તે આખો પુત્ર. સેવા અથવા સ્મરણ - બેમાંથી એક જ કરે તે અર્ધો પુત્ર અને જે બંનેય ન કરે તે શા કામના ? તેમને હું આત્મસંબંધી ગણતો નથી. ચતુર્ભૂજદાસ સેવા અને સત્સંગ બંને કરે છે, તેથી તે આખા પુત્ર. કૃષ્ણદાસ માત્ર ગાયોની સેવા કરે છે, પણ સત્સંગ કરતા નથી; તેથી તે અર્ધા પુત્ર. બાકીના પાંચ દીકરા સેવા કે સત્સંગ કશું કરતા નથી, તેથી તેમને હું પુત્ર ગણતો નથી.’

કુંભનદાસજીનો સાડાચારસો વર્ષ પહેલાંનો આ જવાબ આજે પણ આપણે સૌએ કાન ખોલીને સાંભળવા જેવો છે.

શ્રીમહાપ્રભુજીનો પુષ્ટિમાર્ગ સ્વીકાર્યા પછી સેવા અને સત્સંગ બન્ને કરે તે પૂર્ણ. એક કરે તે અપૂર્ણ. વૈષ્ણવી જીવન-રથનાં બે પૈડાં – સેવા અને સત્સંગ. એક પૈડાથી રથ કદાપિ ન ચાલે. કેવી રીતે સેવા કરવી તે સત્સંગ શીખવે. સેવા કરનારને પ્રભુની લીલાઓ અને સેવાની સિદ્ધાંત-ભાવના જાણવાનું મન થાય, ત્યાં સત્સંગ મદદમાં આવે. સત્સંગ કરનારનું મન સેવામાં આકર્ષાય અને તેમાં જોડાય. સેવા અને સત્સંગ પરસ્પરનાં પૂરક છે, એક સિક્કાની બે બાજુ જેવાં છે. એક વિના બીજું અધૂરું છે.

આજે યથાશક્ય સત્સંગનું આયોજન બધાં સ્થળોએ થાય છે. ભગવદીય વાર્તા-સપ્તાહ માટે જ્યાં જ્યાં મારે જવાનું થાય છે, ત્યાં ત્યાં આપણા વૈષ્ણવ સમાજમાં નીચેના પ્રકારની પરિસ્થિતિ જોવા મળે છે :

(૧) સાચા સત્સંગના અભાવે, અણસમજથી, સેવાની સાચી પ્રણાલિકાની જાણકારીના અભાવે, પૂજામાર્ગ-મિશ્રિત સેવાપ્રકાર ચાલે છે.

(૨) સેવાની સાચી રીત જાણનાર પણ તેની ભાવનાથી અજ્ઞાત હોય છે. તેમને ભાવભાવના જાણવાની જિજ્ઞાસા હોય છે.

(૩) કેટલાક સેવા કરનાર વૈષ્ણવો ભાવના જાણવાનો આગ્રહ રાખ્યા વિના ગતાનુગતિક પ્રકારે સેવા કરે છે.

(૪) કેટલાક વૈષ્ણવો અપરસના આચારની વાતોથી ડરી જઈ, સેવા કરતા જ નથી. તેમના મનમાં કલ્પિત ભય પેસી ગયો હોય છે.

(૫) ભગવદીય વાર્તા-સપ્તાહના શ્રવણના અંતે ઘણા વૈષ્ણવોને સેવા કરવાનું મન થવા છતાં, તે અંગે પૂછતાં સંકોચ અનુભવે છે.

આવી પરિસ્થિતિમાં ઘણા વૈષ્ણવોની આ પ્રકારના પુસ્તક માટે માગણી રહી છે. મોડાસામાં ભગવદીય વાર્તા-સપ્તાહના અંતે આ જ માગણી સાંભળી, ત્યારે મને સવિશેષ આનંદ એટલા માટે થયો કે આ માગણી કરનાર વૈષ્ણવો સાંપ્રદાયિક પ્રણાલિકા પ્રમાણે સેવા કરતા નથી. તેમને સપ્તાહના શ્રવણ પછી માર્ગીય રીત પ્રમાણે સેવા કરવાની ઉત્કટ જિજ્ઞાસા અને આતુરતા થઈ. આવો અનુભવ અનેક ગામના, દેશવિદેશના વૈષ્ણવોનો છે. પ્રભુ કોના પર, ક્યારે કૃપા કરશે તેનું ગણિત ન ગણી શકાય; તેનું નામ જ પુષ્ટિમાર્ગ.

આવાં જિજ્ઞાસુ, ભગવદ્કૃપાનાં અધિકારી બનેલાં ઘણાં સુશિક્ષિત યુવાન-યુવતીઓના અતિ નિકટના પરિચયે તેમની આ મુખ્ય માગણી રહી છે - સેવાના આચાર અને વિચારપ્રણાલિકા, ભાવના અને સિદ્ધાંતની સરળ સમજ આપતું એક પુસ્તક આપો. ભગવદ્કૃપાથી આજે સેવાનું આ પ્રારંભિક પાઠ્ય-પુસ્તક તૈયાર થયું છે.

શ્રીમહાપ્રભુજીએ **'શ્રીસુબોધિની'**, **'ષોડશગ્રંથ'** અને **'તત્ત્વાર્થદીપ'**-નિબંધના **'સર્વનિર્ણય-પ્રકરણ'**માં સેવાના સિદ્ધાંત ને પ્રણાલિકાનો સર્વગ્રાહી વિચાર સમજાવ્યો. આપશ્રીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીએ **'સાધન-દીપિકા'** નામના ગ્રંથમાં સેવાના આચાર-વિચારનો વિસ્તાર કર્યો. શ્રીગુસાંઈજીએ **'સેવાશ્લોકાઃ'** નામના લઘુગ્રંથમાં સેવાપ્રણાલિકા બતાવી. આપશ્રીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીએ **'શ્રીરહસ્યભાવના'** રચી, સેવાની ભાવભાવના સમજાવી. શ્રીહરિરાયચરણે **'સહસ્રીભાવના'** અને **'નિત્યલીલા'** દ્વારા સેવાની

લીલાભાવના, **'શ્રીગોકુલેશઆહ્નિક'** જેવા લઘુ ગ્રંથો દ્વારા નિત્યસેવાવિધિ તથા **'શિક્ષાપત્ર'** આદિ ગ્રંથો દ્વારા સેવા-સિદ્ધાંતનું વિશદ નિરૂપણ કર્યું. શ્રી દ્વારકેશજીએ **'ભાવભાવના'** ગ્રંથ દ્વારા આ જ ભાવનાઓ વ્રજભાષામાં ગદ્ય-સ્વરૂપે નિરૂપી. અષ્ટછાપ આદિ ભક્ત-કવિઓએ આ લીલાભાવના અને સેવાવિધિ **નિત્ય-કીર્તનો**માં નિરૂપી છે. શ્રી દયારામભાઈએ **'ભક્તિપોષણ'** દ્વારા સેવા-સિદ્ધાંત તથા શ્રીહરિરાયચરણનાં વહુજી શ્રી શોભાવહુજીએ પણ **'ચિંતનનાં ધોળ'**માં લીલાભાવના નિરૂપ્યાં છે. દરેક ઘરની **'સેવાપ્રણાલિકા'**ના ગ્રંથ પણ છે.

આ સર્વ સાહિત્યનો ઉલ્લેખ હું હેતુપૂર્વક કરું છું. તરવાના હોજમાં હાથપગ પછાડી, પાણીની સપાટી પર રહેતાં આવડ્યું તે પૂરતું નથી. તળાવ, નદી અને સાગરમાં તરતાં શીખવાની તે તો પૂર્વતૈયારી માત્ર છે. તેમ આ પુસ્તિકા સેવારૂપી નિકુંજમાં પ્રવેશ કરવા માટેની પ્રારંભિકા છે. સેવાના ગહન સાગરના ઊંડાણનો અલૌકિક આનંદ પામવા ઉપરોક્ત ગ્રંથોનો સત્સંગ-સ્વાધ્યાય અતિ આવશ્યક છે. તેમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણો પ્રવેશ થાય, તેવો મનોરથ અવશ્ય રાખવો.

જેમ **પાકશાસ્ત્ર**નું પુસ્તક વાંચવાથી રસોઈ ન આવડે, તેમ સેવા-વિષયક પુસ્તકના વાચનથી સેવા કરતાંય પૂરી ન આવડે. રસોઈ માટે અનુભવ જરૂરી. જાણકારનું માર્ગદર્શન પણ જોઈએ જ. તેવું જ સેવાનું પણ છે, તે ખ્યાલમાં રાખવું ઘટે.

આ પુસ્તક તૈયાર કરવામાં **પૂ.ગો. શ્રી નિકુંજલતા બેટીજી**નું ઉત્તમ માર્ગ-દર્શન અને સહકાર મળ્યાં છે. આપશ્રી દ્વારા પ્રકાશિત **'ભજનીયો વ્રજાધિપઃ'** પુસ્તિકા આ પુસ્તકમાં સમાવી લેવા અને આ પુસ્તકને તે જ નામ આપવા આપે સહર્ષ અનુમતિ આપી છે. આપનું આ ઋણ નતમસ્તકે સ્વીકારું છું.

આ પુસ્તકમાં ગો.વા. **શ્રી પ્રેમલાલભાઈ મેવચા** લિખિત **'આશૌચ-નિર્ણય'** પુસ્તિકા, **'સેવાનિકુંજ'** નામનું મારું એક પુસ્તક અને ઘણાં વર્ષો પહેલાં પ્રસિદ્ધ થયેલ **'વૈષ્ણવોનું નિત્યકર્મ'** નામની ઉપયોગી પુસ્તિકા સમાવી લીધાં છે. તદુપરાંત, **'રસેશની રસભરી લીલાભાવના'** પુસ્તક, જે હાલ અપ્રાપ્ય હોવાથી તેને પણ સમાવિષ્ટ કર્યું છે. આ સૌ લેખકોના ઋણનો સહર્ષ સ્વીકાર કરું છું.

સેવાવિષયક આ પુસ્તક પર્યાપ્ત નથી તે બાબતથી હું પૂર્ણતઃ સભાન છું. શૃંગાર વગેરેનાં ચિત્રો સહિતનું, વધુ વિસ્તૃત પુસ્તક ઉપયોગી બને. ભક્તેચ્છાપૂરક શ્રીપ્રભુ આપણો આ મનોરથ અવશ્ય પૂરો કરવા કૃપા કરશે તેવી શ્રદ્ધા છે.

આ પુસ્તકનું **આમુખ** લખવાની મારી વિનંતી સ્વીકારવા બદલ મારા સ્નેહી મિત્ર **પ્રા. રાજનભાઈ કડિયા**નો પણ હું આભારી છું.

આ પુસ્તકના ટાઇટલ પેજ માટે ચિત્રજીનો ઉપયોગ કરવાની અનુમતિ (પ્રથમ આવૃત્તિ) આપનાર મારા મિત્ર કલાકાર **શ્રી અમિતભાઈ અંબાલાલ**નો તથા ટાઇટલની ડિઝાઈન, ભાષાસંસ્કાર અને સુચારુ મુદ્રણની સર્વ જવાબદારી સેવાભાવે સંભાળનાર **પ્રા. રાજનભાઈ**નો હું ખૂબખૂબ આભારી છું.

આ વાત કરતાં, આ પ્રસંગે મને મારાં પૂજ્ય ગોલોકવાસી દાદીમાનું અને શ્વસુરજીનું પુણ્ય-સ્મરણ થાય છે. તેમની જ પૂર્ણ કૃપાથી આ અલૌકિક સેવામાર્ગમાં મારો પ્રવેશ થયો છે. તેમની સાથે સેવામાં જોડાવાનું સૌભાગ્ય મળ્યા પછી, સેવા અંગેની કૃતિ અને ભાવના જાણવાની જિજ્ઞાસા તેમના આશીર્વાદથી વધી. આ વાતને હું કદીય ભૂલી શકીશ નહિ. એક સમયની પણ સેવા છોડ્યા વિના, અક્ષરશઃ આજીવન સેવા કરતાં નેવું વર્ષની વયે તેમનો ગોલોકવાસ થયો. તેમનાં ચરણોમાં સેવાવિષયક આ લઘુકૃતિ સાદર કરું છું; કારણ કે તેમના દ્વારા અંતે તો તેમના હૃદયમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીને અને તેમના સેવ્યસ્વરૂપ શ્રી શ્યામસુંદરલાલજીને જ તેઓ મારા વતી આ કૃતિ અંગીકાર કરાવવાનાં છે.

આ પુસ્તકના સંકલન-સંપાદન, મુદ્રણ, પ્રકાશન વગેરેમાં ઉપયોગી થનાર સૌ મુરબ્બીઓ, સ્વજનો, મિત્રોનું કૃતકૃત્યતાપૂર્વક સ્મરણ કરી, તેમના પ્રત્યે મારી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરું છું.

દાસાનુદાસ
રમેશના સદૈન્ય ભગવદ્સ્મરણ

કૃષ્ણસેવા સદા કાર્યા

પુષ્ટિમાર્ગમાં 'સેવા' અને સત્સંગ' એ બંને વૈષ્ણવી જીવનરથનાં બે પૈડાં સમાન છે.' - એ બંનેનું આચરણ જ જીવનને પૂર્ણતા બક્ષે. આ ગ્રંથમાં સેવા-સત્સંગનું સૂક્ષ્મ વિવરણ વિગતવાર અપાયું છે અને એમાં સેવાનાં વિવિધ અંગો, સેવાવિધિ, સેવા-પ્રકાર, સેવા-સામગ્રી, સેવામાં ગ્રાહ્ય-નિષિદ્ધ બાબતો, સેવા-પ્રકાર પાછળનું તાત્ત્વિક દર્શન, શ્રીવિગ્રહોની સ્વરૂપ-ભાવના અને ભાવ-ભાવના, સેવામાં નિત્ય વપરાતા શબ્દો આદિ સાંપ્રદાયિક-સાહિત્યની રસભર સમજૂતી આપી છે; ત્યારે 'સેવા-પ્રણાલી'ના મૂળ વિષે અને સેવા પાછળ રહેલા વ્યાવહારિક તેમજ પારમાર્થિક દર્શન વિશે વિગતે સમજ મેળવવી, એ વૈષ્ણવો માટે આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે. તેથી, કદાચ, ક્યાંક પુનરુક્તિ-દોષ આવી ગયો હોય તો ઉદારતાપૂર્વક ક્ષમ્ય ગણશો એવી શ્રદ્ધા સાથે બે શબ્દ લખવાની આ અનધિકાર ચેષ્ટા કરી છે.

શ્રીવલ્લભ-મતમાં સેવાનો પ્રકાર શ્રીનાથજીના પ્રાકટ્ય સમયથી શરૂ થયો છે. શ્રીપ્રભુએ શ્રીનાથજી-સ્વરૂપે પરમ પવિત્ર શ્રીગિરિરાજ પર પ્રગટ થઈ, પોતાના પ્રાકટ્યની સૂચના આપી, શ્રમદ્‌વલ્લભાચાર્યજીને આમંત્ર્યા. શ્રી આચાર્યચરણ ભગવદાજ્ઞાનુસાર શ્રીગિરિરાજજી પર પધાર્યા અને પૂર્ણ પુરુષોત્તમ શ્રીનાથજીના સ્વરૂપનાં દર્શન કરી આપે ધન્યતા અનુભવી. તે પછી પ્રભુઆજ્ઞાથી શ્રીપ્રભુના નવીન ગૃહ(મંદિર)નું નિર્માણ કરાવી, ત્યાં સ્વરૂપ પધરાવી, આપશ્રીએ સેવાની વ્યવસ્થા કરી.

શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઈજીએ સેવાપ્રકારમાં ઘણા સુધારા-વધારા કર્યા અને શ્રીનવનીતપ્રિયજી આદિ સ્વરૂપોની સેવા શરૂ કરી, પુષ્ટિમાર્ગની સેવાની નીતિ-રીતિ નિશ્ચિત કરી આપી. વળી, પોતાના સાતે લાલજીઓને સેવાનું રહસ્ય સમજાવી તેઓશ્રીની ઇચ્છાનુસાર, પૂર્વપ્રાપ્ત સ્વરૂપો શ્રીનાથજી તથા શ્રીનવનીતપ્રિયજી ઉપરાંત, નિધિસ્વરૂપ શ્રીમથુરાધીશજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીમદનમોહનજીને સેવા માટે પધરાવી આપ્યા. સમય જતાં આપશ્રીના વંશમાં અન્ય સ્વરૂપો પણ પધાર્યાં. શ્રીમહાપ્રભુજીએ સ્વવંશજો અને વૈષ્ણવોને સેવાની એકસરખી આજ્ઞા કરી અને તે મુજબ પાંચસો વર્ષથી

શ્રીવલ્લભ-વંશમાં અને વૈષ્ણવ પરિવારોમાં ગૃહસેવાનો પ્રકાર અનવરત ચાલે છે. શ્રીવલ્લભ-મતમાં આ સેવા-વિટપનું બીજારોપણ શ્રીમદ્‌આચાર્યચરણે કર્યું; તેને શ્રીપ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજીએ સીંચીને નવપલ્લવિત કર્યું અને શ્રી હરિરાયચરણ આદિએ તેને પુષ્પિત કર્યું.

વિશાળ વટવૃક્ષની જેમ ફાલીફૂલી સુસ્થિર થયેલા આ માર્ગમાં શ્રીપ્રભુની સેવામાં બે પ્રકારનો વિનિયોગ થાય છે : (૧) નિત્યસેવા અને નૈમિત્તિક (ઉત્સવ) સેવા. નિત્યસેવામાં મંગળા, શૃંગાર, ગોપીવલ્લભ-ભોગ, ઉત્થાપન-ભોગ, સંધ્યા-આરતી, શયન આદિનો વિશિષ્ટ સેવા-પ્રકાર છે; જ્યારે નૈમિત્તિક સેવામાં આખા વર્ષના ઉત્સવોનો સેવાપ્રકાર છે. એમાં મુખ્યત્વે ચાર મુખ્ય અવતારોની જયંતિ, શ્રીઆચાર્યચરણોના પ્રાકટ્યોત્સવ, રક્ષાબંધન, વિજયાદશમી, દીપોત્સવી, અન્નકૂટ, સંવત્સર, હોળી, દોલોત્સવ, અક્ષયતૃતીયા, જ્યેષ્ઠાભિષેક, રથયાત્રા, શ્રાવણના હિંડોળા, જલના મનોરથ, શરદપૂર્ણિમા, સાંઝીના ઉત્સવ વગેરે મનાવાય છે. ઋતુઅનુસાર મનાવાતા ઉત્સવોમાં સોના-ચાંદીના તથા જાતજાતના ખસ-ચંદન-પુષ્પકલિકાઓ અને કાચના બંગલા, હિંડોળા, પલનાં તથા જલના મનોરથમાં નૌકા આદિના મનોરથ થાય છે.

આટલા બધા વૈવિધ્ય સાથે; સેવાનાં અંગોમાં રાગ, ભોગ તથા શૃંગારનું મનોહારી આયોજન થયેલું છે; જે જીવનને સતત ધબકતું રાખે છે અને આનંદ-સભર બનાવે છે. સેવા-વિધિ પણ મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ નિશ્ચિત થયેલી છે; છતાં એટલી તો સહજ અને સરળ છે કે કોઈ પણ જીવ જો સમજપૂર્વક અને મનોયોગપૂર્વક એમાં ચિત્તને પરોવે, તો તેનો બેડો પાર થઈ જાય અને આ જીવનમાં જ તેને સાક્ષાત્ ભગવદ્-અનુભવ થાય. પુષ્ટિમાર્ગમાં સેવાનું મહત્ત્વ એટલા માટે જ ગણાયું છે.

અલબત્ત, જીવન-રસાયણથી સભર એવો આ સેવામાર્ગ અર્થાત્ પુષ્ટિ-માર્ગ એ શ્રીવલ્લભ-મતની પાંખ છે; જ્યારે જ્ઞાનાત્મક **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'** સિદ્ધાંતપક્ષ છે, જે શ્રીવલ્લભમતની આંખ છે. આંખ વિના, કેવળ પાંખથી ઊંચી 'ઉડાન' શક્ય નથી. માટે જ જે સિદ્ધાન્તના મજબૂત પાયા ઉપર શ્રીવલ્લભ-મતની ઇમારત ખડી કરાઈ છે, એ સિદ્ધાંતના ઊંડાણ પર એક નજર નાખી લઈએ; કારણ શ્રીવલ્લભાચાર્યજીની પણ આજ્ઞા છે કે શાસ્ત્રને સારી રીતે સમજીને તન-મન-ધનથી શ્રીકૃષ્ણનાં સેવા-સ્મરણ કરવાં જોઈએ.

જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ શ્રીવલ્લભ-મતને બે શ્રેણીમાં પ્રશસ્ત કર્યો છે : **(૧) જ્ઞાનક્ષેત્રે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ; (૨) ભક્તિક્ષેત્રે પુષ્ટિમાર્ગ.** પ્રથમમાં સાંસારિક દુઃખોમાંથી નિવૃત્ત થવા પરાત્પર પરબ્રહ્મની આરાધના ચીંધી; કારણ કે વિશુદ્ધ અદ્વૈત બ્રહ્મ અને સારસ્વતકલ્પના શ્રીકૃષ્ણમાં કોઈ ભેદ નથી, અદ્‌ભુત-કર્મા શ્રીકૃષ્ણ જ જગતમાં વિવિધ નામ-રૂપે વિલસી રહ્યા છે.

પુષ્ટિમાર્ગમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણના સાકાર સ્વરૂપની વત્સલભાવે સેવા-પદ્ધતિ પ્રચલિત કરીને બ્રહ્મસંબંધમંત્ર તથા સેવાપ્રકાર પ્રસ્થાપિત કર્યા. સેવા-માર્ગ સ્વીકારનાર માટે સૌ પ્રથમ પરમ દયાળુ શ્રીગુરુદેવને શરણે જવાની આવશ્યકતા પણ બતાવી; કેમ કે ગુરુ વિના જ્ઞાન કે ભક્તિ મળવાં શક્ય નથી.

શ્રીગુરુદેવ દયા કરીને પ્રથમ અષ્ટાક્ષર મંત્ર અને પછી અધિકાર પ્રાપ્ત થતાં બ્રહ્મસંબંધ આપે છે. અષ્ટાક્ષર મંત્ર પરમ શ્રેયકારી અને નિર્દોષ છે : **'કૃષ્ણાત્પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્'** એટલે કે 'કૃષ્ણ સિવાય બીજા કોઈ દોષરહિત દેવતા નથી' એમ *'અંતઃકરણપ્રબોધ'* ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરેલ છે. વળી, *'શ્રીકૃષ્ણાશ્રય'* ગ્રંથમાં સેવા-માર્ગનું મહત્ત્વ દર્શાવતાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે –

'સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ,
પાખંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ.'

– આવો ભાવ જ્યારે મનમાં દૃઢ થાય અને યશોદોત્સંગલાલિત શ્રીનંદ-નંદનનું સ્મરણ અને એમની સેવા એ જ મારો ધર્મ છે, એવી જીવને પ્રતીતિ થાય તે સેવાભાવનું પ્રથમ લક્ષણ; ને ***'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ'*** એવી જીવનચર્યા પળાય, એ પુષ્ટિમાર્ગીય જીવાત્માનો સર્વોત્તમ ધર્મ.

હૃદયમાં સેવાભાવનો આવો અંકુર ફૂટે એટલે જીવમાં સાત્ત્વિક ભાવની અભિવૃદ્ધિ થાય અને શ્રીકૃષ્ણ પ્રત્યે અનુરાગ જાગે. જ્યારે તે પરાત્પર પ્રભુના સાક્ષાત્કાર માટે વ્યાકુળ બને, ત્યારે તેની સંસાર પ્રત્યેની આસક્તિ શિથિલ બને. આટલી પૂર્વતૈયારી થાય ત્યારે શ્રીઆચાર્યચરણ 'બ્રહ્મસંબંધ'ની દીક્ષાનું દાન કરી, જીવનો ઉદ્ધાર કરવાની દયા કરે અને સેવાનો અધિકાર આપે. શ્રીવલ્લભ-મતમાં સેવા એ જ ચરમ સાધના છે.

'શુદ્ધાદ્વૈત' જો જ્ઞાનમાર્ગના યાત્રિકોનો **ભોમિયો** છે, તો **'પુષ્ટિમાર્ગ'** નિઃસાધન ભક્તો માટેની **જીવન-નૌકા** છે. પુષ્ટિમાર્ગમાં સેવાનું જ પ્રાધાન્ય છે

અને સેવામાં *‘શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્’* એ નવધા ભક્તિ સમાઈ જાય છે. શ્રીસુબોધિનીજીમાં એથી જ શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે કે *‘લૌકિક-વૈદિક-માર્ગાપેક્ષયા પુષ્ટિમાર્ગઃ ઉત્કૃષ્ટઃ ।’* કારણ કે આ માર્ગ મર્યાદા માર્ગ અથવા કર્મકાંડયુક્ત ઉપાસનામાર્ગથી જુદો તરી આવે છે. પુષ્ટિ માર્ગમાં સેવાની મહત્તા છે અને સેવામાં સ્નેહની પ્રગાઢતા છે. ભગવદ્-અનુગ્રહ એ જ સેવાનું ફળ છે; એટલે કે અહીં સાધન અને ફળ એક જ છે.

‘ભક્તિ’ શબ્દનો ધાત્વર્થ પણ ‘સેવા’ જ છે, સેવામાં સેવ્ય-પ્રભુના સંપૂર્ણ સુખનો આગ્રહ રખાતો હોઈ, પ્રભુની સુખાનુકૂળ પરિચર્યાનું વિધાન કરવામાં આવ્યું છે. તદનુસાર પુષ્ટિમાર્ગીય સેવાપદ્ધતિ ષડ્ઋતુઓ અનુસાર ગોઠવાયેલી છે. આ સેવામાં શુદ્ધિ માટે દેશ-કાળ આદિની શુદ્ધિની કે વેદમંત્રોથી પૂજન-અર્ચન તથા દેવોનું આવાહન-વિસર્જન કરવાની વિધિની આવશ્યકતા નથી. વૈષ્ણવના માથે બિરાજતા સેવ્ય-સ્વરૂપમાં પ્રભુ સદાસર્વદા પ્રતિષ્ઠિત હોય છે; કારણ કે સ્વરૂપ યા શ્રીવિગ્રહની પ્રતિષ્ઠા (પુષ્ટિ) શ્રીઆચાર્યચરણના કર-સ્પર્શથી થાય છે, ત્યારે તેમના હૃદયમાં બિરાજતા ભાવાત્મા એ શ્રીવિગ્રહમાં પધારી, સ્થિરરૂપે બિરાજે છે.

સેવામાં વાત્સલ્ય-ભાવનું પ્રાધાન્ય હોવા છતાંય એમાં સખ્ય, દાસ્ય, માધુર્ય આદિ ભાવો પણ જોડાયેલા છે. શ્રીકૃષ્ણમાં અને શ્રીગિરિરાજ-સંભૂત શ્રીનાથજીમાં કશો ભેદ નથી. એ જ રીતે સમ્પ્રદાયમાં વિરાજમાન અન્ય નિધિસ્વરૂપોમાં પણ કશો ભેદ નથી. તમામ નિધિસ્વરૂપો શ્રીકૃષ્ણના જ લીલા-વિગ્રહ છે. આવા શ્રીપ્રભુના દિવ્ય પ્રેમની પ્રાપ્તિ માટે શ્રીકૃષ્ણસેવા એ જ દરેક વૈષ્ણવના જીવનનું ચરમ લક્ષ્ય છે.

પુષ્ટિમાર્ગમાં તનુ-વિત્તજા સેવાનું વિધાન છે, જેમાં જીવે પોતાના દેહથી, પોતાના ધનથી, પોતાના જ ઘરમાં રહી સેવા કરવાની છે. આ પ્રાથમિક તબક્કાથી જ સેવામાં ચિત્તની પ્રવણતા અનિવાર્ય છે; કારણ કે ચિત્તની એકાગ્રતા હોય તો જ તનુ-વિત્તજા સેવા સિદ્ધ થાય છે. *‘સિદ્ધાંત-મુક્તાવલી’*માં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે **‘ચિત્તને પ્રભુમાં તલ્લીન કરી દેવું તેનું નામ સેવા.’** આવી તન્મયતાની સિદ્ધિ માટે મનોયોગપૂર્વક તનુ-વિત્તજા સેવા કરવી અનિવાર્ય છે. એનું ફળ દર્શાવતાં *‘ભક્તિવર્ધિની’* ગ્રંથમાં આજ્ઞા કરી છે કે ‘ભગવદ્સેવા અથવા ભગવદ્-કથામાં જીવનપર્યન્ત જેની દૃઢ આસક્તિ ટકી રહે છે, તેનો ક્યારેય વિનાશ થતો નથી.’ વળી, સેવા શ્રીગુરુદેવની આજ્ઞા પ્રમાણે **(સેવાકૃતિર્ગુરોરાજ્ઞા)** કરવી જોઈએ; મનસ્વીપણે નહીં, એમ પણ આજ્ઞા કરી છે.

આમ, તનુ-વિત્તજા સેવા કરતાં કરતાં ‘માનસી’ સેવાની કક્ષાએ પહોંચાય છે. માનસી સેવા સર્વોત્તમ અને પરમ ફળરૂપા મનાઈ છે; પરંતુ જ્યાં સુધી આવી વ્યસન-અવસ્થા(માનસી) સિદ્ધ ન થાય, અને શ્રીપ્રભુ આવી ભાવોત્કટ દશા સુધી પહોંચાડવાની કૃપા ન કરે, ત્યાં સુધી ધીરજ રાખી આસ્થાપૂર્વક અને અનન્ય તન્મયતાથી તનુ-વિત્તજા સેવા કરતાં રહેવું જોઈએ.

અલબત્ત, આ સેવા-વ્રત સ્વીકારનારે એક વિશિષ્ટ સમજ કેળવવાની, સદા સતર્ક રહેવાની ખાસ આવશ્યકતા છે. દરેક વૈષ્ણવ સમજપૂર્વક, સ્વેચ્છાએ બ્રહ્મસંબંધ-શરણદીક્ષા લે છે અને તે દ્વારા અધિકાર પ્રાપ્ત થતાં આત્મનિવેદન કરી, સેવા-પરાયણ જીવન જીવવાનું વ્રત લે તે ખાસ જરૂરી છે; કારણ કે ‘સેવા’માં ચારે પુરુષાર્થનું ફળ સમાવિષ્ટ છે. સેવામાં દૈન્ય-ભાવ પરમ આવશ્યક છે. દૈન્ય એટલે રોતલપણું કે ગરીબડાપણું હરગિજ નહીં; પણ બ્રહ્મસંબંધ વખતે કરેલ સર્વસ્વ સમર્પણનું સતત સ્મરણ. જો આપણે શ્રીગુરુદેવની કાનિથી શ્રીપ્રભુને ચરણે સર્વસ્વ સમર્પિત કરી દીધું, તો પછી આ જગતમાં ‘આપણું’ કહેવાય એવું કશું નથી રહેતું. પછી આપણું શરીર અને આપણો આત્મા સુધ્ધાં આપણાં રહેતાં નથી, એ પ્રભુનાં બની જાય છે.

આવો સર્વત્યાગી સેવક વૈષ્ણવ, અપરસ જાળવવાની ધૂનમાં પરિવારજનોને પણ અસ્પૃશ્યની જેમ છટ્-છટ્ કરે તે ન ચાલે. સેવકમાં તો ભારોભાર વિનમ્રતા હોય. વિનમ્ર ભાવે, સમજપૂર્વક સેવા થતી રહે તો જ પરા-સેવા (માનસી) સિદ્ધ થાય; નહિતર જો જડવત્ ચાલ્યા કરે તો તે પણ કેવળ ક્રિયાકાંડ બની જાય અને સરવાળે ઘાણીના બળદની જેમ આજીવન સેવા કર્યા પછીય **‘ઠેરના ઠેર’** રહેવાય, તો એમાં દોષ આપણો છે; કારણ કે આપણે સેવાના મર્મને સમજ્યાં નથી.

પ્રસ્તુત ગ્રંથના બીજા ભાગમાં શ્રીહરિરાયચરણકૃત *‘સહસ્રીભાવના’*, જે ભાવભાવનાનો સર્વોત્તમ ગ્રંથ છે અને સેવાના સૂક્ષ્મ પ્રકારને સમજાવે છે, તેનું સરળ રસભરી વાર્તા-શૈલીમાં નિરૂપણ થયેલ છે. પ્રથમ ભાગમાં નિરૂપિત સેવાપ્રકાર આદિની સમજ પછી ભાવભાવના સમજવામાં બીજો ભાગ ઉપયોગી છે; જે સેવાભાવને દૃઢતર કરવામાં સહાયરૂપ બને તેમ છે. આમ, આ આખોય

ગ્રંથ વૈષ્ણવી-જીવનની બાળપોથી પણ છે અને શ્રીવલ્લભમત— પુષ્ટિમાર્ગ—ને સુપેરે સમજાવવાનો પ્રામાણિક પ્રયત્ન પણ છે.

પરમ ભગવદીય ગો.વા. શ્રીવ્રજરત્નદાસ ચિ. પરીખ અને તેમના જ્ઞાનવારસાને દીપાવનાર પ.ભ. પ્રા. રમેશભાઈ વિ. પરીખ જેવા સંપ્રદાયના મર્મજ્ઞ વિદ્વાનો દ્વારા તૈયાર થયેલ આ અમૂલ્ય સાહિત્ય-રત્ન, શ્રી હરિ-ગુરુ-વૈષ્ણવોની સેવામાં વિનિયોગ કરાવી આપવા બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

શ્રીવલ્લભ-મત જેવા ગહન વિષય અને સાંપ્રદાયિક સેવા-પ્રકારથી યોજનો દૂર એવા મને, પ્રા. રમેશભાઈએ બે શબ્દો લખવાનો આદેશ કરી, મીઠી મૂંઝવણ સાથે આકરી કસોટીમાં મૂક્યો છે; છતાં એમના પ્રેમ સમક્ષ ઝૂકીને, આ રસ-સાગરમાં નાનકડી નૌકા પર આરૂઢ થઈ નિરીક્ષણ કરવાનો જે ક્ષુદ્ર પ્રયાસ કર્યો છે, તેમાં કદાચિત્ કોઈ ન્યૂનતા જણાય, તો સુધિ વાચકો અને વિદ્વાનો ક્ષમ્ય ગણશે એવી વિનમ્ર પ્રાર્થના છે.

અંતે, આપણ સૌને શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવોની કૃપાથી સેવામાં પ્રીતિ જગવવાનું બળ સાંપડી રહો એ જ અભીપ્સા! કેમ કે **'હરિઃ શરણમ્'**, એ પરમ ગૂઢ રહસ્ય સમજાય તો જ ***'સેવા એ જ આપણું સાધન, સાધ્ય અને જીવન છે'*** એ આપણો જીવનમંત્ર બની રહે. અસ્તુ.

ગુરુપૂર્ણિમા, વિ. સં. ૨૦૪૪
મહેસાણા, તા. ૨૯-૭-૧૯૮૮

શ્રીગુરુપદરેણુ
રાજન કડિયા *ના*
સદૈન્ય જય શ્રીકૃષ્ણ

●

ભજનીયો વ્રજાધિપઃ

ભાગ ૧

સેવા : સિદ્ધાંત, સ્વરૂપ અને નિત્ય તથા વર્ષોત્સવનો પ્રકાર

(સૌજન્ય : *'સેવાનિકુંજ'* તથા *'ભજનીયો વ્રજાધિપઃ'*)

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

૧

જીવોની ચોર્યાસી લાખ યોનિઓમાં માનવજન્મ શ્રેષ્ઠ.

આવા માનવજન્મ પછીય સંસ્કાર અને શિક્ષણથી સમૃદ્ધ બનેલું માનવજીવન વધુ શ્રેષ્ઠ. જીવનની હરપળે માનવીની - આપણા સૌની - એક જ ઇચ્છા; સદાય ટકી રહે તેવો આનંદ મેળવવો.

આવો આનંદ મેળવવા માનવજાતે પોતાની ચોમેર નજર ફેરવી અને આનંદ શોધવાના પ્રયત્નો કર્યા. તેણે ખાનપાનમાં, ઘરબાર અને વાડી-વજીફામાં, કુટુંબકબીલામાં, પહેરવેશ અને આભૂષણોમાં, મોજશોખમાં અને વ્યસનોમાંય આનંદ માટે ફાંફાં માર્યાં, આજેય મારે છે.

લાંબા અનુભવે તેને સમજાયું કે જગતના ભૌતિક પદાર્થોમાંથી મળતો આનંદ હંમેશ માટે ટકતો નથી, ઊલટાનો તે પછીથી દુઃખરૂપ બને છે, માટે આ આનંદ સાચો નથી, તે પડછાયા જેવો છે, મૃગજળ જેવો છે.

સમજુ માનવીએ, તેથી જ, જગતના ભૌતિક પદાર્થોમાંથી આનંદ મેળવવાનો મોહ છોડી દીધો. તેણે આનંદ માટે પોતાની ભીતરમાં દૃષ્ટિ કરી. તેને સમજાયું કે આનંદસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ થાય તો જ સાચો આનંદ મળે, પણ પરમાત્માને મેળવવા કઈ રીતે ? સૌ પ્રથમ માનવીએ જ્ઞાન દ્વારા પ્રભુને મેળવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ હજારો વર્ષની તપશ્ચર્યાના ચિંતન-જ્ઞાનનો માર્ગ સામાન્ય માનવી માટે જરાય સરળ ન રહ્યો. તેથી માનવી પ્રભુની પ્રાપ્તિના બીજા માર્ગે ફંટાયો. તેણે કર્મમાર્ગનો રસ્તો લીધો. તેમાંય યજ્ઞ, દાન, તીર્થયાત્રા, પૂજા પણ દેશ અને કાળની મુશ્કેલ પરિસ્થિતિમાં સરળતાથી આચરી શકાતાં નહોતાં. શાસ્ત્રોએ બતાવેલ પ્રભુ-પ્રાપ્તિના આ બધા માર્ગો નષ્ટ થયા. જગતમાં રહ્યું માત્ર પાખંડ *[‘સર્વ માર્ગેષુ નષ્ટેષુ’]*.

ત્યારે પરમાનંદની પ્રાપ્તિનો સરળ અને સુલભ ઉપાય કયો ? તે કોણ બતાવે ? મુંબઈ અને કલકત્તાનો પાકો અનુભવી જ તે મહાનગરની નાનામાં

નાની ગલીકૂંચીઓ બીજાને બતાવે. તેથી જ, પરમાનંદની પ્રાપ્તિ કરાવવા શ્રીમહાપ્રભુજી પૃથ્વી પર પધાર્યા; કારણ કે તેઓ પરમાનંદ સ્વરૂપ પૂર્ણપુરુષોત્તમના મુખારવિંદ-સ્વરૂપ હોઈ, પોતે જ આનંદ અને પરમાનંદરૂપ છે. તેમણે શ્રીકૃષ્ણાધરામૃતનો પરમાનંદ ચાખ્યો છે. વળી, બધાં વ્રજભક્તોને પણ સારસ્વતકલ્પમાં આ અલૌકિક પરમાનંદની પ્રાપ્તિ થઈ હતી. પરમાનંદની પ્રાપ્તિ માટે તેમણે અપનાવેલી રીત સરળ અને સુલભ હતી અને છે. ભૌતિક સ્વરૂપે તેઓ ગામડાનાં ગમાર, ભોળાં સ્ત્રીજનો જ હતાં, આબરૂદાર કુટુંબનાં પતિવ્રતા નારીરત્નો હતાં; લોકલાજથી સજ્જ હતાં. વૈદિક સાધનોના અભાવમાં પરમાનંદની પ્રાપ્તિ માટે તેમણે કુટુંબધર્મ આચરતાં આચરતાં, અપનાવેલી રીત આપણને ખૂબ જ અનુકૂળ આવે તે સ્વાભાવિક છે. આવાં વ્રજભક્તોનાં શિરોમણિ શ્રીસ્વામિનીજી એટલે પૂર્ણાનંદ-સ્વરૂપ પ્રભુએ નિજાનંદ માટે પોતાનામાંથી જ પ્રકટ કરેલું પોતાનું સ્વરૂપ ! માટે તો –

'રાધાઅધરસુધા વિના પિયુને બીજું તે કંઈ નવ ભાવે જી રે.'

– આવાં શ્રીસ્વામિનીજી જ ભૂતળ પર શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પધાર્યા અને વ્રજભક્તોએ અપનાવેલી પરમાનંદની પ્રાપ્તિની સરળ રીત આપણને બતાવી. તે રીત એટલે જ આ સેવામાર્ગ.

જગતના બધા જીવો પૂર્ણાનંદ પ્રભુનાં સત્ અને ચિત્ તત્ત્વોના બનેલા છે. જીવમાં આનંદ-તત્ત્વની જ ઊણપ છે. કેટલાક જીવો પ્રભુના શ્રીઅંગમાંથી છૂટા પડ્યા. આ જીવો પ્રભુના સૌથી વિશેષ કૃપાપાત્ર (selected) રહ્યા, અને તેથી આ જીવો 'પુષ્ટિ' જીવો કહેવાયા. તેઓ ભગવત્-સ્વરૂપમાંથી પ્રકટ્યા, તેથી દૈવી પણ કહેવાયા. આ જીવોનો જ ભગવદ્પ્રાપ્તિરૂપ પૂર્ણાનંદ પામવાનો મૂળભૂત અધિકાર. આ જ જીવો સારસ્વત-કલ્પમાં વ્રજભક્તોરૂપે અવતર્યા અને પૂર્ણાનંદ ચાખી શક્યા. તે જ જીવોએ આજેય જગતમાં જન્મ ધારણ કરેલ છે. તેમને પરમાનંદનો રસાનુભાવ કરાવવા જ, તેમના એ અધિકારનું દાન કરવા શ્રીમહાપ્રભુજીએ સેવામાર્ગ બતાવતાં આજ્ઞા કરી કે 'આ પુષ્ટિજીવોની સૃષ્ટિ ભગવદ્-સ્વરૂપની સેવા માટે છે, બીજા કશા માટે નથી.' અને તેથી જ શ્રીમહાપ્રભુજીએ *'સેવારીતિ પ્રીતિ વ્રજજનકી જનહિત જગ પ્રકટાઈ.'*

જગતમાં આજેય સર્વત્ર જણાતા ભૌતિક આનંદનાં મૂળ સ્નેહમાં રહેલાં હોય છે. સ્નેહનું પરિણામ આનંદ છે. માતા-પિતા બાળકને સ્નેહ કરે છે અને તેમાં તેમને આનંદ આવે છે. વ્યક્તિને ઘરેણાં વહાલાં લાગે છે અને તેથી તે પહેરવામાં તેને આનંદ આવે છે. સ્નેહના ફળરૂપે આનંદ મળે છે. આ સ્નેહની અભિવ્યક્તિ સેવામાં થાય છે. માતા-પિતા બાળક પ્રત્યેનો પોતાનો પ્રેમ તેની સેવા-શુશ્રૂષા દ્વારા વ્યક્ત કરે છે. વ્યક્તિ ઘરેણાં પ્રત્યેનો તેનો પ્રેમ તેની સાચવણી-સંરક્ષણરૂપી સેવા-દ્વારા વ્યક્ત કરે છે. આમ, દરેક વ્યક્તિના મનમાં બીજરૂપે રોપાતો સ્નેહ, તેના જીવનમાં સેવાકાર્યરૂપે પ્રકટ દેખાય છે. અને તે સેવાના પરિણામરૂપ પુનઃ તેના મનમાં સ્નેહ-રસરૂપ આનંદનો અનુભવ કરે છે.

ભૌતિક આનંદના જેવું જ મનોવિજ્ઞાન અલૌકિક આનંદનું પણ છે. બદલો મેળવવાની આશાએ આપણે કોઈને સ્નેહ કરીએ, તેની સેવા કરીએ, અને કદાચ અપેક્ષિત બદલો ન મળવાથી તે સેવાનું પરિણામ આનંદને બદલે હતાશામાં, નિષ્ફળતા કે વૈફલ્યજન્ય ઉદાસીનતા(frustration)માં પણ પરિણમે. તેનાથી સ્નેહ તિરસ્કારમાં, ઘૃણામાં, દુશ્મનાવટમાં રૂપાંતરિત થાય અને મન આનંદ પામવાને બદલે ખિન્ન બને. પરંતુ જો પ્રેમ નિરપેક્ષ હોય; સ્વાર્થપ્રેરિત ન હોય, તો તે સેવાનું પરિણામ સદા આનંદ-સ્વરૂપનું જ હોય છે. અપેક્ષા જેટલી ઓછી, તેટલો આનંદ વધુ. માટે તો ઉપનિષદોએ કહ્યું, *'ત્યાગીને ભોગવી જાણો.'* - *'પ્રેમનો લાડુ વાતો કરવાના પોચટ પાણીથી નથી વળતો. તેમાં તો જોઈએ છે ખપી જવાની તાકાતનું પાકી તાવણનું ઘી.'*

આવા નિરપેક્ષ સ્નેહના વિકાસની ત્રણ મુખ્ય અવસ્થાઓ - **પ્રેમ, આસક્તિ અને વ્યસન.** સ્નેહી સિવાય બીજા કોઈ પ્રત્યે જરાય આકર્ષણ ન રહે તેવું થાય ત્યારે તે પ્રેમાવસ્થા. સ્નેહી સિવાય બીજે જરાય ગોઠે નહિ તે આસક્તિ અવસ્થા. સ્નેહીના વિરહની એક ક્ષણ પણ મૃત્યુ આણે તે વ્યસન અવસ્થા. આમ પાત્ર, સ્થળ અને સમય - આ ત્રણેનું સ્નેહમાં ઉત્કટ ઐક્ય સધાય, ત્યારે જ પરમાનંદની શાશ્વત પ્રાપ્તિ થાય. પરમાનંદ-સ્વરૂપ પ્રભુ સાથેના સ્નેહની સેવારૂપા અભિવ્યક્તિનું આ જ મનોવિજ્ઞાન શ્રીમહાપ્રભુજીએ સમજાવી, અત્યંત સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરી છે કે 'હમેશાં સર્વાત્મભાવપૂર્વક વ્રજાધિપતિ શ્રીકૃષ્ણની જ સેવા કરવી. આ જ આપણો

એકમાત્ર ધર્મ છે.' ભૌતિક જગતના બધા જડ-ચેતન પદાર્થો પ્રાકૃત હોવાથી આનંદરહિત છે. દેવોથી અક્ષરબ્રહ્મ સુધી સર્વનો આનંદ મર્યાદિત છે. માત્ર પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ પૂર્ણાનંદ છે, અને તેથી તેઓ જ પુષ્ટિજીવોની ગતિ છે; માટે સેવા શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણની જ કરવી એવો શ્રી મહાપ્રભુજીનો સ્પષ્ટ અભિપ્રાય સહેતુક છે, સાચી દિશાનો છે. તે સંકુચિત દૃષ્ટિ કે કૂપમંડુક વૃત્તિથી પ્રેરિત નથી જ. સ્નેહની ઘનિષ્ઠતા કદી વ્યાપકતામાં ન સંભવે. તે તો અતિ અંતરંગ વ્યક્તિનિષ્ઠામાં જ અનુભવી શકાય. શ્રીકૃષ્ણની સેવાનું આ જ હાર્દ છે.

સેવા માટે સંસ્કૃત ભાષામાં ભક્તિ શબ્દ છે. **ભક્તિ = ભજ્ + તિ = સ્નેહપૂર્વકનું સેવન.** 'સેવવું' શબ્દ ઈંડાના સેવન માટેય વપરાય છે. જો ઈંડાના સેવનની રીત સમજીએ, તો સેવાનું હાર્દ તરત જ સમજાય. માદાપક્ષી માળામાં ઈંડા પર બેસી, તેને પોતાના તન-મનથી ઉષ્મા આપે છે. તેને છોડી તે ભૂખ-તરસ છિપાવવા પણ જતું નથી. ઈંડાના સેવન સિવાય બીજી કોઈ પ્રવૃત્તિનો તે વિચાર સુધ્ધાં કરતું નથી. ઈંડાના આવા એકાગ્ર સેવનથી જ તે ઈંડામાંથી બચ્ચું બહાર આવે છે અને માદાપક્ષીને તેના સેવનનું ફળ મળે છે. આપણી ભગવદ્‌સેવા પણ આવી જ છે. હૃદયના સાચા સ્નેહપૂર્વક, બધાંમાંથી મનની સર્વ વૃત્તિઓ ખેંચી લઈ, પ્રભુમાં જ તન-મનની સર્વ પ્રવૃત્તિઓ એકાગ્ર કરીએ તે સેવા અને તેનું ફળ, સાક્ષાત્ પરમાનંદ-સ્વરૂપ ભગવાનની આ દેહે પ્રાપ્તિ.

આમ, સેવા એ હૃદયના સાચા સ્નેહની જ અભિવ્યક્તિ હોવાથી તેની અભિવ્યક્તિનું સ્વરૂપ પતિ-પત્નીના અંતરંગ સ્નેહ-જીવન જેવું જ છે; પણ તેમાં લૌકિક કામવાસનાની ગંધ સરખીયે નથી. નવયુવતી પોતાના ભાવિ પતિની શક્તિઓ, સદ્‌ગુણો જાણી-નાણીને તેની સાથે પોતાનું જીવન જોડવાની સંમતિ આપે છે. પછી બંનેનું સગપણ થાય છે. બંને યુવાન હૃદય સામૂહિક પ્રસંગે ભેગાં થાય, પરસ્પરને જુએ; પણ તે યુવતી પતિગૃહે રહી પતિની સેવા કરી શકતી નથી. પતિનું સ્મરણ કરવામાં જ તે સગપણ પછીના દિવસોમાં સુખ લે છે. લગ્ન પછી પતિગૃહે જઈ તે નવોઢા, પતિની સેવા કરે છે; પતિને રીઝવે છે અને પતિ તરફથી પોતે પણ સૌભાગ્યસુખ પ્રાપ્ત કરે છે. પતિની ઉપસ્થિતિમાં તેની સેવા અને પતિની ગેરહાજરીમાં તેનું સ્મરણ આ તેના જીવનનો રોજિંદો ક્રમ બની જાય છે. પતિ પ્રત્યેનો સ્નેહ દૃઢ બનતાં, હવે તેને પતિના સામર્થ્યનો, શક્તિનો, સદ્‌ગુણોનો વિચાર પણ આવતો નથી. સ્નેહ દૃઢ થતાં જ્ઞાન ગૌણ બને છે. પતિનું રૂપ, બુદ્ધિ, ધન તેને આકર્ષતું નથી. તે માત્ર પતિના હૃદયના સ્નેહથી જ જીવે છે. તેના પતિની સ્થિતિ પણ તેવી જ હોય છે. આથી જ, આવી પતિવ્રતા નારી *'ભવોભવ તમે જ મારા પતિ હજો'* એવું ઝંખે છે. તે જ તેના માટે જીવનનો પરમાનંદ હોય છે.

અલૌકિક સ્નેહની અભિવ્યક્તિરૂપ સેવા માટે, તેથી જ શ્રીમહાપ્રભુજીએ પણ વ્રજભક્તોએ આચરેલી આ જ પ્રકારની સેવાપદ્ધતિ બતાવી છે. સેવાની વ્યાખ્યા આપી કે **'પ્રભુના માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક તેમનામાં સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ કરવો તેનું નામ જ ભક્તિ(સેવા).'** પ્રભુના આવા માહાત્મ્યજ્ઞાન માટે આપે નામમંત્રની દીક્ષા બતાવી - **'શ્રીકૃષ્ણઃ શરણં મમ.'** આ અષ્ટાક્ષરમંત્ર શ્રીવલ્લભકુળ દ્વારા લઈ, તુલસીની કંઠી બાંધવાથી પ્રભુ સાથે તે જીવનું અલૌકિક સગપણ (વાગ્દાન) થાય છે. પોતાના થનાર અલૌકિક સ્વામીનાં રૂપ, ગુણ, સામર્થ્યને જાણતાં રહી, તેમના સ્મરણ દ્વારા જીવ સ્નેહનાં બીજ રોપે છે. માટે જેમણે માત્ર નામમંત્ર લઈ કંઠી બાંધી છે, તેને પ્રભુનું સ્મરણ કરવાનો અધિકાર મળ્યો છે; પણ હજી સેવા કરવાનો અધિકાર મળ્યો નથી. પ્રભુ પ્રત્યેના સ્નેહના બીજારોપણ માટે તે મંદિરે જઈ પ્રભુનાં દર્શન કરે, સત્સંગ કરે; શ્રવણ, સ્મરણ અને કીર્તન કરે; પણ તે સેવા ન કરી શકે. કારણ, આ જીવનાં હજી પ્રભુ સાથે સગપણ થયાં છે, લગ્ન થયાં નથી. નામમંત્ર લીધા બાદ, જ્યારે જીવ શ્રીવલ્લભકુળ દ્વારા બ્રહ્મસંબંધ લે, ત્યારે તેનું પ્રભુ સાથે અલૌકિક લગ્ન થાય છે. આ અલૌકિક લગ્નમાં અલૌકિક અગ્નિ શ્રીમહાપ્રભુજી અને બ્રાહ્મણ તરીકે તુલસીજીની સાક્ષીએ તે બ્રહ્મસંબંધ મંત્રરૂપ સપ્તપદીની પ્રતિજ્ઞાથી પ્રભુને પોતાનું સર્વસ્વ નિવેદન કરે છે. હવે, અલૌકિક લગ્ન-સંબંધથી જોડાતાં જીવ પોતાના અલૌકિક પતિ એવા પ્રભુની સેવા કરવા અધિકારી બને છે. પતિના સુખમાં જ સુખ માનતી પતિવ્રતા નારીની જેમ જીવ પ્રભુની પ્રસન્નતામાં જ પોતાનું સુખ માની તેમની સેવા કરે અને સેવા સિવાયના સમયમાં સ્મરણ કરે. આમ કરતાં, સેવા-સ્મરણમાં તેની એકાગ્રતા થાય, મન તન્મય બની જાય, ત્યારે પ્રભુ

કૃપા કરી પોતાના સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ કરાવે. આવો અલૌકિક આનંદ પ્રાપ્ત થતાં પહેલાં પણ, સેવાકાલીન સમયમાં સેવાનો અલૌકિક આનંદ તો મળ્યા જ કરે છે. માટે તો 'સિદ્ધાંત-રહસ્ય'ના સર્વ ટીકાકાર મહાનુભાવો એકમત છે કે જેમને સેવા કરવી નથી તેમના માટે બ્રહ્મસંબંધ આવશ્યક નથી. તેમના માટે નામમંત્રની દીક્ષા પૂરતી છે; કારણ કે તેનાથી પ્રભુની શરણાગતિ પ્રાપ્ત થાય છે અને સ્મરણનો અધિકાર પણ મળે છે.

તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બ્રહ્મસંબંધ કરવાથી દેહ અને જીવના સર્વ દોષો ભગવદ્સેવામાં પ્રતિબંધ કરતા નથી. હવે આપણે નવોઢા નારીની જેમ આપણી અહંતા-મમતા આપણા અલૌકિક સ્વામી એવા પ્રભુનાં ચરણે સમર્પિત કરી છે. હવે આપણે આપણી કહેવાતી સંપત્તિનાં માલિક નથી રહ્યાં, પણ આપણે ટ્રસ્ટી બન્યાં છીએ; સંપત્તિના માલિકીહક્ક પ્રભુને સોંપી દીધા છે, તેથી પ્રભુના સુખ માટે તે સંપત્તિનો ઉપયોગ થાય તે જોવાની આપણી ફરજ બની રહે છે. અહીં સંપત્તિનું દાન નથી, નિવેદન છે. જગતમાં અત્યાર સુધી જે પ્રમાણે જીવન-વ્યવહાર ચલાવતાં હતાં તેમજ ચલાવવાનો છે. બદલવાની છે માત્ર ભાવના. અત્યાર સુધી આપણા માટે રસોઈ બનાવતાં, હવે પ્રભુ માટે બનાવવાની છે. અત્યાર સુધી જીભના સ્વાદ માટે ભોજન કરતાં, હવે મહાપ્રસાદ લેવા ભોજન કરવાનું છે. આમ, પ્રવૃત્તિઓ નથી બદલાતી, બદલાય છે માત્ર મનની વૃત્તિઓ. હવે જીવનની ગતિ આપણે ઈશ્વર તરફ કરીએ છીએ. જેણે જીવન આપ્યું તે ઈશ્વર માટે જ આપણે સર્વ કાર્યો કરીએ. આપણા માટે, આપણી શક્તિથી કાર્ય કરીએ અને નિષ્ફળતા મળે તો દુઃખ થાય છે; કારણ કે તેમાં અહંતા-મમતા હોય છે. પણ બીજાના માટે નિરપેક્ષ ભાવે કાર્ય કરતાં સંતોષ અને આનંદ મળે છે. તેથી સેવા મુશ્કેલ નથી, તેના માટે નવેસરથી જીવનનો કોઈ નવો વ્યવહાર આચરવાનો નથી. હા, કેટલીક બાબતો અવશ્ય ધ્યાનમાં લેવી પડે.

◆

સેવાનો વ્યવહારુ વિચાર ૨

સેવા શા માટે ?

શ્રીમહાપ્રભુજીના બધા ગ્રંથોનો અભ્યાસ કરતાં એક વાત ખૂબ સ્પષ્ટ રીતે સમજાય છે કે પુષ્ટિમાર્ગીય જીવોનું એકમાત્ર કર્તવ્ય પ્રભુની સેવા કરવાનું છે. ભગવદ્સેવા વિષે શ્રીમહાપ્રભુજી ખૂબ જ આગ્રહ રાખે છે, તેનાં કારણો નીચે મુજબ છે :

૧. જીવ ભગવાનનો અંશ છે. તે ભગવાનમાંથી હજારો વર્ષો પૂર્વે વિખૂટો પડેલો છે. ભગવાનને ફરીથી મેળવવા માટે સેવા સિવાય બીજો કોઈ ઉપાય કામમાં આવે તેમ નથી.

૨. જીવ ભૂલી ગયો છે કે ભગવાન તેના સ્વામી છે અને તે ભગવાનનો સેવક-દાસ છે. તે પોતાને સ્વામી માને છે. દુનિયાની સર્વ વસ્તુઓ તેની છે એવી મમતા રાખે છે; જ્યારે જીવની અહંતા અને મમતા છૂટી જાય, તે સર્વ પ્રભુને સમર્પીને દીનતા અને પ્રેમથી પ્રભુની સેવા કરે, ત્યારે પ્રભુ તેના પર પ્રસન્ન થાય.

૩. જીવે બ્રહ્મસંબંધ લીધા પછી પોતાનું બધું પ્રભુને સોંપી દઈ, તેમના દાસ બની રહેવાની પ્રતિજ્ઞા કરી છે. પુષ્ટિજીવ પ્રભુને અન્ય જીવથી અધિક પ્રિય છે. પ્રભુના શ્રીઅંગમાંથી આ જીવ પ્રગટ થયો છે. તેનાં સર્વ કાર્યો પ્રભુની સેવા અને પ્રસન્નતા માટે જ હોવાં જોઈએ.

૪. જીવ આવું સેવામય જીવન ગાળે તો જીવનનાં દુઃખો તેને સ્પર્શી શકતાં નથી. તેને પ્રભુનો સાચો આનંદ પ્રાપ્ત થતાં તેનું જીવન ઊર્ધ્વગામી બને છે. માટે શ્રીમહાપ્રભુજીનો આગ્રહ છે કે પુષ્ટિમાર્ગીય જીવે હમેશાં ખૂબ પ્રેમપૂર્વક યશોદાજીના લાલ શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ.

૫. સેવામાં સંયમ, સમર્પણ, સ્નેહ છે.

સેવા એટલે શું ?

જગતમાં મોટા ભાગના લોકો જુદા જુદા દેવોની પૂજા-ઉપાસના કરે છે. વેદ આદિ ધર્મશાસ્ત્રોમાં પૂજાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજીએ આપણને પૂજાના માર્ગથી તદ્દન જુદો એવો સેવાનો માર્ગ બતાવ્યો છે. 'સેવા'નો અર્થ થાય છે ખૂબ પ્રેમપૂર્વક પ્રભુનું સેવન કરવું. સેવામાં 'પ્રેમ' સહુથી અગત્યનો છે. સેવાની સર્વ રીત કરવામાં આવે, પણ તેમાં પ્રેમ નહિ હોય તો તે એકડા વિનાના મીંડા જેવી છે.

'ચેતસ્તત્ પ્રવણં સેવા' - ચિત્ત પ્રભુમાં પરોવાય તેનું નામ 'સેવા'. કોઈ પણ કાર્યમાં રસ પડે ત્યારે જ તેમાં ચિત્ત પરોવાય છે. પ્રભુમાં પ્રેમ જાગે તો જ પ્રભુમાં ચિત્ત પરોવાય. દા. ત., જેમ સોયમાં દોરો પરોવાય; તેમ શ્રીપ્રભુની સેવામાં એકાગ્ર ચિત્તથી મન લગાડીને સેવા કરીએ તો જ તે સેવા સાચી સેવા કહેવાય. સેવા કરતી વખતે લૌકિકનો વિચાર પણ મનમાં આવવો જોઈએ નહિ.

શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી સેવાનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરે છે કે 'આપણા પોતાના શરીરથી અને ધનથી આપણા માથે બિરાજતા પ્રભુની આપણે પોતે સેવા કરીએ તે જ સાચી સેવા'. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે 'આપણા માર્ગમાં સેવા બે ભાવથી થાય છે : એક તો નંદાલય અને નિકુંજના ભાવની સેવા અને બીજી ગોપીજનોએ પોતાના પ્રાણપ્રિય પ્રભુને જે પ્રેમભાવથી લાડ લડાવી સેવા કરી તે ભાવની સેવા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પોતાના ગુરુદેવ દ્વારા ભગવદ્સ્વરૂપ સેવ્ય (પુષ્ટ*) કરાવી, સેવાની આજ્ઞા લઈ, પોતાના ઘેર પધરાવી, પોતાના તન-મન-ધનથી તેમની સેવા કરવી જોઈએ.

સેવા કરવાની રીત

શ્રીમહાપ્રભુજીએ સેવાની રીત અંગે આજ્ઞા કરી છે કે જેવી રીતે આપણે આપણા દેહને સુખ થાય તેમ બધાં કાર્યો કરીએ છીએ, તેવી જ રીતે પ્રભુને પણ સુખ થાય તેમ સેવા કરવી જોઈએ. સેવામાં પ્રભુના સુખનો ખૂબ જ વિચાર કરવો. એક બાળકનું લાલનપાલન કરીએ તેમ બાલભાવથી, ખૂબ પ્રેમથી તત્સુખનો પૂરેપૂરો ખ્યાલ રાખી, સેવામાં પુષ્કળ સાવધાન રહી સેવા કરવી.

ઋતુ અનુસાર પ્રભુને વસ્ત્ર-આભૂષણ અને સામગ્રી ધરવાં જોઈએ. સેવા પ્રભુના સુખ માટે છે, પ્રભુની પ્રસન્નતા માટે છે.

સેવામાં બીજી મહત્ત્વની બાબત એ છે કે સુંદર અને ઉત્તમ વસ્તુઓ પ્રભુને અંગીકાર કરાવવી જોઈએ. પ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે તે ધ્યાનમાં રાખવું જોઈએ. (અર્ધભુક્ત એટલે કે આપણે વાપરેલી વસ્તુઓ પ્રભુને ધરાવવી જોઈએ નહિ. પ્રભુને ધરાવ્યા પછી જ સર્વ વસ્તુઓનો પ્રસાદ તરીકે આપણે ઉપયોગ કરવો જોઈએ.) સેવા કરતી વખતે શરીર અને મનની શુદ્ધિ જરૂરી છે. શરીર અને મન શુદ્ધ નહિ હોય તો સેવામાં એકાગ્રતા થઈ શકે નહિ. સેવા દરમ્યાન ખૂબ શાંતિ રાખવી જોઈએ. ક્રોધ અને ઉદ્વેગ પ્રભુને જરાય પસંદ નથી. સેવા અત્યંત પ્રસન્નતાથી, પ્રભુ પ્રેરણા કરે તેમ કરવી.

પ્રભુની સામે રડવું જોઈએ નહિ. પ્રભુ પાસે કોઈ વસ્તુની માગણી પણ કરવી ન જોઈએ. સેવા શક્ય તેટલો વધુ સમય કરવી જોઈએ. જો સખડી ભોગ ધરવાની અનુકૂળતા હોય તો સહુથી ઉત્તમ છે. તે શક્ય ન હોય તો જે કોઈ પ્રકારે શક્યતા હોય તે રીતે, ગુરુદેવની આજ્ઞા લઈ આગ્રહપૂર્વક સેવા કરવી જોઈએ. કેવળ મિસરીભોગ ધરીને પણ સેવા અવશ્ય કરવી જોઈએ. પ્રભુ વસ્તુના ભૂખ્યા નથી, પણ ભાવનાથી જે વસ્તુ પ્રભુને સમર્પિત કરવામાલ આવે, તે પ્રભુ આરોગે છે. પદ્મનાભદાસના છોલામાં પ્રભુને એટલો બધો સ્વાદ આવતો હતો કે તે પ્રભુ મન દઈને આરોગ્યા. માટે જે ભાવથી થાય તે જ ઉત્તમ છે. સેવામાં દેખાદેખી કદી કરવી નહિ.

સેવા કોણે કરવી ?

ઉપર બતાવી તેવી દૈનિક અને વર્ષભરના ઉત્સવોની સેવા, જેણે બ્રહ્મસંબંધ લીધું છે તેવા દરેક પુષ્ટિમાર્ગીય જીવે અવશ્ય કરવી જોઈએ. ઘરમાં એક વ્યક્તિ સેવા કરે તે પૂરતું નથી. સેવામાં બધાંએ જોડાવું જોઈએ અને જે કંઈ બની શકે તે સેવા નિયમપૂર્વક, આગ્રહ રાખીને દીનતા અને પ્રેમથી કરવી જોઈએ. ઘરનાં બધાં બ્રહ્મસંબંધી બાળકોને પણ સેવામાં જોડવાં જોઈએ. ખૂબ પ્રેમથી નાનાં બાળકોને હાથ ખાસા કરાવી, તેમને

---

* શ્રીઠાકોરજી પુષ્ટ અવશ્ય કરાવવા જોઈએ.

યોગ્ય સેવા કરાવવી. ખાસ તો બાળકને રોજ પ્રભુને દંડવત્ કરાવવાનો આગ્રહ રાખવો. સેવા કેટલા પ્રમાણમાં કરવામાં આવે છે તે બહુ મહત્ત્વનું નથી; પણ કેટલી દીનતા અને કેટલા પ્રેમથી કરવામાં આવે છે તે જ મહત્ત્વનું છે. ખૂબ મેંડ-આચાર-રાખીએ, પણ ભાવ જ ન હોય તો સેવા ક્રિયાવત્ બની જાય છે. વિચારપૂર્વક આચાર રાખવો જોઈએ. અત્યાચાર કરવાની પણ જરૂર નથી અને અનાચાર પણ ન કરવો. જ્યાં સુધી શરીર ચાલે ત્યાં સુધી બીજા પાસે સેવા કરાવવી ન જોઈએ. સામગ્રી પણ જે પોતાથી બને તે જ કરવી, પણ બીજા પાસે કરાવવી નહિ.

સેવા કરતાં કઈ ભાવના વિચારવી ?

સેવા યંત્રવત્ ન બની જાય તે માટે ભાવનાપૂર્વક સેવા કરવી જોઈએ એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. ભાવના કરવાથી ધીમે ધીમે પ્રભુમાં ભાવ(સ્નેહ) વધે છે. આપણા માર્ગમાં **ત્રણ પ્રકારની ભાવના** બતાવવામાં આવે છે : *(૧) સ્વરૂપ-ભાવના (૨) ભાવ-ભાવના અને (૩)લીલા-ભાવના.*

આપણા માથે બિરાજતું સ્વરૂપ શું છે ? કઈ લીલાનું છે ? તેનું સતત સ્મરણ થવું જોઈએ. દા.ત., શ્રીબાલકૃષ્ણલાલજી યશોદાજીની ગોદમાં ખેલતું છ દિવસની વયનું બાલસ્વરૂપ છે. ગોપીજનોને બાલસ્વરૂપ દ્વારા કિશોરભાવનો આનંદ આપનારું સ્વરૂપ છે. આવો ભાવ વિચારીને એ સ્વરૂપની સેવા અત્યંત બાલભાવથી કરવી જોઈએ. આપણા ઘરમાં બિરાજતું સ્વરૂપ, સાક્ષાત્ સ્વરૂપે બિરાજે છે, એમ મનમાં દૃઢ વિશ્વાસ રાખી સાવધાનીથી સેવા કરવી.

સેવામાં વપરાતા બધા પદાર્થો, સામગ્રીઓમાં આપણે ભગવદ્ સ્વરૂપની ભાવના કરવી. તે જડ નથી, અલૌકિક સ્વરૂપ છે. જુદા જુદા વ્રજભક્તોનાં ભાવાત્મક સ્વરૂપ છે, એ ભાવથી દરેક પદાર્થનો સેવામાં વિનિયોગ કરવો જોઈએ. દા.ત., શય્યામંદિરનાં દ્વાર એ સ્વામિનીજીનાં નેત્રોની પાંપણ છે, આવો ભાવ વિચારી શય્યામંદિર ખોલીએ, તો શય્યામંદિરનાં દ્વાર ખૂબ જ હળવેથી ખોલવાં જોઈએ અને તે ખોલતાં અત્યંત રોમાંચ થઈ આવશે. આમ, સેવામાં વપરાતા પદાર્થોના અલૌકિક સ્વરૂપને સમજવું જરૂરી છે. તો જ સેવાનો સાચો આનંદ આવી શકે.

વર્ષભરના જુદા જુદા ઉત્સવોની લીલાભાવના પણ જાણવી જરૂરી છે. જો આ લીલાભાવના સમજીએ, તો જ જે-તે દિવસે અમુક વસ્ત્રો અને શૃંગાર કેમ ધરાય છે, અમુક સામગ્રી કેમ ધરાય છે, તે સમજી શકાય. દા.ત., બીજા બધા ઉત્સવોમાં રાજભોગમાં પ્રભુને તિલક થાય છે; જ્યારે જન્માષ્ટમીના દિવસે પ્રભુને શૃંગારમાં તિલક થાય છે; કારણ કે જન્માષ્ટમીના દિવસે પ્રભુને ભૂતળ પર પધારવા શ્રીસ્વામિનીજીએ વિજયતિલક કર્યું હતું. આ ભાવથી શૃંગારમાં તિલક થાય છે.

વર્ષોત્સવની લીલાભાવનાની જેમ દરરોજની અષ્ટ-સમયની સેવાની પણ લીલાભાવના વિચારીને સેવા કરવી જોઈએ. મંગળભોગ, રાજભોગ આદિ સમયોમાં કોના ભાવથી પ્રભુ કેવી રીતે આરોગે છે, તેની લીલાભાવના વિચારીને ભોગ ધરવામાં આવે, તો તેનો આનંદ જુદો જ હોય છે.

આમ, સ્વરૂપભાવના અને લીલાભાવના વિચારીને દરરોજ આગ્રહપૂર્વક સેવા કરવી જોઈએ.

સેવા કરતાં રાખવાની સાવધાની

સેવામાં નીચેની બાબતો અંગે પૂરેપૂરી સાવધાની રાખવી જોઈએ :

(૧) સેવા દરમ્યાન આપણા થૂંકનો છાંટો કોઈ પણ સામગ્રી પદાર્થ કે પ્રભુ ઉપર ન ઊડે એવી કાળજી રાખવી.

(૨) સેવા કરતાં ખૂબ જરૂરી હોય તો જ અને તેટલું જ બોલવું.

(૩) સેવા દરમ્યાન કોઈ પણ પ્રકારનો શોક, ક્લેશ, દુઃખ કરવાં નહિ. ક્રોધ કરવો નહિ.

(૪) સેવામાં શક્ય તેટલી બહારની અને મનની શુદ્ધિ રાખવી.

(૫) સેવા દરમ્યાન પ્રભુ સિવાયના બીજા વિચાર આવે, તો કાળજી રાખીને તેમાંથી મન હટાવવું અને પ્રભુમાં જોડવું.

(૬) આપણી વાપરેલી વસ્તુ પ્રભુના ઉપયોગમાં ન આવવી જોઈએ. આ બાબતનું ખાસ ધ્યાન રાખવું. અર્ધભુક્ત વસ્તુ કદાપિ વાપરવી નહિ. દા.ત., આપણા માટે કપડું લાવ્યાં ને તેમાંથી વધ્યું, માટે પ્રભુના વાઘા (વસ્ત્ર) કરવા એ પુષ્ટિમાર્ગની રીત નથી.

(૭) ખૂબ દીનતાથી અને દાસભાવથી સેવા કરવી. દીનતા જ પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે, એ સતત મનમાં વિચારવું.

(૮) પ્રભુ પાસે કાંઈ પણ યાચના કરવી નહિ અથવા કશું મેળવવાની ઇચ્છાથી સેવા કરવી નહિ.

(૯) શક્ય હોય ત્યાં સુધી એકાંતમાં, કુટુંબ સિવાયના બીજાઓથી બચીને સેવા કરવી. આપણા પ્રભુ અથવા આપણી સેવા એ બીજાને બતાવવા માટે પ્રદર્શનની વસ્તુ નથી, તેનું સદાય ધ્યાન રાખવું.

(૧૦) ઉત્તમોત્તમ વસ્તુ પ્રભુને અંગીકાર કરાવવાનો આગ્રહ રાખવો.

(૧૧) બને તેટલી શુદ્ધિ જાળવવાનો આગ્રહ રાખવો.

(૧૨) જે વસ્તુમાંથી ઘરની રસોઈ વગેરે કરતાં હોઈએ, તેમાંથી જ લઈ ઠાકોરજીની સામગ્રી કરવી નહીં. દા.ત., લીલો મેવો લાવ્યાં હોઈએ, તો ઘરનાં બધાં મન ફાવે ત્યારે ખાય અને તેમાંથી જ શ્રીઠાકોરજીને પણ ભોગ માટે સિદ્ધ કરવામાં આવે તે ખોટું છે.

જેમ કે લોટ કે ઘીના ડબ્બામાંથી યા મસાલામાંથી ઘરનાંને માટે પણ રસોઈ થાય અને સામગ્રી પણ બનાવીએ તો તે 'અર્ધભુક્ત' કહેવાય, અર્થાત્ અર્ધી ભોગવેલી કહેવાય. લાવેલી વસ્તુ તમામ ઠાકોરજીને ધરીને લેવી તે ઉત્તમ પક્ષ છે. જો તેમ શક્ય ન હોય તો ઠાકોરજી માટે વાપરવાની વસ્તુ અલગ રાખવી. ઠાકોરજી માટે લાવેલા મેવા આદિમાં કે સિદ્ધ થતી સામગ્રીમાં લાલસા રાખવી નહિ.

(૧૩) સેવામાં અનાચાર ન થાય તેનું ધ્યાન રાખવું. ઘણી વાર જગ્યા ચોખ્ખી હોય, પણ પીધેલા દૂધ-પાણીના ગ્લાસ મુકાતા હોય ત્યાં જ પ્રભુને ધરવાનો સૂકો-લીલો મેવો, કાચી સામગ્રી વગેરે મૂકી દઈએ છીએ. તેથી તે સામગ્રી જૂઠણ થઈ જાય છે. સેવામાં બીજો અનાચાર પણ ન થાય તેનો ખ્યાલ રાખવો. સર્વ પ્રથમ આપણા શરીરની પવિત્રતાનો યા કપડાંનો વિચાર કરીએ તો નાહીને સેવા કરવી. સેવાનાં કપડાં પણ અલગ રાખવાં. સંડાસ જઈ આવીને નાહ્યા વગર સેવા કરવી નહીં કે ન તો સંડાસવાળાને અડકેલાં કપડાં સેવામાં પહેરવાં. બહેનો હોય તો રજસ્વલાના ચાર દિવસ સેવા ન થાય. ચોથે દિવસે માથાની ચિકાશ કાઢી શુદ્ધતાથી સ્નાન કરવું. પછી ઘરમાં બધે અડકાય, પણ સેવા થાય નહિ કે સામગ્રી બનાવાય નહીં. પાઠ ઇત્યાદિ થઈ શકે. પાંચમે દિવસે એક વાર માથાબોળ સ્નાન કરી, સેવા કરવી. પછી દરરોજ માથું બોળીને સ્નાનની જરૂર નથી. તેટલા દિવસ ઠાકોરજીને બીજા વૈષ્ણવને ત્યાં પધરાવવા.

બહારગામ જઈએ તો ઠાકોરજી સાથે પધરાવી જવા, એકલા છોડવા નહિ. ઘણા વૈષ્ણવો પ્રશ્ન કરે છે, ઠાકોરજી પાસે બંટાગોળી મૂકી દઈએ ને પછી બહારગામ જઈએ, તો ચાલે ? મારો સામો પ્રશ્ન છે, શું છોકરાને ઘરમાં એકલું રાખી, પાસે ખાવાનું મૂકી, બહારગામ જાઓ છો ખરાં ? આપણે ત્યાં તો 'વાત્સલ્યભાવ'ની સેવા છે, તેનો ક્ષણે ક્ષણે ખ્યાલ રાખવો.

(૧૪) સેવાના સ્વરૂપને, સેવાની ભાવનાને સમજવા માટે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અને ભગવદીયનો સત્સંગ અવશ્ય કરવો.

(૧૫) ઘરનાં સહુ વૈષ્ણવો સાથે હળીમળીને સેવા કરવી. સહુના ઉપર મન પ્રસન્ન રાખવું. કોઈને કડવા શબ્દ કહેવા નહિ.

(૧૬) કોઈ કુટુંબીજન સેવામાં રસ ન લે, પ્રતિકૂળ હોય તો ભગવદ્-ઇચ્છા માની જાતે સેવા કરવી અને આપણાથી જે બને તે પ્રેમપૂર્વક સેવા કરવી. પ્રભુ તો ખરા હૃદયની ભાવનાના ભૂખ્યા છે. આવા પ્રસંગો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં અનેક મળે છે.

(૧૭) ઘરે આવેલા વૈષ્ણવનું ભગવદ્-સ્મરણ કરી અને પ્રસાદ લેવડાવી સન્માન કરવું.

(૧૮) આપણે શ્રીમહાપ્રભુજીનાં સેવક છીએ. સેવા કરવાનો આપણને અધિકાર મળ્યો છે, એનું સતત સ્મરણ રાખી અષ્ટપ્રકારની સખડીભોગની સેવા ક્યારે બની આવશે તેનો તાપભાવ સદાય હૃદયમાં રાખવો.

(૧૯) એક પણ દિવસ સેવામાં આળસ કરવી નહિ.

◆

3

સેવાનું આચાર-સ્વરૂપ

અગાઉનાં પ્રકરણોમાં આપણે સેવાના સિદ્ધાંતનો વિચાર કર્યો. હવે આ સિદ્ધાંત આપણા દૈનિક જીવનમાં કેવી રીતે આચરી શકાય તેનો અહીં થોડોક વિચાર કરીશું.

સેવાનો ઉત્તમ પ્રકાર એ જ છે કે સ્વમાર્ગની પ્રણાલિકા પ્રમાણે મંગળાથી શયન પર્યન્તની અષ્ટપ્રહરની સેવા કરવી. આ પ્રકારની સેવા જ શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીએ પોતાના સેવકોને બતાવી હતી અને તેઓ બધા આ જ પ્રકારે સેવા કરતા; પરંતુ શ્રીગોકુલનાથજીના સમયથી વૈષ્ણવો આ પ્રકારની સેવામાં પ્રતિકૂળતાઓ વિચારવા લાગ્યા અને આવી સેવા નહિ બની શકે તેમ કહેવા લાગ્યા. ત્યારે વૈષ્ણવોનાં સ્થિતિ-સંજોગો પ્રમાણે શ્રીગોકુલેશપ્રભુ આદિ શ્રીગોસ્વામી બાળકોએ સેવાના સરળ પ્રકારની આજ્ઞા આપતાં, વિવિધ પ્રકારના સેવકો આજે જોવા મળે છે. અષ્ટપ્રહરની પૂર્ણ સેવા શ્રીમહાપ્રભુજીએ બતાવેલી મર્યાદા પ્રમાણે કરનાર વૈષ્ણવો **'મર્યાદી'**(મરજાદી) કહેવાયા. શ્રીઠાકોરજીને સખડી ભોગ ધરવા છતાં, ક્યારેક મર્યાદાપૂર્વક ભોગ ન ધરાયેલ અન્ન લેનાર, અને પછી વ્રત કરનાર વૈષ્ણવો, જેઓ વિધિપૂર્વક હંમેશ માટે મર્યાદા આચરવાની આજ્ઞા લેનાર ન હતા, તેઓ **'મનમર્યાદી'** કહેવાયા. દરરોજ નહીં; પરંતુ માત્ર ઉત્સવે જ સખડીભોગ ધરતા વૈષ્ણવો, દરરોજ અનસખડી ધરતા વૈષ્ણવો, દૂધઘર-નાગરી ધરી ઝારી ભરતા વૈષ્ણવો અને માત્ર મિસરીભોગ ધરતા વૈષ્ણવોનો પ્રકાર - એમ વિવિધ પ્રકારે સેવા કરતા વૈષ્ણવો જોવા મળે છે. આ પૈકી આપણી વધુમાં વધુ અનુકૂળતા કયા પ્રકારની સેવામાં રહેશે તેનો વિચાર કરી, તે પ્રકારની સેવા માટે શ્રીગુરુ-દેવની આજ્ઞા લઈ, તે પ્રકારે સેવા કરવાનો પ્રારંભ તો અવશ્ય કરવો જોઈએ. આમ, સેવા કરતાં કરતાં અષ્ટપ્રહરનો સખડીભોગ આરોગાવવાનો સેવા-ક્રમ ક્યારે બનશે, તેનો વિરહતાપ પણ અવશ્ય કરવો.

સેવાના આચાર-સ્વરૂપને **'અપરસ'**ના નામે ઓળખવામાં આવે છે. સેવાની પ્રત્યેક ક્રિયામાં મનોવિજ્ઞાનની સાથે વિજ્ઞાન પણ રહેલું છે. અપરસ પાછળ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિ છે. અપરસનો મૂળ શબ્દ છે **'અસ્પર્શ.'** બીજા કોઈને સ્પર્શ ન કરવો તે અસ્પર્શ. માનવદેહમાં વીજળી રહેલી છે. વીજળીના તારને પ્લગમાં લગાવતાં વીજળી વહીને બીજા છેડે જાય છે, તેમ આપણા દેહમાં રહેલી વીજળી, બીજાને સ્પર્શ કરીએ ત્યારે તેના દેહમાં પ્રવેશે છે. આ વીજ-તરંગો સાથે વિચાર-તરંગો પણ વહન કરે છે અને તેથી જેને આપણે સ્પર્શ કરીએ, તેના દેહ અને મનમાં આપણા વીજ-તરંગો સાથે વિચાર-તરંગો પ્રવેશે છે અને પ્રતિક્રિયા કરે છે. તેથી સ્પર્શ કરનારના વિચારોની અસર અજ્ઞાત રીતે (unconciously) આપણા પર થાય છે; લાંબા ગાળે તે પ્રત્યક્ષ અનુભવી શકાય છે, માટે જ પુરુષ માટે પરનારી પણ અસ્પર્શ્ય છે. સ્પર્શની આવી સૂક્ષ્મ અસર થતી હોવાથી, જેનું મન પ્રભુની સેવા અને પ્રભુના સ્નેહમાં પ્રવૃત્ત નથી, તેને સ્પર્શ કરવાથી આપણું મન પણ ભગવદ્-સેવા અને સ્નેહથી લાંબા ગાળે દૂર થાય. આવી બહિર્મુખતાથી બચવા માટે જ અપરસનો આગ્રહ રાખવામાં આવ્યો છે. તેમાં કોઈ મોટાઈનો ખ્યાલ નથી, સેવા ન કરનારની હીનતાનો ખ્યાલ પણ નથી. માત્ર ચિત્તની વૃત્તિઓની એકાગ્રતા(concentration)નો જ ખ્યાલ છે.

અપરસ પાછળ બીજી પણ એક વૈજ્ઞાનિક બાબત રહેલી છે. મન પર શરીરના આચરણની તથા આજુબાજુના વાતાવરણની પણ ચોક્કસ અસર થાય છે. માદક પીણાં અને વાતાવરણ મનને માદક વિચારોથી ભરી દે છે. સાત્ત્વિક ખોરાક અને સાત્ત્વિક વાતાવરણ મનમાં સાત્ત્વિક વિચારો જન્માવે છે. મંદિરના પવિત્ર વાતાવરણમાં આવતા પવિત્ર વિચારો સંડાસ-માં કદાપિ ન આવે. તેથી જ શરીરની સ્નાનાદિ દ્વારા સ્વચ્છતા, ધોયેલાં શુદ્ધ વસ્ત્રો વગેરે મનની પવિત્રતા, સ્ફૂર્તિ આદિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ડોલમાં પાણી લઈ સ્નાન કરવાથી અપરસ નથી થતી તેનું આજ કારણ છે. સંડાસના અતિસૂક્ષ્મ જીવાણુઓ શરીરને લાગેલા હોય છે. તે શરીર, તે હાથ શુદ્ધ પાણીને સ્પર્શતાં, તે જીવાણુઓ પાણીમાં મળી જાય, પાણી અશુદ્ધ બને અને તેથી શરીરની સાચી શુદ્ધિ ન થાય. માટે વહેતા જળમાં અથવા ઉપરની ટાંકીમાંથી થતી જળની ધારા નીચે સ્નાન કરવું અપરસ

માટે આવશ્યક ગણ્યું છે. આ રીતે સ્નાન કરવાથી શરીરના કોષો વધુ ચેતનમય અને સ્ફૂર્તિલા બને છે. બંને હાથ છૂટા રહેતા હોવાથી શરીરની શુદ્ધિ પણ વધુ સારી રીતે થઈ શકે છે.

આજે આપણને આ અપરસ રોજિંદા જીવનમાં કંઈક વિચિત્ર લાગે છે; કારણ કે આપણો જીવન-વ્યવહાર સદંતર બદલાઈ ગયો છે. આચારના ખ્યાલોમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું છે. બાકી આજથી ૫૦ વર્ષ પહેલાં, પ્રત્યેક સવર્ણ હિંદુ કુટુંબમાં અપરસનું નામ પાડ્યા વિના, અપરસનો આચાર તો પળાતો જ હતો. જે સ્ત્રી આવી રીતે સ્નાન કરી, રેશમી વસ્ત્રો પહેરે તે જ રસોડામાં જઈ રસોઈ કરે અને તેને કુટુંબના બીજા સભ્યો પણ સ્પર્શ ન કરે. રસોડા પાસેના ચોકમાં બેસીને જ સૌ જમે. રસોડામાં દરેક જણથી જઈ ન શકાય. આવો જીવન-વ્યવહાર ત્યારે લગભગ સર્વત્ર હતો; અને તે જ વ્યવહાર શ્રીમહાપ્રભુજીએ સેવામાં પણ સ્વીકારી લીધો. માટે તે સમયમાં અપરસની સંકલ્પના ન આચરી શકાય, તેવી નવાઈભરેલી બાબત ન હતી. તે રોજિંદા જીવનમાં સાહજિક રીતે વણાયેલી જ હતી. આજે પણ આપણે શરીર-શુદ્ધિનો તો આગ્રહ રાખીએ જ છીએ, ત્યારે આપણા ઘરની પરિસ્થિતિ પ્રમાણે આવશ્યક ફેરફારો ગોઠવી, તેવી **અપરસ** શ્રીગુરુદેવની આજ્ઞા લઈ આચરવી અશક્ય નથી. પ્રવર્તમાન સ્થિતિ અને સંજોગો પ્રમાણે શ્રીગુરુદેવ કૃપા કરીને કૂપજળ કે નળના જળની પણ આજ્ઞા આપે છે. મન હોય તો માળવે જવાય જ.

સેવા માટે આવી અપરસની વ્યવસ્થા ગોઠવવાનું સરળ છે. બાથરૂમમાં અભરાઈ ઉપર ટાંકી કે પવાલીમાં નળ લગાવીને અથવા ગીઝર લગાવીને ઉપરથી પડતી જલધારા નીચે સ્નાન કરવાની વ્યવસ્થા થઈ શકે. આગળના દિવસે ધોયેલાં વસ્ત્રો, બીજા દિવસે સ્નાન કરતી વખતે બોળીને, કોઈનો સ્પર્શ ન થાય તેમ અલગ સૂકવી શકાય.

સેવાની આચાર-પ્રણાલિકાનું બીજું અંગ છે પુરુષો માટે ધોતી-બંડીનો પહેરવેશ અને માળાતિલક. જેમ કાળો કોટ પહેરીને કોર્ટમાં જતો વકીલ તેની કામગીરી માટે સભાન હોય છે અને તેથી તે કોટ તેનાં માનસિક વલણો અને વૃત્તિઓની સ્થિરતા માટે અગત્યનો હોવાથી તેને અનિવાર્ય (essential) ગણવામાં આવ્યો છે. ગમે તેવા સમર્થ પ્રતિભાશાળી વકીલને

પણ કોટ પહેર્યા વિના ન્યાયાસન સમક્ષ ઉપસ્થિત થવાની છૂટ મળતી નથી. આવું જ પોલીસ અને મિલિટરી તંત્ર માટે છે, શાળાના વિદ્યાર્થીઓ માટે છે; વિશિષ્ટ પ્રસંગોએ સરકારી અધિકારીઓ માટે છે, તેવું જ સેવા કરનાર સર્વ વૈષ્ણવો માટે પણ છે. ધોતી-બંડી સેવા માટેનો આપણો યુનિફોર્મ છે, જે ચિત્તને સેવામાં તત્પર કરવામાં સહાયક છે. તેવું જ માળાતિલકનું પણ છે. આ મનોવૈજ્ઞાનિક પક્ષ થયો.

ભાવનાપક્ષથી આ બાબતનો વિચાર કરીએ, તો શ્રીગોપીજનોના સ્ત્રીભાવથી જ સેવા થઈ શકે. પુરુષો માટે મનમાં આવો સ્ત્રીભાવ પ્રકટાવવો અને ટકાવવો સરળ નથી. નાટકમાં સ્ત્રીપાત્ર ભજવનાર નટ સ્ત્રીવેશ ધારણ કરે તે અનિવાર્ય હોય છે; તેથી તેના મનમાં સ્ત્રીભાવ જાગતાં, સ્ત્રીચરિત્રનો અભિનય તે સાહજિક રીતે કરી શકે છે. તેવી રીતે સેવા કરનાર પુરુષને શ્રીગોપીજનનો સ્ત્રીભાવ મનમાં પ્રકટ કરવા કંચુકી પ્રકારની વૈષ્ણવી બંડી, સૌભાગ્યચિહ્ન-રૂપ લલાટમાં તિલક અને મંગળસૂત્ર-રૂપ તુલસીની કંઠી આવશ્યક છે.

આજે આપણો પહેરવેશ બદલાયો હોવાથી આપણને તો ધોતી-બંડી વિદેશી લાગે છે ! શ્રીમહાપ્રભુજીના સમયમાં તો જનસામાન્યનો આ જ રોજિંદો પહેરવેશ હતો. આમ, શ્રીમહાપ્રભુજીએ તે સમયના પ્રવર્તમાન જીવન-માળખામાં જ સેવા-પ્રણાલિકા ગોઠવી આપી હતી. સેવા પ્રણાલિકા માટે રોજિંદા જીવન-માળખામાં કોઈ ધરખમ ફેરફારો(Renovations)ની આજ્ઞા કરી નહોતી.

તિલક-માળા વિશેનો વૈજ્ઞાનિક પક્ષ પણ વિચારણીય છે. આપણા શરીરમાં વિવિધ નાડીચક્રો છે, જે શરીરના સમગ્ર તંત્રનું સંચાલન કરે છે. તેમાં લલાટમાં બંને નેત્રોની ભમરોની વચ્ચે આજ્ઞાકારિણી નાડીચક્ર છે. તે શરીરની સર્વ ઇંદ્રિયોનાં કાર્યોનું નિયમન (control) કરે છે. બહુધા તેની આજ્ઞાઓ અસદ્ પ્રકારની હોવાથી તે કાલીયનાગ જેવી છે. સર્વ ઇંદ્રિયોને સદ્પ્રવૃત્તિમાં પ્રયોજવા માટે આ નાડીચક્ર ઉપર નિયમનની જરૂર છે. કાલીયદમન કરનાર શ્રીપ્રભુનો ચરણારવિંદ જ આ નાડીચક્રનું પણ નિયમન કરે. તેથી તે સ્થાન ઉપર ભગવત્પ્રસાદી કુંકુમનું ચરણારવિંદના આકારનું તિલક લલાટમાં કરવાની શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

કુંકુમનો રક્તવર્ણ પ્રભુના અનુરાગનું પ્રતીક છે, તો અસદ્-વૃત્તિઓને દૂર રાખનારું Danger signal પણ છે. વળી, તુલસીજી આરોગ્યપ્રદ પણ છે. તેમનો સહવાસ આરોગ્ય માટે લાભપ્રદ છે. તે હૃદય માટે બળવર્ધક છે; તેથી તુલસીજીની માળારૂપી પ્રભુનું બીજું ચરણારવિંદ હૃદયને સેવા માટેનું બળ આપે છે.

આખો દિવસ કદાચ તિલક ધારણ કરવાની અનુકૂળતા ન હોય, તો પણ સેવાના સમય દરમ્યાન તો તિલક અવશ્ય કરવું જોઈએ. સેવા અંગે શારીરિક અને માનસિક સજ્જતા માટે આટલી બાબતો આવશ્યક છે.

સેવા માટેનું સ્થાન પણ અનુકૂળ હવા-ઉજાસવાળું હોય. તે ખંડમાં પ્રભુને પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ પધરાવી શકાય તેવું ગોઠવવું. અપરસ વિના ત્યાં કોઈ અડકે નહિ તેમ વ્યવસ્થા કરવી. ત્યાં ચિત્તને શાંતિ અને પ્રસન્નતા મળે તેમ ગોઠવવું. સેવામાં ઘરનાં સર્વ અનુકૂળતા પ્રમાણે જોડાય તેમ ગોઠવવું. મિસરીભોગ ધરતાં હોઈએ તો પણ અષ્ટપ્રહરની સેવાની ભાવનાની રીત તો પૂરી કરવી જ.

સેવાના આચારમાં બીજી એક બાબત પણ અતિ મહત્ત્વની છે. તે છે દીનતા. ***'હું સેવા કરું છું, તેથી બીજાઓ કરતાં ચડિયાતો છું'*** તેવું અભિમાન ન કરવું. બીજાઓ સાથે દીનતાથી વર્તવું. અનુકૂળ હોય તેમનો સેવામાં સાથ લેવો. ઉદાસીન હોય તેવાઓ માટે ભગવદિચ્છા માનવી અને સેવા જાતે કરવી; પણ તેમને ઉતારી પાડવાં નહીં. પ્રતિકૂળ હોય તેમની સાથે પણ સંઘર્ષમાં ઊતરી, તેમના ઉપર લેશમાત્ર ક્રોધ ન કરવો. ક્રોધ અને અભિમાનથી તો દૂર જ રહેવું. જ્યાં ચિત્તમાં ક્રોધ આવ્યો, ત્યાં સ્નેહ અને એકાગ્રતા ગાયબ ! જ્યાં અભિમાન આવ્યું ત્યાંય મનની તે જ સ્થિતિ. સેવામાં આવી સ્થિતિમાં ચિત્ત એકાગ્ર થાય જ નહિ; તેથી સેવા દરમ્યાન ***ક્રોધ કે અભિમાન કરવાથી પણ અપરસ છોવાઈ જાય છે. તે સેવા, સેવા મટી માત્ર ક્રિયા જ બની રહે છે.***

સેવા-પ્રણાલિકાના આચરણમાં સમજવા જેવી છેલ્લી બાબત છે, સેવા-પ્રણાલિકામાં વૈવિધ્ય. એક જ કુટુંબનાં ગણાતાં જુદાં જુદાં ઘરોમાં પણ સૌની અનુકૂળતા, સ્થિતિ, સંજોગો પ્રમાણે જીવન જીવવાની રોજિંદી શૈલીમાં અને વાર-તહેવારની ઉજવણીમાં જેમ નાના-મોટા ફેરફારો જોવા મળે છે, તેવું જ પુષ્ટિમાર્ગીય સેવા-પ્રણાલિકામાં પણ છે. મૂળતઃ શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીએ આ પ્રણાલિકા પ્રસ્થાપિત કરી. ત્યાર પછી શ્રીગુસાંઈજીના સાત લાલજીનાં સાત ઘર અલગ થતાં, પ્રત્યેક ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીની અલગ અલગ સ્વરૂપભાવના અને લીલાભાવના પ્રમાણે સેવા-પ્રણાલિકામાં ફેરફારો થયા. ક્યાંક ભગવદિચ્છા કે તત્કાલીન પરિસ્થિતિથી પણ ફેરફાર કરવામાં આવ્યા.

દા.ત., કાંકરોલીમાં શ્રીદ્વારિકાધીશ પ્રભુને તેર ચંદ્રિકાનો મોટામાં મોટો જોડ આવે છે; કારણ કે તે સ્વરૂપ મોટું છે; જ્યારે સુરતમાં શ્રીબાલકૃષ્ણલાલજીને પાંચ ચંદ્રિકાનો જ મોટામાં મોટો જોડ જોડ આવે છે; કારણ કે તે સ્વરૂપ છોટું છે. શ્રીગોકુળનાથજીના ઘરમાં રાજભોગ ધરતાં માત્ર ધૂપ થાય છે, દીપ થતો નથી; કારણ કે દીપના અકસ્માતથી પૂર્વે તે ગૃહના તિલકાયતશ્રીએ ભૌતિક દેહત્યાગ કર્યો હતો. આમ, સાતે ઘરની ઉત્સવોની સેવા-પ્રણાલીમાં ફેરફારો જોવા મળે છે; પણ નિત્યની સેવા-પ્રણાલી તો લગભગ સમાન જ છે. આપણે જે ઘરના સેવક હોઈએ તે ઘરની સેવા-પ્રણાલિકા પ્રમાણે સેવા કરવી જોઈએ.

નિત્યની અને ઉત્સવોની સેવા-પ્રણાલિકા અને તેની ભાવભાવના શ્રી ગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીદ્વારકેશજી આદિએ સમજાવ્યાં છે, તેમનો હવે આપણે વિગતે વિચાર કરીએ.

નીચેની ત્રણ બાબતો ખાસ ધ્યાનમાં રાખવી –

૧. આપણું વાપરેલું આપણા પ્રભુ માટે ન વપરાય.
૨. પ્રભુને અંગીકાર કરાવીને જ સર્વ વસ્તુઓ વાપરવી.
૩. શક્ય તેટલી આચારશુદ્ધિનો આગ્રહ રાખવો.

શ્રીમહાપ્રભુજીએ બતાવેલ આ સેવામાર્ગ સરળ અને સાહજિક હોવાથી ગરીબથી ગરીબ વૈષ્ણવોથી લઈ મહારાજા અને નગરશેઠ સુધી સૌ કોઈ વૈષ્ણવોએ પોતાની સ્થિતિ અને સંજોગો પ્રમાણે સેવા કરી છે અને પ્રભુની પ્રાપ્તિ પણ એકસરખી રીતે કરી છે. ***સેવામાં સ્થિતિ કે સંજોગો મહત્ત્વનાં નથી, મહત્તા છે દીનતા અને પ્રેમની.***

શ્રીમહાપ્રભુજીએ બતાવેલ આ સેવામાર્ગ શાસ્ત્રોના પૂજામાર્ગથી તદ્દન ભિન્ન છે. પૂજા માટેનું કાર્ય પૂજા નથી; જ્યારે સેવાનું પ્રત્યેક કાર્ય સેવા છે, સમાન ફળ આપનારું છે. પૂજામાં દેવની પ્રતિષ્ઠા છે; આહ્‌વાન અને વિસર્જન છે. સેવામાં શ્રીવલ્લભકુળ દ્વારા પ્રભુની મૂર્તિ કે ચિત્ર સેવ્ય કરવામાં આવે છે. જેમ ઈંડામાં બચ્ચું છે, પણ તે દેખાતું નથી તેમ મૂર્તિ કે ચિત્ર સેવ્ય થતાં સ્વ-રૂપ (પોતાનું રૂપ-ભગવાનનું રૂપ) બને છે. તેમાં પ્રભુ સાક્ષાત્ બિરાજે છે, છતાં આપણને જો દર્શન થાય નહીં, તો તેમાં ઊણપ આપણી છે. સાક્ષાત્ પ્રભુ તે સ્વરૂપે બિરાજે જ છે. ઘરમાં પત્ની પતિના ચિત્ર કે મૂર્તિની પૂજા કરે, તે તેના પતિને પહોંચતી નથી. સાક્ષાત્ પતિનું વિચારેલું સુખ જ પતિને પહોંચે છે. તેમ સેવ્ય કરાવ્યા વિનાની મૂર્તિ કે ચિત્રની સેવા ફળરૂપ બનતી નથી; કારણ કે તેમાં સાક્ષાત્ પ્રભુ બિરાજતા નથી. માટે ***તેચિત્ર કે મૂર્તિ સેવ્ય કરાવવાં આવશ્યક છે.*** પૂજામાં શાસ્ત્રીય રીત મહત્ત્વની છે, તેમાં સ્નેહનો વિચાર નથી. સેવામાં તો **'યથા દેહે તથા દેવે'**નો સ્નેહ મહત્ત્વનો છે. રીત આવશ્યક છે, પણ સ્નેહયુક્ત રીતનો જ આગ્રહ છે.

સેવાની આવી રીત બતાવતાં શ્રીમહાપ્રભુજીએ બીજી વ્યાખ્યા કરી કે *'ચિત્તનું પ્રભુમાં પરોવાવું તેનું નામ સેવા.'* ચિત્તની આવી તન્મયતા માટે તનુ-વિત્તજા સેવા આવશ્યક છે. ***તનુ-વિત્તજા સેવા એટલે પોતાના ઘરમાં, પોતાના હાથે, પોતાના દ્રવ્યથી કરેલી પોતાના પ્રભુની સેવા.*** દ્રવ્ય આપીને બીજા પાસે કરાવેલી અને બીજાનું દ્રવ્ય લઈને કરેલી સેવા, સેવા નથી. અહીં આપશ્રીએ સેવાની રીત બતાવી છે, તે પણ પૂર્ણતયા મનોવૈજ્ઞાનિક સ્વરૂપની છે.

મનુષ્યને જે કાર્યમાં રસ પડે છે, તે કાર્ય તેને વારંવાર કરવું ગમે છે. વારંવાર કરાતા આ કાર્યમાં રસ પડવાથી તે એકાગ્રતા કેળવે છે. પછી આવા કાર્યમાં તે શારીરિક રીતે સક્રિય ન હોય, ત્યારે પણ તેનું મન તેમાં વિચરે છે. રસના આ સર્વ વિષયોમાં મન રમમાણ બનતાં, ભૂતકાળના તે વિષયોના સ્મરણમાં તેને આનંદ આવે છે, મનની તલ્લીનતા વધતી જાય છે. ધ્યાનની આ અવસ્થામાં મન એકાગ્રતા સાધતાં, આનંદનો અનુભવ કરે છે. ક્રમશ: ધ્યાનની આ અવસ્થાનો સમયગાળો વધતો જાય છે. શરૂઆતમાં સભાનતાપૂર્વક થતા આ પ્રયત્નો સમય જતાં સહજ બની જાય છે. યોગશાસ્ત્રે આને જ **'સહજ યોગ'** કહ્યો છે. યોગસાધના માટે અષ્ટાંગ સાધનોની સિદ્ધિ આવશ્યક છે. સૌ મનુષ્યો સરળતાથી તે સિદ્ધ કરી શકતાં નથી. એક જ આસને બેસી, સ્થિર ઇંદ્રિયો અને મન બનાવી, ઇષ્ટદેવના સ્મરણમાં ખુલ્લી આંખે કે બંધ આંખે લીન બની યોગ સાધવો સૌ માટે સરળ નથી.

યોગનો અર્થ થાય છે, જોડાણ—આપણા મનનું પ્રભુ સાથે જોડાણ તેનું નામ યોગ. તેમાં એવું તાદાત્મ્ય સધાય કે આપણો સમગ્ર દેહ અને આપણું મન પ્રભુમય બની જાય. આવા યોગને શ્રીમહાપ્રભુજીએ **'માનસી'** સેવાનું નામ આપ્યું છે. સેવાની વૃત્તિ મનુષ્યની સાહજિક વૃત્તિ છે, તેથી તેને તેમાં સહજ રસ હોય છે. આ વૃત્તિને ભગવદ્ સેવામાં વાળવાથી તેનું ઊર્ધ્વીકરણ (sublimation) સરળતાથી થાય. સ્વ-શરીર અને સ્વ-સંપત્તિ દ્વારા પ્રભુની અષ્ટપ્રહરની સેવા કરતાં કરતાં મન તેમાં સહજ રીતે પરોવાય. મનના આવા પ્રવણને વધુ સરળ અને ઝડપી બનાવવા સેવામાં રાગ, ભોગ, શૃંગારને યોજ્યાં. જેમની સેવા કરીએ તે સ્વરૂપની, જે સમયની સેવા કરીએ તે તે મંગળા, શણગાર આદિની કે ઉત્સવના તે દિવસની લીલાની અને સેવામાં જે પદાર્થોનો ઉપયોગ કરીએ, તેમના અલૌકિક સ્વરૂપની ભાવના પણ આપણને સમજાવવામાં આવી.

આમ, **સ્વરૂપભાવના, લીલાભાવના અને ભાવભાવનાના** સમન્વય વડે સેવાભાવનાનું ચિંતન પણ તનુ-વિત્તજા સેવા સાથે જોડાયું. પરિણામે, ભૌતિક ક્રિયાનો ભાવ મનમાં ઉત્પન્ન ન થતાં, ભાવનાઓના પૂર દ્વારા અલૌકિક ભાવથી મન સભર બને અને તેથી સેવામાં મનની એકાગ્રતા થવા માંડે. જેમ જેમ આવી એકાગ્રતા વધતી જાય, તેમ તેમ સેવાની બાહ્ય પ્રવૃત્તિઓ કરતાં કરતાં મનની આંતરિક પ્રવૃત્તિઓ પણ એકાગ્રતાપૂર્વક વધે અને આમ મન(ચિત્ત) પ્રભુમાં જ પરોવાયેલું રહે. તનુ-વિત્ત દ્વારા સાધનરૂપ બાહ્ય સેવા કરતાં, સેવા-ધ્યાનરૂપ માનસિક વ્યાપાર શરૂ થાય અને તે જ્યારે ઉત્કટ એકાગ્રતાની સ્થિતિએ પહોંચે ત્યારે પ્રભુની સર્વ લીલાની સાક્ષાત્ અનુભૂતિ થતાં, પ્રભુની સાક્ષાત્ સેવાનો આ ક્રમ તે વ્યક્તિ માટે માનસી સેવારૂપ ફળ બને. માનસી સેવાની આવી અનુભૂતિ શ્રી મહાપ્રભુજીની કૃપાથી આજ સુધી અનેક જીવોને થઈ છે. ઘરના એકાંત ખૂણે જ નહીં, યુદ્ધના મેદાનમાંય આ માનસી સેવા ભગવદીયે કરી છે. ક્યારેક

તો તનુ-વિત્તજા સેવા કર્યા વિના જ સીધી માનસી સેવા સિદ્ધ થઈ હોય તેવા અપવાદરૂપ ભગવદીયો પણ છે.

આમ, સેવાનું ચરમ સ્વરૂપ માનસી સેવાનું છે. તેની પ્રાપ્તિ માટે તનુ-વિત્તજા સેવા આવશ્યક છે. સેવા એ સ્નેહની અભિવ્યક્તિ છે. સ્નેહની અભિવ્યક્તિ જાહેર પ્રદર્શનનો વિષય નથી, પણ પતિ-પત્નીની અંતરંગ એકાંત જીવનશૈલીનો વિષય હોવાથી, તે બેઠક-ખંડની ઘટના (Drawing-room affair) નથી, પણ શયન-ખંડની ઘટના (Bed-room affair) છે, તેનું સ્વરૂપ સાર્વજનિક નથી, વ્યક્તિગત છે. તેથી જ સ્વ-ગૃહમાં, સ્વ-શરીર અને સ્વ-સંપત્તિ વડે પોતાના માથે બિરાજતા પ્રભુની જ સેવા કરવાની આજ્ઞા કરવામાં આવી છે. આવી એકાંતિક તનુ-વિત્તજા સેવા જ માનસી સેવા તરફ આપણા મનનું ઊર્ધ્વીકરણ કરી શકે. માટે ઘરસેવાનો પ્રકાર જ શ્રી મહાપ્રભુજીને અભિપ્રેત છે, મંદિર-સેવાનો નહિ.

આ સેવા શ્રીગોપીજનના ભાવથી જ કરવી જોઈએ.

સેવા કરતી વખતે રાખવાની સાવધાની બતાવતાં શ્રીહરિરાયચરણે કહ્યું છે : 'તેમની (પ્રભુની) સેવાને સ્વધર્મ માની, આજીવન કરવી જોઈએ. આ સેવા લૌકિક ફળ મેળવવા કે ભોગ ભોગવવા માટે ન કરવી જોઈએ. તેનો હેતુ જગતમાં પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ મેળવવાનો પણ ન હોવો જોઈએ. પ્રભુમાં શુદ્ધ ભાવ રાખવો. આપણી ચતુરાઈ તેમાં વાપરવી નહિ. પ્રભુ સર્વ જીવોના અંતર્યામી છે, તેથી આપણા મનના ભાવને સારી રીતે જાણે છે, માટે દંભ કરવો નહિ.'

તેથી બ્રહ્મસંબંધ લીધા પછી, શ્રીઠાકોરજીનું સ્વરૂપ શ્રીગુરુદેવ પાસે સેવ્ય કરાવી, શ્રીગુરુદેવની આજ્ઞા પ્રમાણે આપણે સ્વગૃહે જાતે, આપણી સંપત્તિના પૂર્ણ વિનિયોગપૂર્વક સેવા કરીએ, તો જરૂર શ્રીમહાપ્રભુજીની કૃપાથી પરમાનંદની પ્રાપ્તિ થાય.

■

સેવામાં સ્વરૂપ-ભાવના

૪

જેમના પ્રતિ આપણું હૃદય સ્નેહમય બની, તેમની સેવામાં આપણી એકાદશ ઇન્દ્રિયોને પ્રવૃત્ત કરે, એવા પ્રભુના સ્વરૂપને પૂર્ણતયા જાણી લેવું જરૂરી છે. વેદમાં જેમને બ્રહ્મ કહ્યા, બ્રહ્મસૂત્રોએ પરમાત્મા કહ્યા, ગીતા અને ભાગવતે ઈશ્વર અને ભગવાન કહ્યા તે જ પરમ તત્ત્વને શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણ તરીકે ઓળખાવે છે. શ્રીકૃષ્ણનાં અનેક સ્વરૂપો પૈકી આપણા આરાધ્ય શ્રીયશોદાજીની ગોદમાં ખેલતા શ્રીબાલકૃષ્ણ જ છે; તેમ સ્પષ્ટ આજ્ઞા કરે છે. શ્રીકૃષ્ણના બાળસ્વરૂપની બાળભાવે સેવા કરવાની આજ્ઞા સહેતુક છે. પ્રભુને જો સર્વસત્તાધીશ અને સર્વસમર્થ જાણી-માની સેવા કરીએ, તો તેમની પાસે આપણે અનેક ઇચ્છાઓ—અપેક્ષાઓ રાખીએ, આપણું દુઃખ રડીએ અને સેવાનો વ્યવહાર સ્નેહનો મટી સ્વાર્થનો બને. જેમ નિર્દોષ બાળક પાસે આપણે કશું માગતા નથી, ઊલટાનું તેને આપવામાં જ આનંદ માનીએ છીએ. તે સામે આવે ત્યારે રડતી આંખો લૂછી, મુખ પર હાસ્ય લાવી, એ દુઃખી ન થાય તે માટે આપણું દુઃખ તેનાથી છુપાવીએ છીએ. બાળક પ્રત્યેનો સ્નેહ નિષ્કામ, નિષ્પાપ, નિર્વ્યાજ હોય છે. સ્નેહની તે સર્વોચ્ચ ભૂમિકા છે. પત્ની પણ પતિને જમાડતાં 'ભોજ્યેષુ માતા' બને છે. તેથી વાત્સલ્યભાવથી જ સેવા કરવાની આજ્ઞા કરી છે.

શ્રીકૃષ્ણે વ્રજમાં વિવિધ લીલાઓ કરી. તે પ્રત્યેક લીલાના વિશિષ્ટ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ આપણને અલગ અલગ સમજાવ્યું-બતાવ્યું. પરંતુ વસ્તુતઃ તે સર્વ સ્વરૂપો શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણનાં જ છે તે ભૂલવું જોઈએ નહિ. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય સમયે, શ્રીગિરિરાજજીમાંથી શ્રીનાથજી સ્વરૂપે શ્રીકૃષ્ણ પ્રકટ થયા. તેમની વિવિધ લીલાનાં વિવિધ સ્વરૂપો શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત થયાં. આ મુખ્ય નવ નિધિસ્વરૂપો શ્રીગુસાંઈજીએ પોતાના સાત લાલજીને વહેંચી આપ્યાં હતાં. આ સાત લાલજીના સાત ઘરનો વંશ ચાલ્યો. આજે પણ આ સાતે ઘર વિદ્યમાન છે. તે પૈકી

આપણે જે ઘરના સેવક હોઈએ, તે ઘરના મુખ્ય નિધિસ્વરૂપ શ્રીઠાકોરજી આપણા ઘેર બિરાજે છે તેવી ભાવનાથી જ સેવા કરવી જોઈએ. દા.ત., ચોથા ઘરના સેવક હોઈએ અને આપણા ત્યાં શ્રીનાથજીનાં ચિત્રજી કે શ્રી બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ બિરાજતું હોય, તો ચોથા ઘરના મુખ્ય નિધિસ્વરૂપ શ્રીગોકુલનાથજી છે; તેથી આપણા ત્યાં શ્રીનાથજી કે શ્રીબાલકૃષ્ણલાલજી સ્વરૂપે શ્રીગોકુલનાથજી જ બિરાજે છે, તેવા ભાવથી સેવા કરવી જોઈએ; અને શ્રીગોકુલનાથજીના સ્વરૂપની જ ભાવના કરવી જોઈએ.

હવે આપણે આપણા માર્ગનાં મુખ્ય નવ નિધિસ્વરૂપોની સ્વરૂપ-ભાવનાનું ચિંતન કરીએ; જેથી આપણે જે ઘરનાં સેવક હોઈએ તે ઘરના નિધિસ્વરૂપની સ્વરૂપ-ભાવનાનું ચિંતન કરતાં તેમની સેવા કરી શકીએ, અને તે સ્વરૂપમાં આપણી વિશેષ આસક્તિ થાય. કારણ કે આપણા શ્રીગુરુદેવે આપણું બ્રહ્મસંબંધ પોતાના નિધિસ્વરૂપ સાથે કરાવ્યું છે. તેઓ જ આપણા અલૌકિક સ્વામી છે, તેથી આપણને તેમની જ સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થયો છે.

(૧) શ્રીનાથજી : આપશ્રીનું પૂરું નામ શ્રીગોવર્ધનનાથજી છે. કારણ, આપશ્રી શ્રીગોવર્ધન પર્વતમાંથી પોતાની ઇચ્છાએ, સં. ૧૫૩૫ના ચૈત્ર વદ ૧૧ના રોજ પ્રકટ થયા છે. આપણા સૌના તેઓ કુળદેવતા છે, ઇષ્ટદેવ છે. શ્રીગિરિરાજ પરના નવા મંદિરમાં અને શ્રીનાથદ્વારાના મંદિરમાં આપશ્રીને મહા વદ સાતમે પધરાવ્યા હોવાથી, આપશ્રીનો પાટોત્સવ મહા વદ સાતમે મનાવવામાં આવે છે. આપશ્રીનું સ્વરૂપ સ્વયંસિદ્ધ છે, કોઈ મનુષ્યે બનાવેલું નથી. *આ સ્વરૂપ કિશોરલીલાનું છે.* શ્રીસ્વામિનીજીની નિકુંજના આપશ્રી નાયક હોવાથી, નિકુંજનાયક છે. શ્રીગિરિરાજજીની સઘન કંદરામાં આવેલી શ્રીસ્વામિનીજીની નિકુંજના દ્વારે આપ ઊભા છે. આપની પીઠિકા ચોખંડી છે. તેના ચાર ખૂણા ચાર સ્વામિનીજીનાં ભાવાત્મક સ્વરૂપ છે. તેમના હૃદયરૂપી નિકુંજમાં આપ બિરાજે છે તેવી ભાવના છે. આપશ્રીએ પોતાનો જમણો શ્રીહસ્ત મૂઠી વાળી, કટિ પર રાખ્યો છે અને અંગૂઠો બતાવે છે. આપશ્રીનો ડાબો શ્રીહસ્ત ઊંચો કરી પોતાના ભક્તોને પોતાની પાસે બોલાવે છે. પાસે આવેલા ભક્તોનાં મનનું આકર્ષણ કરી, તેમનાં મન પોતાના જમણા શ્રીહસ્તની મૂઠીમાં કેદ કરી રાખ્યાં છે, અને અંગૂઠો બતાવી આજ્ઞા કરે છે કે 'મારી કેદમાંથી હવે તમે કેવી રીતે છૂટશો ?' બંને ચરણારવિંદના પંજા નૃત્યની મુદ્રામાં છે, જે આપશ્રીના રાસલીલાનાયકના સ્વરૂપનું સ્મરણ કરાવે છે. દૃષ્ટિ સન્મુખ છે. શ્રીઅંગનો શ્યામવર્ણ શૃંગાર રસસૂચક છે. આપશ્રીની નિકુંજલીલા મુખ્ય છે, બીજી લીલાઓ ગુપ્ત છે.

આપશ્રીની આવી અદ્‌ભુત સ્વરૂપભાવના શ્રીદ્વારકેશજી મહારાજે નીચેના પદમાં ખૂબ સુંદર રીતે વર્ણવી છે :

દેખ્યો રી મૈં શ્યામ સ્વરૂપ,
વામ ભુજા ઊંચે કર ગિરિધર, દક્ષિણ કર કટિ ધરત અનૂપ. ૧
મુષ્ટિકા બાઁધ અંગુષ્ઠ દિખાવત, સન્મુખ દૃષ્ટિ સુહાઈ,
ચરનકમલ યુગલ સમ ધરકે, કુંજદ્વાર મન ભાઈ. ૨
અતિરહસ્ય નિકુંજકી લીલા, હૃદય સુમિરન કીજે,
'દ્વારકેશ' મન વચન અગોચર, ચરનકમલ ચિત્ત દીજે. ૩

(૨) શ્રીનવનીતપ્રિયજી : શ્રીમહાપ્રભુજીના સેવ્ય એવા આ સ્વરૂપનું પ્રાકટ્ય શ્રીયમુનાજીમાંથી થયું હતું. શ્રીમહાપ્રભુજીનાં સેવક મહાવનનાં એક ક્ષત્રાણી શ્રીયમુનાજીમાં જળ ભરવા ગયાં, ત્યારે તેમના પાત્રમાં આપ પધાર્યા હતા. તેઓ આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજી પાસે પધરાવી લાવ્યાં. તે વખતે આપશ્રીની પાસે આપશ્રીના સેવક, આગ્રાના ગજન ધવન બેઠેલા હતા. ગજન ધવનની વિનંતીથી શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપ તેમને પધરાવી આપ્યું. તેમનો દેહ અશક્ત થયો, ત્યારે તેમણે શ્રીમહાપ્રભુજીના ત્યાં આ સ્વરૂપ પધરાવી દીધું. શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીએ શ્રીગોકુળમાં આ સ્વરૂપની સેવા કરી. પછી પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને શ્રી મથુરાનાથજી ઉપરાંત શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની સેવા સોંપી. ત્યાર પછી આપશ્રીની સેવા શ્રીનાથજીના તિલકાયત મહારાજ કરે છે. શ્રીનાથજીના મંદિરની બાજુમાં આપનું અલગ મંદિર છે.

આ સ્વરૂપ બાળલીલાનું છે. બીજી લીલાઓ ગુપ્ત છે. દશમ સ્કંધના આઠમા અધ્યાયના પ્રમાણ પ્રકરણની *રીંગણ લીલાનું સ્વરૂપ* છે. નંદાલયના પ્રાંગણમાં ભાંખોડિયાં ભરે છે. ગૌર વર્ણ છે. જમણા શ્રીહસ્તમાં માખણનો પિંડો છે. પાછલા ચરણારવિંદથી ઘૂંટણિયે ચાલે છે. નેત્રોમાં અંજન છે.

આપણે જે ઘરના સેવક હોઈએ, તે ઘરના મુખ્ય નિધિસ્વરૂપ શ્રીઠાકોરજી આપણા ઘેર બિરાજે છે તેવી ભાવનાથી જ સેવા કરવી જોઈએ. દા.ત., ચોથા ઘરના સેવક હોઈએ અને આપણા ત્યાં શ્રીનાથજીનાં ચિત્રજી કે શ્રી બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ બિરાજતું હોય, તો ચોથા ઘરના મુખ્ય નિધિસ્વરૂપ શ્રીગોકુલનાથજી છે; તેથી આપણા ત્યાં શ્રીનાથજી કે શ્રીબાલકૃષ્ણલાલજી સ્વરૂપે શ્રીગોકુલનાથજી જ બિરાજે છે, તેવા ભાવથી સેવા કરવી જોઈએ; અને શ્રીગોકુલનાથજીના સ્વરૂપની જ ભાવના કરવી જોઈએ.

હવે આપણે આપણા માર્ગનાં મુખ્ય નવ નિધિસ્વરૂપોની સ્વરૂપ-ભાવનાનું ચિંતન કરીએ; જેથી આપણે જે ઘરનાં સેવક હોઈએ તે ઘરના નિધિસ્વરૂપની સ્વરૂપ-ભાવનાનું ચિંતન કરતાં તેમની સેવા કરી શકીએ, અને તે સ્વરૂપમાં આપણી વિશેષ આસક્તિ થાય. કારણ કે આપણા શ્રીગુરુદેવે આપણું બ્રહ્મસંબંધ પોતાના નિધિસ્વરૂપ સાથે કરાવ્યું છે. તેઓ જ આપણા અલૌકિક સ્વામી છે, તેથી આપણને તેમની જ સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થયો છે.

(૧) શ્રીનાથજી : આપશ્રીનું પૂરું નામ શ્રીગોવર્ધનનાથજી છે. કારણ, આપશ્રી શ્રીગોવર્ધન પર્વતમાંથી પોતાની ઇચ્છાએ, સં. ૧૫૩૫ના ચૈત્ર વદ ૧૧ના રોજ પ્રકટ થયા છે. આપણા સૌના તેઓ કુળદેવતા છે, ઇષ્ટદેવ છે. શ્રીગિરિરાજ પરના નવા મંદિરમાં અને શ્રીનાથદ્વારાના મંદિરમાં આપશ્રીને મહા વદ સાતમે પધરાવ્યા હોવાથી, આપશ્રીનો પાટોત્સવ મહા વદ સાતમે મનાવવામાં આવે છે. આપશ્રીનું સ્વરૂપ સ્વયંસિદ્ધ છે, કોઈ મનુષ્યે બનાવેલું નથી. *આ સ્વરૂપ કિશોરલીલાનું છે.* શ્રીસ્વામિનીજીની નિકુંજના આપશ્રી નાયક હોવાથી, નિકુંજનાયક છે. શ્રીગિરિરાજજીની સઘન કંદરામાં આવેલી શ્રીસ્વામિનીજીની નિકુંજના દ્વારે આપ ઊભા છે. આપની પીઠિકા ચોખંડી છે. તેના ચાર ખૂણા ચાર સ્વામિનીજીનાં ભાવાત્મક સ્વરૂપ છે. તેમના હૃદયરૂપી નિકુંજમાં આપ બિરાજે છે તેવી ભાવના છે. આપશ્રીએ પોતાનો જમણો શ્રીહસ્ત મૂઠી વાળી, કટિ પર રાખ્યો છે અને અંગૂઠો બતાવે છે. આપશ્રીનો ડાબો શ્રીહસ્ત ઊંચો કરી પોતાના ભક્તોને પોતાની પાસે બોલાવે છે. પાસે આવેલા ભક્તોનાં મનનું આકર્ષણ કરી, તેમનાં મન પોતાના જમણા શ્રીહસ્તની મૂઠીમાં કેદ કરી રાખ્યાં છે, અને અંગૂઠો બતાવી આજ્ઞા કરે છે કે 'મારી કેદમાંથી હવે તમે કેવી રીતે છૂટશો ?' બંને ચરણારવિંદના પંજા નૃત્યની મુદ્રામાં છે, જે આપશ્રીના રાસલીલાનાયકના સ્વરૂપનું સ્મરણ કરાવે છે. દૃષ્ટિ સન્મુખ છે. શ્રીઅંગનો શ્યામવર્ણ શૃંગાર રસસૂચક છે. આપશ્રીની નિકુંજલીલા મુખ્ય છે, બીજી લીલાઓ ગુપ્ત છે.

આપશ્રીની આવી અદ્ભુત સ્વરૂપભાવના શ્રીદ્વારકેશજી મહારાજે નીચેના પદમાં ખૂબ સુંદર રીતે વર્ણવી છે :

દેખ્યો રી મૈં શ્યામ સ્વરૂપ,
વામ ભુજા ઊંચે કર ગિરિધર, દક્ષિણ કર કટિ ધરત અનૂપ. ૧
મુષ્ટિકા બાઁધ અંગુષ્ઠ દિખાવત, સન્મુખ દૃષ્ટિ સુહાઈ,
ચરનકમલ યુગલ સમ ધરકે, કુંજદ્વાર મન ભાઈ. ૨
અતિરહસ્ય નિકુંજકી લીલા, હૃદય સુમિરન કીજે,
'દ્વારકેશ' મન વચન અગોચર, ચરનકમલ ચિત્ત દીજે. ૩

(૨) શ્રીનવનીતપ્રિયજી : શ્રીમહાપ્રભુજીના સેવ્ય એવા આ સ્વરૂપનું પ્રાકટ્ય શ્રીયમુનાજીમાંથી થયું હતું. શ્રીમહાપ્રભુજીનાં સેવક મહાવનનાં એક ક્ષત્રાણી શ્રીયમુનાજીમાં જળ ભરવા ગયાં, ત્યારે તેમના પાત્રમાં આપ પધાર્યા હતા. તેઓ આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજી પાસે પધરાવી લાવ્યાં. તે વખતે આપશ્રીની પાસે આપશ્રીના સેવક, આગ્રાના ગજન ધવન બેઠેલા હતા. ગજન ધવનની વિનંતીથી શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપ તેમને પધરાવી આપ્યું. તેમનો દેહ અશક્ત થયો, ત્યારે તેમણે શ્રીમહાપ્રભુજીના ત્યાં આ સ્વરૂપ પધરાવી દીધું. શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીએ શ્રીગોકુળમાં આ સ્વરૂપની સેવા કરી. પછી પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને શ્રી મથુરાનાથજી ઉપરાંત શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની સેવા સોંપી. ત્યાર પછી આપશ્રીની સેવા શ્રીનાથજીના તિલકાયત મહારાજ કરે છે. શ્રીનાથજીના મંદિરની બાજુમાં આપનું અલગ મંદિર છે.

આ સ્વરૂપ બાળલીલાનું છે. બીજી લીલાઓ ગુપ્ત છે. દશમ સ્કંધના આઠમા અધ્યાયના પ્રમાણ પ્રકરણની *રીંગણ લીલાનું સ્વરૂપ* છે. નંદાલયના પ્રાંગણમાં ભાંખોડિયાં ભરે છે. ગૌર વર્ણ છે. જમણા શ્રીહસ્તમાં માખણનો પિંડો છે. પાછલા ચરણારવિંદથી ઘૂંટણિયે ચાલે છે. નેત્રોમાં અંજન છે.

શ્રીકાકા વલ્લભજી મહારાજે નીચેના પદમાં આ ભાવના વર્ણવી છે:

લૈ જુ ગયો ચિત્ત માખનચ્યારો,
તનક કમલમુખમેં દ્વૈ દઁતિયાઁ,
ઇન આઁખનતેં હોત ન ન્યારો. ૧
રિંગન લીલા ભાવ જનાવત, મર્યાદારહિત એ રૂપ,
કટિ કિંકિની ઔર પાઁવ પૈંજની,
ફિરિ ચિતવન હઁસત બજત અનૂપ. ૨
દેખિ સખી લપટે ભૂજ ભીડત,
નખછત કૂચ કપોલ કર પરસત,
કહત ફિરત સબસોં નંદરાની,
દેખ મૈયા બ્હાવરો હૈ દરસત. ૩
મુગ્ધ ભાવ ગોપીનસોં સોચત,
યહ લીલા કોઉ અન્ય ન જાને,
કે જાને સેવા સંજોગી,
'દાસ' ભાવાદિક લેશ બખાને. ૪

(૩) **શ્રીમથુરાનાથજી :** શ્રીમહાપ્રભુજી કનોજના શ્રી પદ્મનાભદાસજીને લઈને વ્રજમાં પધાર્યા હતા, ત્યારે મહાવન પાસે શ્રીયમુનાજીના કિનારે આપશ્રી પ્રાતઃસંધ્યા કરતા બિરાજતા હતા. એકાએક શ્રીયમુનાજીની ભેખડ તૂટતાં, તેમાંથી સાત તાડ જેટલું ઊંચું, વિરાટ ચતુર્ભૂજ ભગવદ્-સ્વરૂપ પ્રકટ થયું. તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની પાસે પધાર્યું અને આજ્ઞા કરી : '*મારી સેવા કરો.*'

શ્રીમહાપ્રભુજીએ બે હાથ જોડી વિનંતી કરી, 'કૃપાનાથ, આપની સેવા કરવાનું સામર્થ્ય કલિયુગના કોઈ જીવનું નથી. સેવા કરાવવી હોય તો મારી ગોદમાં બિરાજે તેવડું સ્વરૂપ ધારણ કરો.' તેથી તે સ્વરૂપ ૨૮ આંગળ જેટલું છોટું થઈ, શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજ્યું. શ્રીપદ્મનાભદાસજીએ આ અદ્ભુત લીલાનાં નજરોનજર દર્શન કર્યાં, તેથી તેમની વિનંતીથી, શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપ તેમને પધરાવી આપ્યું. તેમણે કનોજમાં જીવન-પર્યંત સેવા કરી, પછી તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના ઘેર પધાર્યું. શ્રીગુસાંઈજીએ પોતાના જ્યેષ્ઠકુમાર શ્રીગિરિધરજીને આ સ્વરૂપ પધરાવી આપ્યું. આજે પ્રથમ ગૃહના મુખ્ય નિધિ-સ્વરૂપરૂપે આ સ્વરૂપ કોટા (રાજસ્થાન)માં બિરાજે છે. પાટોત્સવ ફાગણ સુદ ૭ નો છે.

આ સ્વરૂપ ગૌચારણ વખતે **માખણચોરી લીલાનું** છે. પ્રભુ ગૌચારણ માટે વનમાં પધારતાં, એક ગોપીના સૂના ઘરમાં સખાઓ સાથે માખણચોરી માટે પધાર્યા. છાપરામાં ઊંચે લટકાવેલ મટકી લેવા ખાંડણિયા પર ચઢ્યા અને બે હસ્તે મટકી પકડી, ત્યારે કટિ પરથી પીતાંબર સરક્યું. તે પકડવા બીજા બે હસ્ત ધારણ કરી, ચતુર્ભૂજ સ્વરૂપે શ્રીકુંભનદાસજીને દર્શન આપ્યાં તે આ સ્વરૂપ. તેથી આપ પુષ્ટિપુરુષોત્તમ હોવા છતાં ચતુર્ભૂજ છે. નીચેના જમણા શ્રીહસ્તમાં શંખ છે. મર્યાદા સ્વરૂપે આસુરોની ગર્વનિવૃત્તિનો ભાવ છે. પુષ્ટિ-સ્વરૂપે શ્રીસ્વામિનીજીને આલિંગન આપતાં, તેમની ગ્રીવા(ડોક)ને શ્રીહસ્તથી પકડી છે તે ભાવ છે. **શ્રીયમુનાજીનું** પણ સ્વરૂપ છે. ઉપરના જમણા શ્રીહસ્તમાં પદ્મ છે. જેના પર તે ધરે, તેના પર ચૌદ ભુવનનો ભાર પડે તે મર્યાદા ભાવ છે. શ્રીસ્વામિનીજીના કપોલ પર તે શ્રીહસ્ત ધર્યો હોવાથી કપોલકમળના ચિહ્નથી અંકિત છે તેવો પુષ્ટિભાવ છે. **શ્રીસ્વામિનીજીનું** સ્વરૂપ છે. ઉપરના ડાબા શ્રીહસ્તમાં ગદા છે. દુષ્ટ રાક્ષસોનાં અસ્ત્રોનું તેજ-નિવારણ કરે છે તેવો મર્યાદા ભાવ છે. આશ્લેષ વખતે શ્રી સ્વામિનીજીનો શ્રીહસ્ત પકડ્યો છે તેવો પુષ્ટિભાવ છે. **શ્રી કુમારિકાજીનું** સ્વરૂપ છે. નીચલા ડાબા શ્રીહસ્તમાં ચક્ર છે. જેને મુક્તિ આપવી હોય તેને ચક્રથી મારે છે, તેવો મર્યાદા ભાવ છે. આલિંગન સમયે શ્રીપ્રિયાજીનાં કરકંકણનાં ચિહ્ન અંકિત થયાં છે, તેવો પુષ્ટિભાવ છે. **શ્રી ચંદ્રાવલિજીનું** સ્વરૂપ છે. આમ, માખણચોરીના વિષે શ્રીવ્રજભક્તોને રસદાન કરનાર રસાત્મક સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પ્રમેય પ્રકરણના પ્રથમ અધ્યાયની લીલા આ સ્વરૂપમાં પ્રકટ છે. પીઠિકા ગોળ છે. વર્ણ શ્યામ છે. નામ શ્રીમથુરાનાથજી છે. મંથન કરે તે મથુરા. શ્રીવ્રજભક્તોનાં હૃદય મંથન કરી, પોતાને બિરાજવાલાયક બનાવે છે, તેવા શ્રી વ્રજભક્તોનાં હૃદયના નાથ તે શ્રીમથુરાનાથજી.

શ્રીદ્વારકેશજી મહારાજે આ સ્વરૂપની ભાવના નીચેના પદમાં સુંદર રીતે વર્ણવી છે :

સબ વ્રજકો રસ સ્વરૂપ,
ચાર ભૂજા ચારોં કર આયુધ, કમલ સ્વામિની રૂપ. ૧

ચક્રતેજ ચંદાવલી જુ કો, શંખ શ્રી યમુના જાનો,
ગદા કુમારી શ્યામ બરન વપુ, 'દ્વારકેશ' મન આનો. ૨

(૪) શ્રીવિઠ્ઠલનાથજી : શ્રીમહાપ્રભુજી પંઢરપુર પધાર્યા, ત્યારે પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી કે આપ લગ્ન કરો. ત્યારે ત્યાં શ્રીનાથજી પ્રકટ થયા અને આજ્ઞા કરી કે આપના ત્યાં હું જ પુત્રરૂપે પ્રકટ થઈશ. આમ, ભગવદાજ્ઞા થતાં શ્રીમહાપ્રભુજીનાં શ્રીમહાલક્ષ્મીજી સાથે લગ્ન થયાં. સં. ૧૫૭૮ના માગસર વદ નવમીએ શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું. તે જ સમયે એક બ્રાહ્મણ પોતાને ગંગાજીમાંથી પ્રાપ્ત થયેલ ભગવદ્‌સ્વરૂપ લઈ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યો અને વિનંતી કરી : 'પ્રભુની ઇચ્છા આપના ત્યાં બિરાજવાની છે, તેથી પધરાવી લાવ્યો છું.' શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા.

પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીની આજ્ઞાથી પુત્રપ્રાકટ્ય થયું અને તેવા જ સ્વરૂપે પ્રભુ પણ પધાર્યા; તેથી બન્નેનું નામ શ્રીવિઠ્ઠલનાથજી રાખ્યું. આ સ્વરૂપ સદાય આપને ત્યાં જ બિરાજ્યું છે. શ્રીગુસાંઈજીએ પોતાના દ્વિતીય કુમાર શ્રીગોવિંદરાયજીને પધરાવી આપ્યું. દ્વિતીય ગૃહનું આ મુખ્ય નિધિ-સ્વરૂપ આજે શ્રીનાથદ્વારામાં બિરાજે છે.

દશમ સ્કંધના ફળ પ્રકરણના દ્વિતીય અધ્યાયની ***પ્રકટ લીલાનું આ સ્વરૂપ છે***. રાસલીલામાંથી અંતર્ધાન સમયની પ્રેમવિવશ લીલાનું કિશોરભાવનું આ સ્વરૂપ છે. શ્રીસ્વામિનીજી પ્રત્યેની આસક્તિના ભાવથી ગૌર સ્વરૂપ હતું; પરંતુ પછી શ્રીયમુનાજીને પોતાનું દર્શન કરાવતાં, શ્રીયમુનાજીના ભગવદ્-ભાવાવિષ્ટ સ્વરૂપથી આપ મોહિત થયા, તેથી અર્ધું અંગ ગૌર અને કટિથી શિખા સુધી અર્ધું અંગ શ્યામ છે. બે ભુજા કટિ પર ધારણ કરી છે. ડાબા શ્રીહસ્તમાં સચ્છિદ્ર શંખ છે અને જમણા શ્રીહસ્તમાં કમળ છે. ચરણકમલ સરખાં છે. શ્રીમસ્તક પર કિરીટ છે. સાથે બંને શ્રીહસ્તમાં કમળ ધારણ કરેલ શ્રીયમુનાજી-સ્વરૂપ શ્રીસ્વામિનીજી છે. એક ચરણારવિંદમાં આભૂષણ ધર્યાં છે, બીજામાં નથી. શૃંગારરસના સંયોગ-વિપ્રયોગ ઉભય-ભાવાત્મક સ્વરૂપ હોવાથી આવું સ્વરૂપ ધારણ કર્યું છે. અજ્ઞાન દૂર કરે તે વિઠ્ઠલ. ભક્તોનાં માયારૂપ અજ્ઞાન દૂર કરતા હોવાથી આપનું નામ શ્રીવિઠ્ઠલનાથજી છે.

શ્રીદ્વારકેશજી ગાય છે કે –

દેખ્યો અદ્‌ભુત રૂપ સખી રી સુરસુતાકે સાથ,
વિવશ ભયે દેખ કર, સુંદર કટિ પર રહિ ગયે દોઉ હાથ. ૧

તાતેં ગૌર ચિત્ર સ્યામલ તન ઉપમા કહે તન આવે ગાથ,
'દ્વારકેશ' પ્રભુ યહ બિધિ દેખ મૈં તો કર લિયો જન્મ સનાથ. ૨

(૫) શ્રીદ્વારિકાધીશજી : સૃષ્ટિના આદિકાળમાં બ્રહ્માજીને સૃષ્ટિસર્જન માટે તપની આજ્ઞા કરનાર અને તપના ફળરૂપે તેમના દ્વારા સેવ્ય; તેમના પુત્ર કર્દમ ઋષિ, ભગવાન કપિલદેવજી, માતા દેવહૂતિજી અને તેમના શિષ્યો દ્વારા સેવાયેલા; પુનઃ સિદ્ધપુરના બિંદુસરોવરમાંથી પ્રકટ થઈ રાજા અંબરિષ, મહર્ષિ વશિષ્ઠજી, માતા કૌશલ્યા અને શ્રીરામચંદ્રજી, પાંડવો આદિથી સેવાયેલા; કનોજના હરજી ભક્ત પાસેથી શ્રી દામોદરદાસ સંભરવાલાના ત્યાં પધારતાં, શ્રીમહાપ્રભુજી દ્વારા સેવ્ય આ સ્વરૂપે રાજસેવાનો ક્રમ સૌ પ્રથમ અંગીકાર કર્યો. શ્રી દામોદરદાસ સંભરવાલાના લીલાપ્રવેશ બાદ શ્રીમહાપ્રભુજીના ઘેર પધાર્યા. શ્રીગુસાંઈજીએ પોતાના તૃતીય કુમાર શ્રીબાલકૃષ્ણલાલજીને આ સ્વરૂપ પધરાવી આપ્યું. શ્રીગુસાંઈજીની કૃપાથી, શ્રીબાલકૃષ્ણલાલજીને ગુંજાવનમાંથી શ્રીદ્વારિકાધીશજીનાં શ્રીયમુનાજી-સ્વરૂપ શ્રીસ્વામિનીજી પ્રાપ્ત થયાં. આજ્ઞા પ્રમાણે ગુપ્ત રીતે શ્રીપ્રભુની સાથે તેમની સેવા થાય છે. તૃતીય ગૃહના મુખ્ય નિધિ-સ્વરૂપ રૂપે આપશ્રી કાંકરોલી(રાજસ્થાન)માં બિરાજે છે.

દશમ સ્કંધના પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયની *વેણુકૂજનલીલા* અને એકવીસમા અધ્યાયની *આંખમિચૌલી લીલાનું આ સ્વરૂપ છે*. શ્રીસ્વામિનીજીની નિકુંજમાં પાછળથી ચુપકીદીથી પધારી, પ્રભુએ શ્રીસ્વામિનીજીનાં નેત્રો મીંચતાં, 'કોણ છે ?' કહી શ્રીસ્વામિનીજી પ્રભુના શ્રીહસ્ત છોડાવતાં હતાં ત્યારે, બીજા બે હસ્ત ધારણ કરી, વેણુનાદ કરી, 'હું શ્યામ છું' તેમ જણાવતાં, પ્રભુની આ અદ્‌ભુત રસ-લીલાથી પ્રસન્ન થયેલાં શ્રીસ્વામિનીજીએ પ્રભુને આલિંગન આપ્યું; તે લીલાનું આ સ્વરૂપ છે. તેથી

પુષ્ટિ-સ્વરૂપ હોવા છતાં ચતુર્ભૂજ છે. આપના નીચેના ડાબા શ્રીહસ્તમાં શંખ છે, ઉપરના ડાબા શ્રીહસ્તમાં ચક્ર છે. ઉપરના જમણા શ્રીહસ્તમાં ગદા છે, નીચેના જમણા શ્રીહસ્તમાં પદ્મ છે. આયુધોની ભાવના શ્રીમથુરાનાથજીના સ્વરૂપ પ્રમાણે જ છે. ચાર સ્વામિનીજીના ભાવથી ચોરસ પીઠિકા છે. શ્યામવર્ણ શૃંગાર-રસનો ઉદ્‌બોધક છે. શ્રીઅંગ પર તનિયો અને મસ્તક પર કિરીટ ધારણ કર્યો છે. ચરણારવિંદ સમાન છે. પીઠિકામાં ચાર સ્વામિનીજી બિરાજે છે.

દ્વાર એટલે બારણું અને 'ક' એટલે જલ. જલસ્વરૂપ શ્રીયમુનાજી. *શ્રીયમુનાજીની નિકુંજના દ્વારના જે અધિપતિ તે શ્રીદ્વારિકાધીશ.*

તેમની સ્વરૂપભાવના શ્રીદ્વારકેશજી નીચેના પદમાં વર્ણવે છે :

આજ વિહરત હરિકુંજ નિકેત.
દુરિ મુરિ આય યુગલ દૃગ મીંચે, પ્યારી જુ અતિ ઉપજ્યો હેત. ૧
હસ્તકમલ તારી દે મોહન, દ્વિજભુજ ભરિ ઉર લેત,
'દ્વારકેશ' પ્રભુ યહી બિધિ ક્રીડત, યાતેં ભલો બન્યો સંકેત. ૨

(૬) **શ્રીગોકુલનાથજી** : શ્રીમહાપ્રભુજીના શ્વસુર શ્રીવેણુ ભટ્ટજીના ત્યાં કાશીમાં પંચાયતન પૂજા હતી. લગ્ન પછી પોતાના જમાઈ શ્રીમહાપ્રભુજીને તેમના શ્વસુરે આ પૂજા સ્વીકારવા વિનંતી કરી, ત્યારે તેમાં બિરાજતા અલૌકિક સ્વરૂપને આપે સ્વગૃહે પધરાવ્યું અને અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓ શ્રીગંગાજીમાં પધરાવી દીધી. તે જ આ સ્વરૂપ.

દશમ સ્કંધના સાધન-પ્રકરણના પચીસમા અધ્યાયની *શ્રીગિરિરાજ-ધારણ લીલાનું* આ સ્વરૂપ છે. આ સ્વરૂપ ગોવિંદાભિષેક પછી ઇન્દ્રને પ્રાપ્ત થયું હતું. ઇન્દ્ર દ્વારા સેવ્ય આ સ્વરૂપ શ્રીગુસાંઈજીએ પોતાના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીને પધરાવી આપ્યું. હાલ ચતુર્થ ગૃહના મુખ્ય નિધિ-સ્વરૂપે ગોકુળમાં બિરાજે છે. આપશ્રીનું બીજું નામ શ્રીગોવર્ધનધર પણ છે. વ્રજ સહિત શ્રીગોકુળની રક્ષા કરી હોવાથી આપ શ્રીગોકુલનાથજી કહેવાય છે.

આપશ્રીનું સ્વરૂપ ગૌર છે; કારણ કે વ્રજભક્તો અને હરિદાસવર્ય એવા શ્રીગિરિરાજજીની આસક્તિના ભાવનું સ્વરૂપ છે. આપ ચતુર્ભૂજ છે. બે ભુજામાં વેણુજી ધારણ કર્યા છે. જમણા ઊંચા શ્રીહસ્તથી શ્રીગિરિરાજજી ધારણ કર્યા છે. ડાબા શ્રીહસ્તમાં શંખ બિરાજે છે. ઇન્દ્રે વૃષ્ટિ કરી ત્યારે પ્રભુજીએ બધું જ જળ આ શંખમાં ઝીલી લઈ, તેનું પાન કર્યું હતું. એક બિંદુ પણ વ્રજમાં પડવા દીધું ન હતું. નંદરાયજી આદિએ અન્નકૂટ આરોગાવ્યો, ત્યારે જળની સેવા ઇન્દ્રે કરી; તેથી આપે ઇન્દ્રે વૃષ્ટિ કરવા છતાં તેના પર અપ્રસન્નતા ન બતાવી. આપ કમળ પર ઠાડા છે. કમળ એ શ્રી સ્વામિનીજીના ઉત્તરીય વસ્ત્રનું ભાવ-સ્વરૂપ છે. વેણુનાદ દ્વારા શ્રીગિરિરાજને આલિંગન-સુખ આપે છે. સાથે બે સ્વામિનીજી બિરાજે છે - ડાબી બાજુ શ્રીરાધિકાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલિજી. શ્રીરાધિકાજીના એક શ્રીહસ્તમાં ચમ્મર છે, બીજામાં બીજ છે. શ્રીચંદ્રાવલીજીના એક શ્રીહસ્તમાં ચમ્મર છે, બીજામાં છડી છે. શ્રીગિરિરાજ-ધારણના શ્રમ-નિવારણ માટે છે.

આપનો પાટોત્સવ શ્રાવણ સુદ ૫ નો છે. આજે પણ અન્નકૂટના દિવસે જતિપુરામાં સર્વપ્રથમ શ્રીગોવર્ધનપૂજનનો અધિકાર આપનો જ છે.

શ્રીદ્વારકેશજી ગાય છે –

વ્રજપતિ તુમ બિન કૌન કરે,
*ઉત મધવાકો માનભંગ કરી, ઇત વ્રજગોપિન ગોપ વરે...*૧
વેણુ બજાવત કર પર ગિરિવર, વામ ભુજા લૈ શંખ ધરે,
*'દ્વારકેશ' પ્રભુ ગૌર વર્ણ વપુ, નિગમ પ્રશંસિત વિપદ હરે...*૨

(૭) **શ્રીગોકુલચંદ્રમાજી** : શ્રીનવનીતપ્રિયજીની સાથે જ મહાવન પાસે શ્રીયમુનાજીમાંથી શ્રીગોકુલચંદ્રમાજીનું પણ પ્રાકટ્ય થયું હતું. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવક મહાવનના વાસી શ્રી નારાયણદાસ બ્રહ્મચારીને પધરાવી આપ્યું હતું. તેમના લીલાપ્રવેશ બાદ તે સ્વરૂપ શ્રી ગુસાંઈજીના ત્યાં પધાર્યું. શ્રીગુસાંઈજીએ આ સ્વરૂપ પોતાના પંચમ કુમાર શ્રીરઘુનાથજીને પધરાવી આપ્યું. હાલ આપશ્રી કામવનમાં બિરાજે છે. પાટોત્સવ અષાઢ વદ ૪ નો મનાય છે.

દશમ સ્કંધના તામસફળ-પ્રકરણના ૩૨મા અધ્યાયની લીલાનું સ્વરૂપ છે. આ જ સ્વરૂપે વ્રજભક્તો સાથે મહારાસ કર્યો હતો. વ્રજભક્તોને પૂર્ણ રસદાન કર્યું હોવાથી આપશ્રી શ્રીમધુરેશજી અને શ્રીગોકુલનાથજીના નામે

પણ પ્રસિદ્ધ છે. આ જ સ્વરૂપે શ્રીમદ્ ગોકુળમાં શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી હતી, તેથી 'મધુરાષ્ટક' દ્વારા શ્રીમહાપ્રભુજીએ ત્યારે આ જ સ્વરૂપની સ્તુતિ કરી હતી.

આપશ્રીનું વર્ણ શ્યામ છે. લલિતત્રિભંગી સ્વરૂપ છે. ચરણ, કટિ અને ગ્રીવાની ત્રિભંગી ધારણ કરી છે. બે ભુજા દ્વારા વેણુ ધારણ કરી છે. વામ ચરણ પૃથ્વી પર સ્થિર છે. જમણો ચરણ ઉન્નત છે અને તેની અંગુલિનો સ્પર્શ વામ ચરણને થાય છે. ભૂમિ પર કૃપાવલોકન કરતી નીચી દૃષ્ટિ છે. વામ ચરણ ભૂતળ પર સ્થાપન કરી, પુષ્ટિપંથના સ્થાપનનું સૂચન કર્યું છે. જમણો ચરણ ઉન્નત રાખી મર્યાદાના ઉલ્લંઘનનું સૂચન કર્યું છે.

શ્રીદ્વારકેશજી નીચેના પદમાં આ સ્વરૂપની ભાવના વર્ણવે છે :

અંગ છબિ નિરખત લજિત અનંગે.
ચરન કટિ ગ્રીવકો નમિત કર નંદસુત,
દેત રસદાન લલિત ત્રિભંગે. ૧
પુષ્ટિપથ થાપિ મર્યાદ ઉલ્લંઘ કર,
ચિહ્ન પ્રકટિત વિવિધ અંગ અંગે,
પ્રેમ આસક્તિ અરુ સ્નેહ બિબસ,
વિવિધ પરિવેશ જિયે બેનુ સંગે. ૨
સ્યામ સુકુમાર તન ચિતવન લલિત,
અવની પદ લટકિ જબ ચલત તબ માનભંગે,
પરમ મોહન 'દ્વારકેશ' પ્રભુ મધુર અતિ,
ગોકુલાધીશ ઉચ્છલિત તરંગે. ૩

(૮) શ્રીબાલકૃષ્ણલાલજી : એક વખત શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીમાં સ્નાન કરતા હતા, ત્યારે આ સ્વરૂપ આપની જનોઈ પોતાના શ્રી હસ્તમાં પકડી શ્રીયમુનાજીમાંથી બહાર પધાર્યું હતું. આ સ્વરૂપ સદૈવ આપશ્રીના ત્યાં જ બિરાજ્યું છે. શ્રીગુસાંઈજીએ પોતાના છઠ્ઠા લાલજી શ્રીયદુનાજીને પધરાવી આપ્યું. આજે આપશ્રી સૂરતમાં બિરાજે છે. પાટોત્સવ આસો સુદ ૧૩ નો મનાવાય છે.

દશમ સ્કંધના સાતમા અધ્યાયની *શકટભંજન*, *પૂતનાવધ* અને *તૃણાવર્તલીલાનું ત્રણ માસની વયનું આ સ્વરૂપ છે.* આપશ્રીનું વર્ણ ગૌર છે. જમણા શ્રીહસ્તમાં નવનીત છે. બાળલીલાનું સ્વરૂપ છે.

આ સ્વરૂપની ભાવના નીચેના પદમાં વર્ણવેલી છે :

નંદઆઁગન ક્રીડત સુખરૂપ,
દ્વિભુજ ગૌર માખન કર લીને, ઘુટુરન ચલત અનૂપ. ૧
વ્રજયુવતિન પ્રતિબંધ નેક નહિ સબ દેખત ઉર ભાવે,
'દ્વારકેશ' પ્રભુકું લૈ ગોપી તનકે તાપ સમાવે. ૨

(૯) શ્રીમદનમોહનલાલજી : શ્રીમહાપ્રભુજીના પૂર્વપુરુષ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીને સોમયજ્ઞ વખતે અગ્નિકુંડમાંથી પ્રાપ્ત થયેલું આ સ્વરૂપ છે. આપશ્રીને વારસામાં તે મળ્યું હતું અને આપશ્રીના ઘરમાં જ સદા બિરાજ્યું છે. શ્રીગુસાંઈજીએ પોતાના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીને પધરાવી આપ્યું. આજે આપશ્રી કામવનમાં બિરાજે છે.

દશમ સ્કંધના ફળ-પ્રકરણના ૨૯મા અધ્યાયની લીલાનું સ્વરૂપ છે. મહારાસ સમયે વેણુનાદ કરી આ સ્વરૂપે વ્રજભક્તોને બોલાવ્યાં હતાં. ગૌર વર્ણ છે. શ્રીઅંગ પર જનોઈનું ચિહ્ન છે. બે શ્રીહસ્તથી વેણુનાદ કરે છે. આપને બે સ્વામિનીજી છે : શ્રીરાધિકાજી અને શ્રીચંદ્રાવલીજી. બંનેના જમણા શ્રીહસ્તમાં કમળની કળી છે. ગોપીજનોનાં મન મોહ્યાં હોવાથી આપનું નામ શ્રીમદનમોહનલાલજી છે.

આ સ્વરૂપની ભાવનાનું પદ નીચે પ્રમાણે છે :

દેખ્યો રી મૈ સુંદર બદન,
બેનુ બજાય બુલાય લઈ હૈ, પૂછત રી ક્યોં છાઁડ્યો સદન. ૧
ધર્મ છાઁડિ નિજ ધર્મ કિયો હૈ, યાતેં ગૌર ભયે નંદનંદન,
'દ્વારકેશ' પ્રભુ યહ બિધિ દેખી, ન્યાયકે હેત મન્મથ નિકંદન. ૨

■

૫

મંગળાથી રાજભોગ સુધીની સેવા-પ્રણાલિકા

શ્રીમહાપ્રભુજીએ અષ્ટપ્રહરની સેવા કરવાની આજ્ઞા કરી છે. તેમાં સવારે મંગળાથી રાજભોગ સુધી અને સાંજે ઉત્થાપનથી શયન સુધીની સેવાનો સમાવેશ થાય છે. શ્રીઠાકોરજી શ્રીનંદરાયજીના ત્યાં સારસ્વત કલ્પમાં જે રીતે બિરાજતા હતા, અને તેમની સેવા થતી હતી, તે જ પ્રકાર આ સેવાપ્રણાલિકામાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો છે. આ સેવાપ્રણાલિકામાં પ્રત્યેક સમયની સેવા પાછળ રહેલી પ્રભુની લીલાભાવનાનો અને સેવામાં વપરાતા પ્રત્યેક પદાર્થ પાછળની ભાવભાવનાનો પણ સમાવેશ થાય છે. તેથી, આપણે આ ત્રણેય બાબતોને સાથે સમજવા પ્રયત્ન કરીશું, જેથી સેવાની રીત આચરી શકાય અને સેવા કરવાની પ્રીત અનુભવી શકાય.

૧. સવારે કરવામાં આવતી નિત્યવિધિ

સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું જોઈએ, એટલે કે સૂર્યોદય પહેલાં પથારીનો ત્યાગ કરવો જોઈએ, એવું સર્વ ધર્મશાસ્ત્રો કહે છે. આમ કરવાથી વહેલી સવારે મળતા પ્રાણવાયુથી આપણું આરોગ્ય વધારે સારું બને છે, શરીર આરોગ્યપ્રદ બનતાં સેવામાં વિશેષ અનુકૂળતા રહે છે અને સેવા માટે પૂરતો સમય પણ મળે છે. વહેલા ઊઠવાથી સમયની ખેંચ પડતી નથી, તેથી સૂર્યોદય પહેલાં ઊઠવું ખૂબ આવશ્યક છે.

ઊઠતાંની સાથે આપણા ગળામાં રહેલી તુલસીની માળાનાં શ્રદ્ધાપૂર્વક દર્શન કરવાં, કારણ કે આ માળા શ્રીઠાકોરજીના ચરણારવિંદનું જ સ્વરૂપ છે. સવારના મંગલ સમયમાં, મંગલસ્વરૂપ એવા પ્રભુનાં દર્શન કરવાથી આપણું મન પ્રસન્ન રહે છે અને સેવામાં ભગવદ્‌ભાવ ઉત્પન્ન થાય છે. પછી શ્રીમહાપ્રભુજી, શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીગુરુદેવ આદિનાં ચિત્રોમાં તે પ્રત્યેક સ્વરૂપનું સ્મરણ કરી, તેમનાં દર્શન કરી, પ્રણામ કરવા જોઈએ.

ત્યાર પછી પથારીનો ત્યાગ કરી, ઘરમાં સૌ કુટુંબીજનોને હાથ જોડી, ભગવદ્-સ્મરણ કરવાં જોઈએ. આપણા ઘરમાં પ્રત્યેક વ્યક્તિ વૈષ્ણવ છે, તે ભાવથી સૌને ભગવદ્-સ્મરણ કરવું. તેમાં નાના કે મોટાનો ભેદભાવ વિચારવો જોઈએ નહીં. આમ, શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવનું સ્મરણ કરીને દરરોજનું દેહકૃત્ય કરવું. દંતધાવન (દાતણ) કરી, મુખની શુદ્ધિ માટે પ્રસાદી-પાનની બીડી ખાવી જોઈએ, કારણ કે સેવામાં જતાં આપણા મુખની ખરાબ વાસ પ્રભુને આવે નહીં; પરંતુ જે દિવસે એકાદશી કે જયંતિનું વ્રત હોય, તે દિવસે પ્રસાદી-પાનની બીડી ખાવી નહીં. દંતધાવન સિવાયનાં બીજાં આવશ્યક દેહકૃત્ય કરી, બની શકે તેટલું વહેલું સ્નાન કરવું. સ્નાન કરતાં બોલવું જોઈએ નહીં, કારણ કે બોલવાથી મોંના છાંટા શરીર પર ઊડતાં શરીર અપવિત્ર બને છે. સ્નાન કરતાં નાક અને કાનમાં પણ ભીની આંગળી ખોસી, તે ભાગને બરોબર ભીંજવવો જોઈએ અને કોગળા પણ કરવા જોઈએ. સ્નાન કર્યા પછી શરીરને બરાબર કોરું કરી, અપરસ વસ્ત્ર પહેરવું જોઈએ. આ અપરસ વસ્ત્ર દરરોજ ધોયેલું, શુદ્ધ, સ્વચ્છ હોય તે જરૂરી છે. ફાટેલાં, ગંદાં વસ્ત્ર પહેરીને સેવા કરવી જોઈએ નહીં. રેશમી વસ્ત્રો પહેરીને જો સેવા કરીએ, તો તે વસ્ત્રો દરરોજ બોળવાની જરૂર રહેતી નથી; પરંતુ આ વસ્ત્રો પહેરીને પ્રસાદ લેવો જોઈએ નહીં. આ વસ્ત્રો પહેરીને પ્રસાદ લઈએ તો તે વસ્ત્રો બોળવાં પડે.

અપરસ વસ્ત્રો પહેરી, આસન ઉપર બેસી, વાળ ઓળી, ચરણામૃત લેવું જોઈએ. ચરણામૃત પહેલાં મુખમાં મૂકવું, પછી બંને આંખે, ગળા પર અને હૃદય પર લગાડવું. ચરણામૃત ત્રણ વખત લેવું જોઈએ. આપણું શરીર પંચમહાભૂતોનું બનેલું છે; તે પાંચ તત્ત્વોની શુદ્ધિ માટે પાંચ ઉપાયો બતાવવામાં આવ્યા છે. આપણામાં રહેલા પૃથ્વીતત્ત્વની શુદ્ધિ ચરણામૃત લેવાથી થાય છે. ચરણામૃતમાં વ્રજરજ હોય છે. તેમાં પ્રભુના સ્નાનનું જળ મિલાવવામાં આવેલું હોય છે. પ્રભુનું ચરણોદક અને ચરણકમળથી પાવન બનેલી વ્રજરજ ચરણામૃતમાં હોવાથી તે આપણા દેહની સર્વ ઇન્દ્રિયોને પવિત્ર કરે છે. શરીરમાં રહેલા બીજા તત્ત્વ જળની શુદ્ધિ માટે પ્રભુનું પ્રસાદી જળ લેવું જોઈએ. પ્રસાદી તુલસીથી શરીરના તેજતત્ત્વની શુદ્ધિ થાય છે. વાયુતત્ત્વની શુદ્ધિ ભગવદીયો સાથેના સત્સંગથી થાય છે અને આકાશ-

તત્ત્વની શુદ્ધિ પ્રભુના અને શ્રીગુરુદેવના દર્શનથી થાય છે. તેથી, સ્નાન કર્યા પછી ચરણામૃત લેવું જોઈએ. આ તિલક અતિ નાનું કે અતિ મોટું ન હોવું જોઈએ. તે વાંકું કે બેડોળ પણ ન બને તેનું ધ્યાન રાખવું જોઈએ. આમ, ચરણામૃત લઈ, તિલક કરી, સેવા માટે આપણે તત્પર બનવું.

સેવામાં જે વ્યવસ્થા ગોઠવવામાં આવે છે તેમાં બે ભાગ પડે છે : (૧) **ખાસા** અને **(૨) સેવકી**. પ્રભુના ઉપયોગ માટે જે વસ્તુ-સામગ્રીઓ હોય તે બધી ખાસા કહેવાય. સેવકના ઉપયોગ માટે પ્રસાદ વગેરે જે કંઈ હોય તે બધું સેવકી કહેવાય. તેથી ખાસા અને સેવકી એવા બે અલગ વિભાગો ખૂબ જરૂરી છે; જેથી આપણા ઉપયોગની વાપરેલી વસ્તુ ભૂલથી પણ પ્રભુને અંગીકાર થાય નહીં અને પ્રભુના ઉપયોગની વસ્તુ, ભોગ ધર્યા પહેલાં, આપણા ઉપયોગમાં આવે નહીં.

સેવામાં કેટલાક **પારિભાષિક શબ્દો** વપરાય છે, તે પણ આપણે જાણી લેવા જોઈએ. સેવા દરમ્યાન શુદ્ધિ માટે હાથ ધોવા પડે છે, તેને **'હાથ ખાસા કરવા'** એમ કહેવામાં આવે છે. આપણે બીજે લગાડેલ હાથ નળની ચકલીને સીધા ન લગાડતાં, લાકડાની પટ્ટીથી ચકલી ખૂલે તેવી વ્યવસ્થા કરવી જોઈએ અથવા કરવો (વાસણ) નમાવીને હાથ ધોવા જોઈએ.

આવી રીતે અપરસ, ચરણામૃત અને તિલક કર્યા પછી આપણા બંને હાથ માટી લઈને ખાસા કરવા જોઈએ (ધોવા જોઈએ). માટી લગાડવાથી વૈજ્ઞાનિક રીતે હાથ પર ચોંટેલાં જીવજંતુ નાશ પામે છે, હાથ સ્વચ્છ બને છે. માટીમાં આવો જંતુનાશકપણાનો (anti-biotic) ગુણ રહેલો હોય છે. ભાવનાની દૃષ્ટિએ માટી એ વ્રજરજનો ભાવ છે. વ્રજરજમાં પ્રભુનું સ્વરૂપ રહેલું છે, તેથી વ્રજરજથી બાહ્ય અને આંતરશુદ્ધિ થાય છે. જળ શ્રીયમુનાજીનો ભાવ છે. આમ, માટી લઈ જળથી હાથ ધોવાથી, વ્રજરજ અને શ્રીયમુનાજીના ભાવથી સેવા કરવા માટે આપણા હાથ શુદ્ધ અને પવિત્ર બને છે. આ હાથ ધોતી વખતે મનમાં શ્રીયમુનાજીનું, શ્રીસ્વામિનીજીનું અને શ્રીવ્રજભક્તોનું સ્મરણ કરવું જોઈએ; કારણ કે ભગવદ્‌સેવાની પ્રાપ્તિ શ્રીયમુનાજીની કૃપાથી જ થાય છે. સેવોપયોગી દેહ આપનારાં શ્રીયમુનાજી છે. શ્રીયમુનાજીની કૃપાથી જ શ્રીસ્વામિનીજી પ્રસન્ન થઈને, સેવાનો અધિકાર આપે છે. શ્રીવ્રજભક્તોને સેવાનો અધિકાર મળેલો છે. તેમની કૃપાથી, તેમના દ્વારા જ, આપણને સેવાનો લાભ મળી શકે છે. માટે, આ ત્રણેય સ્વરૂપોનું સ્મરણ કરી, તેમને વિનંતી કરવી કે 'હું તમારો દાસ (દાસી) છું. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગુરુદેવની કાનિથી આપના આ દાસ(દાસી)ને આપ સેવામાં સાથે રાખવાની કૃપા કરો; કારણ કે સેવાયોગ્ય તમે છો. તમારી કૃપાથી જ હું હાથ પવિત્ર કરી શકીશ.' આમ વિનંતી કરતાં હાથ ખાસા કરવા અને વસ્ત્રથી લૂછીને કોરા કરવા જોઈએ. આટલું કર્યા પછી જ સેવામાં પ્રવેશ કરી શકાય છે.

૨. મંદિરની ભાવના

આપણા ત્યાં પ્રભુ જ્યાં બિરાજે છે તે કબાટ, ગોખલો કે મોટો ખંડ પ્રભુને બિરાજવાનું ધામ છે. પ્રભુ વિવિધ સ્વરૂપે ત્રણ સ્થાનમાં બિરાજે છેઃ

(૧) પૂર્ણપુરુષોત્તમ*અક્ષરબ્રહ્મ–ગોલોકધામમાં* બિરાજે છે.

(૨) પ્રભુ નંદનંદન-સ્વરૂપે *શ્રીગોકુળમાં, શ્રીનંદાલયમાં* બિરાજે છે.

(૩) પ્રભુ શ્રીગોપીજનવલ્લભ-સ્વરૂપે વ્રજની અંદર દરેક *ગોપીજનની નિકુંજમાં*, તે તે ગોપીજનના ભાવનું સ્વરૂપ ધારણ કરીને પણ બિરાજે છે. માટે, મંદિરની આ પ્રકારની ભાવના મનમાં વિચારવી જોઈએ.

પ્રભુ **વ્રજમાં બે સ્વરૂપે** બિરાજે છે :

(૧) સર્વભોગ્ય સ્વરૂપે બિરાજે છે. *આ સ્વરૂપે શ્રીનંદાલયમાં બિરાજે છે, જ્યાં બધાં વ્રજભક્તો જઈને પ્રભુનાં સેવાદર્શનનો લાભ લે છે.*

(૨) પ્રભુનું બીજું સ્વરૂપ આત્મભોગ્ય છે. તે સ્વરૂપે *પ્રત્યેક ગોપીજનના ઘર(નિકુંજ)માં બિરાજે છે* અને તે ગોપીજનના સર્વ મનોરથ પૂરા કરે છે. ત્યાં બીજા ગોપીજનને સેવા-દર્શનનો અધિકાર મળતો નથી. આ ગોપીજન પોતાના ત્યાં બિરાજતા પ્રભુની એવી ભાવના કરે છે કે શ્રી યશોદામૈયાને વિનંતી કરી, હું પ્રભુને મારા ત્યાં પધરાવી લાવી છું અને તેમને લાડ લડાવું છું. આમ, શ્રીગોપીજન, શ્રીયશોદામૈયાના પડોશીના હક્કે પ્રભુને પોતાના ઘરમાં પધરાવી લાવ્યાં હોય છે. આપણે આપણા ઘરમાં બિરાજતા પ્રભુની આ ભાવથી સેવા કરવાની છે. તેથી આપણા

ઘરનું નાનકડું મંદિર એ શ્રીગોપીજનની નિકુંજ(ઘર)છે, એવી ભાવના કરવો જોઈએ. આપણું આખું ઘર શ્રીગોકુળ છે અને જે સ્થાનમાં પ્રભુ બિરાજે છે તે શ્રીગોપીજનની નિકુંજ છે. નંદાલયની પાડોશમાં આ નિકુંજ આવેલી છે, તેવી ભાવના આપણા ઘરના નાનકડા મંદિરની કરવી જોઈએ.

મંદિરનાં બંને કમાડ શ્રીસ્વામિનીજીનાં નેત્રોની પાંપણો છે અને મંદિર શ્રીસ્વામિનીજીનાં નેત્રો છે, એવી પણ ભાવના કરવામાં આવે છે. શ્રી સ્વામિનીજી પોતાનાં નેત્રો ખોલવાની કૃપા કરે, ત્યારે જ તેમાં બિરાજતા પ્રભુનાં આપણને દર્શન થઈ શકે. નેત્રો મીંચી દેતાં દર્શન થાય નહીં, એવો ભાવ પણ વિચારવામાં આવેલો છે.

આમ, પ્રભુના બિરાજવાના મંદિરની ભાવના વિચારતાં વિચારતાં આપણે સેવા માટે મંદિર પાસે જવું જોઈએ.

૩. મંગળાની સેવા

(૧) લીલાભાવના : ઉપર જોઈ ગયા તે પ્રમાણે પ્રભુ વ્રજમાં વિવિધ સ્થળે બિરાજી, પોતાના નિજભક્તોને રસદાન કરે છે. આપ રાત્રે વ્રજમાં ત્રણ સ્થળે પોઢેલા છે : ***(૧) શ્રીનંદાલયના શય્યામંદિરમાં, (૨) શ્રી સ્વામિનીજીની નિકુંજમાં, (૩) પ્રત્યેક ગોપીજનના ઘરમાં***. ત્રણેય સ્થળે પોઢેલા પ્રભુને પ્રાત:કાળમાં જગાડવામાં આવે છે. શ્રીયશોદાજી પોતાના લાલને માતાના વાત્સલ્યભાવથી જગાવે છે. બાળકને બહુ વહાલ કરી, મીઠી મીઠી વાતો કરતાં જગાવે છે. સુંદર સામગ્રી આરોગવાની, નવાં રમકડાં આપવાની, સખાઓ સાથે ખેલવા જવાની - એમ વિવિધ લાલચો આપીને તેમનાં ચરણ દબાવતાં દબાવતાં જગાવે છે. શ્રીસ્વામિનીજી પોતાની નિકુંજમાં પોઢેલા પ્રભુને બીન બજાવીને, પોતાના મધુર કંઠથી સુંદર ગીત ગાઈને, તેમનાં ચરણ ચાંપીને જગાવે છે. તેવી જ રીતે, વ્રજભક્તો પણ પોતાની નિકુંજમાં પોઢેલા પ્રભુને જગાવે છે.

આ ત્રણેય સ્થળે જાગેલા પ્રભુ જાગતાંની સાથે કલેવું(નાસ્તો) કરે છે, તેને **'મંગળભોગ'** કહેવામાં આવે છે. પ્રભુ આનંદથી કલેવું કર્યા પછી, તેમનાં દર્શને આવેલા નિજભક્તોને પોતાના મંગળા સમયનાં, મંગળ-સ્વરૂપનાં દર્શન આપે છે. તેમનાં નેત્રોમાં હજી રાત્રિની આળસ લાલ રંગરૂપે

જણાય છે. શૃંગાર અસ્તવ્યસ્ત બનેલા છે, શ્રીઅંગમાં શિથિલતા છે. આવા મંગળ-સ્વરૂપનાં દર્શન કરી, વ્રજભક્તો પોતપોતાના દૈનિક કાર્યનો આરંભ કરે છે. આવી મંગળા-સમયની લીલાભાવનાનો વિચાર કરતાં, તે સમયની સેવામાં પ્રવૃત્ત થવું જોઈએ.

(૨) મંગળાનો સેવાપ્રકાર : મંગળાના સમયની સેવા માટે પ્રભુના મંદિર પાસે જઈ સાષ્ટાંગ દંડવત્ કરવાં. દંડવત્ કરતાં મંદિરને વિનંતી કરવી કે 'આપ કૃપા કરી, મને નિકુંજમાં જવાની આજ્ઞા આપો.' બહુ જ હળવેથી મંદિરનાં દ્વાર ખોલવાં. પ્રભુ પોઢેલા છે, તેઓ જાગી જાય નહીં તેનું ધ્યાન રાખવું. ઊંચા અવાજે ઘાંટા પાડીને બોલવું નહીં. મંદિર ખોલી મંદિર સ્વચ્છ કરવું. તેમાં પહેલાં કોરા વસ્ત્રથી આગલા દિવસની પડેલી રેતી, કચરો વગેરે સાફ કરવાં. પછી ***'જય જય મહારાજાધિરાજ, મહાપ્રભો, મહામંગલરૂપ, કોટિકંદર્પલાવણ્ય, શ્રીમહાપ્રભુજીના અંત:કરણ-ભૂષણ, શ્રીગુસાંઈજીના લાડીલા, શ્રીયશોદોત્સંગલાલિત, વ્રજજનના સર્વસ્વ, અશરણશરણ, શરણાગત-વત્સલ, જય જય જય'*** એમ બોલીને પિછવાઈ વગેરે નવાં બાંધવાં. સિંહાસન સ્વચ્છ કરી તેના પર વસ્ત્ર પાથરવું. ગાદી-તકિયા ખંખેરી તેના પર ચાદર પાથરીને બરાબર પધરાવવા. મંદિરની ભૂમિ કોરા વસ્ત્રથી સાફ કર્યા પછી, ભીનું વસ્ત્ર ફેરવી, ફરી પાછું કોરું વસ્ત્ર ફેરવવું જોઈએ. આમ, મંદિરને પ્રભુને બિરાજવાલાયક સ્વચ્છ અને સુંદર બનાવવું. ત્યાર બાદ ફરીથી હાથ ખાસા કરવા.

પછી શ્રીઠાકોરજી જ્યાં પોઢ્યા હોય ત્યાં શય્યા-મંદિરની ભાવના કરી જવું. શય્યાજી પાસે ધરેલાં ઝારી-બંટા ઉઠાવી લેવાં, પ્રસાદીજળ પ્રસાદી-જળની માટલીમાં પધરાવવું. બંટાનો મહાપ્રસાદ પ્રસાદ માટેના વાસણમાં પધરાવવો. બંને ઝારીજી, બીડી તથા સામગ્રીનો બંટો - એમ બે બંટા માટીથી માંજી સ્વચ્છ કરવા. તેમને ખાસા કર્યા પછી વસ્ત્રથી લૂછી, કોરા કરી, ખાસાના જળની માટલી પાસે મૂકવા. ઝારીજી ઉપર લાલ રંગનાં નેવડાં(વસ્ત્ર) ધરી, જળ ભરવા માટે ઝારીજી તૈયાર કરવાં. ખાસાના જળની માટલી સવારે સ્વચ્છ કરી, બે ગરણે ગાળી તેમાં તાજું જળ ભરવું. અનુકૂળતા હોય તો તેમાં ઉનાળામાં બરાસ અને ગુલાબજળ પધરાવવાં. આ સ્વચ્છ અને સુંદર જળની લોટી ભરી શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતાં બંને

ઝારીજી ભરવાં. પછી તે પર નેવડાં વ્યવસ્થિત રીતે વીંટી, બે ઝારીજી પૈકીનાં એક ઝારીજી લઈ, શ્રીઠાકોરજીના સિંહાસન પાસે, પ્રભુના ડાબા હસ્ત તરફ પધરાવવાં. ઝારીજીની નીચે નાની તાસક પધરાવવી. તેને 'તષ્ટી' કહેવામાં આવે છે. આમ, ઝારીજી ભર્યા પછી પ્રભુને મંગળભોગમાં ધરવા માટેની તૈયાર કરેલી સામગ્રી, સિંહાસન પાસે પ્રભુને આરોગવામાં સુગમતા પડે તેવી રીતે, લાકડાની પાટલી(ચૌકી) ઉપર ધરવી.

મંગળભોગમાં બની શકે તો દરરોજ દૂધ, ખાંડ નાખેલી મલાઈ, માખણ અને મિસરી, તાજું મીઠું દહીં અને દૂધઘર, નાગરી કે અનસખડીની જે બને તે સામગ્રી ધરવી. ઓછામાં ઓછાં બે નંગ ધરવાં જ જોઈએ. *કદાપિ એક નંગ ન ધરવું.* આ બે સામગ્રી ન બને અને મિસરીનો ભોગ ધરતાં હોઈએ તોપણ મિસરીની કટોરી ધરતાં તેમાં આ બધી સામગ્રીની ભાવના મનથી અવશ્ય કરવી. ઝારીજી ન ભરતાં હોઈએ તોપણ મનથી ઝારીજીની ભાવના પણ અવશ્ય કરવી. આ પ્રમાણે સર્વ સામગ્રી ધરી, પછી પ્રભુને જગાવવાની તૈયારી કરવી. ત્યાં સુધી સામગ્રી પર વસ્ત્ર ઢાંકી રાખવું.

પ્રભુને જગાવવા માટે ત્રણ વખત ઘંટનાદ કરવા જોઈએ. ઘંટનાદ કર્યા પછી, શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરી, શ્રીપ્રભુને જાગવા માટે વિનંતી કરવી. થોડાક સમય બાદ શય્યા પર પ્રભુને ઓઢાડેલી ચાદર ખસેડી, પ્રભુના મુખારવિંદનાં દર્શન કરવાં. શ્રીઠાકોરજીનું મુખારવિંદ શ્રીમહાપ્રભુજી છે, તેથી દર્શન કરતાં શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરવું. પ્રભુને જગાડતાં આપણા બંને હાથ પર અત્તર લઈ, અત્તરવાળા સુગંધિત હાથથી પ્રભુને જગાડવા. ઋતુ અનુસાર વસ્ત્ર ધરવાં. ઉનાળામાં મલમલનાં વસ્ત્રો ધરવાં, ચોમાસામાં લહેરિયાં અને ચુંદડીનાં વસ્ત્રો ધરવાં, શિયાળામાં રેશમી અને જરીનાં વસ્ત્રો ધરી, રજાઈ ઓઢાડવી. શ્રીમસ્તકે પાઘ, ટોપી, ટોપો ઋતુ અનુસાર ધરવાં. આમ વસ્ત્રો ધરી, પ્રભુને ગાદીતકિયા પર પધરાવવા. વેણુ પણ પધરાવવી. પછી મુખવસ્ત્રથી પ્રભુનું મુખારવિંદ લૂછી, સામગ્રી પરથી વસ્ત્ર ઉઠાવી લઈ, મંગળભોગ આરોગવા બે હાથ જોડી નીચે પ્રમાણે વિનંતી કરવી :

'શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગુરુદેવ અને ૮૪-૨૫૨ વૈષ્ણવોની કાનિથી આપ સર્વ વ્રજભક્તો સાથે મંગળભોગ આરોગવાની કૃપા કરો.'

પછી ટેરો લઈ, બહાર આવી, પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાં. મંગળભોગનો સમય આપણી અનુકૂળતા મુજબ રાખવો.

પ્રભુ મંગળભોગ આરોગે ત્યારે આપણે શય્યામંદિરમાં શય્યા ઉઠાવી, તે સ્થાનને કોરા અને ભીના વસ્ત્રથી સ્વચ્છ કરવું. શય્યાજી ઉપરથી ગાદી-તકિયા-ચાદર ઉઠાવી, તે ખંખેરી શય્યાજી પધરાવવાં. ફરી પાછા તેના પર ગાદી-તકિયા-ચાદર વગેરે વ્યવસ્થિત બિછાવવાં જોઈએ.

પ્રભુને તે દિવસે ધરવાનાં વસ્ત્રો, શૃંગાર વગેરે પણ અલગ કાઢી લેવાં. પ્રભુને સ્નાન કરાવવા માટે ગરમ જળ, અંગવસ્ત્ર કરવાનું વસ્ત્ર, અત્તર વગેરે સર્વ તૈયારી કરવી. આ બધી તૈયારી થઈ ગયા પછી, મંગળભોગ સરાવવા માટે ત્રણ તાળી પાડી, થોડાક સમય પછી ટેરો ખોલવો. પ્રભુને આચમન કરાવી, મુખવસ્ત્રથી મુખ અને હસ્ત પોંછી બે બીડી ધરવી. ફરી ઝારી ભરવાં. દરરોજ બીડી ન આરોગાવતાં હોઈએ, તો સોપારી પણ આરોગાવી શકાય. મંગળભોગનો મહાપ્રસાદ ત્યાંથી ઉઠાવી લઈ, પ્રસાદી વાસણોમાં પધરાવવો. સામગ્રી ધરવા મૂકેલ લાકડાની પાટલી વગેરે લઈ, ધોઈને સાફ કરી, હાથ ખાસા કરવા. પછી પ્રભુનાં મંગળા-સમયનાં દર્શન કરવાં. મંગળા આરતીની ભાવના કરવી. આમ, મંગળા-સમયની સેવાનો ક્રમ શ્રીગોકુલનાથજીએ બતાવ્યો છે, તેમાંથી યથાશક્તિ આચરણ કરવું.

ભાવભાવના

(ક) સિંહાસનની ભાવના : સિંહાસનની ત્રણ ભાવના છે : (૧) તે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. (૨) નંદાલયની લીલામાં શ્રીયશોદાજીની ગોદનું સ્વરૂપ છે. શ્રીયશોદાજી પોતાની ગોદમાં પ્રભુને પધરાવીને બિરાજ્યાં છે. સિંહાસનની આજુબાજુના બે તકિયા શ્રીયશોદાજીના બે હસ્ત છે, પાછળનો તકિયો શ્રીયશોદાજીનું હૃદય છે. (૩) નિકુંજલીલામાં સિંહાસન શ્રી સ્વામિનીજીનું સ્વરૂપ છે. આમ, સિંહાસનના મુખ્ય ત્રણ ભાવ વિચારવા.

(ખ) સિંહાસન પરના વસ્ત્રની ભાવના : સિંહાસન ઉપર સફેદ મલમલનાં વસ્ત્ર બિછાવવામાં આવે છે. ઉત્સવના દિવસે સફેદ વસ્ત્રો બિછાવવામાં આવતાં નથી. એ દિવસે મખમલના ગાદીતકિયા રહે છે; અથવા કેસરી વસ્ત્ર બિછાવવામાં આવે છે. સિંહાસનનું વસ્ત્ર શ્રીસ્વામિની-

જીની અથવા શ્રીયશોદાજીની સાડીનો ભાવ છે. પાછળના તકિયા ઉપર ગડી કરીને મૂકેલું વસ્ત્ર 'મુખવસ્ત્ર' કહેવાય છે, તે શ્રીસ્વામિનીજી અથવા શ્રીયમુનાજીની કે શ્રીયશોદાજીની સાડીના પાલવનું સ્વરૂપ છે.

(ગ) ઝારીજીની ભાવના :

(૧) નંદાલયની ભાવના : નંદાલયના સેવાપ્રકારમાં ઝારીજી શ્રી યશોદાજીનું સ્વરૂપ છે. ઝારીજીને રોજ માંજીએ તે શ્રીયશોદાજીના નિત્યસ્નાનની ભાવના છે. ઝારીજી ઉપર વીંટવામાં આવતું લાલ વસ્ત્ર શ્રીયશોદાજીની સાડીનો ભાવ છે. ઝારીજીનું નાળચું શ્રીયશોદાજીનું સ્તન-સ્વરૂપ છે. શ્રીયશોદાજી પોતાના લાલને સ્તનપાન કરાવે છે, એવો વાત્સલ્ય ભાવ ઝારીજીના સ્વરૂપમાં છે.

(૨) નિકુંજલીલામાં ઝારીજીની ભાવના : નિકુંજલીલામાં ઝારીજી શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. તેમાં પધરાવવામાં આવતું જળ શ્રીયમુનાજીના સ્નેહરસનું સ્વરૂપ છે. લાલ વસ્ત્ર તેમની સાડીનો ભાવ છે, કારણ કે સૌભાગ્યવતી સ્ત્રીઓ હમેશાં રંગીન વસ્ત્રો પહેરે છે. તેઓ પ્રભુનાં ચતુર્થ પ્રિયા હોવાથી ડાબી બાજુ બિરાજે છે, તે ભાવથી ઝારીજી પ્રભુના ડાબા શ્રીહસ્ત તરફ ધરવામાં આવે છે.

(ઘ) મંદિરવસ્ત્રની ભાવના : ભીના વસ્ત્રથી મંદિરવસ્ત્ર કરતાં પૂર્વે કોરા વસ્ત્રથી મંદિરવસ્ત્ર કરવામાં આવે છે. ભીના વસ્ત્રથી મંદિરવસ્ત્ર કર્યા પછી પણ કોરા વસ્ત્રથી મંદિરવસ્ત્ર કરવામાં આવે છે. આમ, ત્રણ વખત થતું મંદિરવસ્ત્ર સેવા કરનાર જીવના સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ - એમ ત્રણ પ્રકારના તાપની નિવૃત્તિ કરે છે, તેના હૃદયને શીતળતા આપે છે.

બીજો ભાવ એવો છે કે મંદિરવસ્ત્ર કરતાં થતું જળસિંચન શ્રીઠાકોરજીના અધરામૃતનું સિંચન છે. તેના સિંચનથી શ્રીઠાકોરજીના ચરણકમળનું કુમકુમ ત્યાં અંકિત થાય છે અને તેથી સખીઓનો વિરહતાપ દૂર થાય છે.

(ચ) ઘંટાનાદની ભાવના : શ્રીઠાકોરજીને જગાવવા માટે ત્રણ વખત ઘંટાનાદ કરવામાં આવે છે *(વૈષ્ણવોના ત્યાં શંખનાદ કરવામાં આવતો નથી.)* આ ઘંટાનાદની ભાવના નીચે પ્રમાણે છે : (૧) વ્રજમાં પ્રભુને પ્રિય ગાયો ત્રણ પ્રકારની છે : સાત્ત્વિક, રાજસ્ અને તામસ્, આ ગાયોના ગળામાં નાની ઘંટડીઓ બાંધેલી હોય છે. તે ગાયો શ્રીઠાકોરજીને જગાવવા માટે પોતાનાં મસ્તક હલાવી ઘંટડીઓ વગાડે છે, તેથી શ્રીઠાકોરજી જાગે છે. (૨) શ્રીનંદરાયજીના ઘરમાં પ્રભુની સેવામાં ઋષિરૂપા ગોપીજનો છે. તેઓ પણ ત્રણ પ્રકારનાં છે - સાત્ત્વિક, રાજસ્ અને તામસ્, તેઓ પોતાના મધુર સ્વરથી ગીત ગાઈને શ્રીઠાકોરજીને જગાવે છે, તેમના ભાવથી આ ઘંટાનાદ કરવામાં આવે છે. (૩) નિકુંજલીલામાં શ્રીસ્વામિનીજીએ લીલાસંબંધી ઘણાં પક્ષીઓ પાળેલાં છે. મેના, પોપટ, કોયલ વગેરે પક્ષીઓ સવાર થતાં શ્રીયુગલ-સ્વરૂપને જગાડવાની સેવા કરે છે, તેમના ભાવથી આ ઘંટાનાદ કરવામાં આવે છે. (૪) લલિતાજી વગેરે સખીઓ પણ નિકુંજલીલામાં શ્રીયુગલ-સ્વરૂપને જગાડવા બીન વગેરે વાજિંત્રો વગાડે છે, તે ભાવથી પણ ઘંટાનાદ થાય છે.

(છ) શ્રીઠાકોરજીને જગાડવાની ભાવના : શ્રીસ્વામિનીજી અને શ્રી મહાપ્રભુજી સહિત શ્રીઠાકોરજી આપણા ત્યાં બિરાજે, તે ભાવથી તેમને જગાવવા અને જગાવીને ઋતુ અનુસાર વસ્ત્રો ધરાવવાં જોઈએ.

શ્રીગોપીજનોના ત્યાં પ્રભુ તેમના મનોરથ પૂર્ણ કરવા વહેલી સવારે પધાર્યા છે, તે ભાવથી તેમને જગાવવા જોઈએ.

(જ) મંગળભોગની ભાવના : મંગળભોગમાં વિવિધ સામગ્રીઓ ધરાવવામાં આવે છે. મંગળભોગ બાલભાવનો ભોગ છે. નંદાલયમાં શ્રી યશોદાજી પોતાના લાલને આખી રાત્રિ વ્યતીત થવાથી ખૂબ ભૂખ લાગી છે તેથી પોતાની ગોદમાં પધરાવી પ્રેમથી આરોગાવે છે, તે ભાવ છે. તેથી મંગળભોગ ધરતાં હૃદયમાં વાત્સલ્યભાવ વિચારવો. મંગળભોગ ધરવા માટે શ્રીઠાકોરજીની સન્મુખ મૂકેલી ચોકી શ્રીરોહિણીજીનું સ્વરૂપ છે. સોનાનાં પાત્રોમાં શ્રીસ્વામિનીજીનો ભાવ વિચારવો અને ચાંદીનાં પાત્રોમાં શ્રીચંદ્રાવલીજીનો ભાવ વિચારવો. મોટા કટોરા શ્રીચંદ્રાવલીજીના શ્રીહસ્તરૂપ છે. નાની કટોરી શ્રીસ્વામિનીજીના શ્રીહસ્તરૂપ છે. દૂધ શ્રીસ્વામિનીજીનો ભાવ છે, દહીં શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે. મિસરી શ્રીસ્વામિનીજીના હૃદયના રસરૂપ છે. મલાઈ, માખણ અને દૂધઘર તથા સખડીની સામગ્રીઓ વિવિધ વ્રજભક્તોના ભાવનું સ્વરૂપ છે. જળ શ્રીયમુનાજીનો ભાવ છે.

આમ, પ્રાતઃકાળમાં જાગતાંની સાથે જ વિવિધ સામગ્રીઓરૂપે પ્રભુ સૌ વ્રજભક્તોના રાત્રિના વિરહતાપને દૂર કરી સર્વ મનોરથ પૂરા કરે છે.

(ઝ) ટેરાની ભાવના : મંગળભોગ ધરી ટેરો (પડદો) લેવામાં આવે છે. આ ટેરો માયાનું સ્વરૂપ છે. માયા પ્રભુની વિશિષ્ટ શક્તિ છે, જે બે પ્રકારની છે : (૧) **અવિદ્યારૂપા માયા,** જે પ્રભુમાં આપણું મન લાગવા દેતી નથી. (૨) **વિદ્યારૂપા માયા,** જે પ્રભુની સેવા માટે છે. ટેરો એ વિદ્યારૂપા માયાનું સ્વરૂપ છે. પ્રભુને ધરવામાં આવતી બધી સામગ્રીઓ સ્વરૂપાત્મક છે અને પ્રભુ તેમના ભોગકર્તા છે. શ્રીસ્વામિનીજી સહિત સર્વ વ્રજભક્તોની અધરસુધાનો ભોગ પ્રભુ કરે છે, અને પોતાની અધરસુધાનો ભોગ આ વ્રજાંગનાઓને કરાવે છે, તે ભાવ પ્રભુને ધરવામાં આવતા સર્વ પ્રકારના ભોગમાં વિચારવો. આવો ભોગ કરવા માટે હમેશાં એકાંત આવશ્યક છે, તેથી વિદ્યારૂપા માયાના ટેરામાં પ્રભુ ભક્તજનોના સર્વ મનોરથ સિદ્ધ કરે છે, એવો ભાવ વિચારવો.

આ ટેરાની એક **બીજી** ભાવના પણ છે. નંદાલયમાં વાત્સલ્યભાવની સેવામાં પોતાના લાલ ભોજન કરતા હોય, ત્યારે તેમને કોઈની નજર લાગે નહીં, તે ભાવથી શ્રીયશોદાજી ટેરા કરે છે.

(ટ) શય્યાની ભાવના : શય્યામંદિર શ્રીસ્વામિનીજીના નેત્રનું સ્વરૂપ છે. તેમાં પધરાવેલ શય્યા વ્રજાંગનાનું સ્વરૂપ છે. શય્યા પરનાં ગાદીજી વ્રજભક્તનું હૃદય છે. આજુબાજુ બે તકિયા તેમના શ્રીહસ્ત છે, તેના પર પાથરવામાં આવતી ચાદર તેમનાં વસ્ત્રો છે. તેના ઉપર ધરવામાં આવતાં નાનાં ઓશિકાં (ગાલમસૂરિયાં) તેમના કપોલનો ભાવ છે.

શય્યાજી ચાર મુખ્ય સ્વામિનીજીના ભાવનું સ્વરૂપ પણ છે, તેથી તેના ઉપર ચાર પાયા, ચાર પાટી અને ચાર તકિયા ધરવામાં આવે છે. તેનો ડાબો ભાગ શ્રીસ્વામિનીજીનો ભાવ છે, જમણો ભાગ શ્રી ચંદ્રાવલીજીનો ભાવ છે, ઓશિકા તરફનો ભાગ શ્રીયમુનાજીનો ભાવ છે અને ચરણારવિંદ તરફનો ભાગ શ્રીલલિતાજીનો ભાવ છે.

(ઠ) આચમન તથા બીડીની ભાવના : મંગળભોગ સરાવીને શ્રી ઠાકોરજીને આચમન કરાવવામાં આવે છે. આચમન માટેનાં ઝારીજી

શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. તેના માટે ઉપયોગમાં લેવાતી તાસક (તષ્ટી) શ્રીલલિતાજીનું સ્વરૂપ છે. બંને સ્વરૂપના હૃદયરસનું પ્રભુ પાન કરે છે. પછી બીડી આરોગે છે, તે શ્રીસ્વામિનીજીના મુખારવિંદનું ચર્વિત તાંબુલ છે. આ ભાવથી આચમન કરાવી, બીડી આરોગાવવી.

(ડ) મંગળા-આરતીની ભાવના : શ્રીયશોદાજીને અને શ્રીવ્રજ-ભક્તોને પ્રભુના મુખારવિંદનાં દર્શન કર્યે ૧૨-૧૨ કલાક વીત્યા છે, તેથી તેમના હૃદયનો આખી રાત્રિનો વિરહતાપ તેઓ પ્રભુની મંગળા આરતી કરી, પ્રભુ ઉપર ન્યોછાવર કરે છે, એમ સમજવું. નંદાલયમાં શ્રીયશોદાજી આરતી કરે છે, નિકુંજમાં શ્રીસ્વામિનીજી આરતી કરે છે.

(ઢ) મંગળા-દર્શનનો ભાવ : આખી રાત્રિના વિરહ પછી પ્રભુના મુખારવિંદનાં દર્શન અતિ મંગલમય લાગે છે, તેથી મંગળાના દર્શનનો આગ્રહ વિશેષ રાખવો જોઈએ. મંગળા સમયે ખંડિતાનાં કીર્તનો ગવાય છે. પ્રભુ બીજાં વ્રજભક્તોના મનોરથ પૂર્ણ કરી, આખી રાત્રિ તેમની સાથે રાસવિલાસ કરી પધાર્યા છે, તેથી તેમનાં વસ્ત્રો, શૃંગાર વગેરે અવ્યવસ્થિત છે. રાત્રિના રમણની લીલાનાં દર્શન આનંદ આપનાર હોય છે. એવો ભાવ વિચારી, મંગળાના દર્શનની ઝાંખી કરવી જોઈએ.

૪. શૃંગાર સમયની સેવા

મંગળાનાં દર્શન થયા પછી ટેરો લઈને, શૃંગાર માટેની તૈયારી કરવી.

લીલાભાવના : શ્રીનંદાલયમાં શ્રીયશોદામૈયા શ્રીઠાકોરજીના શૃંગાર કરે છે. તેઓ શ્રીઠાકોરજીને સોનાનાં ચૉકી પર પધરાવી, સુગંધિત તેલ (ફુલેલ)થી અંગમર્દન કરે છે, અને પછી ચંદન આદિ પદાર્થોથી શ્રીઅંગનું મંજન કરે છે, તેને અભ્યંગ કહેવામાં આવે છે. ત્યાર પછી સુવાસિત ઉષ્ણ જળથી સ્નાન કરાવે છે. અંગવસ્ત્ર કરી, ઋતુ અનુસાર વસ્ત્રો ધરાવી શૃંગાર ધરે છે. આ બધું કરાવતાં પ્રભુ ક્યારેક ભાગી જાય છે, ક્યારેક હઠ કરે છે; ત્યારે શ્રીયશોદાજી તેમને સુંદર મેવા-મીઠાઈ આપીને મનાવે છે. ક્યારેક નવાં ખિલૌનાં આપવાની લાલચ આપે છે, તો ક્યારેક રાજકુમારની વાત પણ કરે છે. આવી રીતે વાત્સલ્યભાવથી સમજાવીને પ્રભુને સ્નાન કરાવી શૃંગાર ધરે છે.

નિકુંજલીલામાં શ્રીસ્વામિનીજી પોતાના પ્રિયતમ પ્રભુને સ્નાન કરાવી વસ્ત્ર-આભૂષણ ધરે છે, ત્યારે શ્રીઠાકોરજી પણ અતિ સ્નેહથી શ્રીસ્વામિનીજીના શૃંગાર કરાવે છે. આમ, નિકુંજમાં યુગલ-સ્વરૂપ પરસ્પરને શૃંગાર કરે છે. ક્યારેક શ્રીસ્વામિનીજી બાલભાવનું સ્વરૂપ ધારણ કરી, ખેલવાના ભાવે નંદાલયમાં આવે છે; ત્યારે શ્રીઠાકોરજી હઠ કરીને શ્રીયશોદાજી પાસે શ્રીસ્વામિનીજીના પણ શૃંગાર કરાવે છે. આમ, શ્રીયશોદાજી બાલભાવથી શ્રીયુગલ-સ્વરૂપના શૃંગાર કરે છે, તો ક્યારેક શ્રીઠાકોરજી હઠ કરીને શ્રીયશોદાજીને કહે છે કે 'આજે મારા શૃંગાર શ્રીરાધિકાજી જ કરે.' આમ કહીને શ્રીરાધિકાજી પાસે પોતે શૃંગાર કરાવે છે; ક્યારેક શ્રીકુમારિકાઓ, જે નંદાલયમાં રહે છે તેમની પાસે પ્રભુ શૃંગાર કરાવે છે. આમ, શૃંગાર ધારણ કરવાની વિવિધ લીલાઓ છે.

શૃંગાર સમયની સેવાપ્રણાલિકા : શ્રીઠાકોરજીને શૃંગાર કરવા માટે ટેરો લઈને બેસવું, જેથી બહારનાઓની દૃષ્ટિ પ્રભુ ઉપર પડે નહીં. ઋતુ અનુસાર સોહાય તેવું ગરમ જળ લેવું. શ્રીઅંગ લૂછવા માટે સફેદ, મુલાયમ, સ્વચ્છ વસ્ત્ર લેવું; જે અંગવસ્ત્ર કહેવાય છે. ઋતુ અનુસાર ધરવા માટેનાં વસ્ત્રો, શૃંગાર, અત્તર વગેરે બધું લઈને બેસવું.

શ્રીબાલકૃષ્ણલાલજીનું, શ્રીનાથજીનું સ્વરૂપ બિરાજતું હોય તો સ્નાન કરાવવા માટેની ચોકી જોઈએ. થાળીમાં ચોકી મૂકી, ચાર ગડી કરેલું વસ્ત્ર બિછાવી તે પર પ્રભુને પધરાવી, મંગળા સમયનાં વસ્ત્રો વડાં કરી, મંગળા-સમયના શૃંગાર પણ વડા કરી, શ્રીઅંગે ફુલેલ લગાવી સ્નાન કરાવવું. નિશ્ચિત દિવસો અને ઉત્સવના દિવસોએ અભ્યંગ થાય છે.

શીતકાળમાં પંદર દિવસે એક વાર, ઉષ્ણકાળમાં અઠવાડિયે બે વાર, બાકીના સમયે અઠવાડિયે એક વાર અભ્યંગ થાય. નજીકમાં ઉત્સવનો દિવસ હોય તો ઉત્સવના દિવસે થાય. અભ્યંગમાં પ્રથમ શ્રીઅંગે ફુલેલ લગાવવું. પછી આંબળા-ચંદનનો ઉબટન કરી સોહાતા ઉષ્ણ જળથી સ્નાન કરાવવું. સ્નાન કરાવ્યા પછી થોડું જળ રહે, તે લોટીમાં લઈ પ્રભુના મસ્તકે ઓવારવું. પછી અંગવસ્ત્રના કોરા વસ્ત્રથી શ્રીઅંગ લૂછી, અત્તર સમર્પી, નવાં વસ્ત્રો ધરાવી, શૃંગાર કરવા માટેની બીજી ચોકી–શૃંગાર ચોકી–ઉપર પધરાવવા. ચિત્રજીને પ્રથમ રૂથી સહેજ ફુલેલ સમર્પી, અત્તર દ્વારા અભ્યંગની ભાવના કરી, ભીના અંગવસ્ત્રથી સ્નાનની ભાવના કરવી.

જો સેવામાં શ્રીચિત્રજી બિરાજતાં હોય તો રજાઈ જેવી ગાદી ખોળામાં લઈ, તેની ઉપર શ્રીઠાકોરજીને પધરાવવા. મંગળાનાં વસ્ત્રો અને શૃંગાર વડાં કરવાં અને એક વસ્ત્ર જળમાં બોળી તેનાથી સ્નાન કરાવવું અને કોરા અંગવસ્ત્રથી શ્રીઅંગ લૂછવું. તેમની કંદરા(ફ્રેઈમ) લાકડાની હોય, તો તેના ઉપર ફુલેલ અને અત્તર સમર્પી શકાય. આમ, સ્નાન કરાવી ઋતુ અનુસારનો વાઘો ધરવો અને પછી શૃંગાર કરવા. શૃંગાર કરતી વખતે ગાદી પાસે મિસરી-સૂકા મેવાની કટોરી ધરવી. ઝારી પણ રહે.

શૃંગારમાં ઋતુ અનુસાર માળાઓ અને શ્રીમસ્તકના શૃંગાર ધરવા. શિયાળામાં જડાવ, ઉનાળામાં મોતી અથવા છીપ, વર્ષાઋતુમાં જડાવ અથવા મોતી અને વસંતથી હોળી સુધી સોનાના શૃંગાર ધરાય. બીજા કોઈ શૃંગાર ન બને તો ગુંજામાળા અવશ્ય ધરવી. ગુંજામાળા ધરાય ત્યારે જ શૃંગાર પૂર્ણ બને છે. બીજા ગમે તેટલા શૃંગાર ધર્યા હોય, પણ ગુંજામાળા ન ધરી હોય ત્યાં સુધી શૃંગાર અધૂરો રહે છે. શૃંગાર ધરીને શ્રીઠાકોરજીને સિંહાસન પર પધરાવવા અને બની શકે તો ફૂલની સિદ્ધ કરેલી માળા ધરવી. માળામાં ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી જેવાં સુગંધી પુષ્પો વપરાય. પુષ્પમાળા ન બને તો સુંદર રેશમનું પવિત્રું માળાના ભાવથી ધરવું.

સ્નાન અને શૃંગારની બધી સામગ્રી યથાસ્થાને મૂકી દઈ શૃંગારનાં દર્શન ખોલાવવાં. શૃંગાર સમયે ઝારીજી ફરીથી ભરવાં. શ્રીઠાકોરજીને વેણુ ધરી દર્પણ બતાવવું. પ્રભુને આપણા હૃદય સાથે પ્રત્યક્ષ આલિંગન આપી શકતા નથી, તેથી આલિંગન આપવાના ભાવથી દર્પણ હૃદય સાથે લગાડવું. ચરણસ્પર્શ કરી, પ્રસાદી જળનું ચરણામૃત લઈ, હાથ ધોઈ, વેણુ વડાં કરવાં. પછી પ્રભુને શૃંગારભોગ ધરવો. શૃંગારભોગમાં મિસરી, સૂકો મેવો, લીલો મેવો, દૂધઘર, અનસખડી વગેરે જે બની શકે તે ધરવું. શૃંગારભોગ સિંહાસનની જમણી બાજુએ ધરી વસ્ત્ર ઢાંકવું. પછી પલને ઝુલાવવાની ભાવના કરવી અને ઘૂઘરા, ચકરડી વગેરે ખિલૌનાંથી ખેલાવવા.

શ્રીઠાકોરજીને વસ્ત્રો તથા આભૂષણો જુદાં જુદાં ઘરોમાં તે તે ઘરની પ્રણાલિકા પ્રમાણે ધરવામાં આવે છે. પ્રણાલિકામાં થોડોઘણો ફેર હોય છે.

સામાન્ય રીતે જુદી જુદી ઋતુમાં નીચે પ્રમાણે વસ્ત્રો ધરાય છે :

શિયાળામાં કારતક સુદ એકાદશીથી રેશમી અને જરીનાં વસ્ત્રો ધરાય છે. આ વસ્ત્રોમાં અંદરની બાજુ રૂનું આછું પડ મૂકી અસ્તર મૂકી બનાવવામાં આવે છે. રેશમ કે જરીનાં વસ્ત્રોની અંદર રૂવાળો શ્યામ રંગનો વાઘો ધરાય છે, જેને આત્મસુખનો વાઘો કહેવામાં આવે છે. ઉત્સવના દિવસે આત્મસુખનો વાઘો ગુલાબી કે કેસરી રંગનો ધરાય છે. ઉપર ફલગુલ અને ગદલ ધરાય છે.

મહા સુદ ૫ થી હોળીખેલ શરૂ થતાં જરીનાં વસ્ત્રો બંધ થાય છે અને રેશમી વસ્ત્રો ધરાય છે. **ફાગણ સુદ ૭-૮થી** આત્મસુખનો વાઘો વડો થાય છે અને મલમલનાં વસ્ત્રો ધરાય છે. **ફાગણ વદ ૨ થી** જરીનાં વસ્ત્રો ધરાય છે. **ચૈત્ર સુદ ૧ થી ૯ સુધી** છાપા (અબરખિયા)નાં વસ્ત્રો ધરાય છે. ત્યાર પછી મલમલનાં વસ્ત્રો સફેદ કે રંગીન તોઈ લગાડેલ કિનારીવાળાં ધરાય છે. **વૈશાખ સુદ ૩ થી** કિનારી વિનાનાં સફેદ અને બહુ જ આછા રંગોનાં મલમલનાં વસ્ત્રો ધરાય છે. **અષાઢ સુદ ૨ થી** ફરી ઘેરા રંગનાં તોઈ લગાડેલાં વસ્ત્રો ધરાય છે, તેમાં ખાસ કરીને ચુંદડી અને લહેરિયાંનાં વસ્ત્રો આવે છે. **આસો સુદ ૧ થી ૯** સુધી છાપાનાં વસ્ત્રો ધરાય છે. પછી જરીનાં નવાં વસ્ત્રો ધરાય છે. **ઉત્સવના દિવસે** કેસરી વસ્ત્રો ધરાય છે. તેના **આગલા દિવસે** લાલ રંગનાં વસ્ત્રો ધરાય છે.

શૃંગારમાં વૈશાખ સુદ ૩ થી અષાઢ સુદ ૧ સુધી મોતીના શૃંગાર ધરાય છે. અષાઢ સુદ ૨ થી રત્નજડિત હીરા, માણેક, પન્ના વગેરેનાં આભૂષણો ધરાય છે. હોળીખેલના દિવસોમાં સોનાનાં આભૂષણો ધરાય છે. રત્નજડિત આભૂષણો સાથે મીનાનાં આભૂષણો પણ શીતકાળમાં ધરાય છે, જ્યારે ઉષ્ણકાળમાં મોતીનાં આભૂષણોની સાથે છીપનાં આભૂષણ પણ ધરવામાં આવે છે.

આભૂષણોમાં મુખ્ય લલાટમાં તિલક, નાસિકામાં નકવેસર, હડપચી ઉપર ચિબૂકનો હીરો અને કર્ણમાં કર્ણફૂલ અથવા કુંડળ ધરાય છે. શ્રીમસ્તક ઉપર પાઘ, ફેંટો પગો કે કુલહે ધરાય છે. તેના પર શિરપેચ ધરાય. મોરચંદ્રિકા સાથે પાઘ ધરાય છે. સહેરાના શૃંગારમાં પણ પાઘ ઉપર સહેરો ધરવામાં આવે છે. ટિપારાનો શૃંગાર ટિપારાની ટોપી સાથે ધરાય છે. શીતકાલમાં ટોપીનો શૃંગાર આવે છે. ઉત્સવના દિવસે મોરપીંછની જોડ સાથે કુલહે ધરવામાં આવે છે. કુલહે સાથે કામનો જોડ પણ ધરાય છે. ચંદ્રિકા, પાઘ, ટોપીના શૃંગારમાં કર્ણમાં કર્ણફૂલ ધરાય છે. ટિપારા, સહેરા કે જોડના શૃંગારમાં કર્ણફૂલને બદલે કુંડલ ધરાય છે.

આ બધા શૃંગાર બરાબર જોઈને ઓળખીએ અને તે કેવી રીતે ધરવા તે બરોબર રૂબરૂમાં સમજીએ તો જ સમજાય. આપણાથી બને તે યથાશક્તિ શૃંગાર કરવા. ઓછામાં ઓછાં કંઠાભરણ, કડાં, નુપૂર, કર્ણફૂલ, ગુંજામાળા, પાઘ યા ટોપી અવશ્ય ધરવાં. કીડિયાં વગેરેના ખોટા શૃંગાર ધરવાને બદલે ગુંજાની માળા ધરીએ તોપણ પ્રભુ પ્રસન્ન રહે છે. આમ, શ્રીઠાકોરજીને શૃંગાર કરવામાં આવે છે.

અત્તર સમર્પવાનો ક્રમ : *શીતકાળમાં* - હીના, કસ્તૂરી, કેસર, અંબર; *ઉષ્ણકાળમાં* - ખસ, જૂઈ, મોગરો, બોરસલી, રાતરાણી, કદંબ; *વર્ષાઋતુમાં* - કેવડો, ગુલાબ, ગુલછડી, પારિજાત, ચંપો.

શૃંગારની ભાવભાવના

(ક) સ્નાનનો ભાવ : સ્નાન કરાવવા માટે પધરાવવામાં આવતી સ્નાનની થાળી શ્રીલલિતાજીનું સ્વરૂપ છે, સ્નાનની ચોકી શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ છે, ચાર પડવાળું વસ્ત્ર શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. જળ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. પ્રભુના શ્રીઅંગે લગાવવામાં આવતું ફુલેલ શ્રીસ્વામિનીજીના સ્નેહનું સ્વરૂપ છે. અત્તર શ્રીવ્રજભક્તોના શ્રીઅંગની સુગંધનું સ્વરૂપ છે. આ પ્રમાણે, પ્રભુ વિવિધ વ્રજભક્તોના સ્નેહથી ભીંજાય છે, તે ભાવથી સ્નાન કરાવવું.

(ખ) શૃંગારનો ભાવ : શૃંગારનો ભાવ બે પ્રકારનો છે : એક ***રીતિ-શૃંગાર*** અને બીજો ***વિપરીતિ શૃંગાર.*** મર્યાદામાર્ગમાં થતો શૃંગાર રીતિ પ્રમાણેનો છે, પુષ્ટિમાર્ગમાં થતા શૃંગાર વિપરીતિ પ્રકારના છે; તેથી પ્રભુના ચરણારવિંદના નખથી શૃંગાર કરવાની પુષ્ટિમાર્ગમાં શરૂઆત થાય છે, અને શિખા સુધી શૃંગાર કરવામાં આવે છે. પુષ્ટિમાર્ગના આ શૃંગાર વિપરીતિ પ્રકારના છે; કારણ કે પ્રભુ હઠ કરીને શ્રીયશોદાજી પાસે કે

શ્રીસ્વામિનીજી પાસે શ્રીસ્વામિનીજીના સ્ત્રીભાવના શૃંગાર કરાવે છે. તેથી પ્રભુના સર્વ શૃંગાર વિપરીતિ પ્રકારના છે.

નુપૂર શ્રીસ્વામિનીજીનો ભાવ છે. સોનું શ્રીસ્વામિનીજીનો ભાવ છે. મણકા શ્રીયમુનાજીનો ભાવ છે. રૂપું શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે. હીરા કુમારિકાઓનો ભાવ છે. શ્રીકંઠમાં પ્રભુ માળાઓ ધારણ કરે છે તે શ્રીસ્વામિનીજી સહિત સર્વ વ્રજભક્તોનો ભાવ છે. ગુંજાની માળા ચારેય સ્વામિનીજીઓનો ભાવ છે. સફેદ વર્ણનાં પુષ્પો શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે. કમળનાં પુષ્પો શ્રીસ્વામિનીજીના હૃદયનો ભાવ છે. લાલ વર્ણનાં પુષ્પો શ્રીકુમારિકાઓનો ભાવ છે. ગુલાબનાં પુષ્પો શ્રીસ્વામિનીજીના હાસ્યનું સ્વરૂપ છે. બીજાં વર્ણોનાં પુષ્પો અને લીલાં પાન વ્રજભક્તોનો ભાવ છે.

પુષ્પમાળારૂપે સૌ વ્રજભક્તો પ્રભુના સમગ્ર શ્રીઅંગને આલિંગે છે, તે ભાવથી તે ધરવામાં આવે છે. પ્રભુના શ્રીહસ્તમાં ધરાતાં કંકણ શ્રી સ્વામિનીજી સાથેના વિવાહ વખતે શ્રીચંદ્રાવલીજીએ ધરાવ્યાં હતાં તે ભાવ છે. પ્રભુની હડપચી પર ધરાતું ચિબૂક શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે. ત્યાં બિરાજીને શ્રીચંદ્રાવલીજી પ્રભુના મુખારવિંદનું સુધાપાન કરે છે. નકવેસર ચારેય સ્વામિનીજીઓનો ભાવ છે. નકવેસરનું લટકતું મોતી શ્રીસ્વામિનીજીનું મુખારવિંદ છે. તેનું અધરામૃત-પાન પ્રભુ કરે છે અને આ યુગલ-સ્વરૂપના અધરામૃતનું પાન ચિબૂક સ્વરૂપે શ્રીચંદ્રાવલીજી કરે છે. તિલક શ્રીસ્વામિનીજીના ભાવનું સ્વરૂપ છે. શ્રીસ્વામિનીજીના ચરણારવિંદને પ્રભુએ પોતાના લલાટ ઉપર ધારણ કર્યું છે. કુંડળ વ્રજભક્તોનું સ્વરૂપ છે, પાઘ શ્રીયમુનાજીનો ભાવ છે. મુકુટ શ્રીસ્વામિનીજીનો ભાવ છે. ટોપી શ્રીયશોદાજીના ભાવથી ધરે છે. સાત્ત્વિક વ્રજભક્તોના ભાવથી ફેંટો ધરે છે. ચંદ્રિકા શ્રીસ્વામિનીજીનો ભાવ છે. ત્રણ ચંદ્રિકા સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ વ્રજભક્તોના ભાવથી ધરે છે. ટિપારો શ્રીસ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજીના ભાવથી ધરે છે. દુમાલો રાજસી વ્રજભક્તોનો ભાવ છે. ગ્વાલપગો ગ્વાલોના ભાવથી ધરે છે. સહેરો લગ્નના ભાવથી ધરાતો હોવાથી તે કુમારિકાઓના ભાવનો પણ મનાય છે.

આમ, શૃંગારના જુદા જુદા ભાવ વિચારવામાં આવ્યા છે.

વસ્ત્રોમાં **કેસરી** વર્ણ શ્રીસ્વામિનીજીનો ભાવ છે, **શ્વેત** વર્ણ શ્રીચંદ્રાવલીજીનો ભાવ છ, **લાલ** વર્ણ શ્રીકુમારિકાઓનો ભાવ છે, **શ્યામ** વર્ણ શ્રીયમુનાજીનો ભાવ છે. **બીજા બધા** વર્ણ શ્રીવ્રજભક્તોના ભાવથી છે.

(ગ) બાલસ્વરૂપે શ્રીબાલકૃષ્ણલાલજી અને શ્રીનવનીતપ્રિયજીને માત્ર ઓઢણી, ઉષ્ણકાળમાં ધરવામાં આવે છે. શ્રીઠાકોરજીના સમગ્ર શ્રીઅંગના રસરૂપ સ્વરૂપનાં દર્શનનો તે પુષ્ટિભાવ છે, જ્યારે ઠાડા સ્વરૂપના નિરાવરણ શ્રીઅંગનાં દર્શન થતાં નથી. તેમાં યુગલ-સ્વરૂપની મર્યાદા રહેલી છે.

(ઘ) શ્રીવેણુનું સ્વરૂપ : વેણુના વિવિધ ભાવ વિચારવામાં આવ્યા છે: (૧) વેણુ વ્રજભક્તોને સ્વરૂપાનંદ આપવા માટે છે, તેથી વેણુમાં સાત છિદ્રો છે. આ સાત છિદ્રો દ્વારા પ્રભુ પોતાના ઐશ્વર્ય, વીર્ય વગેરે છ ધર્મો અને સાતમું પોતાનું ધર્મી સ્વરૂપ, એમ સાતેયના પુષ્ટિભક્તિના રસનો અનુભવ વ્રજભક્તોને કરાવે છે, તે ભાવથી વેણુજી ધરવામાં આવે છે. (૨) વેણુજી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પણ છે, તેમાંનું વેણુનાદ માટેનું મુખ્ય છિદ્ર શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ છે અને સાત છિદ્ર એ સાત બાળકનાં છિદ્ર છે. આમ, પ્રભુના મુખારવિંદની અધરસુધાનું દાન શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સાત બાળકો દ્વારા આપણને કરાવે છે, એવો ભાવ પણ વિચારવો.

(ચ) દર્પણની ભાવના : દર્પણ શ્રીસ્વામિનીજીના શ્રીઅંગનું પ્રતિબિંબ છે. તે શ્રીઅંગરૂપી દર્પણમાં પ્રભુ પોતાનું સ્વરૂપ જોઈને ખૂબ પ્રસન્ન થાય છે. શ્રીસ્વામિનીજી પોતાની આંગળીઓના નખરૂપી દર્પણમાં પણ પ્રભુને તેમના સ્વરૂપનાં દર્શન કરાવે છે. આ ભાવ વિચારી, દર્પણ બતાવવું.

(છ) શૃંગારભોગ ધરવાની ભાવના : શ્રીસ્વામિનીજીના રસના ભાવના અનુભવથી શૃંગારભોગ ધરાય છે. શૃંગારભોગમાં મીઠાઈ, માખણ, મિસરી વગેરે જે બની આવે તે ધરવામાં આવે છે. સૂકા મેવામાં મિસરી શ્રીસ્વામિનીજીનું અધરામૃત છે, દ્રાક્ષ શ્રીયમુનાજીનો સુધારસ છે, બદામ શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે. પિસ્તાં શ્રીવિશાખાજીનો ભાવ છે.

(જ) શૃંગારના દર્શનની ભાવના : શૃંગાર સમયે સૌ વ્રજભક્તો શ્રી ઠાકોરજીનાં દર્શન કરવા માટે નંદાલયમાં આવે છે. પ્રભુ સુંદર વસ્ત્રો ધારણ કરીને નંદાલયના દ્વાર પર ઠાડા હોય છે. વેણુ વગાડીને ગોપીજનોને બોલાવે

છે. ગોપીજનો પ્રભુના સુધારસનું એકીટસે પાન કરે છે. પ્રભુ નેત્રકટાક્ષોથી ગોપીજનોને સંકેત કરે છે. પ્રભુના સુંદર રૂપનાં દર્શન કરીને ગોપીજનો અતિ પ્રસન્ન થાય છે. આ ભાવથી શૃંગારનાં દર્શન કરવાં જોઈએ.

(ઝ) પલનાની ભાવના : બાલસ્વરૂપે પ્રભુ પલનામાં ઝૂલે છે, યશોદા મૈયા તેમને ઝુલાવે છે અને વિવિધ રમકડાંથી ખેલાવે છે.

શ્રીયશોદાજીના ઘેર રહેલી કુમારિકાઓ શ્રીઠાકોરજી પોતાના પતિ છે, એવા ભાવથી પલનાના બહાને હિંડોળાખાટ બિછાવી, તે પર ઠાકોરજીને પધરાવી વિહાર કરાવે છે.

વૃન્દાવનની સઘન નિકુંજોમાં વ્રજયુવતીઓના ભૂજ પર પ્રભુ ઝૂલે છે, એ ભાવથી વ્રજાંગનાઓ પ્રભુને પલને ઝુલાવે છે. આમ, પ્રભુ સર્વ વ્રજાંગનાઓના વિરહતાપને દૂર કરે છે.

પલનામાં ગાદી ઉપર ત્રણ સફેદ ચાદર ઉપરાઉપરી બિછાવવામાં આવે છે. નીચેની સફેદી શ્રીયમુનાજીનો ભાવ છે, વચલી સફેદી શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે, ઉપલી સફેદી શ્રીકુમારિકાનો ભાવ છે. ગાદી શ્રી સ્વામિનીજીના હૃદયનો ભાવ છે. પલના પાસે ધરવામાં આવતાં મેવામીઠાઈ ચારે સ્વામિનીજી સહિત વ્રજભક્તોનો ભાવ છે.

ખિલૌનાંમાં કોયલ શ્રીસ્વામિનીજીનું ગાન છે. ચકરડીઓ શ્રીચંદ્રાવલીજીનું નૃત્ય છે. મોટા દડા શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે. નાના દડા શ્રી સ્વામિનીજીનો ભાવ છે. ઘુઘરા વ્રજભક્તોના હસ્તનાં આભૂષણો છે. રમકડાંની બે તબકડી પલના પાસે સજાય છે; તેમાં એકમાં હાથી, ઘોડા, વાઘ, સિંહ, હરણ વગેરે રમકડાં હોય છે. પ્રભુ જ્યારે પલનામાં ભાવથી વ્રજભક્તો સાથે પુષ્ટિલીલા કરે છે, ત્યારે બીજા મર્યાદા-ભક્તોને દૂર રાખવા માટે આ પ્રાણીઓ તત્પર રહે છે. બીજી તબકડીમાં પોપટ, મેના, કોયલ, કબૂતર વગેરે પક્ષીઓ હોય છે. આ પક્ષીઓ શ્રીસ્વામિનીજીના નિકુંજ-સંબંધી જીવો છે. તેઓ મધુર વચન બોલી કામ જાગૃત કરે છે, યુગલ-સ્વરૂપની વિહારની ઉત્કંઠા વધારે છે.

પલનાનાં કીર્તનોમાં પ્રગટ રીતે બાલલીલા ગવાય છે; પણ ગુપ્ત ભાવે શ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપીજનો પ્રભુની રસરૂપ લીલાનું ગાન કરે છે.

૫. રાજભોગ સમયની સેવા

વૈષ્ણવોના ત્યાં ગોપીજનવલ્લભ-ગ્વાલભોગ આવતો નથી. ગોપીજન-વલ્લભ ભોગ મંદિરોમાં આવે છે; કારણ કે ગોપીજન-વલ્લભ ભોગની ભાવના નંદાલયની અને નિકુંજની છે, ગોપીજનોના નિકુંજની નથી; તેથી પ્રભુને પલને ઝુલાવ્યા પછી રાજભોગ ધરવામાં આવે છે. સામાન્ય રીતે અનકૂળ સ્થાન ઉપર રાજભોગ ધરવાની તૈયારી કરવામાં આવે છે.

(ક) રાજભોગની લીલાભાવના : શ્રીહરિરાયચરણ *'સહસ્રીભાવના'* ગ્રંથમાં પ્રભુની રાજભોગની લીલાભાવનાનું ખૂબ સુંદર નિરૂપણ કરે છે. પ્રભુ વ્રજમાં વિવિધ સ્થાનોએ, વિવિધ ભક્તોના મનોરથ પૂરવા રાજભોગ એકીસાથે આરોગે છે, તે નીચે પ્રમાણે છે :

(૧) નંદાલયમાં રાજભોગ : શ્રીકૃષ્ણ-બલદેવજી નંદરાયજી સાથે નંદાલયમાં રાજભોગ આરોગે છે. શ્રીરોહિણીજી અને શ્રીયશોદાજી વહાલથી પ્રભુને આરોગાવે છે.

(૨) વનમાં રાજભોગ : પ્રભુ ગૌચારણ માટે સખાઓ સહિત શૃંગાર ધરીને વ્રજમાં પધાર્યા હોય છે, ત્યારે ભોજનનો સમય થતાં યશોદામૈયા કુમારિકા વ્રજભક્તો સાથે વનમાં વિવિધ સામગ્રીઓ ભોજન કરવા મોકલે છે, તેને **'છાક'** કહેવામાં આવે છે. ત્યાં શ્રીયમુનાજીના કિનારે અથવા શ્યામઢાક ઉપર કે કુમુદવનમાં પ્રભુ પાતળ અને પડિયા બનાવી, બધા સખાઓ સાથે તેમાં ભોજન કરે છે અને પોતાનું અધરામૃત આ નિમિત્તે સખાઓને આપે છે.

(૩) શ્રીસ્વામિનીજી સાથે તેમની નિકુંજમાં રાજભોગ : પ્રભુ ગૌ-ચારણ કરતાં સખાઓને ગાયોની સંભાળ સોંપી દૂર એકલા નીકળી જાય છે, ત્યારે શ્રીસ્વામિનીજીની નિકુંજમાં પધારી ત્યાં યુગલસ્વરૂપ રાજભોગ આરોગે છે. સૌ વ્રજભક્તો યુગલસ્વરૂપને સ્નેહથી આરોગાવે છે.

(૪) શ્રીયશોદાજીની પાડોશમાં રહેતાં વ્રજભક્તોના ત્યાં રાજભોગઃ શ્રીયશોદાજીની પાડોશમાં રહેતાં વ્રજભક્તો શ્રીયશોદાજીને વિનંતી કરવા આવે છે કે 'આજે અમારા ત્યાં આપના પુત્રને ભોજન કરવા મોકલો.' તેમના ભાવથી પ્રસન્ન થઈ, શ્રીયશોદાજી પ્રભુને તે ગોપીજનના ત્યાં ભોજન

કરવા મોકલે છે. પ્રભુ મહેમાન બની ગોપીજનની નિકુંજમાં પધારે છે. તેના હાથે સ્નેહથી આરોગે છે અને તેના સર્વ મનોરથ પૂરા કરે છે. આમ, પ્રભુ વિવિધ સ્થળોએ ભોજન કરી, સૌ ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે.

(ખ) રાજભોગની સેવા-પ્રણાલિકા : રાજભોગ ધરવાના મુખ્ય બે પ્રકાર છે : *(૧) રીતિ* અને *(૨) વિપરીતિ*. રીતિ પ્રકારમાં પ્રભુ નિજમંદિરમાં સિંહાસન પર જ બિરાજે છે. સિંહાસન આગળ પાટ પધરાવી, તેના ઉપર રાજભોગ ધરવામાં આવે છે. વિપરીતિ પ્રકારમાં પ્રભુ રાજભોગ આરોગવા ભોગમંદિરમાં પધારે છે અને ત્યાં રાજભોગ આરોગે છે.

જે સ્થળે રાજભોગ ધરવાનો હોય, તે સ્થળે હાથમાં જળ લઈ તે સ્થળને સ્વચ્છ કરવું. બે વાર જળથી તે જગ્યાને સ્વચ્છ કરવી જોઈએ. ત્યાર પછી પ્રભુને બિરાજવા માટે ગાદી પાથરવી. ગાદીની બંને બાજુ ઝારીજી ભરીને પધરાવવાં. ગાદીજી ઉપર શ્રીઠાકોરજીને પધરાવી બધી સામગ્રી સાજવી જોઈએ. સામગ્રી સાજતાં પહેલાં પાતળ પધરાવી, તેના ઉપર ચાંદીની થાળીમાં સખડી સાજવામાં આવે છે. તે થાળીની આજુબાજુ સર્વ સામગ્રી સજાય છે. બધી સામગ્રી સાજ્યા પછી હાથ ખાસા કરી, સર્વ પ્રથમ હાથમાં તુલસીદળ લઈ, ત્રણ વખત બ્રહ્મસંબંધ મંત્ર બોલી, શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં તે તુલસીદળ સમર્પવામાં આવે છે. પછી શંખમાં જળ લઈ, કટોરીમાં રેડી, બધી સામગ્રી પર છાંટવામાં આવે છે, તેને **શંખોદક** કહે છે. ત્યાર પછી પંચાક્ષર મંત્ર બોલતાં, બધી સામગ્રીમાં તુલસીજી પધરાવવામાં આવે છે. (તુલસીજી અન્ય ભોગમાં ન પધરાવાય).

પછી સુવાસિત ધૂપ કરી, ઘંટાનાદ કરવામાં આવે છે. પછી '*શ્રીમહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રીગુરુદેવ, ૮૪-૨૫૨ વૈષ્ણવોની કાનિથી સૌ વ્રજભક્તો સહિત કૃપા કરી રાજભોગ આરોગજો*' તેવી વિનંતી કરી, દંડવત્ કરી, ટેરો લેવામાં આવે છે. રાજભોગનો સમય અનુકૂળતા પ્રમાણે રાખવો. સખડી ન ધરતાં હોઈએ, તો આજ્ઞા પ્રમાણે અનસખડી, દૂધઘર, મિસરી જે ધરતાં હોઈએ તે સામગ્રી ધરવી; પણ ભાવના બધી સામગ્રીની કરવી.

આમ, રાજભોગ ધર્યા પછી વાસણ માંજવાની સેવા કરવી જોઈએ. રસોઈઘર સ્વચ્છ કરીને નિજમંદિરમાં સિંહાસન પાસે ચોકી, ખંડપાટ

વગેરે પધરાવી, રાજભોગનાં દર્શનની તૈયારી કરવી. ત્યાર પછી સમય રહે તો સ્તોત્રપાઠ અને જપપાઠ કરવા. સામાન્ય રીતે **મંગળભોગનો સમય એક ઘડીનો**, એટલે ૨૪ મિનિટનો હોય છે, જ્યારે **રાજભોગનો સમય બે ઘડીનો**, એટલે ૪૮ મિનિટનો હોય છે.

સમય થતાં જળની લોટી અને તષ્ટી લઈ, ત્રણ તાળી પાડી, ટેરો સરકાવી અંદર જવું. પ્રભુને જળથી આચમન કરાવી મુખવસ્ત્ર કરવું. બે બીડી ધરવી. આચમનનું જળ ઠાલવી, પાત્રો વીંછળી, હાથ ખાસા કરવા. પછી બંને ઝારીજી ઉઠાવી, પ્રસાદીજળ પ્રસાદી-માટલીમાં રેડી, ફરીથી વીંછળી, બંને ઝારીજી ભરવાં.

રાજભોગ ધરતાં ફૂલનાં માળા વડાં કરવાં જોઈએ. ઠાકોરજીને નિજ મંદિરમાં સિંહાસન પર પધરાવવા. પછી ફૂલનાં માળા ધરી સિંહાસન પાસે ઝારીજી પધરાવી, બીડી આરોગાવી, ખંડપાટ સીડી ધરી ખિલૌનાં ધરવાં.

ઠાકોરજીને વેણુવેત્ર ધરી, દર્પણ બતાવી આરતી કરવી. દંડવત્ કરી, હાથ ખાસા કરી, ફરી દર્પણ બતાવવું. વેણુવેત્ર વડાં કરવાં, ફૂલની માળા પણ વડી કરી, સિંહાસન પાસે ધરવી. 'શ્રીકૃષ્ણાશ્રય'સ્તોત્રનો પાઠ કરવો. સિંહાસનથી શય્યા સુધી વસ્ત્ર પાથરવું, તે 'પેંડા' (પિંડલું, પિંડો) કહેવાય છે. શય્યા પાસે ઝારીજી, દૂધઘર કે અનસખડી ભરેલો બંટો અને બીડીનો બંટો ધરવાં. પેંડો બિછાવી, દંડવત્ કરી, અનોસર કરવાં. રાજભોગ પર્યન્તની સવારની સેવા પૂર્ણ થાય છે.

(ગ) રાજભોગની ભાવભાવના :

(૧) રીતિ પ્રકારના રાજભોગની ભાવના : સિંહાસન પાસે પ્રભુ ભોગ આરોગે છે, ત્યારે વ્રજભક્તો ત્યાં આવીને ભગવદ્-રસનો અનુભવ કરે છે, તે ભાવ છે.

(૨) વિપરીતિ પ્રકારના રાજભોગની ભાવના : ભોગ આરોગવા પ્રભુ મંદિરમાં પધારે છે. ભોગમંદિર ભક્તની નિકુંજ છે, તેથી ત્યાં પ્રભુ ભક્તાધીન બની, ભક્તોના રસનો અનુભવ કરે છે, તે ભાવ છે.

(૩) તુલસી સમર્પણ કરવાની ભાવના : બ્રહ્મસંબંધ મંત્ર બોલી, પ્રભુનાં ચરણારવિંદમાં તુલસી સમર્પીએ છીએ, તે દ્વારા નિવેદન મંત્રનું સ્મરણ

કરીએ છીએ. શ્રીમહાપ્રભુજી દ્વારા બ્રહ્મસંબંધની લીધેલી પ્રતિજ્ઞા યાદ કરી, દીનતાથી પ્રભુને આપણું સર્વસ્વ નિવેદન કરીએ છીએ.

(ઘ) ચરણસ્પર્શ કરવાની ભાવના : શ્રીઠાકોરજીનાં ચરણારવિંદ ભક્તિનું સ્વરૂપ છે, તેથી ચરણસ્પર્શ કરવાથી સાક્ષાત્ ભક્તિ આપણા હૃદયમાં પ્રવેશે છે અને આપણો ભક્તિભાવ દિન-પ્રતિદિન વધે છે. પ્રભુનાં ચરણારવિંદની રજ આપણે આંખ, મસ્તક અને હૃદય પર લગાવીએ છીએ. તે દ્વારા પ્રભુ પોતાનાં ચરણારવિંદ આપણા ઉપર ધરે છે. આપણામાં દાસત્વ અને દૈન્ય પ્રગટ થાય છે.

(ચ) સામગ્રીમાં તુલસી ધરવાની ભાવના : તુલસી પ્રભુને અત્યંત પ્રિય છે અને તે પતિવ્રતા છે. તેમના સ્પર્શથી સર્વ સામગ્રીમાંના દોષ નિવૃત્ત થાય છે અને સામગ્રી પ્રભુને અંગીકાર કરવાલાયક બને છે.

તુલસી ધરવાનો **બીજો ભાવ** એ છે કે તુલસી શ્રીસ્વામિનીજીના શ્રીઅંગની સુગંધ હોવાથી પ્રભુને બહુ પ્રિય છે. તેથી તુલસી પધરાવવાથી સામગ્રી પ્રભુને આરોગવા-યોગ્ય બને છે.

(છ) શંખોદકની ભાવના : શંખનું જળ આધિદૈવિક ગણાય છે. સામગ્રી પર તે છાંટવાથી, સામગ્રી અમૃત રસમય બને છે.

શંખોદકનો **બીજો ભાવ** શ્રીયમુનાજી અને ચાર યૂથાધિપતિનો છે. શંખમાંનું જળ શ્રીસ્વામિનીજીનું અધરામૃત છે. તેના સંબંધથી પ્રભુ સામગ્રી પ્રીતિપૂર્વક આરોગે છે.

(જ) ધૂપની ભાવના : ધૂપ શ્રીસ્વામિનીજીના હૃદયનો વિરહભાવ છે.

(ઝ) રાજભોગની ભાવના : રાજભોગમાં પ્રભુ જુદા જુદા વ્રજભક્તોના, યશોદાજીના, સ્વામિનીજીના ભાવની સામગ્રી આરોગે છે.

(ટ) સિંહાસન પાસેનાં સીડી, ખંડપાટની ભાવના : સિંહાસન પાસે ત્રણ પગથિયાંની સીડી મૂકવામાં આવે છે. પ્રથમ પગથિયું શ્રીચંદ્રાવલીજીનો ભાવ છે, પછીનું પગથિયું શ્રીકુમારિકાઓનો ભાવ છે. શ્રીઠાકોરજીની નજીકનું પગથિયું શ્રીયમુનાજીનો ભાવ છે. આ સીડી ઉપર રૂની ગાદી બિછાવવામાં આવે છે. તે સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ ભક્તોનો ભાવ છે. તેના ઉપર બંને બાજુ, બબ્બે રમકડાંની તબકડીઓ ધરવામાં આવે છે. આ તબકડીઓ ચારે સ્વામિનીજીના ભાવથી ધરવામાં આવે છે. સીડીની આગળ પાટ બિછાવવામાં આવે છે, તે લલિતાજીનો ભાવ છે. તેના ઉપરની ગાદી શ્રીસ્વામિનીજીનો ભાવ છે. તેની ત્રણ બાજુ ત્રણ ગાદી બિછાવવામાં આવે છે. ડાબી ગાદી શ્રીસ્વામિનીજી માટે, જમણી ગાદી શ્રીયમુનાજી માટે, સામેની ગાદી શ્રીચંદ્રાવલીજી માટે બિછાવવામાં આવે છે. વચ્ચે ચોપાટબાજી અથવા શેતરંજ કે વાઘબકરીની બાજી બિછાવવામાં આવે છે.

ખિલૌનાંમાં હાથીદાંતનાં ખિલૌનાં શ્રીસ્વામિનીજીના મનોરથનાં છે, તે ડાબી બાજુ ધરાય છે. જમણી બાજુનાં લાલ ખિલૌનાં શ્રીચંદ્રાવલીજીના મનોરથનાં છે.

પાટની આગળ જે **પીકદાની** ધરવામાં આવે છે, તે શ્રી લલિતાજીનું મુખારવિંદ છે.

(ઠ) દર્પણ દેખાડવાની ભાવના : દર્પણ શ્રીસ્વામિનીજીના નખનું સ્વરૂપ છે, અથવા હૃદયનું સ્વરૂપ છે. તેમાં શ્રીઠાકોરજી પોતાનું પ્રતિબિંબ જોઈ બહુ પ્રસન્ન છે, તે ભાવ વિચારવો.

(ડ) માળા વડી કરવાની ભાવના : રાજભોગ પછી પ્રભુ શ્રીસ્વામિનીજીની નિકુંજમાં પધારે છે, ત્યારે પુષ્પની માળારૂપ બધા વ્રજભક્તોને પ્રભુ આજ્ઞા કરે છે કે 'તમે હવે તમારી નિકુંજમાં પધારો અને બધી સામગ્રી સિદ્ધ કરો, પછી અમે આવીશું.' આ ભાવથી માળા વડી કરવામાં આવે છે, જેથી પ્રભુ પોતે એકલા શ્રીસ્વામિનીજીની નિકુંજમાં પધારે.

(ઢ) પેંડાની ભાવના : શય્યાથી સિંહાસન સુધી પાથરવામાં આવતા વસ્ત્રને 'પેંડો' કહે છે. પ્રભુ પોતાના ત્યાં પધારે છે, એમ જાણી શ્રીસ્વામિનીજી પોતાની સાડી ઉતારી, તે પાથરી, પ્રભુને સન્માનપૂર્વક પધરાવે છે. તે ભાવનાથી પેંડો બિછાવાય છે.

(ણ) મંદિરને તાળામંગલ કરવાની ભાવના : રાજભોગ થઈ ગયા પછી મંદિરને તાળામંગળ કરવામાં આવે છે. એટલે કે, તાળું વાસવામાં આવે છે. તાળું શ્રીસ્વામિનીજીની મુઠ્ઠી છે. શ્રીસ્વામિનીજીએ પોતાની

મુકીરૂપી તાળામાં શ્રીઠાકોરજીને બાંધીને, વશ કરી લીધા છે અને હવે તેઓ શ્રી સ્વામિનીજી પાસે જ બિરાજે છે, તેવી ભાવના છે.

(ત) બીડી અને બીડાની ભાવના : શ્રીઠાકોરજીને પાનની બીડી અને બીડું એમ બંને મંદિરમાં આરોગાવવામાં આવે છે. બીડી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી બંને આરોગે છે અને પોતાનું અધરામૃત શ્રીલલિતાજી વગેરેને આપે છે, જ્યારે બીડાં શ્રીઠાકોરજી ગોપસખાઓને વહેંચી આપે છે, તેથી મંદિરમાં વૈષ્ણવોને બીડાં આપવામાં છે, બીડી આપવામાં આવતી નથી. પરંતુ, વૈષ્ણવોના ઘેર પ્રભુ માત્ર બીડી જ આરોગે છે, બીડાં આરોગતા નથી.

(થ) ગૌગ્રાસની ભાવના : રાજભોગ સુધીની સેવા કર્યા પછી, વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવી, આપણે મહાપ્રસાદ લેવો જોઈએ. દરરોજ મહેમાન વૈષ્ણવ ન મળે તો વૈષ્ણવના ભાવથી ગૌગ્રાસ કાઢવો જોઈએ. ગાય એ ભક્તનું સ્વરૂપ છે, માટે ગાયનો ભોગ અવશ્ય કાઢવો. પછી મહેમાન વૈષ્ણવ હોય તો તેમને લેવડાવવો. પછી ઘરનાં સર્વ કુટુંબીઓને વૈષ્ણવ જાણી તેમને પ્રસાદ લેવડાવવો અને પછી પોતે મહાપ્રસાદ લેવો જોઈએ. વૈષ્ણવોને પ્રસાદ લેવડાવી, પ્રસાદ લેવાથી હૃદયમાં દાસધર્મ આવે છે, તેથી સર્વ ઇચ્છિત વસ્તુઓ પ્રાપ્ત થાય છે અને સર્વ મનોરથો, વૈષ્ણવોની કૃપાથી પૂર્ણ થાય છે.

આમ, રાજભોગ પર્યન્તનો સેવાપ્રકાર, લીલાભાવના અને ભાવ-ભાવના સાથે વિચાર્યો.

■

ઉત્થાપનથી શયન સુધીનો સેવાપ્રકાર

૬

(૧) ઉત્થાપનનો સેવાપ્રકાર

સૂર્યાસ્તના ત્રણ કલાક પૂર્વે ઉત્થાપન કરાવવાં જોઈએ. ઉત્થાપનની સેવા માટે સવારની જેમ દેહકૃત્ય કરી, સ્નાન કરી, અપરસ વસ્ત્ર પહેરી, ચરણામૃત લઈ, તિલક કરી, હાથ ખાસા કરવા. પછી ભગવદ્મંદિર પાસે જઈ, દંડવત્ કરી, ફરીથી હાથ ખાસા કરવા. ત્યાર બાદ ઉત્થાપન માટેની સામગ્રી તૈયાર કરવી જોઈએ. ઉત્થાપનમાં ઋતુ અનુસાર લીલા મેવા ધરવામાં આવે છે.

(ક) લીલાભાવના : શ્રીઠાકોરજી બપોરે ગૌચારણ નિમિત્તે વનમાં પધાર્યા હોય છે. ત્યાં શ્રીસ્વામિનીજી આદિ વ્રજભક્તોની નિકુંજમાં આપ બિરાજે છે અને વ્રજભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. બપોરે વિશ્રામ કરીને આપ પાછા ગ્વાલબાલોના સંગમાં પધારે છે અને ત્યાં શ્રીગિરિરાજજીની તળેટીમાં રહેતી ભીલડીઓ(પુલિંદીઓ), જેઓ શ્રીગિરિરાજજીની કૃપાથી પ્રભુનાં નિષ્કામ ભક્ત બન્યાં છે, તેઓ ઉત્થાપનભોગની સામગ્રી માટે વનમાંથી કંદ-ફળ-ફૂલ વગેરે લઈ સિદ્ધ કરી, શ્રીઠાકોરજી પાસે આવે છે અને શ્રીઠાકોરજી તેમની સામગ્રી આરોગી, તેમના મનોરથ પૂર્ણ કરે છે. ત્યાર બાદ આપ સખાઓને ગોકુળ પાછા જવાની તૈયારી કરવા આજ્ઞા કરે છે. આ ભાવથી ઉત્થાપનનાં દર્શન થાય છે, તેથી સામાન્ય રીતે બીજા બધા ભોગ આરોગવા શ્રીઠાકોરજી ભોગમંદિરમાં પધારે છે; પરંતુ ઉત્થાંપનનો ભોગ આપ સિંહાસન પર બિરાજીને આરોગે છે. બીજાં દર્શન ભોગ આરોગ્યા પછી થાય છે, જ્યારે ઉત્થાપનનાં દર્શન થયા પછી શ્રીઠાકોરજી ઉત્થાપનભોગ આરોગે છે.

(ખ) ઉત્થાપનની સેવા-પ્રણાલિકા : ઉપર જણાવ્યા પ્રમાણે ઉત્થાપનભોગ માટે ઋતુ પ્રમાણેનો લીલો મેવો સિદ્ધ કરવો. **અખાત્રીજથી**

રથયાત્રા સુધી જળમાં સાકર, ગુલાબજળ, એલચી વગેરે મિલાવી બનાવેલો પનો તથા મગ અને ચણાની ભીંજાવેલી દાળનો ભોગ વધારાનો ધરાય છે. શીતકાળમાં શેરડીનો રસ, શેકેલા બટાટા, રતાળુ આદિ કંદ ધરાય છે. આ બધી સામગ્રી ઋતુ અનુસાર તૈયાર કર્યા પછી, તણ વખત તાળી પાડી, પ્રભુને જાગવા માટે વિનંતી કરવી. તાળી પાડ્યા પછી પાંચેક મિનિટે હળવેથી મંદિરનાં દ્વાર ખોલી, પ્રભુનાં દર્શન કરી, દંડવત્ કરવાં. પછી ગૌરજથી શોભતું મુખારવિંદ પોંછી, ઝારીજી ઉઠાવી લેવાં. શય્યાની પાસે ધરેલાં ઝારી, બંટા, માળા, બીડાં ને સિંહાસન પાસે ધરેલાં ઝારી, માળા, બીડાં - બધું લઈને પ્રસાદી વાસણમાં પધરાવી, બધાં વાસણો ખાસા કરવાં. ઝારીજી ફરીથી ભરીને, પ્રભુની પાસે સિંહાસન પર ધરવાં. પછી ટેરો લઈ, ઉત્થાપનભોગ આરોગવા વિનંતી કરી, દંડવત્ કરી, બહાર આવવું.

(ગ) ઉત્થાપનની ભાવભાવના : *(૧) સિંહાસન પર ઉત્થાપન ભોગ આરોગવાની ભાવના :* શ્રીઠાકોરજી વનમાં જાગીને, ગિરિરાજજીની શિલારૂપી સિંહાસન પર બિરાજ્યા છે, તે ભાવથી આપ સિંહાસન પર બિરાજે છે. *(૨) ઉત્થાપનભોગની ભાવના :* બપોરે વિશ્રામ કર્યા પછી જાગેલા પ્રભુને ભોગ આરોગાવવા માટે ગિરિરાજજીની તળેટીમાં રહેતાં પુલિંદીઓ શૂદ્ર જાતિનાં હોવાથી, તેમની આ સેવા પ્રભુ વ્રજમાં અંગીકાર કરે છે. પુલિંદીઓના ભાવથી વિવિધ લીલા મેવા આરોગે છે. આ સર્વ સામગ્રી શ્રીસ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજીના ભાવની છે.

(૨) ભોગ-સમયની સેવા-પ્રણાલિકા :

ઉત્થાપનભોગ સમય થયે સરાવવો. આ ભોગનો સમય પણ એક ઘડી એટલે ૨૪ મિનિટનો હોય છે. આચમન કરાવી, મુખવસ્ત્ર કરી, બીડાં ધરવાં. ત્યાર પછી દર્શન ખોલાવવાં. દર્શન ખોલાવીને સીડી, ખંડપાટ વગેરે સરકાવી લેવાં.

લીલાભાવના : શ્રીઠાકોરજી ઉત્થાપનભોગ આરોગ્યા પછી નિજ સખાઓને આજ્ઞા કરે છે કે 'હવે સૂર્યાસ્ત થવાની તૈયારી છે, માટે આપણે હવે ગોકુળ તરફ જઈએ. બધી ગાયોને એકત્ર કરી લો.' ત્યાર પછી ગોપ અને ગાયોથી ઘેરાયેલા, પ્રભુ વેણુનાદ કરતા ગોકુળ તરફ પાછા પધારે છે, ત્યારે નંદાલયના દ્વાર પર શ્રીયશોદાજી પ્રભુની આરતી ઉતારે છે અને નંદાલયમાં પધરાવી, સંધ્યાભોગ આરોગાવે છે. સંધ્યાભોગનો આ પ્રકાર વૈષ્ણવોના ઘરની સેવામાં હોતો નથી; કારણ કે આ નંદાલયની ભાવના છે. વૈષ્ણવોના ત્યાં તો પ્રભુ સદા તેમની નિકુંજમાં જ બિરાજે છે, તેથી ગૌચારણ કરી પાછા પધારવાની ભાવના નથી. માટે વૈષ્ણવોને ત્યાં સંધ્યાઆરતી થતી નથી તેમજ સંધ્યાભોગ પણ આવતો નથી.

શ્રીઠાકોરજીને હવે શયનભોગ માટે શૃંગાર વડા કરવામાં છે. આપશ્રીના શ્રીમસ્તક અને કંઠના બધા શૃંગાર વડા થાય છે અને શયન માટેનાં વસ્ત્રો ધરવામાં આવે છે. હવે આપશ્રીના શ્રીઅંગ ઉપર કર્ણફૂલ, તિલક, નકવેસર, ચિબૂક, કંઠસરી, કટીમેખલા, પોંચી અને નૂપુર એટલા જ શૃંગાર રહે છે. બાકીના બધા શૃંગાર વડા થાય છે. પ્રભુને શ્રીઅંગે ફુલેલ અત્તર સમર્પવામાં આવે છે. આમ, શૃંગાર વડા કર્યા પછી શયનભોગની તૈયારી થાય છે.

ભાવભાવના :

શૃંગાર વડા કરવાની ભાવના : ભારે આભૂષણ વ્રજભક્તોનો ભાવ છે, જ્યારે રોજનાં આભૂષણો શ્રીસ્વામિનીજીના ભાવથી છે, એટલે ભારે આભૂષણો વડાં થતાં નથી.

(૩) શયનના દર્શનનો સેવાપ્રકાર :

(ક) લીલાભાવના : શયનભોગની મુખ્યત્વે બે ભાવનાઓ શ્રીહરિરાયચરણે બતાવી છે : (૧) શ્રીયશોદાજી ગૌચારણ કરીને પધારેલ શ્રી બલરામને વસ્ત્રાભૂષણો બદલાવી, સ્વચ્છ કરી, શયનભોગ આરોગાવે છે. બંને બાળકોના શ્રીઅંગમાં આળસ છે, નેત્રોમાં નિદ્રા છે. બંનેને વહાલથી વાતો કરતાં કરતાં માતા આરોગાવે છે. વનમાં પોતે કેવો આનંદ કર્યો, તેની વાતો માતાને કહેતાં કહેતાં શયનભોગ આરોગે છે. ભોગ આરોગ્યા પછી, માતા સમજાવીને તેમને દૂધ આરોગાવે છે. (૨) શ્રી શ્રીઠાકોરજી ગૌચરણ આદિ કરી, નંદાલયમાં પધારી, માતા સાથે શયનભોગ આરોગી ગુપ્ત રીતે શ્રીસ્વામિનીજીની નિકુંજમાં પધારે છે. ત્યાં શ્રીસ્વામિનીજી અને ઠાકોરજી સાથે બિરાજીને શયનભોગ આરોગે છે. શયનભોગ આરોગ્યા પછી, યુગલ

સ્વરૂપને આરોગાવવા માટે શ્રીલલિતાજી સોનાના કટોરામાં સુંદર મીઠું દૂધ લાવે છે. કટોરો એક જ છે અને બંને સ્વરૂપ બિરાજે છે; તેથી શ્રીલલિતાજી ચતુરાઈપૂર્વક દૂધનો કટોરો શ્રીઠાકોરજીના શ્રીહસ્તમાં આપે છે. શ્રીઠાકોરજી આ દૂધ પ્રથમ શ્રીસ્વામિનીજીને આરોગાવી, તેમનું અધરામૃત પોતે આરોગે છે.

(ખ) સેવા-પ્રણાલિકા : શયનભોગ ધરવા માટે હાથમાં જળ લઈ, ભોગ ધરવાની જગા ખાસા કરી ગાદી બિછાવી ઝારીજી ભરીને પધરાવવાં. શયનભોગમાં એક જ ઝારીજી ભરાય છે. પછી શ્રીઠાકોરજીને પધરાવી શયનભોગ માટે સિદ્ધ કરેલી સામગ્રીનો ભોગ ધરવો. શયનભોગમાં **ત્રણ રીતે સામગ્રી ધરાય છે** : સાંજે તાજી બનાવેલી સખડીની સર્વ સામગ્રીનો ભોગ ધરાય છે **અથવા** રાજભોગ સમયે તૈયાર કરેલી સામગ્રીમાંથી બચાવેલી સામગ્રીનો ભોગ ધરાય છે; **અથવા** અનસખડીની સામગ્રીનો ભોગ ધરાય છે. આ ત્રણેયમાં તાજી તૈયાર કરેલી સામગ્રી ધરાવવી, તે જ ઉત્તમ પ્રકાર છે; એટલે જે સામગ્રી બની આવી હોય તેનો ભોગ ધરવો.

આ ભોગનો સમય એક ઘડી, એટલે ૨૪ મિનિટનો હોય છે. ભોગ ધરી, દંડવત્ કરી, ભોગ આરોગવા વિનંતી કરી, ટેરો લઈ, બહાર આવવું. પ્રભુનાં શય્યાજીમાંથી ગાદીતકિયા વગેરે ઉઠાવી, સ્વચ્છ કરી, ફરીથી પાથરવાં અને અત્તર સમર્પવું. વાસણ વગેરે સ્વચ્છ કરી, સમય થતાં ભોગ સરાવવા માટે તાળીઓ પાડી, અંદર જવું. શ્રીઠાકોરજીને આરોગાવવા માટે દૂધનો કટોરો લઈ જવો. શયનભોગ આરોગ્યા પછી દૂધનો જે ભોગ ધરાય છે તે **'દૂસરા ભોગ'** કહેવાય છે. દૂધનો કટોરો ધરી, ઝારીજી ઉઠાવી લેવાં. બહાર આવી, પ્રસાદી-માટલીમાં જળ પધરાવી ઝારીજી વીંછળી, ફરીથી ભરવાં અને સિંહાસન પાસે પધરાવવાં. ત્યાર પછી આચમનની સામગ્રી લઈ, અંદર જઈ શ્રીઠાકોરજીને આચમન કરાવી, મુખવસ્ત્ર કરવું. પછી પ્રભુને સિંહાસન પર પધરાવી, બીડી આરોગાવવી અને શયન-આરતીની ભાવના કરવી. પછી દંડવત્ કરી, ટેરો લઈ શ્રીઠાકોરજીને પોઢાડવા. શ્રીઠાકોરજીને પોઢાડતી વખતે શ્રીઅંગે અત્તર સમર્પવું. શ્રીઅંગ પર કેવળ કંઠાભરણ રહે. વસ્ત્રમાં તનિયો રહે. મસ્તકે પાઘ અથવા ટોપી રહે. શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપને કોઈ પણ વસ્ત્ર ધર્યા વિના પોઢાડવા. માખણવાળો હસ્ત ઉપર રહે. ચિત્રજી હોય તો વાઘો વડો કરીને પોઢાડવા. ઠાડું સ્વરૂપ હોય તો માત્ર તનિયો ધરીને પોઢાડવા. શય્યાજીમાં શ્રીઠાકોરજીને પોઢાડી, બાજુમાં તકિયા નીચે વેણુ ધરી, મુખ ઢંકાય તેમ ચાદર ઓઢાડવી. શિયાળામાં રજાઈ વગેરે પણ ઓઢાડવાં. ચાદર મુખારવિંદ ઉપર આવી રહે અને આખી શય્યા ઢંકાઈ જાય તે રીતે ઓઢાડવી. શય્યાજીની પાસે બંને ઝારીજી ભરીને ધરવાં. તે ઉપરાંત, એક બંટામાં દૂધઘર કે અનસખડીની સામગ્રી ધરવી. બીજા બંટામાં બીડી ધરવી. બાજુમાં માળાજી ધરવાં. આ પ્રમાણે પ્રભુને પોઢાડી, દંડવત્ કરી, બહાર આવી, મંદિરને તાળામંગલ કરવાં અને ફરીથી દંડવત્ કરવાં.

નિત્ય-સેવાનો સૂક્ષ્મ ક્રમ

(૧) શ્રીચિત્રજી-લાલનને જગાડીને દિવસનાં ઋતુ અનુસાર વસ્ત્ર ધરાવી યથાશક્તિ મંગળભોગ ધરવો. ઝારી ભરીને ધરવી. કાનિ આપવી. ૧૦-૧૫ મિનિટ ભોગ રાખી, સરાવી, આચમન મુખવસ્ત્ર કરવું. પાંચેક મિનિટ મંગળાના દર્શનનો ભાવ કરવો. બને તો એકાદ કીર્તન કરવું. ઋતુ પ્રમાણે શીતોષ્ણ જળ લઈ સ્નાન કરાવવું. પછી અંગવસ્ત્રથી શ્રીઅંગ પોંછવું. ચિત્રસેવા હોય તો ઋતુ પ્રમાણેના જળમાં મુલાયમ વસ્ત્ર બોળી સહેજ નિચોવી પોંછવું. ત્યાર બાદ ફરીથી કોરા વસ્ત્રથી પોંછવું. ઉત્સવો પર લાલનને અભ્યંગ કરાવવું.

હવે શૃંગાર કરવા. તિલક, અલકાવલી, કડાં, નુપૂર, માળા, ગુંજામાળા તથા મસ્તક પર પણ ચંદ્રિકાના પ્રકારમાંથી ધરાવવું. ચિત્રસેવા હોય તો પણ ઠાડા-સ્વરૂપનાં વસ્ત્રો ધરાવવાં અથવા સાદું વસ્ત્ર ધરાવવું. યથેચ્છ અનુકૂળતા પ્રમાણે શૃંગાર કરવો. માળા ધરી, ચિત્રજીના હસ્તમાં વેણુ ધરી દર્પણ દેખાડવું. લાલન હોય તો વેણુ જમણી બાજુ, શૃંગાર ઉપર હસ્તની બાજુમાં રહે. દર્પણ દેખાડવું. ચિત્રજીની જેમ વેણુ હસ્તમાં ધરવું નહીં.

હવે, માળા વડી કરી રાજભોગ ધરવો. સામગ્રી ઉપર લખી તેમ, યથાશક્તિ અનુકૂળતા પ્રમાણે ધરવી. કાનિ આપી લગભગ ૨૪ મિનિટનો ભોગ રાખી, સરાવી, આચમન મુખવસ્ત્ર કરી, પાનની બીડી પાસે ધરવી. તે ન બને તો સોપારી (સમારેલી), ઈલાયચી વગેરેમાંથી જે શક્ય હોય

તે ધરવું. ઝારી ફરી ભરી ધરવી. માળા ધરાવવી. પાટ પર ખિલૌનાં ઠીક કરવાં. ગેંદચોગાન માંડવા. હસ્તમાં વેણુ ધરી વેણુવેત્ર નીચે ઊભું ધરી, દર્પણ દેખાડવું. વેણુવેત્ર વડાં કરવાં. રાજભોગનું એકાદ લીલા તથા ઋતુ અનુસાર પદ બોલી, પછી માળા-શૃંગાર બધું વડું કરી શ્રીઠાકોરજીને પોઢાડી દેવા. શય્યાજીનાં વસ્ત્રો પર ઋતુ અનુસાર અત્તર સમર્પવું. શય્યાજી પાસે બંટો, ઝારી, માળા, બીડી અથવા સુગંધી યથાક્રમ પધરાવવાં. અનોસર કરી દંડવત્ કરવા.

(૨) ઉપરનો રાજભોગ ધરવા સુધીનો બધો ક્રમ રાખી રાજભોગમાં જ ઉત્થાપન-શયનની ભાવનાથી જે બને તે ધરી દેવું.

(૩) એટલું પણ ન બને તો મંગળભોગની ભાવનાથી દૂધ ધરી, સ્નાન-અંગવસ્ત્ર કરી, જે બને તે આછો શૃંગાર કરી, બધા જ ભોગની ભાવનાથી લીલો મેવો, પેંડા, દહીં, દૂધ વગેરે જે કંઈ શક્ય હોય તે ધરવું. પછી ભોગ સરાવી બધા જ દર્શનની ભાવના કરી પોઢાડી દેવા.

(૪) સેવામાં દૂધ-મેવો વગેરે પણ ન બને અને ઘરમાં બીજી પ્રતિકૂળતા હોય, તો કમ-સે-કમ રોજ ફક્ત દશ મિનિટ પણ ચિત્રસેવા અવશ્ય કરવી. જો ચિત્રસેવા પણ ન બને તો વસ્ત્ર-સેવા પણ કરવી. પ્રભુને જગાડી, વસ્ત્ર ધરાવી, મિસરી ધરી, શુદ્ધ જળની ઝારી ભરી પ્રત્યેક ભોગ અને દર્શનની ભાવના કરી, **'શ્રીકૃષ્ણાશ્રય'** સ્તોત્ર બોલી પ્રભુને પોઢાડી દેવા. બ્રહ્મસંબંધ લીધા પછી 'સેવા' વગર ન રહેવું, એટલો આગ્રહ પ્રત્યેક વૈષ્ણવે અવશ્ય રાખવો જોઈએ. આમ કરવામાં સ્વરૂપની એકાગ્રતા થાય છે.

સેવાની પ્રત્યેક બાબત શ્રીગુરુદેવની આજ્ઞા પ્રમાણે જ યોજવી.

(ગ) પોઢવાની લીલાભાવના : શ્રીઠાકોરજી ત્રણ સ્થાને પોઢે છે : (૧) શ્રીયશોદાજીના ઘેર પોઢે છે. (૨) શ્રીસ્વામિનીજીની નિકુંજમાં પોઢે છે. (૩) સર્વ વ્રજભક્તોની નિકુંજમાં વ્રજભક્તના ભાવનું સ્વરૂપ ધારણ કરીને રાત્રિવિહાર માટે પધારે છે અને ત્યાં પોઢે છે.

(ઘ) ભાવભાવના : શયનભોગની સામગ્રી શ્રીસ્વામિનીજી સહિત સૌ વ્રજભક્તોના ભાવથી આરોગે છે. શયન-આરતીનાં દર્શન પ્રભુના આળસ-યુકત સ્વરૂપનાં દર્શનના ભાવથી કરવાં. હવે, આખી રાત પ્રભુનો વિરહ થવાનો છે, તે ભાવથી શયન-આરતી થાય છે. શ્રીઠાકોરજી વિવિધ ભક્તોના મનોરથ પૂર્ણ કરવા, સૌ વ્રજભક્તોની નિકુંજમાં પધારે છે, તે ભાવથી પ્રભુને પોઢાડવામાં આવે છે. આ પ્રકારે સાંજની ઉત્થાપનથી શયન સુધીની સેવાનો ક્રમ ચાલે છે. આમ, આપણે આખા દિવસની અષ્ટપ્રહરની સેવાનો ક્રમ, તેની લીલાભાવના અને ભાવભાવના સાથે વિચાર્યો. વૈષ્ણવોના ત્યાં પોતપોતાની અનુકૂળતા પ્રમાણે આ ક્રમ જેટલો બને તેટલો અવશ્ય કરવો જોઈએ. કશું ન બને અને માત્ર મિસરીભોગ ધરતા હોય, તેવા વૈષ્ણવોએ પણ આખા દિવસની સેવાની લીલાભાવના અને ભાવ-ભાવના વિચારી, નીચેની રીતે ક્રમ ગોઠવવો. તે માટે શ્રીગુરુદેવની આજ્ઞા અવશ્ય લેવી.

■

૭ સેવાનો ઓછામાં ઓછો ક્રમ

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે *‘પ્રભુની સેવા હમેશાં સ્વધર્મ માનીને કરવી જોઈએ.’* અગાઉ જોઈ ગયા તેવો સેવાનો સૂક્ષ્મ ક્રમ પણ ન બની આવે, ત્યાં સુધી સેવાનો ઓછામાં ઓછો ક્રમ, શ્રીગુરુદેવની આજ્ઞા લઈ, આપણા ઘરની અનુકૂળતા પ્રમાણેનો અવશ્ય ગોઠવવો જોઈએ. અને તેમાં ઘરનાં સૌ સભ્યો જોડાય, તેવી રીતે ગોઠવવો જોઈએ. ૨૪ કલાકમાં જીવનની વિવિધ પ્રવૃત્તિઓ માટેનો સમય જો મેળવી શકીએ, તો જે વૈષ્ણવકુળમાં જન્મીને, બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુના દાસ બનવાની પ્રતિજ્ઞા લીધી છે, તે નિભાવવા માટે થોડોક સમય અવશ્ય મેળવી લેવો જોઈએ. એ દૃષ્ટિએ ભગવદીયોએ બતાવેલો સેવાનો સંક્ષિપ્ત ક્રમ જોઈ લઈએ.

સવારે ઊઠીને, પથારી છોડતાં પહેલાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગુરુદેવ, શ્રીનાથજી અને શ્રીયમુનાજીનું અવશ્ય સ્મરણ કરવું. પછી આંખો ખોલી સૌપ્રથમ આ સૌ સ્વરૂપોનાં ચિત્રજીનાં દર્શન કરવાં અને વંદન કરવાં. પછી ઘરનાં સર્વેને હાથ જોડી, જયશ્રીકૃષ્ણ કરવાં. નાનામોટા સૌને પ્રેમથી જયશ્રીકૃષ્ણ કરી, આપણા રોજિંદા કામની શરૂઆત કરવી.

શક્ય તેટલી શુદ્ધ રીતે સ્નાન કરી, શક્ય તેટલાં શુદ્ધ ધોયેલાં વસ્ત્રો પહેરી, માથું ઓળી, ચરણામૃત લઈ, તિલક કરવું. ત્યાર પછી હાથ ધોઈ, સેવા માટે તૈયાર થવું.

શ્રીઠાકોરજીના ચિત્રજીનું આપણને વિશેષ ગમે તે સ્વરૂપ શ્રીવલ્લભકુળ પાસે સેવ્ય કરાવી, મિસરીભોગ ધરવાની આજ્ઞા લઈ સેવા કરવી.

ઘરમાં અનુકૂળ સ્થાને, હવા આવી શકે તેવા નાના કબાટમાં કે ગોખલામાં વસ્ત્ર પાથરી, નાના ગાદીતકિયા પર શ્રીઠાકોરજીને પધરાવવા. દરરોજ સવારે સ્નાન કરી, કુટુંબનું જે સભ્ય વહેલું તૈયાર થાય તે ત્રણ તાળી પાડી, જગાવવાની ભાવના કરી, શ્રીઠાકોરજીનું મુખારવિંદ પોંછી, ફરી

ગાદી ઉપર પધરાવે અને મિસરીભોગ ધરવા માટે અલગ રાખી હોય તેમાંથી સ્વચ્છ કરેલી એક કટોરીમાં ભોગ ધરે. આ કટોરી ચાંદીની ન બને તો સ્ટીલની કે પિત્તળની પણ ચાલે. મિસરીનો ભોગ ધરતાં, મંગળભોગની સર્વ સામગ્રી ધરીએ છીએ, તેવી ભાવના અવશ્ય કરી, ભોગ આરોગવાની વિનંતી કરી, દંડવત્ કરવાં. જે સેવા પ્રત્યક્ષ ન બની આવે તે સેવાની ભાવના અચૂક કરવી. ઝારીજી ભરવાની ભાવના તો અવશ્ય કરવી. જે સભ્ય તે પછી તૈયાર થાય તે ભોગ સરાવે અને વાઘાવસ્ત્ર બદલી, ગુંજાની માળા ધરી, શૃંગારની ભાવના કરે અને શૃંગાર-ભોગની એક કટોરી ભોગ ધરે.

પછી તૈયાર થતા સભ્ય રાજભોગની એક કટોરી ભોગ ધરી, રાજભોગની ભાવના કરે અને ભોગ સરાવી, અનોસર કરવાની ભાવના કરે. થોડીક વાર અનોસરની ભાવના કરી, ફરી ઉત્થાપન કરાવી, એક કટોરી ઉત્થાપન-ભોગની ધરે. પછી ગુંજા-માળા વડાં કરી, એક કટોરી શયન ભોગની ધરે. છેલ્લે પ્રભુને પોઢાડવાની ભાવના કરી, ચાદર ઓઢાડી દે.

આટલી સેવા કરવાથી અષ્ટપ્રહરની સેવાની ભાવના થઈ શકે છે અને તેમાં એક વ્યક્તિ બધી સેવા કરે તો પણ પંદર મિનિટથી વધારે સમય ન લાગે. ઘરનાં બધાં સેવામાં જોડાય તે ખૂબ જ ઇચ્છનીય છે. સૌ એક કટોરી ભોગ ધરી, ચરણસ્પર્શ કરી, દંડવત્ કરી, નીચેના પાઠ મોઢે આવડતા હોય તો તે રીતે અથવા પુસ્તક લઈને, શ્રીઠાકોરજીની સન્મુખ જરૂર કરે. (૧) મંગલાચરણ (૨) શ્રીયમુનાષ્ટક (૩) શ્રીસર્વોત્તમ સ્તોત્ર (૪) ચતુ:શ્લોકી (૫) કૃષ્ણાશ્રય.

આ પાંચ પાઠ કરી, ઓછામાં ઓછી એક **‘શ્રીકૃષ્ણ: શરણં મમ’**ની માળા કરવી અને બ્રહ્મસંબંધ મંત્રનો ગુજરાતી અર્થ બોલી જવો. એટલો ક્રમ કર્યા પછી જ બીજાં બધાં લૌકિક કાર્યો કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

બહારગામ જવાનું થાય તે દિવસે જ્યાં જઈએ ત્યાં સ્નાન કરી, એક સ્થાને બેસી, દરરોજ કરતા હોઈએ તે સેવાપ્રકારનો મનથી, ધ્યાનપૂર્વક વિચાર કરવો. તેને ‘સેવાધ્યાન’ કહે છે. તેમ કરીને પાઠ અને જપ અવશ્ય કરવાં. જો ઘરનાં બધાં જ બહારગામ જાય અને સાથે શ્રીઠાકોરજીને પધરાવી જવાનું શક્ય ન હોય તો મોટા વાસણમાં મિસરી લઈ, તે વાસણ

શ્રીઠાકોરજીનાં ગાદીજી પાસે ધરી, વિનંતી કરી, આજ્ઞા માગીને જવું. આપણી અનુકૂળતા પ્રમાણે સેવાનો ઓછામાં ઓછો આટલો ક્રમ તો અવશ્ય ગોઠવવો જ જોઈએ.

આખા દિવસમાં, શક્ય હોય તો રાત્રે કુટુંબના સૌ સભ્યોએ બીજો પા કલાક મેળવી, સાથે બેસી સત્સંગ કરવો જોઈએ. તેમાં ૮૪-૨૫૨ વૈષ્ણવ પૈકી એકાદ વૈષ્ણવની વાર્તાનો પ્રસંગ વાંચી નિત્યનિયમનાં થોડાંક ધોળપદ બોલી શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી વગેરેનું સ્મરણ કરી, સૌને જયશ્રીકૃષ્ણ કહી, હાથપગ ધોઈ, ચરણામૃત લઈ, પ્રભુનું સ્મરણ કરતાં કરતાં સૂઈ જવું જોઈએ. આમ, ૨૪ કલાકમાંથી પા કલાક સેવા માટે અને પા કલાક સત્સંગ માટે આપવાનો નિયમ કે પ્રતિજ્ઞા દરેક વૈષ્ણવે કરવાં જોઈએ. તો જ આપણે જે માર્ગમાં આવ્યાં છીએ તે માર્ગમાં શ્રીમહાપ્રભુજીની કૃપાનાં અધિકારી બની શકીએ અને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ શકે.

આવો ક્રમ માત્ર શરૂઆત કરવા પૂરતો જ છે. ધીમે ધીમે સેવાના સંપૂર્ણ ક્રમનો આગ્રહ રાખી, તે પ્રમાણે તત્પર થવું અનિવાર્ય છે. જીવનભર આ સૂક્ષ્મ ક્રમ પર્યાપ્ત ન જ ગણાય.

■

પરિશિષ્ટ ૧

ગો. શ્રી નિકુંજલતા બેટીજી દ્વારા પ્રકાશિત 'ભજનીયો વ્રજાધિપ:' પુસ્તિકામાંથી સાભાર

ઋતુ પ્રમાણે શૃંગાર સેવાપ્રકાર

શીતકાળમાં દરેક પ્રકારના જડાઉ શૃંગાર ધરે; હોળીના દિવસોમાં (વસંત પંચમીથી ડોલ સુધી) સોનાના તથા મીનાના શૃંગાર ધરે.

ઉષ્ણકાળમાં (અક્ષયતૃતીયાથી રથયાત્રા પર્યંત) મોતીના, છીપના તથા ચંદનના અને બાકીના દિવસોમાં વિવિધ પ્રકારના જડાઉ શૃંગાર ધરે.

શીતકાળમાં રૂવાળાં વસ્ત્રો ધરવાં. લાલન હોય તો પ્રથમ વાઘો, તેના ઉપર ફલગુલ અને તેના ઉપર ગદલ (રૂનો આત્મસુખ વાઘો) ધરવો. શ્રી ઠાકોરજી પાસે અંગીઠી (સગડી) ધરવી. મંગળભોગમાં સૌભાગ્ય સૂંઠ ધરાવવી. શૈયાજી પર રજાઈ ઓઢાડવી. ચિત્રજીને ઉપરથી રૂવાળું વસ્ત્ર તથા ચિત્રજીને અનુરૂપ ગદલ ધરાવવું. શીતકાળમાં વિવિધ પ્રકારનાં ફીકાં, દૂધઘર, અનસખડી તથા જાતજાતની સખડી આરોગે. સૂંઠવાળો ગોળ ભોગમાં ધરવો.

ઉષ્ણકાળમાં લાલનને વગર કિનારીની-છાપેલી અથવા સાદી ઓઢણી જ ધરાવવી. રામનવમીના બીજા દિવસથી ભીતરનો વાઘો નવરાત્રીના આગલા દિવસ સુધી ધરે નહિ. મોટા ઉત્સવ - જેવા કે જન્માષ્ટમી, રાધાઅષ્ટમી, શ્રીગોપીનાથજીનો ઉત્સવ, દશેરા, શરદપૂર્ણિમા, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ તથા રથયાત્રા - આ ઉત્સવો પર વાઘો ધરે. ચિત્રજી ઉષ્ણ કાળને અનુરૂપ વસ્ત્રો ધરે. અક્ષયતૃતીયાથી પાસે ચંદનની બરણી ધરવી. ઝારીજીની આગળ સફેદ વસ્ત્ર લપેટેલો માટીનો કુંજો ધરવો. પોઢતી વખતે પણ કુંજો તથા માટીનો કરવો(ઝારી) શય્યાજી પાસે ધરવો. કુંજો રાજભોગ સરાવ્યા પછી ધરવો.

શ્રીયમુનાજીના ભાવથી રાજભોગનાં દર્શનમાં ખંડપાટ ચોકી આગળ જળની પરાત ધરી તેમાં નાવ, કાચબા, માછલી વગેરે ચાંદીનાં ખિલૌનાં ધરવાં. મોગરો-ગુલાબ વગેરે ફૂલો પધરાવવાં.

અક્ષયતૃતીયાથી જન્માષ્ટમી સુધી ઝૂલાની શય્યા આવે. ઉષ્ણકાળમાં શ્રીઠાકોરજીના બિરાજવાના કબાટ અથવા મંદિરના બારણા પર બપોરે ખસના પડદા લગાવવા. તેના ઉપર પાણીનો છંટકાવ કરવો. આ પડદા રથયાત્રા સુધી આવે.

ઉષ્ણકાળમાં ભોગમાં ખાસ કરીને કાચી કેરીની ફાંક (ચીરી), કેરી તથા તેના ટુક તથા રસ, સકરટેટી વગેરેનો પનો, કાચી ભીંજાવેલી દાળ, છાશ; સખડી ધરાતી હોય તો દહીંભાત, રસભાત, શ્રીખંડભાત, ઘોર્યો સતવો વગેરે આવે. પાંચ, સાત કે નવ - આ પ્રકારે માળાની જોડ શયનમાં ધરવી. રોહિણી નક્ષત્ર બેઠા પછી ચંદનના વાઘા તથા ફૂલના શૃંગાર થાય. ઉષ્ણકાળમાં લાલ ફૂલ માળામાં વાપરવાં નહિ.

•

પરિશિષ્ટ ૨

ઉત્સવોનો પ્રકાર

જન્માષ્ટમી : શ્રાવણ વદ આઠમ

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે સૌથી વધુ મહત્ત્વનો ઉત્સવ છે. મંદિર જે ઓરડામાં હોય તે ઓરડાને બારણે તથા મંદિર ઉપર આસોપાલવનાં બંદનવાર(તોરણ) બાંધવાં. પહેલેથી શૃંગાર વગેરે સાફ કરી, તૂટેલા હોય તો તૈયાર કરી રાખવા. ચાંદીનાં જેટલાં ખિલૌનાં હોય તે પણ ચકચકિત સાફ કરી રાખવાં. આખા વર્ષમાં જોઈતી ગુંજામાળા જોડ વગેરે જન્માષ્ટમી પર લઈ આવવાં. નવી કેસરી કુલેહ તૈયાર કરવી. વસ્ત્રો તૈયાર કરી રાખવાં.

સાજ : મરૂન મખમલનો જરીકામ ભરેલો ભારે સાજ. આજે ગાદીતકિયા પર સફેદી રાખવી નહિ।

વસ્ત્ર : કેસરી કિનારીવાળાં. લાલન માટે ભીતરનો વાઘો તથા ઓઢણી. ઠાડા સ્વરૂપ યા ચિત્રસેવા માટે ચાકદાર.

શૃંગાર : કુલેહ-જોડ. **અત્તર** : ગુલાબનું.

સેવા : શ્રીઠાકોરજીને નિત્ય કરતાં વહેલા જગાડવા. વસ્ત્ર ધરી મંગળભોગ ધરવા. મંગળભોગમાં કેસરી દૂધ, માખણ તથા મિસરી ખાસ

ધરવાં. બીજી પણ જે બની આવે તે મંગળરૂપને અનુરૂપ સામગ્રીઓ ધરવી. ઝારી ભરી ધરવી. લાલન-સેવા હોય તો પંચામૃતની તૈયારી કરવી. ચિત્ર-સેવા હોય તો તેનો ભાવ કરવો.

પંચામૃત : એક થાળીમાં દૂધ, દહીં, ઘી, પીસેલી ખાંડ, મધ; બીજી થાળીમાં જળની લોટી, કંકુ-અક્ષત. ત્રીજી થાળી સ્નાનની; જે હલદીના અષ્ટદલ ઉપર પધરાવવી અને ભીતર સ્નાનચોકી પધરાવવી. મંગળભોગ સરાવી, આચમન મુખવસ્ત્ર કરી, સ્નાન ચોકી પર પધરાવી તિલક-અક્ષત કરી, પંચામૃત. પ્રથમ દૂધ-દહીં-ઘી-ખાંડ મધ; ફરીથી દૂધ. એ રીતે સ્નાન કરાવવું. જળથી સ્નાન કરાવી અભ્યંગ કરાવવું. આજે યમુનાજળ-ગુલાબ જળથી પણ સ્નાન કરાવવું.

શૃંગાર એકદમ ભારે કરવો. શૃંગારમાં વાઘનખા વગેરે ખાસ ધરવાં અને તે રાધાષ્ટમી પર્યન્ત ધરવાં. આજે શૃંગાર કરતી વખતે પણ બરફી વગેરે સુંદર સામગ્રી બાજુમાં રાખવી. પછી શૃંગારના દર્શનના ભાવથી બિરાજાવીને તિલક કરવું.

તિલક કરવાની રીત : એક થાળીમાં ભીના કરેલા કંકુની ગોળી, અક્ષત, શલાકા, બે બીડાં અથવા બીડી, બે શ્રીફળ (ગોળ ફરતું કંકુ લગાડેલું) ભેટ ધરવાનાં. બે રોકડા રૂપિયા વગેરે તૈયાર રાખવા.

શ્રીને પ્રથમ દર્પણ દેખાડી, શલાકા(ચાંદીની પાતળી સળી)થી એક તિલક કરી, સુંદર અક્ષત લગાડી, બીડા પર કંકુ લગાડી, શ્રીની જમણી બાજુ ગાદી પાસે ધરવાં તથા શ્રીફળ સાથે બે રૂપિયાની ભેટ પધરાવવી. દંડવત્ કરી પછી રાજભોગ ધરવા. આજે રાજભોગમાં વિશેષ સામગ્રીઓ ધરવી. પછી બધી સેવાઓ શયન સુધીની નિત્યવત્ પહોંચી શ્રીને પોઢાડી દેવા. વૈષ્ણવોને ત્યાં શ્રીઠાકોરજીને જાગરણ કરાવવાની જરૂર નથી.

નંદોત્સવ : શ્રાવણ વદ નોમ

શ્રીને વહેલી સવારે જગાડી મંગળભોગ સ્નાન, શૃંગાર વગેરે કરી (જન્માષ્ટમીનો જ ભારે શૃંગાર) મહાભોગના ભાવથી ઘણી બધી સામગ્રી ધરવી. પછી તૈયાર રાખેલા પલનામાં શ્રીઠાકોરજીને પધરાવી, નંદોત્સવ કીર્તન વગેરે કરવાં.

પલનાની તૈયારી : પલના ગુલાબનું તથા કેવડાનું ભરેલું યા ફૂલનું ભરેલું રાખવું. જો તે પણ સગવડ ન હોય તો સાદું રાખવું. અંદર ગાદી, પાતળા લાંબા તકિયા, પાટલી કરેલું કેસરી વસ્ત્ર, તકિયાની સામે નીચે હલદીથી ચૉક પૂરી, આસન બિછાવી ઉપર પલનું ધરવું. પલનાની ડાબી બાજુ પડઘા પર ઝારી પધરાવવી. જમણી બાજુ ભોગ ઢાંકીને પધરાવવા. ભોગ ઉપર ઢાંકવાનું વસ્ત્ર સુંદર ભરતકામ યા તોઈ કિનારીભરેલું ગોળ (થાળી આકારનું) ખાસ તૈયાર કરાવવું.

પલના પાસે ધરવાની સામગ્રી : માખણ, મિસરી તથા બીજી દૂધ-ઘરની સામગ્રીઓ પધરાવી ઢાંકી રાખવી.

રાધાષ્ટમી : ભાદરવા સુદ આઠમ

અભ્યંગ, કેસરી કિનારીનાં વસ્ત્રો, શૃંગાર કુલેહ જોડ, સામગ્રી કંઈક વિશેષ કરી ધરવી. (જન્માષ્ટમીથી લઈ રાધાષ્ટમી સુધી લીલાં, ભૂરાં, શ્યામ વસ્ત્રો ધરવાં નહિ.) કટુલા, વાઘનખ વગેરે શૃંગારમાં રોજ ધરવાં.

દાન એકાદશી : ભાદરવા સુદ એકાદશી

વસ્ત્ર-શૃંગાર : *ચિત્રસેવા* - મસ્તક પર મુગટ તથા કાછનીનો શૃંગાર. *લાલનને* પીતાંબરી વસ્ત્ર. આજે રાજભોગમાં દહીંની હાંડીઓ ખાસ ધરવી. બે પ્રકારના દહીંની હાંડીઓ ધરવી : ૧. ખાંડ પધરાવેલું મીઠું દહીં તથા ૨. નમક ને જીરૂ પધરાવેલું દહીં. આજથી પંદર દિવસ રોજ દહીંની હાંડીઓ ભોગમાં આવે.

વામન જયંતિ : ભાદરવા સુદ બારસ

જો દાન એકાદશી અને વામન દ્વાદશી એક જ દિવસે હોય, તો વસ્ત્ર ઉત્સવનાં, કેસરી તથા મસ્તક પર મુકુટનો શૃંગાર કરવો. જો વામન દ્વાદશી જુદી હોય તો કુલેહજોડનો શૃંગાર કરી, ઉત્સવની સામગ્રી ધરવી.

ભાદરવા સુદ પૂનમથી સાંઝી શરૂ થાય.

નવરાત્રિ ઉત્સવ : આસો સુદ પડવાથી નોમ

આજે અભ્યંગ થાય. આજથી દશેરા સુધી બસમાનાં વસ્ત્ર (ખડી છાપનાં) ધરવાં. પહેલે દિવસે લાલ વસ્ત્ર, પછી સફેદ, અમરસી, લીલાં, પીળાં, શ્યામ એમ અનુક્રમે દશેરા સુધી વસ્ત્ર ધરવાં.

શૃંગાર : પહેલે દિવસે લાલ બસમાની કુલેહ અને પાંચ ચંદ્રિકાનો જોડ. યવાંકુર (જવારા) આજે વાવવા.

સામગ્રી : નવ દિવસ રોજ વિશેષ સામગ્રી કરી ધરવી.

દશેરા : આસો સુદ દશમ

અભ્યંગ થાય. વાઘા-વસ્ત્ર શ્વેત જરીના.

શૃંગાર : શ્વેત જરીની કુલેહ, ઉપર પાંચ ચંદ્રિકાનો જોડ. સહેજ ભારે શૃંગાર. જેમને ત્યાં સાંજ સુધીનો સળંગ સેવાક્રમ પહોંચતો હોય, તેમણે ઉત્થાપનભોગ પછી જવારા ધરાવવાનો સમય થતાં, પ્રથમ તિલકાક્ષત કરી, કુલેહ-ચંદ્રિકાનો જોડ વડો કરી, યવાંકુર(જવારા)ની કલગી કુલેહ પર ધરાવવી. યવાંકુર ચરણારવિંદ પર પૂર્વાગ્ર યા ઉત્તરાગ્ર સમર્પવા.

માટની સામગ્રી ધરવી. માટ ન બને તો મઠડીઓ ધરવી. જેમને ત્યાં રાજભોગ પછીનો સેવાક્રમ બપોરે પહોંચી લેવાય છે તેમણે દશેરાને બીજે દિવસે ઉત્થાપનભોગની ભાવના પછી ઉપરોક્ત ક્રમ પહોંચવો.

શરદ પૂનમ : આસો સુદ પૂનમ

વાઘા-વસ્ત્ર શ્વેત સોનેરી બસમાનાં અથવા જરીનાં. મુગટ હીરાનો ધરાવવો. આભરણ હીરામોતીનાં.

સામગ્રી : દૂધ-પૌંઆ તથા સફેદ દૂધઘર, અનસખડી. જેમને ત્યાં સાંજ સુધીનો સળંગ સેવાક્રમ પહોંચતો હોય, તેમણે ચોતરાની સગવડ હોય તો ચોતરા પર, ચોતરો ન હોય તો સીડી, સિંહાસન કે પીઠિકાવાળી ચૉકી પર ચાંદનીની સજાવટ સાથે શ્રીઠાકોરજીને પધરાવવા. શરદનાં કીર્તન આવડતાં હોય તો કરવાં.

અનોસરમાં વિશેષ સામગ્રીઓ શૈયાજી પાસે ધરવી; જેમાં દૂધ-પૌંઆ, ખારાપૌંઆ, પેંડા, શ્રીખંડ, બાસુદી, સેવ, મગજ, માવાની ઘારી તથા અન્ય સામગ્રી, તળેલા તથા ખાંડ પાએલા સૂકામેવા વગેરે.

શય્યા નીચે સફેદ ચાંદની (વસ્ત્ર) બિછાવવી. શ્રીઅંગનો શૃંગાર વડો થાય, ગાદીનો શૃંગાર રહે. જેને ત્યાં રાજભોગ પછીનો સેવાક્રમ બપોરે

પહોંચી લેવાય છે, તેમણે પૂનમના બીજા દિવસે શયનભોગમાં શરદની સામગ્રી ધરવી અને રહી શકે તેવી સામગ્રી હોય, તો અનોસરમાં પણ શૈયા પાસે ઉપર દર્શાવેલી ચાંદનીની સજાવટ સાથે ધરાવી શકાય.

દિવાળી : આસો વદ અમાસ

વસ્ત્ર - સફેદ જરીનાં (આસો વદ નોમથી જરીનાં વસ્ત્ર શરૂ થઈ જાય, તે દેવપ્રબોધિની સુધી ધરે). એકાદશીએ શ્યામ જરી, બારસે પીળી, ધનતેરસે લીલી ને રૂપચતુર્દશીએ લાલ જરીનાં વસ્ત્ર ધરાય. અભ્યંગ થાય.

શૃંગાર : શ્વેત જરીની કુલેહ, એકદમ ભારે પાંચ ચંદ્રિકાનો જોડ. (આસો વદ નોમથી મસ્તક પર રોજ વસ્ત્ર પ્રમાણે ચીરા પણ ધરે અને બાદલાઈ ચંદ્રિકા)

સામગ્રી : વિશેષ સામગ્રી ધરવી. પાગ્યા (ખાંડ પાએલા) દીવડા ખાસ ધરવા. ઉપરાંત જે કંઈ બની આવે તે.

હટકીભોગ : અનસખડી (જો ધરતા હો તો) દૂધઘર, સૂકો મેવો, લીલો મેવો, ખાંડ પાએલા વરિયાળી-એલચી વગેરેના દાણા તથા બદામ, પીસ્તાં, ચારોળી, કાજુ, શીંગ, ખાંડનાં રમકડાં, ગુલાબનો શીરો, સફેદ કેસરી બરફી પેંડા તથા ફીકાંમાંથી જે બને તે - આ બધી સામગ્રીમાંથી યથાશક્તિ ધરાવી શકાય.

એક થાળીમાં બધી જાતના તેજાના - એલચી, લવિંગ, જાયફળ, જાવંત્રી, તજ, સોપારી, બરાસ, અંબર, કેસર, કસ્તૂરી વગેરેમાંથી યથાશક્ય તથા ગુલાબ કે કેવડાના અત્તરની શીશી સાજી પડઘા પર પાસે પધરાવવાં.

અન્નકૂટ : કારતક સુદ પડવો

વસ્ત્ર-વાઘા-શૃંગાર દિવાળી પ્રમાણે ધરવાં. વિશેષમાં ચંદ્રિકાના જોડની પાનની બંને બાજુ લાલ ગોકર્ણ કિનારીવાળા ધરાવવા.

અન્નકૂટની સામગ્રી : દૂધઘર, અનસખડી એ બધામાંથી જેટલી બની આવે તેટલી સામગ્રી ધરવી. સખડી ન ધરતાં હોઈએ, તો પણ દૂધઘરમાં વિશેષ સામગ્રીઓ અન્નકૂટના ભાવથી ધરવી.

અન્નકૂટ સાજવાનો પ્રકાર

૧. શ્રીઠાકોરજીની *ડાબી બાજુ* લીલામેવાની છાબ, ચટણીઓ, લૂણ, મરીની કટોરી, લીંબુની ચીરી, આદા-ચીરી; ***જમણી બાજુ*** માખણ-મિશ્રી, શ્રીખંડ, દહીં, બાસુદી તથા બંને બાજુ દૂધઘર - જેમાં પેંડા, જાતજાતની બરફી, હલવા, કોપરાપાક, પાગ્યા મેવા (ખાંડ પાએલા સૂકા મેવા) ભુંજેલા મેવા (છોડાં કાઢી નાખેલા મેવા) વગેરેમાંથી જે બની આવે તે.

૨. શ્રીઠાકોરજીની **સન્મુખથી** અનસખડી સાજવી. બુંદી, સક્કરપારા, ઠોર, ગુંજા, સેવૈયા, મેવાટી, મનોહર, દહીંથરાં, તવાપુરી, માખણવડાં, ચંદ્રકળા, જલેબી, ઘેબર, બાબર, ઇન્દરસા ફેણી, કપુરનારી, ચકલી સેવ, ચણા ફડફડિયા, ખાજાં વગેરેમાંથી જે બની આવે તે સામગ્રી સાજવી. બને તો કાચા સંધાના પણ ધરવા. ઉપરાંત, તમામ પ્રકારની ખીર, રાયતાં, શીરો વગેરેમાંથી જે બને તે ધરવાં.

૩. શ્રીઠાકોરજીની **સન્મુખ બરાબર મધ્યમાં** ભાતનો કોટ સાજવો. ***સૌ પ્રથમ ઘાસનું ગોળ વર્તુળ કરવું.*** નીચે હળદરથી અષ્ટદળ કરવું. વર્તુળ પર ભીંજવેલી સફેદ ચાદર બિછાવી, તેમાં સૌ પ્રથમ પાટિયાની પધરાવી, તેના પર ભાતનો કોટ સાજવો. કોટ પર વચ્ચોવચ શિખર અડધો બહાર અને અડધો અંદર રહે એ રીતે પધરાવવો. ચાર દિશામાં ચાર ગુંજા આવે. ભાતની ચારે તરફ તુલસીની માળા ધરવી, કોટ પર કેસર છાંટવું.

૪. ***વર્તુળની આજુબાજુ*** પ્રથમ મગ, પછી તુવેર-મગની દાળ, કઢી વગેરે સાજવાં. દરેક જાતનાં કઠોળ તથા શાક સાજવાં. તેની પાછળ આજુ બાજુ ઢોકળાં, પાતરાં, મૂઠિયાં, વડાં, મુંગોડી, કચોરી, ભજીયાં, પાપડ, તળેલી સુકવણી વગેરે સાજવી.

ભાઈબીજ : કારતક સુદ બીજ

અભ્યંગ થાય. **વસ્ત્ર** લાલ જરીનાં, મસ્તક પર ચીરા, પાઘ તથા બાદલાઈ ચંદ્રિકા. **શૃંગાર** સાધારણ ભારે.

સામગ્રી : સખડી ધરતા હોઈએ તો ખીચડી ખાસ ધરવી તથા અનસખડી દૂધઘરમાં એકાદ વિશેષ સામગ્રી ધરવી.

ગોપાષ્ટમી : કારતક સુદ ૮

વાઘા : શ્યામ અતલસનાં વસ્ત્ર, સાજ લાલ જરીના અથવા ગાયના ચિત્રવાળી પિછવાઈ. શૃંગાર પછી વસ્ત્રને ઠેકાણે જન્માષ્ટમીનું પીતાંબર ધરાવવું. **ઠાડાસ્વરૂપ યા ચિત્રસેવા હોય તો** ઠાડા-સ્વરૂપનાં વસ્ત્રો ધરાવવાં. લાલ જરીની કાછની, મેઘશ્યામ ચોળી, સૂથન કેસરી.

શૃંગાર : મસ્તકે હીરાનો મુગટ. તેના પર હીરાનાં યા સાદાં ગોકર્ણ.

સામગ્રી : ઇચ્છા મુજબ ધરાવવી.

શ્રીઠાકોરજીની સન્મુખ લાકડા વગેરેની જે ગાયો હોય તે ખાસ ધરવી. રાજભોગ સરાવી, આજે બને તો ગાયનું પૂજન ખાસ કરવું.

પ્રબોધિની : કારતક સુદ ૧૧

(આજ સુધી શૈયા વગેરે પર બે ચાદર આવતી હતી, તેને સ્થાને આજથી સંવત્સર સુધી એક ચાદર આવે).

વસ્ત્ર : લાલ જરીનાં. વધારે ઠંડી હોય તો રૂનો વાઘો. કોમળ તથા જરીની ઓઢણી. અતિશય ઠંડી હોય તો જરીનું ગદલ પણ ધરાવી શકાય. ઠંડી ન હોય તો જરીની ઓઢણી ધરાવવી. રૂ વિનાનો વાઘો ન ધરાવવો.

શૃંગાર : શ્રીમસ્તક પર લાલ જરીના ગોપપગા (છોર વગરના) પર અથવા પાઘ પર હીરાનો સહેરો ધરાવવો. શૃંગાર ભારે.

સામગ્રી : દૂધઘર અનસખડીમાં વિશેષ-સખડી ધરતાં હોઈએ, તો નિત્યની. આજથી ગોળ પણ નિત્યભોગમાં ધરવો.

મંડપ તૈયાર કરી, વચમાં શ્રીઠાકોરજીને બિરાજવા માટે સિંહાસન પધરાવવું. ચાર પાયાની પાસે શેરડીના સાંઠા સોળ-સોળ યા યથાશક્તિ ઊભા કરી, ઉપર-વચમાં ચારે એકઠાં કરી બાંધવાં. તેના પર નાડાછડી લપેટવી. આંબાનું તોરણ ચારે તરફ બાંધવું. પાસે એક ડબરામાં ચોળાની ભાજી, રીંગણ, શેરડીના વગર છોલેલા ટુક, સીતાફળ વગેરે પધરાવવાં. માટીની અંગીઠી ખડીથી રંગી તેના પર કુંકુમથી કોર રંગી રાખવી.

શ્રીઠાકોરજીને સવારે મંડપ હોય તો શૃંગાર કર્યા પછી પધરાવી, ફરગુલ અત્તર વગેરે પર શીતકાળનું અત્તર લગાડી, અંગીઠી પર જરા ગરમ કરી ઓઢાડવું. ઝારી પર આચ્છાદન વસ્ત્ર ઢાંકવું (આ આચ્છાદન વસ્ત્ર ડોલ પર્યન્ત ઝારી પર આવે).

ગુલાબજળ છાંટેલી ગંડેરી (શેરડીના છોલેલા ટુક), લીંબુની ચીરી તથા ઇચ્છા મુજબ બીજી સામગ્રી ધરવી (મંડપમાં જ). ઉત્સવભોગ જુદો ન ધરવો હોય, તો મંડપમાંથી શ્રીઠાકોરજીને પધરાવી, રાજભોગ સાથે પણ ધરી શકાય. પછી નિત્યવત્ સેવા પહોંચવી. જો સાંજે મંડપ હોય તો બીજે દિવસે વૈષ્ણવોને ત્યાં મંડપમાં બિરાજે (જે લોકો સવારની જ સેવા પહોંચતા હોય તેઓને માટે). *જો મંડપ તૈયાર કરવાની સુવિધા ન હોય* તો ચીતરેલો તૈયાર મંડપ (નાના કાગળ યા વસ્ત્ર પર તૈયાર કરેલો) પ્રભુ સન્મુખ પધરાવવો અને મંડપનો ભાવ કરવો.

ખાસ નોંધ : આજથી શીતકાળ શરૂ થઈ જાય છે; તેથી પાઘ, વસ્ત્ર, સામગ્રી, અત્તર વગેરે ઋતુ અનુરૂપ ધરવું. ફરગુલ-ગદલ ડોલ પર્યન્ત ધરે. આજથી મંગળામાં નિત્ય આત્મસુખ વાઘો ધરે; ઓઢણી ધરે નહિ.

તુલસીપૂજન : મંડપમાંથી શ્રીઠાકોરજી પધારી જાય, પછી તે જ મંડપમાં તુલસીનું કુંડું પધરાવી, કંકુ-અક્ષત કરી, નાની પ્રસાદી રેશમી ઓઢણી ઓઢાડવી. પ્રસાદીમાળા ધરાવી મિસરી કે પતાસાભોગ ધરવા અને ઝારી અથવા જળની લોટી બાજુમાં પધરાવવી. ત્રણ પ્રદક્ષિણા કરવી.

શ્રીગુસાંઈજીનો ઉત્સવ : માગસર વદ ૮

અભ્યંગ થાય. **વસ્ત્ર** : પીળાં રેશમી કિનારીનાં.

શૃંગાર : મસ્તક પર કુલેહ કેસરી, પાંચ ચંદ્રિકાની જોડ, ભારે શૃંગાર.

સામગ્રી : *મંગળભોગમાં* માખણ-મિસરી ઉપરાંત કેસરી દૂધ, પેંડા વગેરે ખાસ ધરવાં. આજથી રોજ સૌભાગ્યસૂંઠ ધરાવવી (ડોલ પર્યન્ત).

રાજભોગમાં - કેસરી બરફી, પંજરી, ખીર, બાસુદી, શ્રીખંડ તથા અન્ય બની આવે તે દૂધઘર, અનસખડી-સખડી ધરવી. આજે પ્રભુને જલેબી અવશ્ય ધરવી. અનસખડી ન ધરતાં હોઈએ તો બટાટાની દૂધઘરની પણ જલેબી ધરવી. રાજભોગમાં તિલક થાય. બાકી સેવા નિત્યવત્.

આજે ખાસ **'નામરત્નાખ્ય'**ના પાઠ બને તેટલા કરવા.

મકરસંક્રાન્તિ : પોષ વદ ૨

સાજ : વાઘાવસ્ત્ર પીળા બસમાનાં અથવા છીંટનાં. **શૃંગાર** : શ્રીમસ્તક પર જડાઉનો કિરીટ અથવા પાઘ. ચંદ્રિકાશૃંગાર મધ્યના.

સામગ્રી : મગની ખીચડી, સાત ધાનનો ખીચડો, ગોદડિયા પુવા અથવા ગોળના ગળ્યા પૂડા, તલસરી(તલવા) ખાંડ અને ગોળની.

પુણ્યકાળ સવારે હોય તો રાજભોગ તલસરીભોગ આવે. સાંજે હોય તો ઉત્થાપનથી માંડી શયનભોગ સુધીના સમીપ કાળમાં તલસરીભોગ ધરવો. (સાંજે શ્રી...ને ન જગાડતાં હોઈએ તો બીજે દિવસે ધરવો.) શયનભોગમાં ઘઉંનો મીઠો ખીચડો આવે. અનોસરમાં તલસરી ન સમર્પવી.

વસંતપંચમી : મહા સુદ પાંચમ

આજથી ૪૦ દિવસ શ્રીઠાકોરજી હોળીખેલ ખેલે છે. અભ્યંગ થાય. **વસ્ત્ર** - સફેદ સાટીનનાં, લાલ મગજી(ગોટ)વાળાં, કિનારી વગરનો વાઘો તથા ફરગુલ ધરે (ઠંડી ન હોય તો ઓઢણી), **પિછવાઈ સાજ** - સફેદ સાદો.

આજથી મહા સુદ બારસ સુધી વસંતપંચમીનાં વસ્ત્ર આવે. પછી શ્વેત વસ્ત્રો ઉપરાંત લીલો, ગુલાબી, (ક્યારેક)મરૂન તથા વાસંતી વસ્ત્રો આવે. ગુલાબી તેમજ વાસંતી વસ્ત્રો પર પાતળી કિનારી આવે, સફેદ પર નહીં.

શૃંગાર : શ્વેત કુલેહ, પાંચ ચંદ્રિકાનો જોડ, સોનાનાં આભરણ. ડોલ પર્યન્ત સોના-મીનાનાં આભરણો આવે.

સામગ્રી : યથા-સગવડ ઉત્સવ તરીકે વિશેષ કંઈક ધરવું. રાજભોગ ધરી કળશ તૈયાર કરવો (જો અનુકૂળતા હોય તો). રાજભોગ સરાવી, આચમન મુખવસ્ત્ર કરી, બીડી આરોગાવી, આભરણ પર આડું સફેદ વસ્ત્ર ઢાંકવું. ઉપર માળા ધરાવી, ઝારી-બંટા પણ સફેદ વસ્ત્રથી ઢાંકી દેવા.

શ્રીઠાકોરજીને ખેલાવવા કેસર, ચોવા, ગુલાલ, અબીલ - આ ક્રમથી વાઘા-કુલેહ વગેરે સાધારણ ખેલાવવા. **પિછવાઈ**, સીડી વગેરે પર પણ ખેલાવવું. પછી બધાં સફેદ વસ્ત્રો (ઢાંકેલાં) વડાં કરી લેવાં. માળા વગેરે વડાં કરી, ખેલના થાળમાં પધરાવી, થાળ શૈયા પાસે પધરાવવો. રાજભોગની માળા ધરી, દર્પણ દેખાડી નિત્યવત્ સેવા પહોંચવી.

વિશેષ : નિત્ય ખેલ વખતે શ્રીઠાકારજીની જમણી તરફ પેંડા-બરફી, ધાણી, દાળિયા વગેરે ફગુવાની ધરવી. થાળી ખેલ વખતે ઢાંકી દેવી, પછી અનોસરમાં પધરાવવી. ખેલમાં ચોકી ન રહે.

કુંજ એકાદશી (ફાગણ સુદ ૧૧), **તેરસના બગીચા** વગેરે ઉત્સવો પર પ્રભુને નાની કુંજ તથા બગીચા તૈયાર કરી, તેમાં પધરાવી ખેલાવવા. ખેલ ભારે હોય તો વિશેષ સામગ્રીભોગ ધરવો.

હોળીનો ઉત્સવ : ફાગણ સુદ ૧૪

અભ્યંગ થાય. **વાઘાવસ્ત્ર** : ઓઢણી ફાગુનિયાની, ચુંદડીની કોર.

શૃંગાર : શ્રીમસ્તક પર પાઘ શ્વેત ખિડકીની, જરીની, બાદલાઈ ચંદ્રિકા, આભરણ મોતી-હીરા-સુવર્ણનાં.

સામગ્રી : ગોદડિયા પુવા, પાટિયાની સેવ, બિલસારુ. સખડી ધરતાં હોઈએ તો ઉત્સવની સખડી, ફગુવામાં જુવાર-ધાણી વઘારેલી. કેવળ દૂધઘર ધરતાં હોય તો ગુલાબજાંબુ વગેરે સામગ્રી ધરવી. આજે ખેલ ખૂબ ભારે થાય. શયનમાં તૂરો ધરે.

ડોલોત્સવ : ફાગણ વદ ૧

અભ્યંગ થાય. **વાઘાવસ્ત્ર** : શ્વેત રેશમી, લાલ હાસિયાના વાઘા, ઓઢણી. **શૃંગાર** : શ્રીમસ્તક પર શ્વેત કુલેહ, પાંચ ચંદ્રિકાનો જોડ. મોતી, સુવર્ણનો ભારે શૃંગાર. હીરાનાં કુંડલ.

રાજભોગ ધરી, સરાવી, આચમન મુખવસ્ત્ર કરી, બીડી આરોગાવી, માળા ધરાવી, ખંડપાટ ચોકી માંડી, દર્પણ વગેરે દેખાડી, રાજભોગ દર્શનનો ભાવ કરી, ડોલમાં શ્રીઠાકોરજીને પધરાવવા. ઝારી ડોલની બહાર પડઘી પર પધરાવવી. બીડાનો બંટો તથા વેણુ, મુખવસ્ત્ર વગેરે ડોલમાં પ્રભુની જમણી તરફ ધરવાં. ઝારી-બંટા વગેરે પર ઉપરણા ઓઢાડી દેવા. ગાદીનાં આભરણ પર આજે રોજની જેમ વસ્ત્ર ઢાંકવું નહીં, આભરણ ખુલ્લાં જ રહે.

ડોલમાં ગાદીની પાસે માખણ, મિસરી, મલાઈ, ભૂંજેલા મેવા (પાંચ જાતના), બદામ વગેરે ધરી, કેળનાં પાનથી ઢાંકી ઉપર ઉપરણો ઢાંકવો.

પછી યથાક્રમ શ્રીઠાકોરજીને ખૂબ ભારે ખેલાવવા. ડોલની ઝાલર, બાંધેલાં પાન, પિછવાઈ બધું જ ખૂબ ભારે ખેલાવવું.

પછી ડોલમાંથી બહાર-નીચે ચોકી પર પધરાવવા. શૃંગાર-વાઘો વડાં કરી, શ્રીમુખ કોમળ ભીના વસ્ત્રથી પોંછી, પછી સૂકા વસ્ત્રથી પોંછવું. વાઘો ભીંજાયેલો હોય તો સૂકવીને પાછો તે જ ધરવો. કુલેહ પણ તે જ રહે. શૃંગાર મોતીના હલકા ધરવા. પછી ઉત્થાપનભોગ, શયનભોગ વગેરે નિત્યવત્ સેવા પહોંચવી. જો રાજભોગ સુધીની જ સેવા હોય, તો ઉપર પ્રમાણે ડોલમાંથી બહાર પધરાવી, શૃંગાર વડા કરવા સુધીની સેવા પહોંચી, પ્રભુને પોઢાડી દેવા.

દ્વિતીયાપાટ : ફાગણ વદ ૨

અભ્યંગ થાય. **વસ્ત્ર-સાજ** : લાલ જરીનાં (આજથી પાંચ દિવસ જરીનાં વસ્ત્રો). શ્રીમસ્તક પર **શૃંગાર** કુલેહજોડ. આભરણ હીરા-મોતીનાં, સાત દિવસ ગાદી પર સફેદી બિછાવવી નહીં, મખમલની રહે. ગુલાબની ફૂલમંડળી. *આજથી ફૂલમંડળી શરૂ થાય.*

સામગ્રી : સગવડ મુજબ.

વિશેષ નોંધ - આજથી છઠ સુધી જરીનાં વસ્ત્રો ધરાય અને ફાગણ વદ સાતમથી બસમાનાં વસ્ત્રો ધરાય.

સંવત્સર : ચૈત્ર સુદ ૧

અભ્યંગ થાય. **વાઘાવસ્ત્ર-સાજ-પિછવાઈ** લાલ બસમાનાં. **શૃંગાર** : કુલેહ લાલ બસમાની. પાંચ ચંદ્રિકાનો જોડ. આભરણ પન્ના-હીરાનાં.

સામગ્રી : યથેચ્છ. વિશેષમાં-રાજભોગમાં આખી લીમડાની કૂંપળ, તથા મિસરીના નાના ટુક ખાસ ધરવા. રાજભોગમાં ફૂલમંડળી. **ચૈત્ર સુદ ત્રીજથી** ચૂંદડીનાં વસ્ત્રો લાલ, પીળાં વગેરે. બાદ લહેરિયાનાં તથા સારા મલમલનાં કિનારીવાળાં.

રામનવમી : ચૈત્ર સુદ ૯

અભ્યંગ થાય. વાઘાવસ્ત્ર : કેસરી કિનારીવાળાં (ચૈત્ર સુદ દશમથી *ધનતેરસ સુધી* ભીતર આત્મસુખનો વાઘો ન ધરે.)

શૃંગાર : કુલેહ. પાંચ ચંદ્રિકાનો જોડ. ક્ષુદ્રઘંટિકા પણ ધરાવવી. શ્રી રામચંદ્રજી હાસ્યનું સ્વરૂપ છે. હાસ્ય શુભ છે, એટલે હીરાનાં આભરણ વિશેષ ધરે. *આજથી પ્રભુને પંખો કરવો* તથા શય્યા પાસે પણ પંખા રહે.

સામગ્રી : પંજરી તથા ઉત્સવની સામગ્રી.

તિલક : રાજભોગમાં તિલક કરવું.

વિશેષ નોંધ : ચૈત્ર સુદ ૧૧ થી ચૂંદડી તથા લહેરિયાનાં વસ્ત્રો.

શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ : ચૈત્ર વદ ૧૧

અભ્યંગ થાય. **વાઘાવસ્ત્ર** : કેસરી નવા મલમલ પર કિનારીવાળાં. **સાજ** : જન્માષ્ટમીનો યા ભારે કેસરી. **શૃંગાર** : કેસરી કુલેહ પાંચ ચંદ્રિકાનો જોડ. શૃંગાર ભારે જન્માષ્ટમી જેવો.

સામગ્રી : મંગળભોગમાં-કેસરી દૂધ, કેસરી પેંડા, મલાઈ, માખણ, મિસરી વગેરે ખાસ ધરવાં.

રાજભોગમાં : પંજરી, મલાઈ, દૂધપુરી, બાસુદી, શ્રીખંડ, કેસરી બરફી, પેંડા, માખણમિસરી, સંજાબની ખીર, સક્કરપારા, જલેબી, બુંદી, સેવના લાડુ. **સખડીમાં** : ઉત્સવની સખડી-દહીંભાત, મીઠો ભાત, વડીભાત, સિખરનભાત, ખંડરા, તિનકુરા, પકોડીની કઢી, છાશવડાં, પાપડ, શાક, સંધાના, તળેલી સુકવણી, પૂરી – યથાશક્તિ સામગ્રી ધરવી.

ભોગ સરાવી, આચમન મુખવસ્ત્ર કરી, બીડી આરોગાવી, માળા ધરી, નવી ઝારી ભરી, પધરાવવી. રાજભોગનાં દર્શનનો ભાવ વિચારવો. દર્પણ દેખાડી ભીના કંકુનું **તિલક** કરવું. ક્રમ જન્માષ્ટમીના તિલકમાં જોઈ લેવો. પછી નિત્યવત્ સેવા પહોંચવી અને બને તેટલા *શ્રીસર્વોત્તમસ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક તથા સપ્તશ્લોકીના પાઠ કરવા.*

અક્ષયતૃતીયા : વૈશાખ સુદ ૩

અભ્યંગ થાય. **વાઘાવસ્ત્ર** : શ્વેત ઝીણા મુલાયમ મલમલનાં, કેસરની કોરવાળાં.

શૃંગાર : શ્રીમસ્તક પર શ્વેત ગોટીપગો (છોડની કોર કેસરની), સાદી ચંદ્રિકા, આભરણ મોતીનાં, શૃંગાર આછો.

સામગ્રી : આંબાકેરી, ફાલસાનો પનો, ખરબૂજાનો પનો, મિસરીનો પનો. નિત્યની સખડી, કઢીને બદલે પકોડીની જાડી છાશ. હીંગ અને જીરાનો વઘાર કરવો.

રાજભોગ પછી પ્રભુને ચંદનની ગોળી સમર્પવી. પહેલાં એક ગોળી વક્ષ:સ્થળ પર, બીજી જમણા શ્રીહસ્તમાં (સાંકળાં પહેરે એ સ્થાને). એવી જ રીતે એક ગોળી ડાબા શ્રીહસ્તમાં, અને એક ગોળી જમણા ચરણારવિંદમાં, પગપાન રહે છે ત્યાં; અને એક ગોળી ચરણારવિંદના તળમાં સમર્પવી. ચિત્રસેવા હોય તો તે જ પ્રકારે તળ-ચરણ ઉપર ચંદનની ગોળી સમર્પવી. માળા ધરી તુલસી ચરણમાં સમર્પી, હાથમાં નવા પંખા લઈ, કિંચિત્ પંખા કરી, તકિયા પાછળ ધરવા. માટીનો કુંજો વસ્ત્ર લપેટેલો ઝારીની આગળ ધરવો. શ્વેત ચંદનની બરણી બંટા આગળ ધરવી.

ચંદનની ગોળી તૈયાર કરવાની રીત :

શ્વેત ગાઢું ચંદન હોય તેને ઝીણા વસ્ત્રમાં લઈ, નિચોવી, તેમાં જરાક ચોવા, બરાસ તથા ગુલાબજળ મેળવી, પાંચ ગોળી ચણા જેવડી પ્રભુને સમર્પવા તૈયાર કરી રાખવી.

વિશેષ નોંધ : આજથી ઉષ્ણકાળની સેવા શરૂ થાય. આજથી ખસના પડદા, ફુવારા, શય્યાનો હિંડોળો (ઝૂલો) શરૂ થાય. **શૃંગારમાં** છીપ તથા મોતીના હલકા શૃંગાર રથયાત્રા સુધી ધરે તથા **વસ્ત્રો** પણ સફેદ ઝીણાં છાપેલાં (ચોવા-ચંદનનાં) તથા આછા રંગનાં. ચોકી આગળ યમુનાજળ ભરેલી પરાત ધરવી, જેમાં પુષ્પો તથા ચાંદીનાં ખિલૌનાં પધરાવેલાં હોય. સુખડનાં ખિલૌનાં સીડીપાટ પર ધરવાં. સામગ્રીમાં શીતળતા આપે તેવી સામગ્રી ધરવી તથા ઉત્થાપનમાં યા તે ભાવથી નિત્યભોગ વખતે જ ભીંજવેલી કાચી મગની તેમજ ચણાની દાળ નમક-મરી પધરાવેલી વારાફરતી ધરવી. મિસરીનો પનો ખાસ ધરવો.

માટીના કુંજા નિત્ય રાજભોગ સર્યા પછી જ ધરાવાય. ચાંદીની ઝારી પણ નિત્ય આવે. કુંજા પાછળ તથા અનોસરમાં માટીના કરવા તથા કુંજો પધરાવવો. સંખડીભોગમાં માટીનાં પાત્ર ન રહે. **અત્તર** - ખસ, રાતરાણી, બોરસલી, ચમેલી વગેરેનું વાપરવું. શય્યાજીની ગાદી પર મલમલની

ચાદર નીચે સુંવાળું-જાડું વસ્ત્ર બિછાવવું. ઉપરની ચાદર પણ સુંવાળી-સફેદ મલમલની.

એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે ઉષ્ણકાળ હોય કે ગમે તે ઋતુ, પણ પોઢાવતી વખતે નિત્ય શ્રીઠાકોરજીનું મુખારવિંદ ચાદરથી ઢાંકી દેવું. મુખારવિંદ ઉપરથી ચાદર લઈ, મસ્તક તરફ ગાદી નીચે ચાદર ખોસવી. પોઢાવ્યા પછી કિંચિત્ પંખો કરવો.

પીઠિકાના પંખા નિત્ય રાજભોગ સમયે ધરવા (હિંડોળા ઊતરે ત્યાં સુધી-ખસના યા કિનારી વગરના). નિત્ય રાજભોગ વખતે ચંદનની બરણી ધરવી. તે જ બરણી, પછી અનોરસમાં પાસે ધરવી. નિત્ય શ્રીઅંગમાં ચંદન સમર્પવું નહીં. રોહિણી નક્ષત્ર બેઠા પછી ૧૫ દિવસ ચંદનના વાઘા-ફૂલના શૃંગાર ધરે-રાજભોગમાં.

નૃસિંહ જયંતિ : વૈશાખ સુદ ૧૪

અભ્યંગ થાય. **વસ્ત્ર** : કેસરી-ચોવાનાં કોરવાળાં. **શૃંગાર** : કેસરી કુલેહ, નાની જોડ ૩ ચંદ્રિકાની. હીરાનાં મકરાકૃતિ કુંડલ, આછો શૃંગાર.

સામગ્રી : યથેચ્છ. મિસરીનો પનો ખાસ ધરવો.

સ્નાનયાત્રા : જેઠ સુદ ૧૫

વસ્ત્ર : ઓઢણી મલમલની, સફેલ ચોવાના છાપાની. **શૃંગાર** : ગોપપગો અથવા ફેંટો કેસરના છાપાનો, હલકો શૃંગાર. સાદી ચંદ્રિકા.

આજે પ્રભુને જગાડી, મંગળભોગ ધરી, હળદરના પૂરેલા ચોક પર થાળ મૂકવો. તેમાં સ્નાનનો પીઢો પધરાવી, તેના પર શ્વેત વસ્ત્ર બિછાવવું. જળનો હાંડો તૈયાર કરવો. પ્રભુને શ્રીહસ્તમાં મોતીની લડ તથા કંઠાભરણ રાખવું. તિલકાક્ષત કરી સુગંધી જળથી સ્નાન કરાવવું. જળમાં સહેજ કેસરવાળું ચંદન, ગુલાબનું અત્તર, બરાસ, જરાક ચોવા વગેરે સિદ્ધ કરી પધરાવવું. બાદ ઉપરનો શૃંગાર ધરવો.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ચારોળી તથા કોપરાની ગોળી, ગુલાબજળ મેળવેલો મિસરીનો પનો, અંકુરી (સણગાવેલા મગ), આમ (કેરી)ના ટોકરા, કેરીના ગોટલાનો ખિલસારૂ, કેરીનો રસ વગેરે ધરવાં. આજથી ઉત્થાપનમાં કાચી દાળ અને વઘારેલી અંકુરી ધરવી.

રથયાત્રા : અષાઢ સુદ ૨

અભ્યંગ થાય. વાઘો શ્વેત કિનારીનો, ઓઢણી શ્વેત કિનારીની.

શૃંગાર : શ્રીમસ્તક પર કુલેહ શ્વેત, ગોટીમાં સોનેરી ચિત્ર, તેની ઉપર ઝીણું વસ્ત્ર આવે. પાંચ ચંદ્રિકાનો જોડ, આભરણ હીરાનાં.

સામગ્રી : વિશેષમાં બીજ-ચારોળી-કોપરાપાકની ગોળી, કેરીના ગોટલાનું બિલસારૂ, અંકુરી, કેરીની બરફી, રસ તથા આખી કેરી, કોપરું, બાસુદી, કેરીનો મુરબ્બો તથા પેંઠાનો મુરબ્બો, તળેલા મેવા, ખાંડ પાએલા મેવા, આ બધાંમાંથી જે બને તે સામગ્રી ધરવી.

રાજભોગ સરાવી આચમન, મુખવસ્ત્ર, બીડી સુધીની સેવા પહોંચી ઝારી ભરી, માળા ધરાવી, રાજભોગ સુધીનો ક્રમ પહોંચવો. પછી પ્રભુને રથમાં પધરાવવા. રથના ઘોડાના શૃંગાર કરવા. રથમાં ગાદીની બંને બાજુ ભૂંજેલાં બદામ-ચારોળી, પિસ્તાં, મગફળી, કોળાનાં બીજ, ખરબૂજનાં બીજ, કાચી બદામ, મિસરીની ટુક, માખણ-મિસરી વગેરે યથાશક્તિ ધરી, પાતળ ઢાંકી, રેશમી વસ્ત્ર ઢાંકવું. રથ થોડો ચારે તરફ ફેરવી, પછી શ્રીઠાકોરજીને સિંહાસન પર પધરાવી, નિત્યવત્ સેવા પહોંચવી.

વિશેષ નોંધ : આજથી કિનારીનાં વસ્ત્રો આવે. હવે માટીના કુંજા કરવા બંધ થાય તથા ચાંદીનો કુંજો રાજભોગમાં ઝારી આગળ આવે. જન્માષ્ટમી પર્યંત ખસની જાળી-ફુવારા પણ નહીં આવે. ઉત્થાપનમાં ધરાતો મિસરીનો પનો જન્માષ્ટમી સુધી આવે; પણ કાચી દાળ, અંકુરી વગેરે નહીં આવે.

શૃંગાર : છીપના-ચંદનના નહીં આવે. મોતીના ધરે. સવારે ચંદન નહીં. શયનમાં તથા અનોસરમાં કેસરી ચંદનની બરણી આવે. હિંડોળાની શય્યા જન્માષ્ટમી સુધી આવે. સિંહાસનના પંખા હિંડોળા સુધી રહે. મલ્હારનાં પદો શરૂ થાય.

હિંડોળા પ્રારંભ : અષાઢ વદ ૨

અભ્યંગ થાય. કસૂંબલ પહોળી કિનારીનાં (લાલ) **વસ્ત્ર તથા સાજ**. **શૃંગાર** : કસૂંબલ (લાલ) પાઘ, બાદલાઈ ચંદ્રિકા. શૃંગાર સાધારણ ભારે-હીરાનો.

ભોગ સરાવી, નિત્યસેવા પહોંચી, પ્રભુને હિંડોળામાં પધરાવવા. (જો સાંજના સેવા ન કરતાં હોય તો સવારે) હિંડોળામાં બીડાના ખંટા, મુખવસ્ત્ર વગેરે ધરવાં. ઝારી ધરવી. હિંડોળાનાં પદ ગાવાં તથા પ્રભુને ઝુલાવવા. બાદ શયન સુધીની સેવા પહોંચવી.

પવિત્રા અગિયારસ : શ્રાવણ સુદ ૧૧

વસ્ત્ર : કસૂંબલ પહોળી કિનારીનાં. **શૃંગાર** : શ્રીમસ્તક ઉપર હીરાનો મુગટ, એક થાળીમાં પવિત્રાં ગોઠવી રાખવાં. મોટી મિસરીની કટોરી તૈયાર રાખવી.

દંડવત્ કરી, પવિત્રાં પ્રભુને ધરાવવાં. પ્રથમ એક પવિત્રું સૂતરનું (૩૬૦ તારવાળું) ધરાવવું. પછી અનુક્રમે ગુજરાતી પવિત્રાં ૪, સોનેરી જરીનું ૧, રૂપેરી ૧ ધરાવી, ચાર ફૂલમાળા ધરાવવી. વધારે પવિત્રાં હોય તો ભેગાં કરી, ગાદી પર લગાવી સિંહાસનની પીઠ, તકિયા તથા સીડી પર લટકતાં ધરવાં. પછી માળા ધરાવી, ગદ્યમંત્ર બોલી, ચરણારવિંદમાં તુલસી સમર્પવી. કટોરામાં મિસરી ઢાંકી, બાજુ પર ધરવી. શ્રીફળ ૨ પ્રભુને ધરી દંડવત્ કરવાં. પછી રાજભોગ ધરવો. સામગ્રી નિત્યની.

જો સાંજના ભોગ સમયે પવિત્રાં ધરાવવાનાં હોય, તો બારસને દિવસે ધરાવવાં. પછી હિંડોળામાં પધરાવીને નિત્યનિયમ મુજબ સેવા પહોંચવી.

રાખી પૂનમ : શ્રાવણ સુદ પૂનમ (રક્ષાબંધન)

અભ્યંગ થાય. **વસ્ત્ર** : કસૂંબલ પહોળી કિનારીવાળાં. **શૃંગાર** : લાલ કુલેહ, ચંદ્રિકાજોડ, વિશેષમાં પવિત્રાં જરીનાં ૨, સાદાં ૨ ધરવાં.

થાળીમાં કંકુ-અક્ષત તથા ઝીણાં મોતી લગાડેલી બે રાખડી નારંગી રંગની, બધું તૈયાર કરી રાખવું. શૃંગાર ધર્યા પછી દંડવત્ કરી, તિલકાક્ષત કરી, પ્રથમ જમણા શ્રીહસ્તમાં, પછી ડાબામાં રાખડી ધરાવવી. વધારે હોય તો ચરણારવિન્દમાં ધરવી. તુલસી સમર્પી ફૂલની માળા ધરવી.

જો સાંજે રાખડી ધરાવવાની હોય તો બીજે દિવસે ધરાવવી.

સામગ્રી : ગોળપાપડી ખાંડની તથા ગોળની તથા દૂધઘર, અનસખડી જે કંઈ ધરતાં હોઈએ તેમાં વિશેષ ધરવી.

રાખીથી બેસનની વસ્તુ(ફીકાં) રાજભોગમાં ધરાય.

શ્રાવણ વદ ૭

વાઘાવસ્ત્ર : લાલ કિનારીનાં. મસ્તક પર લાલ પાઘ, સાદી ચંદ્રિકા.

શયનભોગમાં છઠ્ઠીનો ભોગ ધરવો. શયન ન કરતાં હોઈએ તો રાજભોગમાં જ ધરવો.

સામગ્રી : કેસરી દૂધનો કટોરો, હીંગથી વઘારેલી સૂંઠની ભુકની, ખુરાની કટોરી, સંધાનું, ગુલાબના ફૂલની પાંખડીનો શીરો, શાક-પુરી વગેરે ભોગ ધરવાં.

* * *

પરિશિષ્ટ ૩

પુષ્ટિ-રહસ્ય ચર્ચા

પૂ.પા. ગો. શ્રીબાલકૃષ્ણલાલજી (સુરત)

(આ પરિશિષ્ટમાં વૈષ્ણવોને સેવા-સંબંધી મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું છે.)

માલતી : મિસરીભોગના શ્રીઠાકોરજી એટલે શું ?

બાવાશ્રી : વાસ્તવમાં તો આપણે ત્યાં **'યથા દેહે તથા દેવે'** એ રીતનો જ સેવાપ્રકાર છે. એટલે ઠાકોરજીને યથાવત્ જ ભોગ ધરાવવા જોઈએ. આમ છતાં, વિવિધ કારણોસર સમય અને સગવડ ન હોય અને એથી જીવ સદંતર ભગવદ્-વિમુખ બની જાય એવું ન બને, એટલા ખાતર સંપ્રદાયના મહાનુભાવોએ શ્રીઠાકોરજીને જગાવી, મિસરીભોગ ધરી, ઝારીજી ભરી, પછી શ્રીઠાકોરજીને પોઢાડી જીવ નિત્યકામમાં લાગે એવો સૂક્ષ્મ પ્રકાર કેવળ જીવના હિતાર્થે વિચાર્યો છે, અને એ મુજબ એવા જીવોને એ પ્રકારે સેવા કરવાની આજ્ઞા આપે છે.

નેહા : પણ મિસરીભોગના શ્રીઠાકોરજીને નાગરી ન આરોગાવી શકાય ?

બાવાશ્રી : મિસરીભોગના શ્રીઠાકોરજીને નાગરી દૂધઘર આરોગાવી શકાય.

અતુલ : જેમની પાસે મિસરીભોગના શ્રીઠાકોરજીને સ્નાન-શૃંગારાદિ કરાવવા માટે સમય હોય, તેઓ તે કરાવી શકે ? તેની ભાવના મિસરીથી કરી શકે ?

બાવાશ્રી : મિસરીભોગના શ્રીઠાકોરજીને જગાવી, મંગળભોગ ધરી, પછી સ્નાનવેળા શૃંગારભોગ ચોકી પર ધરી, સ્નાન કરાવી, શૃંગાર કરી, શૃંગારભોગ સન્મુખ ધરી, પલનાભોગની ભાવના કરી, પછી રાજભોગ, એ પછી થોડી વારે ઉત્થાપનભોગ અને પછી સંધ્યાની ભાવના કરી, શયન ભોગ. એ રીતે સેવાપ્રકાર કરી શકાય. બધા ભોગોમાં મિસરીથી ભાવના કરી શકાય.

દીપક : વૈષ્ણવોને ત્યાં યથાવત્ સેવાપ્રકાર હોય તેમણે કઈ રીતે પહોંચવું ?

બાવાશ્રી : શ્રીઠાકોરજીને જગાવી, ગાદીજી પર બિરાજમાન કરી, શ્રીમસ્તક પર ટોપી ધરાવી મંગળભોગ ધરવો. મંગળભોગમાં દૂધ, દહીં, મલાઈ, માખણ-મિસરી, ઠોર, સંધાનાં વગેરેમાંથી યથાશક્ય ધરાવવું.

પ્રીતિ : શૃંગારભોગ ક્યારે આવે ?

બાવાશ્રી : મંગળભોગ પછી શ્રીઠાકોરજીને સ્નાન થાય. સ્નાન વેળા એક બાજુ ચોકી પર શૃંગારભોગ ધરવો. શૃંગારભોગમાં નાના ઠોર અથવા નાગરી, દૂધઘર, ખોવા, બૂરું, લીલો મેવો, ભૂંજેલો મેવો, કાચો મેવો વગેરેમાંથી યથાશક્ય ધરાવવું. શૃંગાર ધરાઈ રહ્યા પછી જે શૃંગારભોગ બાજુમાં મૂક્યો હોય તે સન્મુખ ધરાવી શકાય.

મીના : વૈષ્ણવોને ત્યાં પલનાભોગ આવી શકે ?

બાવાશ્રી : વૈષ્ણવોને ત્યાં સગવડ હોય તો પલના થઈ શકે, પલના ભોગ પણ આવી શકે. પલનાની સગવડ ન હોય તો પલનાની ભાવના કરી; ખિલૌનાં, ઝુનઝુના, ચકરડી સન્મુખ ધરવાં. ભાવના કરવી. પલનાભોગમાં દૂધઘર, નાગરી, સૂકો મેવો, લીલો મેવો વગેરેમાંથી યથાશક્ય ધરાવવું.

રાજન : રાજભોગમાં કઈ કઈ સામગ્રીઓ ધરાવી શકાય ?

બાવાશ્રી : રાજભોગમાં દૂધઘર, નાગરી, અનસખડી, સૂકો મેવો, સંધાનાં વગેરે તમામ પ્રકારની સામગ્રીઓ શક્તિ પ્રમાણે ધરી શકાય.

જેઓને સખડી સામગ્રી ધરાવવાની આજ્ઞા ન હોય તેઓ સખડી સિવાયની બીજા પ્રકારની સામગ્રી એટલે કે નાગરી, દૂધઘર, અનસખડી વગેરે શક્તિ મુજબ ધરાવી શકે.

રાકેશ : જેમને ત્યાં આખા દિવસનો સેવાપ્રકાર ન હોય, તેમણે રાજભોગ પછીના ઉત્થાપન આદિનો પ્રકાર કઈ રીતે પહોંચવો ?

બાવાશ્રી : રાજભોગ સરાવ્યા પછી આચમન, મુખવસ્ત્ર કરાવી, બીડી ધરાવી ભાવના કરવી. ૫-૧૦ મિનિટ રહીને ઉત્થાપન ભોગ ધરવો. ઉત્થાપન ભોગમાં ઋતુ અનુસાર લીલો મેવો આવે. ખોવા, મલાઈ, થપડી, સંધાનાં પણ યથાશક્ય ધરી શકાય. એ પછી ભોગસંધ્યાની ભાવના કરવી. પછી શૃંગાર વડા કરી શયનભોગ ધરવો.

ગોપાળ : શયનભોગમાં કઈ સામગ્રી આવે ?

બાવાશ્રી : દૂધભાત, દાળભાત, શાક, કઢી, પુરી, પાપડ વગેરેમાંથી યથાશક્ય ધરાવવું. સેવામાં શ્રીઠાકોરજીને શ્રમ ન પડે તેમ પોતાની સગવડ તથા શક્તિ મુજબ સામગ્રી સિદ્ધ કરી ધરાવવી. પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવા બાલભાવની છે. પ્રભુના બાલભાવનું સતત ધ્યાન રાખી, તે પ્રકારે સામગ્રી સિદ્ધ કરી ધરાવવી. કંઈ ને કંઈ નવું ધરાવવાની હોંશ જરૂર રાખવી; કારણ પ્રભુ નિત્યનૌતમ વસ્તુના ભોક્તા છે. વાત્સલ્ય ભાવથી સભર થઈને સામગ્રી સિદ્ધ કરવી. અપ્રસન્નતાથી સિદ્ધ કરેલી સામગ્રી છોવાઈ જાય. શ્રીઠાકોરજી અંગીકાર ન કરે.

ચંદ્રા : જેમને સખડીભોગની આજ્ઞા ન હોય, તેઓ ઉત્સવાદિ પ્રસંગે સખડીભોગ ધરાવી શકે ?

બાવાશ્રી : જેમને આજ્ઞા ન હોય તેમણે આજ્ઞા લેવી પડે અને આજ્ઞા મળે તો જ ધરાવી શકાય.

વિઠ્ઠલ : મંગળભોગમાં સખડી ધરાવી શકાય ?

બાવાશ્રી : વિશેષ ઋતુ પરત્વે (શીતકાળમાં અમુક દિવસ) મંગળ ભોગમાં સખડી ધરાવી શકાય. ઉપરાંત, વિશેષ પ્રસંગે પણ મંગળભોગમાં સખડી ધરાવી શકાય છે. વૈષ્ણવોને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીની સેવામાં સામાન્ય રીતે ક્રમ પ્રમાણે સેવા પહોંચવી. ક્રમ પ્રમાણે એટલે કે સાંપ્રદાયિક

પરિપાટી પ્રમાણે; પરન્તુ વિશિષ્ટ સંજોગોમાં કોઈ વેળા સામાન્ય ફેરફાર થાય તો હરકત નહીં. જેમ કે શનિવાર છે, બાળકોને શાળાએ વહેલાં જવાનું છે અને શાળાએથી ઘેર પ્રસાદ સમયે આવી શકે તેમ નથી. એવે ટાણે મંગળભોગમાં સખડી ધરાવી, બાળકોને પ્રસાદ લેવડાવી શાળાએ મોકલી શકાય. આવા સંજોગોમાં મંગળામાં સખડી ધરાવી શકાય.

અસિત : વૈષ્ણવોએ વસંતપંચમીથી ડોલ સુધી શ્રીઠાકોરજીને રોજ ખેલાવવા ? રોજ અનુકૂળતા ન હોય તો ક્યારે ક્યારે ખેલાવવા ?

બાવાશ્રી : વસંતપંચમીથી ડોલ સુધી વૈષ્ણવોએ પણ પ્રભુને નિત્ય ખેલાવવા જ જોઈએ; કારણ કે ખેલાવવામાં વધુ સમય જતો નથી. નિત્યના સેવાક્રમમાં ૧૦-૧૫ મિનિટ વધુ સમય થાય, તો તે થવા દઈને પણ આ હોળીખેલનો આનંદ સેવા કરનારાઓએ જતો કરવો ન જોઈએ. વળી, આ સમયગાળો પણ એવો લાંબો નથી. એ જોતાં નિત્ય ખેલાવવાનો ક્રમ રખાય એ ઇષ્ટ છે.

ગોકળીબા : શ્રીઠાકોરજીને ખેલાવતી વેળા શી સાવધાની રાખવી ?

બાવાશ્રી : આપણા શ્રીઠાકોરજી બાળસ્વરૂપ છે, કોમલાંગ છે. એનો પૂરો ખ્યાલ રાખી ખૂબ સાવધાનીથી કોમળતા ને સુઘડતાપૂર્વક, હળવેથી શ્રીઠાકોરજીને અસુખ ન થાય તે રીતે ખેલાવવા. ખેલાવતી વેળા શ્રીઠાકોરજીના મુખારવિન્દ પર ચંદન-ચોવા-ગુલાલ-અબીલનો છંટકાવ ન થાય એનું ખૂબ ધ્યાન રાખવું.

ગોપાળ : ખેલનાં જુદાં જુદાં દ્રવ્યોથી શ્રીઠાકોરજીને ખેલાવતી વેળા તે તે દ્રવ્યોનો ક્રમ કઈ રીતે રાખવો ?

બાવાશ્રી : ઘર-ઘરની રીત પ્રમાણે ક્રમમાં થોડો ફેર પડે છે. આપણે ત્યાં પ્રથમ ચંદન, પછી ચોવા, ગુલાલ, અબીલથી ખેલાવાય છે.

અનિલ : શ્રીઅંગ પર કેસૂડો ખેલાવાય કે નહિ ?

બાવાશ્રી : શ્રીઅંગ પર કેસૂડો કોઈ દિવસ ખેલાવાતો નથી. શ્રીઠાકોરજીને પ્રથમ ચંદન વગેરેથી ખેલાવ્યા પછી પિછવાઈ, સીડી, સિંહાસન, ડોલ અને કુંજ પર જ કેસૂડો ખેલાવાય છે. પછી તેના પર ચંદન-ચોવા-ગુલાલ-અબીલથી ખેલાવાય છે.

અમિત : ખેલ સમયના ભોગમાં શ્રીઠાકોરજીને શી શી સામગ્રી વૈષ્ણવો ધરાવી શકે ?

બાવાશ્રી : લીલી દ્રાક્ષ (અંગુર), બરફી અથવા પેંડા, સગવડ મુજબ ખેલ સમયના ભોગમાં ધરાવી શકાય.

વલ્લરી : ખેલાવતી વેળા ફરગુલ કે ગદલ રહે ?

બાવાશ્રી : ખેલમાં ફરગુલ કે ગદલ રહે નહીં. ખેલ થઈ રહ્યા પછી શીતાનુસાર પૂનમથી (હોળી દંડારોપણ ઉત્સવથી) તે છેક ડોલ સુધી આવે.

શોભા : વૈષ્ણવોને ત્યાં ડોલની અનુકૂળતા ન હોય, તો ડોલની ભાવના કરી ખેલાવી શકાય ?

બાવાશ્રી : ડોલની અનુકૂળતા ન હોય તો કુંજની રચના કરી, સિંહાસન પર પધરાવી, ડોલની ભાવના કરી ખેલાવી શકાય.

ગોમતીબેન : હોળી દંડારોપણ(પૂનમ)થી ખેલનો થાળ શય્યા પાસે શા માટે ધરાય છે ? શયન પછી પોઢાડતી વેળા પણ થાળ શય્યા પાસે રહે કે વિજય થાય ?

બાવાશ્રી : રાજભોગના અનોસરમાં પ્રભુ ખેલે એ ભાવનાથી ખેલનો થાળ શય્યા પાસે રાખવો. પ્રભુ બાળસ્વરૂપ હોઈને એમનું ચિત્ત ખેલવામાં વિશેષ હોય એ સહજ છે, અને એથી પોતાને જ્યારે પણ ખેલની ઇચ્છા થાય ત્યારે પોતે ખેલ ખેલી શકે એ ભાવનાથી ખેલનો થાળ પાસે ધરાય છે. રાતે પોઢતી વેળા શય્યા પાસે ખેલનો થાળ નિત્ય ધરવો નહીં. ફક્ત હોળીના દિવસે ધરવો.

◆

પરદેશમાં વસતા વૈષ્ણવો માટે

ઉત્તરદાતા : ગો. શ્રી નિકુંજલતા બેટીજી

ગયે વર્ષે હું ઇંગ્લૅંડ ગઈ હતી, ત્યારે કેટલાક મૂંઝવતા પ્રશ્નો પુછાયા હતા, તે વૈષ્ણવોની જાણકારી સારુ અત્રે રજૂ કર્યા છે.

પ્રશ્ન : અહીંની આબોહવાને અનુરૂપ સેવાપ્રકાર કઈ રીતે રાખવો ?

જવાબ : લંડન જેવા ઠંડા પ્રદેશમાં શ્રીઠાકોરજી વિષે વ્રજનો ભાવ રાખી વસ્ત્રશૃંગાર પ્રણાલી પ્રમાણે રાખવાં; પરંતુ થોડાક ફેરફાર કરવા. કારણ કે આપણે ત્યાં તો 'યથા દેહે તથા દેવે'નો ભાવ છે. ઉનાળો હોય ત્યારે ભારતમાં આછા રંગનાં યા સફેદ ચોવા-ચંદન છાપેલાં વસ્ત્રો તથા છીપ-મોતીનાં આભરણ ધરાવાય છે, તો તે જ પ્રકારે ત્યાં પણ ઉષ્ણકાળ માની તે પ્રકારે ધરવાં, પણ ત્યાં ક્યારેક ગરમી ને ક્યારેક વરસાદ એ પ્રકારે ઋતુ હોય છે, તો ઠંડી હોય ત્યારે ભીતર ગરમ રૂનું વસ્ત્ર (આત્મસુખ) જેવું ધરાવવું. શય્યામાં પોઢાવતી વખતે પણ રૂની પાતળી રજાઈ ઓઢાડવી. સામગ્રીમાં પણ બહુ ઠંડક કરે તેવી સામગ્રી નહીં આરોગાવવી.

શિયાળામાં તો ખૂબ જ ઠંડી, બરફ વગેરે પડે છે; ત્યારે રૂવાળાં વસ્ત્રો, શય્યામાં બેવડી જાડી રૂવાળી રજાઈ ઓઢાડવી. લાલન હોય ને સ્નાન કરાવવાં પડે તો ખૂબ ઠંડીમાં, દઝાય નહીં તેવા ગરમ પાણીમાં ભીંજાવેલા અંગવસ્ત્રથી જ પોંછી નાખવું. પછી કોરા વસ્ત્રથી પોંછવું. શીતકાલીન સામગ્રી-જેવી કે સૂંઠ મેળવેલો ગોળ, સૌભાગ્ય સૂંઠ વગેરે ખાસ ધરવું. મસ્તક પર ધરવા માટે કાનટોપા તૈયાર કરવા. સેવાખંડમાં પણ હીટર ખાસ રાખવું.

પ્રશ્ન : અમે દેશથી દૂર વસીએ છીએ, તેથી શ્રીઠાકોરજીને વિવિધ મનોરથો વગેરેથી કેવી રીતે લાડ લડાવી શકીએ ?

જવાબ : જે રીતે હું વિદેશમાં ફરી છું અને શ્રીઠાકોરજીને લાયક સાધનો તૈયાર મળતાં જોયાં છે, તેટલાં ભારતમાં પણ કદાચ ન હોય. જેમ કે કુંજનિકુંજો બનાવવા ખૂબ જ સુંદર ઝાડ-પાન, પુષ્પો, લતાપતા સહેલાઈથી પોતાના જ બગીચામાંથી ઉપલબ્ધ થાય છે. તે ઉપરાંત, બાળકોનાં રમકડાંમાં એવી ઘણી વસ્તુઓ નજરે પડે છે કે જે શ્રીઠાકોરજીને લાયક

હોય છે. જેમ કે નાવનો મનોરથ કરવો હોય, તો નાનાં બાળકોનો ફોલ્ડીંગ 'સ્વીમિંગ પુલ' આવે છે. તેમાં જળ ભરી, તૈયાર સુંદર નાવ આવે છે તેને ફૂલથી શણગારી, ખૂબ પ્રેમથી શ્રીઠાકોરજીનો નાવનો મનોરથ કરી શકાય. આવી તો અનેક વસ્તુઓ ઉપલબ્ધ છે. કેવળ દૃષ્ટિ કેળવવાની જરૂર છે. થોડી સૂઝની જરૂર છે.

પ્રશ્ન : અત્તર ન હોય તો શ્રીઠાકોરજીને યા તેઓના વાઘા-વસ્ત્ર પર સૅન્ટ છાંટી શકાય ?

જવાબ : હરગીઝ નહીં. સૅન્ટમાં સ્પીરિટ આવે છે. તેની વાસ તીવ્ર હોય છે. અને આમેય શ્રીઠાકોરજી માટે સૅન્ટનો ઉપયોગ કરવો નહીં. અત્તરનો જ ઉપયોગ કરવો.

પ્રશ્ન : શું તુલસીની કંઠી પહેરવી જ જોઈએ ? તે પછી જ શ્રીઠાકોરજીની સેવા થાય ?

જવાબ : હા. કંઠી પહેર્યા વગર તો બોલવું કે પાણી ન પીવું એવો આગ્રહ રાખવો જોઈએ. કંઠી વગર સેવા કરવી નહીં. આ આપણું વૈષ્ણવી ચિહ્ન છે.

પ્રશ્ન : 'અપરસ' એટલે શું ? 'અપરસ' રાખવી જરૂરી છે ?

જવાબ : આ શબ્દ 'અસ્પર્શ'નો અપભ્રંશ થઈને બનેલો છે અને તેનો અર્થ ગમે તે વસ્તુનો સ્પર્શ ન કરવો તે. જોકે આમાં ઘણા લોકો કરે છે તેમ અત્યાચારની જરૂર નથી, પણ સેવા કરતાં કેટલીક બાહ્ય શુદ્ધિ જરૂરી છે. જેમ કે નાહીને જ સેવા કરવી. કપડાં ધોયેલાં અને સ્વચ્છ પહેરવાં. સંડાસ વગેરે ગયાં હોઈએ, તો ફરીથી નાહ્યા વગર સેવા ન કરવી. અડચણવાળા યા સૂતકવાળાને અડકીને સેવા ન કરવી, વગેરે શુદ્ધિનો ખ્યાલ રાખવો. આ શુદ્ધિનું કારણ એટલું જ છે કે જેમ ડૉક્ટર બાહ્ય કિટાણુ(જર્મ્સ) જખમી પેશન્ટને ન લાગે તે માટે ઑપરેશન પહેલાં સ્ટરીલાઈઝ કપડાં પહેરે, સાધનો પણ સ્ટરીલાઈઝ રાખે, તેમ આપણે પણ પ્રભુ પાસે જઈએ ત્યારે પવિત્ર થઈને જઈએ, માટે આવી બાહ્ય શુદ્ધિની જરૂર છે.

પ્રશ્ન : પુષ્ટિમાર્ગમાં સ્વરૂપ-સેવા, ચિત્રજીની સેવા, પાદુકાની સેવા, વસ્ત્રસેવાનો પ્રકાર છે. આમાં સ્નાનનો પ્રકાર કઈ રીતે કરવો ?

જવાબ : સ્નાનનો પ્રકાર તો સ્વરૂપ-સેવા કે પાદુકાની સેવામાં યોજી શકાય. પ્રભુ સુકોમલાંગ બાળસ્વરૂપ છે, એવો ભાવ રાખી સહેવાય એવા ઉષ્ણ જળથી સ્વરૂપને સ્નાન કરાવવું. એ જ પ્રકારે પાદુકાજીને પણ સ્નાન કરાવવું. ચિત્રજીને અંગવસ્ત્રથી સ્નાન કરાવવું.

પ્રશ્ન : વસ્ત્રજી હોય તો કિંચિત્ સુગંધિત અત્તર આંગળીઓ પર લઈ, તે સમર્પી સ્નાનની ભાવના થઈ શકે ખરી ?

જવાબ : વસ્ત્રસેવામાં આ રીતે સ્નાનની ભાવના કરી શકાય; પરંતુ અત્તર એ રીતે આંગળી પર લઈ સમર્પવું જોઈએ કે એની ચીકાશ કે રંગ આદિ વસ્ત્રજી પર જામે નહિ. મતલબ કે એવું અત્તર લેવું કે જેથી સામાન્ય ભાષામાં કહીએ તો વસ્ત્રજી પર એના ડાઘ ન પડે.

પ્રશ્ન : પંચામૃત સ્નાન અને અભ્યંગ સ્નાન કયાં સ્વરૂપોને અને ક્યારે કરાવાય ?

જવાબ : આપણે ત્યાં પંચામૃત સ્નાન ચાર જયંતિ પર થાય છે : જન્માષ્ટમી, વામનદ્વાદશી, રામનવમી ને નૃસિંહ જયંતિ. અભ્યંગ સ્નાન નાના-મોટા ઉત્સવો તેમજ વાર-તહેવાર પર થાય છે. સ્વરૂપ કે પાદુકાજીને પંચામૃત અને અભ્યંગ સ્નાન થઈ શકે.

પ્રશ્ન : પંચામૃત સ્નાનની સામગ્રી જુદી જુદી સમર્પવી કે ભેગી કરી સમર્પવી ?

જવાબ : મર્યાદામાર્ગમાં બ્રાહ્મણો દૂધ, દહીં, ઘી વગેરે ભેગાં કરી દઈ, પંચામૃત સ્નાન કરાવતા હોય છે; પરંતુ પુષ્ટિમાર્ગમાં પ્રત્યેકથી અલગ અલગ સ્નાન કરાવાય છે. એમાં પ્રથમ દૂધ, પછી દહીં, પછી ઘી, પછી દળેલી ખાંડ અને પછી મધ(શહદ) અને ફરી દૂધથી સ્નાન કરાવાય છે.

પ્રશ્ન : પંચામૃતનો લેશ ન રહે તે માટે શું કરવું ?

જવાબ : પંચામૃત સ્નાનમાં છેલ્લે દૂધથી સ્નાન કરાવ્યા બાદ કિંચિત્ ઉષ્ણ જળથી સ્નાન કરાવી, પછી ઘસેલું મુલાયમ ચંદન પ્રભુના શ્રીઅંગમાં સમર્પવું. પછી સોહાતા જળથી સ્નાન કરાવી, અંગવસ્ત્ર કરી, પ્રભુને ફુલેલ સમર્પવું. પછી ગુલાબજળ કે ગુલાબનું અત્તર મેળવી, આમળાં સિદ્ધ કરી રાખ્યાં હોય એ સમર્પી સ્નાન કરાવવું. એથી પંચામૃતનો લેશ દૂર થશે.

પછી થોડા સોહાતા ઉષ્ણ જળથી સ્નાન કરાવવું.

પ્રશ્ન : અભ્યંગ સ્નાન શાનાથી થાય ?

જવાબ : અભ્યંગ સ્નાનમાં આમળાં અને ચંદનનો પ્રકાર છે. આમળાંને પ્રથમ બાફીને વસ્ત્રથી એને ગાળી લેવું. એમાં સોંધાનું અત્તર મેળવી, ઋતુ અનુસાર શીત વા ઉષ્ણ રાખી સોહાતું સમર્પવું. પ્રથમ ફુલેલ સમર્પી, પછી આમળાં સમર્પવાં. પછી કેસરી ચંદનમાં જરા બરાસ મેળવી સ્નાન કરાવવું. જન્માષ્ટમી, રામનવમીના અભ્યંગ સિવાય બીજા અભ્યંગોમાં ગુલાબજળથી નહીં પણ શુદ્ધ સોહાતા જળથી સ્નાન કરાવાય છે. રવિવાર, મંગળવારના દિવસે અભ્યંગ આવે, તો આમળાને ઠેકાણે શ્વેત ચંદનથી અભ્યંગ કરાવ્યા બાદ કેસરી ચંદન સમર્પવું અને પછી સોહાતા ઉષ્ણ જળથી સ્નાન્ કરાવવું.

પ્રશ્ન : સુપેતી કોને કહેવાય ?

જવાબ : શય્યા, ગાદી, તકિયા, બાલસ, પલંગડી, સાંગામાંચી વગેરે પર જે સફેદ વસ્ત્ર આવે છે, તે સુપેતી કહેવાય. 'સફેદી' પરથી આ શબ્દ બન્યો છે.

પ્રશ્ન : સુજની કોને કહેવાય ?

જવાબ : બે ચાદરની વચમાં છીંટનું અથવા સાદું જાડું વસ્ત્ર ધરાય એને સુજની કહે છે.

પ્રશ્ન : હિંડોળાની શય્યા ક્યાં સુધી આવે ?

જવાબ : હિંડોળાની શય્યા અક્ષયતૃતીયાથી જન્માષ્ટમીના આગલા દિવસ સુધી આવે.

પ્રશ્ન : શયનમંદિરમાં પંખા ક્યાં સુધી રહે ? સિંહાસનની પીઠિકા સાથે પંખા ક્યાં સુધી ધરાય ?

જવાબ : સંવત્સરથી ધનતેરસ સુધી શય્યા-મંદિરમાં પંખા રહે, પછી વિજય થાય. અક્ષયતૃતીયાથી હિંડોળા સુધી પીઠિકા સાથે પંખા ધરાય.

પ્રશ્ન : શ્રીઠાકોરજીને બિરાજવા માટેનાં ગાદીજી અને તકિયા પર સુપેતી ક્યારે ક્યારે ન આવે ?

જવાબ : શ્રાવણ સુદ ૧૫, રક્ષાબંધનના દિવસથી શ્રાવણ વદ ૧૦ સુધી સુપેતી ન આવે. કેવળ મખમલના રહે. શ્રાવણ વદ ૧૧ થી સુપેતી ચડે. રાધાષ્ટમી અને નવમી પર સુપેતી ન આવે, આસો વદ ૧૧ થી કારતક સુદ ૨ - ભાઈબીજ સુધી સુપેતી ન આવે, મખમલી રહે. કારતક વદ ૩ થી સુપેતી ચડે. ફાગણ વદ ૨ દ્વિતીયાપાટથી ફાગણ વદ ૬ સુધી સુપેતી ન આવે, મખમલના રહે. સાતમથી સુપેતી ચડે.

●

પરિશિષ્ટ ૪

પુષ્ટિશિક્ષા

શ્રીગોકુળનાથજીના સેવક, જેઓ 'મોટાભાઈ'ના નામથી પ્રસિદ્ધ હતા, તેમણે સેવા ઉપર **'પુષ્ટિમાર્ગીય શિક્ષા'** નામનું સુંદર કાવ્ય રચ્યું છે, જે વૈષ્ણવોએ હૃદયમાં ઉતારી લેવા જેવું છે :

– અનુવાદક : **શ્રી વ્રજરત્નદાસ પરીખ**

(દોહા)

આ મારગનું મૂળ, ફળ, શ્રીવલ્લભ સિદ્ધાંત,
કરવી સેવા કૃષ્ણની, અવિચ્છિન્ન પ્રેમાંત.

ભગવદીય કહે છે કે પુષ્ટિમાર્ગમાં સાધન અને ફળ એક જ છે. અખંડ પ્રેમપૂર્વક તમે શ્રીકૃષ્ણની સેવા જ કરો. શ્રીવલ્લભનો આ સિદ્ધાંત છે. એ પ્રેમ કેવો હોય એનો ખ્યાલ આપે છે –

રાત દિવસ સેવા તણો મનમાં ઉમંગ અપાર,
ઊઠવું પ્રાત:કાલથી, મન ક્લેશ નહિ પલવાર.

સવારમાં ઊઠ્યાં ત્યારથી સતત સેવાનો જ ઉમંગ મનમાં રહ્યા કરે. એનો આનંદ હૃદયમાં ભરેલો હોય, અણગમાની તો વાત જ શી ?

બાંધ્યા બંધ શરીરના હરિ-સેવાને હેત,
સેવાના સંચા કર્યા, ઇન્દ્રિય પ્રાણ સમેત.

આ માનવ-શરીરની ને ઇન્દ્રિયોની અદ્‌ભુત રચના ભગવાને સેવા માટે જ કરી છે; ખાઈ-પીને મોજ કરવા માટે નહિ. જેમ કોઈ કુશળ કારીગર

ઍન્જિન બનાવે તે ટ્રેઇન ચલાવવાના કાર્ય માટે, નહિ કે ખાલી કોલસા બાળી નાખવા માટે. દૈવી જીવોનો દેહ પ્રભુસેવા માટે જ હોય છે. જુઓ શ્રીવલ્લભનું વચનામૃત - **'ભગવદ્રૂપ સેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્.'** પ્રભુના સ્વરૂપની સેવા માટે જ દૈવીસૃષ્ટિને પ્રગટ કરી છે, બીજા કોઈ પણ હેતુથી નહિ.

ઘર સૂનું નવ રાખવું, ક્ષણ વિણ સેવ્ય સ્વરૂપ,
ક્રિયા ભાવ વ્રજભક્તનાં, છે સેવા ફલ-રૂપ.

સેવા કરો તેમજ વારંવાર ઠાકુરજીને પારકે ઘેર ન પધરાવી દેશો. વળી, શ્રીવ્રજભક્તોનો ભાવ વિચારીને સેવા કરશો તો એમાં એવો આનંદ આવશે કે પ્રભુને છોડવાનું મન જ નહિ થાય. સેવામાં તો રસરૂપ ફળનો આસ્વાદ રહેલો છે.

હવે સેવામાં ખાસ સાચવવા જેવી એક બાબત સમજાવે છે :

અર્ધભુક્ત જે વસ્તુ છે, હરિ વિનિયોગ ન થાય,
શ્રીઠાકુરજીની હોય તો, લૌકિકમાં ન કઢાય.

'ન મતં દેવદેવસ્ય સામિભુક્ત સમર્પણમ્ ।' આપણું કે કોઈનું અડધું વાપરેલું, અર્ધભુક્ત કંઈ પણ પ્રભુને ન ધરાય. શ્રીકૃષ્ણ દેવાધિદેવ છે. વળી, પ્રભુસેવા માટે રાખેલી વસ્તુ લૌકિકમાં ન કઢાય. આટલું જરૂર સાચવવું.

હરિ અસમર્પિત વસ્તુ જે, તેનો તજવો સ્વાદ,
ખાનપાન અગ્રાહ્ય છે, હરિને વિના પ્રસાદ.

આ માર્ગના સિદ્ધાંતનું એ રહસ્ય છે કે **'અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્'** - વૈષ્ણવ માત્રે પ્રભુને ધર્યા વિનાનું-અસમર્પિત તો સર્વથા ન લેવું જોઈએ. એનો સ્વાદ છૂટે તો જ પ્રભુ મળે. ગીતાજી તો એટલે સુધી કહે છે કે **'ભુંજતે તે ત્વઘં પાપા યે પચંતિ આત્મકારણાત્.(૩/૧૩)'** જેઓ પોતાને માટે રાંધે છે, તે અન્ન નહિ પણ પાપ રાંધે છે. ભક્ત કવિ દયારામભાઈ તો એને મોટા રોગ જેવું ગણાવે છે : *'અસમર્પિત અને અન્યાશ્રય બે મહા દુસ્તર રોગ'* (ભક્તિપોષણ). આપણે આટલો અસમર્પિત ત્યાગ પણ ન કરી શકીએ અને પુષ્ટિમાર્ગીય ફળની મોટી આશા રાખીએ, એ કેમ બને ?

હવે મોટાભાઈ કેટલાક **સેવાવિષયક નિયમો** સમજાવે છે :

ઉત્સવના દિવસો તણો, રહે ન સૂનો લેશ,
ઉત્સવ દિન ઉત્સાહથી કરીએ કંઈક વિશેષ.

નિત્યની સેવા કરતાં ઉત્સવને દિવસે કાંઈક વિશેષતા કરવી જોઈએ. પ્રભુ એવી અપેક્ષા રાખે છે. ઉત્સવ સાવ ખાલી તો ન જ જવા દેવો. સેવા-શૃંગાર-સામગ્રીમાં કંઈક પણ વિશેષ કરવું.

એક વૈષ્ણવ પ્રવાસમાં હતા અને અન્નકૂટ આવ્યો. એ જ્યાં હતા તે ગામડામાં માત્ર જુવાર મળી, તો તેની પણ બે ચીજ બનાવી વૈષ્ણવે પ્રભુની અન્નકૂટની ભાવના કરી લીધી.

હસે ન સેવાને સમય, રહે ન મિથ્યા વાદ,
કોઈથી સેવાને સમય, કદી ન કરે વિવાદ.

સેવામાં એકાગ્રતા જોઈએ. એકાંત સ્થળ હોય તો વધુ સારું. લૌકિક વાતચીતો, વાદવિવાદ એ બધું સેવાના આનંદ ઓછા કરી નાખે છે.

દૃષ્ટિ બચાવે અવરની ધરતાં ભોગ-સિંગાર,
સાવધાન રહી સેવા કરે, પડે ન ચૂક લગાર.

પ્રભુને ભોગ ધરતાં અને શૃંગાર કરતાં ટેરો રાખવો. વળી, પ્રભુ પરમ સુકુમાર છે માટે એમને શ્રમ ન પડે તે રીતે સાવધાનતાથી સેવા કરવી. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે **'એવં વિધ: સદા હસ્તે યોગીનાં પારદો યથા'** - જેમ હાથમાં પારો સ્થિર રાખવા યોગીજનો ચિત્તની સ્થિરતા સાધે છે, તેવી સ્થિર ચિત્તવૃત્તિ પ્રભુસેવામાં રહેવી જોઈએ.

ગોવિંદ સ્વામીએ કહ્યું છે કે *'ચિત્ત તો એક હૈ ઇત લગાઉં તો ઉતસોં નિકસ જાય, ઔર ઉત લગાઉં તો ઇતસોં નિકસ જાય.'*

હવે મોટાભાઈ સાધન-સંપત્તિવાળા વૈષ્ણવોએ **કેવી રીતે સેવા કરવી** જોઈએ તે બતાવે છે :

દ્રવ્યવંત જો હોય તો, નિત નિત નૂતન ભોગ,
નિત્ય વાઘા-સિંગારનો, નિત નવનવ ઉપયોગ.

પ્રભુએ જો ધન આપ્યું હોય, તો નિત્ય નવા નવા ભોગ-રાગ-શૃંગારથી પ્રભુને લાડ લડાવવા. એના જેવો ધનનો ઉત્તમ ઉપયોગ કોઈ નથી.

કસર કરે નવ ખર્ચતાં, વળી કાયર નવ થાય,
લાભ મળે આ જન્મનો, એવો કરે ઉપાય.

જીવનની સાર્થકતા એમાં જ છે. પ્રભુનું સુખ વિચારવામાં કંજુસાઈ ન કરવી. અરે, શરીરથી પણ કાયરતા ન રાખવી.

હરિમંદિર અતિ મોકળાં, ચિત્ર-વિચિત્ર, વિશાળ,
ધાઈ, ધોઈને રાખીએ, જેવાં ઝાકઝમાળ.

પ્રભુને બિરાજવાનું સ્થાન બને તેટલું સુંદર બનાવવું. દામોદરદાસ સંભરવાળાએ હવાદાર મંદિર ન બને ત્યાં સુધી અન્નનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરેલી, કેમ કે પ્રભુને તાપ લાગતો હતો. કેવી સ્નેહની ભાવના !

નવી વસ્તુ જે સાંભળે કૃષ્ણ તણે ઉપયોગ,
અતિ શીઘ્ર લાવી કરે, તત્ક્ષણ હરિ વિનિયોગ.

જે કોઈ નવી વસ્તુ મળવા લાગે, તે સત્વર પ્રભુ માટે લાવવી જોઈએ. એક વૈષ્ણવે આ ભાવનાથી તો ગુલાબના ફૂલના લાખ રૂપિયા ખર્ચી દીધા છે અને સાક્ષાત્ શ્રીજી એનાથી ઝૂક્યા છે ! કોઈ વૈષ્ણવે મોટા મૂલ્યની કેરી અંગીકાર કરાવી છે. પ્રભુના સુખ આગળ ધનનો શો મોહ ?

સામગ્રી બહુ ભાતની, સ્નિગ્ધ મિષ્ટ ને નર્મ,
આરોગાવે પ્રભુજીને, એ સેવકનો ધર્મ.

પુષ્ટિમાર્ગનું પાકશાસ્ત્ર પણ અદ્ભુત છે. અનેકવિધ સરસ સામગ્રીઓ આરોગાવીને પ્રભુને સુખ અપાય છે. એમાં છે પ્રભુની પ્રસન્નતા !

કુંજ કરવા ઉષ્ણ ઋતુ, સઘળી શીતળ વસ્ત,
જે ઋતુમાં જે જે ઘટે, તે કરવી પ્રેમ-પરસ્ત.

ઉષ્ણકાળમાં કેટલાક શીતળ ઉપચારો થાય છે. સૂરદાસજીએ ગાયું છે કે *'મહાકી મધરાત જૈસી જેઠકી દુપહરિ'* - જેઠ માસ જાણે મહા માસની મધરાત જેવો શીતળ બની ગયો છે. ઋતુઋતુનાં વસ્ત્રો, આભૂષણો, સાજ, શૃંગાર, સામગ્રીઓ બધું જ જુદું. રાજા માનસિંહે શ્રીનાથજીનાં દર્શન કરીને કેટલી શીતળતા અનુભવેલી !

હવે સેવાનો હેતુ સમજાવે છે :

ઋણીપત સેવાનો રહે, નિત્ય મનમાં પરિતાપ,
ઋણી સુખે નવ સૂઈ શકે, ઋણિયાને સંતાપ.

પ્રભુના અનંત ઉપકારો આપણા ઉપર છે. બદલામાં આપણે પણ પ્રભુને યથાશક્તિ સુખ આપવું જોઈએ. પ્રભુના આપણે ઋણી છીએ. ઋણિયાને નિરાંતે ઊંઘવાનું ક્યાંથી હોય ! એને તો ઋણ ચૂકવવાનો પરિતાપ જ હોય ને ?

વળી, દાસનો સહજધર્મ છે કે સ્વામીની સેવા કરવી. સેવા કરીને આપણે કંઈ પ્રભુ ઉપર ઉપકાર કરતાં નથી. નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તા જુઓ. રાજભોગ ધરીને બેસતા ત્યારે રડતા કે મારાથી કશું બરાબર બનતું નથી. પ્રભુ કેમ આરોગતા હશે ? એમને શ્રમ પડતો હશે ?

હરિસેવા મૂકે નહિ, કોઈને વિશ્વાસ,
દેહ રક્ષક થાયે નહિ, ઇન્દ્રિયને અધ્યાસ.

તમારું મન અને ઇન્દ્રિયો તો તમને આળસ કરવાને પ્રેરશે. ચાલો ને કોઈ સેવા કરનાર હોય, તો આપણે નિરાંતે બેસીએ, લૌકિક કાર્યો કરીએ. પણ ના, ના. બીજાને ભરોસે પોતાના પ્રભુને છોડશો નહિ. માતા પોતાના લાડકાને બીજાના ઘરે મૂકી આવે છે ?

સેવારસમાં મઝા રહે, મનમાં ઉમંગ અપાર,
પોતાને હાથે કરે, વિવિધ ભોગ-સિંગાર.

એક કરું બીજું કરું, ત્રીજું કરવા જાય,
ચોથું તે પણ હું કરું, અંગ ઊલટ ન માય.

વધુમાં વધુ સેવાકાર્ય પોતાને હાથે કરવાનો આગ્રહ રહે. મનમાં ઉત્સાહનો પાર નહિ. એક પછી એક સેવાકાર્યની મનમાં ધૂન લાગે. કોટાવાળા શ્રી રણછોડલાલજી મહારાજશ્રીએ છપ્પનભોગ પ્રસંગે સતત ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ અખંડ સેવા કરી બતાવી છે. અન્ય ગો. બાળકોએ પણ અદ્ભુત સેવા કરી બતાવ્યાના અનેક દાખલા મળી આવે છે. *'આપ સેવા કરી શીખવે શ્રીહરિ.'*

વ્યસનવાન વૈષ્ણવ તણી, એ સેવાની રીત,
જ્યહાં સૂપડે, ટોપલે, ડગલે પગલે પ્રીત.

મોટાભાઈ કહે છે કે જેને સેવાનું વ્યસન લાગે છે, તે તો આવા બની જાય છે. અરે ! એમના હૃદયમાં પ્રભુના પ્રેમના ટોપલે-ટોપલા ઠલવાય છે અને એ પ્રીત એમના જીવનમાં ડગલે ને પગલે પ્રગટ થાય છે.

પરિશિષ્ટ ૫

(૧) ક્યારે કયા પાઠ કરશો ?

કીર્તનનો મહાવરો ન હોય અને કેળવવો વિકટ હોય, તો ગ્રંથોનું નીચે પ્રમાણે પઠન થાય તો પણ ઉચિત થશે :

સ્નાન કરી **'શ્રીયમુનાષ્ટક'**નો પાઠ કરવો.

નિજમંદિર ખોલી પ્રવેશ કરતી વેળા **'શ્રીવલ્લભાષ્ટક'**નો પાઠ કરવો.

મંદિરમાં બુહારી કરતી વખતે **'અંત:કરણપ્રબોધ'**નો પાઠ કરવો.

મંદિરવસ્ત્ર કરતી વખતે **'સિદ્ધાંતરહસ્ય'**નો પાઠ કરવો.

સિંહાસન-ગાદીજી આદિનાં વસ્ત્ર બિછાવતી વખતે **'શ્રીગોકુલાષ્ટક'**નો પાઠ કરવો.

જળઘરામાંથી જળ લાવતી વખતે **'ભક્તિવર્ધિની'**નો પાઠ કરવો. ઝારી-બંટા ખાલવી ફરી સિદ્ધ કરતી વખતે **'સેવાફળ'**નો પાઠ કરવો.

સિંહાસનની ડાબી બાજુ ઝારીજી ધરતી વખતે **'નવરત્ન'**નો પાઠ કરવો.

મંગળભોગ ધરતી વખતે **'મધુરાષ્ટક'**નો પાઠ કરવો.

સેવામાં શ્રીપાદુકાજી, શ્રીહસ્તાક્ષર વગેરે બિરાજતાં હોય, તો આપને જગાવી, ઝારી-બંટા ધરતી વેળા **'સપ્તશ્લોકી'**નો પાઠ કરવો.

શય્યામંદિર સ્વચ્છ કરી સજાવતી વેળા **'દશમસ્કંધની અનુક્રમણિકા'**નો પાઠ કરવો.

આચમન અંગે ઝારી-બંટા-તષ્ટી સિદ્ધ કરતી વેળા **'શ્રીયમુનાષ્ટક'**નો પાઠ કરવો.

શ્રીગોપીવલ્લભભોગ ધરીને **'શ્રીસ્વામિનીસ્તોત્ર'** તથા **'શ્રીસ્વામિની-અષ્ટક'**નો પાઠ કરવો. (વૈષ્ણવોને ત્યાં ગોપીવલ્લભભોગ આવતો નથી.)

રાજભોગ આવે ત્યારે (ઉષ્ણકાળમાં) બહારથી ખેંચવાનો પંખો કરતી વેળા **'શ્રીપુરુષોત્તમસહસ્ર નામ'**નો પાઠ કરવો.

રાજભોગ ધરી **'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'**નો જપ, **'શ્રીઅષ્ટાક્ષર મંત્ર'**નો જપ, **'શ્રીપંચાક્ષર મંત્ર'નો** જપ કરવો.

ઉત્થાપન સમયે મંદિરનાં કમાડ ખોલતાં પહેલાં **'પ્રેમામૃત'**નો પાઠ કરવો.

ભોગસંધ્યા સમયે **'ગોપીગીત'-'વેણુગીત'**નો પાઠ કરવો.

અનોસર કરાવતી વેળા **'શ્રીકૃષ્ણાશ્રય'**નો પાઠ કરવો.

અનોસરના સમયમાં **માર્ગીય અન્ય ગ્રંથો**નું પઠન કરવું.

સેવા અંગેની બીજી તૈયારી વગેરે કરતાં **ધોળ-પદ** આદિ ગાવાં.

(૨) સામગ્રીની સમજ

દૂધઘર : દૂધના માવાની સામગ્રી દૂધઘર કહેવાય છે. માખણ, મિશ્રી, દહીં, મલાઈ, શીખંડ, બાસુદી વગેરેનો સમાવેશ દૂધઘરમાં થાય છે.

નાગરી : ઘી, લોટ અને ખાંડથી સિદ્ધ થતી (બનતી) સામગ્રી નાગરી કહેવાય છે. દૂધ કે દહીંનો એમાં જરા પણ ઉપયોગ ન થાય.

અનસખડી : ઘી, લોટ, ખાંડ અને જળ કે દૂધ-દહીંથી સિદ્ધ થતી સામગ્રી અનસખડી ગણાય છે.

સખડી : તેલ, મીઠું, મસાલા વગેરે જેમાં પડ્યાં હોય, તેવી તેમજ દાળ-ચોખા આદિ અનાજથી સિદ્ધ થતી સામગ્રી સખડીની ગણાય છે. તેલ ને મીઠું ભેગાં થાય તો સામગ્રી સખડીની ગણાય.

દહીંમાં સિદ્ધ થયેલ અનસખડી સામગ્રીમાં મીઠાને બદલે સિંધવ નાખવામાં આવે, તો એ સામગ્રી સખડી થતી નથી.

ફળાહાર : એકાદશી કે જયંતિ-વ્રતમાં ફળાહારની સામગ્રી ઘી અને સિંધવથી સિદ્ધ કરવી. ફળાહારમાં મોરૈયો, શીંગોડાં, રાજગરો, સિંગકુટીનો ડારો, સૂકો મેવો, ફળ, રતાળુ, શક્કરિયાં, બટાટા, સૂરણ, દૂધી, કાકડી, ભીંડા, પોઈનાં પાન, પરવળની સામગ્રીઓ સિદ્ધ કરી શકાય.

(૩) સેવામાં વપરાતા કેટલાક શબ્દોની સમજ

ખાસાજળ : અપરસમાં અથવા શ્રીની સેવામાં કામ લાગે તેવું પવિત્ર જળ.

સોહની : બુહારી અથવા સાવરણી.

કસના : શય્યા તથા બગલ-તકિયાઓને બંધાય છે તે રેશમ તથા ચાંદીનાં.

સોહાતું જળ : બહુ ગરમ કે ઠંડું ન હોય તેવું જળ.

અભ્યંગ : આમળાં તથા ચંદનથી ઘસીને સ્નાન કરાવવું તે.

ઉબટન : અત્તર-ફુલેલ શ્રીઅંગે ચોળવું.

પીઢો અથવા પડઘા : પડઘા ભોગ ધરવા માટે વપરાય છે.

ફરગુલ : રૂ ભરેલું વસ્ત્ર, શીતકાળમાં આવે.

છન્ના : જળ ગાળવાનું ગરણું

અનોસર (અન-અવસર) : રાજભોગ પછી ઉત્થાપન થતાં સુધીનો સમય.

દુલઈ : રૂ વગરની રજાઈ

અંકુરી : શણગાવેલા મગ

અંગીઠી : સગડી

છાનવું : ગાળવું

વેણુ : બંસી

વેત્ર : છડી

શિરાના : ઓશિકાં (ગાલ-મસૂરિયાં)

ખુવો : માવાનો લાડુ

●

પરિશિષ્ટ ૬

આશૌચ-દર્પણ : સૂતક-નિર્ણય (સંક્ષિપ્ત)

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજ(પોરબંદર)ની આજ્ઞાથી

લેખક : **પ્રેમલાલ ગો. મેવચા** (ભક્તિપ્રિય)

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય જનકલ્યાણ ટ્રસ્ટ, પોરબંદરના સૌજન્યથી

આપણા ધર્મશાસ્ત્રમાં આશૌચ(સૂતક)ના બે પ્રકાર વર્ણવેલા છે : **(૧) જનનાશૌચ (પિંડરુ) અને (૨) મરણાશૌચ.**

બન્ને પ્રકારના આશૌચમાં બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શૂદ્રને એક માસનું સૂતક લાગે છે.

પિંડરુ વિશે આપણે પ્રથમ જાણી લઈશું. પહેલાથી ચોથા મહિના સુધી **'ગર્ભસ્રાવ'** કહેવાય છે; પાંચથી છ મહિના સુધી **'ગર્ભપાત'** કહેવાય છે; ત્યાર પછી **'પ્રસૂતિ'** કહેવાય છે.

૧. પિંડરુ

(૧) ગર્ભસ્રાવમાં ત્રણ દિવસ, ગર્ભપાતમાં પાંચ કે છ દિવસ માત્ર માતાને લાગે; બાકીના સાત પેઢીઓને સ્નાનમાત્ર લાગે.

(૨) પિંડરુમાં પુત્રનો જન્મ થયો હોય તો પિતાએ જન્મની ખબર સાંભળતાં જ સવસ્ત્ર સ્નાન કરી, પુત્રનું મુખ જોઈને ફરી વાર સવસ્ત્ર મંગળ સ્નાન કરવું.

(૩) પુત્રીના જન્મમાં સ્નાન કરવાની આવશ્યકતા નથી.

(૪) પિતાને પિંડરુ સંપૂર્ણ લાગે.

(૫) સમય વીત્યા પછી સાંભળવામાં આવે, તો પિંડરુ લાગતું નથી. ફક્ત પુત્રના પિતાને સ્નાનમાત્ર લાગે.

(૬) પુત્રવતી પ્રસૂતિકા(સુવાવડી)ને એક માસ પર્યંત અશુદ્ધિ રહે છે. એકત્રીસમે દિવસે ઉપવાસ કરીને શુદ્ધ થાય છે. એટલે કે ત્યારે જળસ્પર્શનો અને રસોઈ કરવાનો અધિકાર થાય છે.

(૭) પુત્રીવતી ચાલીસમે દિવસે શુદ્ધ થાય છે.

(૮) બંનેની (પુત્ર તેમજ પુત્રીની) માતાની અસ્પૃશ્યતા વીસમે દિવસે જ દૂર થાય છે. એટલે કે, પરસ્પર અડકી શકાય છે.

(૯) બંને આશૌચમાં હવેલી-મંદિરે સામગ્રી ન પહોંચાડી શકાય અને સેવામાં નાહી ન શકાય. પિંડરુમાં ગૃહસેવા પટવસ્ત્રથી થઈ શકે; જળનો સ્પર્શ ન થાય.

(૧૦) પુત્રજન્મમાં નાળછેદન પહેલાં સોનું, ધાન્ય, વસ્ત્ર, ઘી, ગાય વગેરેનું દાન આપી શકાય છે, તેમજ છઠ્ઠા દિવસે છઠ્ઠી-પૂજા કરી શકાય અને હવેલી-મંદિરે સામગ્રી પણ પહોંચાડી શકાય.

(૧૧) વિવાહ પછી પુત્રી, પિતાને ઘેર બાળકને જન્મ આપે કે બાળક મરણ પામે તો પુત્રીનાં માતા-પિતાને પિંડરુ તથા સૂતક-બંને લાગે.

(૧૨) પુત્રી તેના સાસરે બાળકને જન્મ આપે, તો પુત્રીના પિતૃપક્ષમાં પિંડરુ લાગે નહીં.

૨. સૂતક

(૧) મરણ-આશૌચના **ચાર પ્રકાર છે : ૧. સંપૂર્ણ ૨. ત્રણ રાત્રિ, ૩ પક્ષિણી અને ૪. એક રાત્રિ.**

(અ) બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શૂદ્રને એક માસ સૂતક પાળવું - એ **સંપૂર્ણ સૂતક** કહેવાય છે. સંપૂર્ણ સૂતકમાં બ્રાહ્મણ બારમે દિવસે, ક્ષત્રિય તેરમે દિવસે અને વૈશ્ય સોળમે દિવસે શુદ્ધ થાય.

(આ) 'ત્રણ રાત્રિ'ના સૂતકમાં ચોથે દિવસે શુદ્ધ થાય.

(ઇ) 'પક્ષિણી' એટલે દિવસે મરણ થાય તો બે દિવસ અને એક રાત્રિ, તથા રાત્રિએ મરણ પામે તો બે રાત્રિ એક દિવસ.

(ઈ) 'એક રાત્રિ'ના સૂતકમાં બીજે દિવસે શુદ્ધ થાય. રાત્રિ, અગ્નિ-સંસ્કાર પછી જ ગણાય.

(૨) મૂળ પુરુષથી લઈને સાત પેઢી સુધી **'સપિંડ'** કહેવાય; આઠથી ચૌદ પેઢી સુધી **'સમાનોદક'** કહેવાય; અને પંદરથી એકવીશ પેઢી સુધી **'સગોત્ર'** કહેવાય.

સપિંડોનું પૂરું સૂતક લાગે; સમાનોદકનું ત્રણ રાત્રિનું લાગે; અને સગોત્રનું એક રાત્રિ લાગે.

(૩) **બંધુત્રય** : બાંધવોના ત્રણ પ્રકાર શાસ્ત્રમાં બતાવ્યા છે :

૧. ફોઈના દીકરા, માસીના દીકરા, મામાના દીકરા - એ **'આત્મ-બાંધવ'** કહેવાય છે. ૨. પિતાની ફોઈના દીકરા, પિતાની માસીના દીકરા, પિતાના મામાના દીકરા - આ **'પિતૃબાંધવ'** કહેવાય છે; ૩. માતાની ફોઈના દીકરા, માતાની માસીના દીકરા, માતાના મામાના દીકરા - આ **'માતૃબાંધવ'** કહેવાય છે.

આ બંધુત્રય(ત્રણ પ્રકારના બાંધવ)માંથી કોઈ એકનું મરણ થાય, તો ૧ાા રાત્રિનું સૂતક લાગે છે.

(૪) ફોઈની દીકરી, માસીની દીકરી તથા મામાની દીકરી વિવાહિત હોય, તો તેનું એક દિવસનું સૂતક લાગે. અવિવાહિત હોય તો દોઢ દિવસ લાગે.

(૫) **સૂતકનો પ્રારંભ કયારથી ?** - પિંડરુની શરૂઆત જન્મ સમયથી થાય છે. મરણ-સૂતકની શરૂઆત સામાન્ય રીતે મૃત્યુકાળથી જ થાય છે, પછી દાહ ગમે ત્યારે થયો હોય; પરંતુ કોઈ **'અગ્નિહોત્રી'** હોય, તો તેનું સૂતક દાહ કર્યા પછી જ શરૂ થાય છે.

(૬) મરણ ગમે ત્યારે થયું હોય, પણ તે સાંભળવામાં આવે ત્યારે સ્પર્શનો તેમજ કર્મ કરવાનો નિષેધ લાગુ પડે છે; તે પહેલાં નહીં.

(૭) આશૌચની પૂરેપૂરી નિવૃત્તિ એક વરસે થાય છે. સ્ત્રીને પતિનું આશૌચ એક વરસ રહેતું હોવાથી જો તે મરજાદી હોય, તો પોતાના શ્રી ઠાકોરજીને ભોગ ધરીને પ્રસાદ લઈ શકે; પણ વરસ પછી મુંડન કરાવી, શુદ્ધ થઈ, શ્રીગુરુદેવની આજ્ઞાથી પોતાના શ્રીઠાકોરજીને 'પંચામૃત' કરાવે, ત્યારે બીજા મરજાદી-વર્ગ યથાવત્ ભોજન તથા જલપાન કરી શકે.

(૮) **સૂતકમાં દર્શન** : 'શૃંગાર' અને 'ભોગ'ના સમયમાં ઝારીજી ઊઠ્યા પછી જ સૂતકીને દર્શન થઈ શકે; બીજા કોઈ સમયમાં નહીં.

પિંડરુમાં દરેક સમયમાં દર્શન થઈ શકે.

(૯) બાળક જન્મીને મરણ પામે અથવા મરેલું જ જન્મે તો સપિંડોને સૂતક ન લાગે, માત્ર પિંડરુ લાગે.

(૧૦) દશ દિવસ પછી નામ પાડ્યા પહેલાં બાળક મરણ પામે, તો માબાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે અને સપિંડોને સ્નાનમાત્ર લાગે.

૩. સગોત્ર મરણાશૌચ

૧. અનૌરસ પુત્રનું ૩ રાત્રિ.
૨. કન્યાનું ચૌલકર્મ પર્યન્ત ત્રણ પેઢી સુધી સ્નાન.
૩. કન્યાના ચૌલકર્મ પછી વાગ્દાન(સગાઈ) પૂર્વે ૧ દિવસ.
૪. કન્યાના વાગ્દાન પછી અને લગ્ન પૂર્વે સાસરિયાં તથા પિયરિયાં બંનેને ૩ રાત્રિ.
૫. પુત્રીનું (લગ્ન થયા પછી) માતા-પિતા બંનેને ૩ રાત્રિ.
૬. કુંવારી કન્યાને માતા-પિતાનું સંપૂર્ણ.
૭. ધણી-ધણિયાણીને પરસ્પર સંપૂર્ણ.
૮. પિંડરુમાં બાળક મરે તો સ્નાન.
૯. બાળક(પુત્ર)ને દાટવામાં આવે તો નિકટના સંબંધીઓને સ્નાન.
૧૦. દાહ કરેલા બાળકનું, નિકટના સંબંધીઓને ૩ દિવસ.
૧૧. બાળકને દાંત આવ્યા પૂર્વે દાટે તો સંબંધીઓને સ્નાન.
૧૨. બાળકના દાંત આવ્યા પછી દાટે તો સંબંધીઓને ૩ દિવસ.
૧૩. બાળકનાં માતા-પિતાને ૩ રાત્રિ.
૧૪. બહેન (પરણેલી) પિતાને ઘેર મરે તો ભાઈને ૩ રાત્રિ.
૧૫. બહેન (પરણેલી) સાસરે મરે તો ભાઈને પક્ષિણી.
૧૬. બહેનને ભાઈનું સૂતક પક્ષિણી.
૧૭. કુંવારી બહેનને દાટવામાં આવે તો એક રાત્રિ.
૧૮. કુંવારી બહેનને દહન કરવામાં આવે તો ૩ રાત્રિ.
૧૯. બ્રાહ્મણને ૭ પેઢીમાં જનોઈવાળાનું ૧૦ દિવસ.
૨૦. ભિન્નપિતૃક સહોદર ભાઈનું ૩ રાત્રિ.
૨૧. માતા(ઓરમાન અથવા સાવકી)નું ૩ દિવસ.

૨૨. માતા-પિતાનું પુત્રને સંપૂર્ણ.
૨૩. માતા-પિતાનું કુંવારી પુત્રીને પુત્રવત્ સંપૂર્ણ.
૨૪. સમાનોદકમાં જનોઈવાળાનું સ્નાન.
૨૫. સપિંડ(૭ પેઢી)માં જનોઈવાળાનું ૧૦ દિવસ.
૨૬. દત્તક પુત્ર મરણ પામે તો ગોદ લેનાર મા-બાપને તથા સપિંડોને ૧૦ રાત્રીનું સૂતક લાગે; જ્યારે જનક મા-બાપને ૩ રાત્રીનું લાગે. આ સૂતક, સાત પેઢીમાંથી દત્તક લેવામાં આવ્યો હોય ત્યારે લાગે, પણ બાળકને બીજા કુળમાંથી દત્તક લેવામાં આવ્યો હોય, તો જનક તથા પાલક મા-બાપને ૩ રાત્રીનું લાગે અને સપિંડોને ૧ દિવસનું લાગે.
૨૭. દત્તકને, પાલક મા-બાપના મરણમાં ૧૦ રાત્રી, તથા જનક મા-બાપના મરણમાં ૩ રાત્રી.

૪. પરગોત્ર મરણાશૌચ

૧. અનુચાન(વિદ્વાન, અંગ સહિત વેદ ભણાવનાર)નું ૧ રાત્રિ.
૨. અસપિંડનું મરણ જેને ઘેર થાય તેને ૩ રાત્રિ.
૩. આચાર્યનું શિષ્યને ૩ રાત્રિ.
૪. ગુરુનું શિષ્યને ૧ રાત્રિ.
૫. શિષ્યનું ગુરુને સ્નાન.
૬. ઋત્વિજનું યજમાનને પક્ષિણી.
૭. જમાઈનું સ્નાન.
૮. દાદાની તથા નાના(માતાના પિતા)ની બહેનો, મામા-મામીઓ તથા તેમની પ્રજાનું પક્ષિણી. મામા-મામીઓ પોતાને ઘેર મરે તો ૩ દિવસ.
૯. દૌહિત્ર - જનોઈ વગરનાનું પક્ષિણી.
૧૦. દૌહિત્ર - જનોઈવાળાનું ૩ દિવસ.
૧૧. દૌહિત્રી - દાટવામાં આવે તો સ્નાન.
૧૨. દૌહિત્રી - દાહ કરવામાં આવે તો પક્ષિણી.
૧૩. નાના-નાનીનું ૩ રાત્રિ.
૧૪. પરણેલી પુત્રીને મા-બાપનું ૩ રાત્રિ.
૧૫. પરણેલી પુત્રીનું, પાંચ પેઢી સુધી સ્નાન.

૧૬. ફોઈનું પક્ષિણી.
૧૭. બંધુત્રયનું (જનોઈ પછી) પક્ષિણી.
૧૮. બંધુત્રયનું (દાટવામાં આવે તો) સ્નાન.
૧૯. બંધુત્રયનું (જનોઈથી પૂર્વ) ૧ દિવસ.
૨૦. બંધુત્રયનું સ્ત્રીરૂપમાં, પુરુષ પ્રમાણે જ લાગે.
૨૧. બંધુત્રયનાં છોકરાંનું સ્નાન.
૨૨. બાળક મરેલું અવતરે તો સ્નાન.
૨૩. ભાણેજનું (દાટવામાં આવે તો) સ્નાન.
૨૪. ભાણેજનું (દાહ કર્યો હોય તો) પક્ષિણી.
૨૫. ભાણેજનું (જનોઈ વગરનાનું) પક્ષિણી.
૨૬. ભાણેજનું (જનોઈવાળાનું) ૩ દિવસ.
૨૭. મામા-મામીને ભાણેજનું (દાટે તો) સ્નાન.
૨૮. મામા-મામીને ભાણેજનું (દાહ કરે તો) પક્ષિણી.
૨૯. મામા વગેરેનું (એક ગામમાં મરે તો) ૩ રાત્રિ.
૩૦. મામા વગેરેનું (બીજા ગામમાં મરે તો) પક્ષિણી.
૩૧. મામા વગેરેનું (દિશાંતરમાં ૨૪ ગાઉ ઉપર મરે તો) ૧ રાત્રિ.
૩૨. મા-બાપનું પરણેલી પુત્રીને ૩ રાત્રિ.
૩૩. નાની, માસી, મામો (સગો કે સાવકો), મામી અને મિત્રનું પક્ષિણી.
૩૪. મામી(સાવકી)નું સ્નાન.
૩૫. સાળા, સાળાના પુત્ર તથા બનેવીનું સ્નાન.
૩૬. સાળીનું બનેવીને અને બનેવીનું સાળીને સ્નાનમાત્ર.
૩૭. સસરા-સાસુનું જમાઈને પક્ષિણી.
૩૮. સહાધ્યાયીનું પક્ષિણી.

૫. અતિક્રાંતાશૌચ

૧ (અ) એક દેશમાં, દશ દિવસનું સૂતક. દશ દિવસ વીતી ગયા પછી ત્રણ માસ સુધી સાંભળે તો ૩ રાત્રિ.
(આ) એક દેશમાં, દશ દિવસનું સૂતક. છ માસ પછી સાંભળે તો ૧ાા દિવસ.

(ઇ) એક દેશમાં, દશ દિવસનું સૂતક. બાર માસ પછી સાંભળે તો સ્નાન-જલદાન.
(ઈ) પરદેશમાં, દશ દિવસ પછી સાંભળે તો સ્નાન.

૬. સન્નિપાત આશૌચ (એકમાં બીજું સૂતક પડે તો)

૧. દશ દિવસના એક મરણ સૂતક ઉપર બીજું સૂતક દશ કે ત્રણ દિવસનું આવી પડે, તો તે પહેલાની સાથે જ ઊતરી જાય.
૨. એક પિંડરુમાં બીજું પિંડરુ આવે, તો પહેલાની સાથે ઊતરી જાય.
૩. એક ઉપર બીજું સૂતક દશમે દિવસે પડે તો સવારે ૨ દિવસ.
૪. એક ઉપર બીજું સૂતક દશમા દિવસની પાછલી રાત્રે પડે, તો વધારે ૩ દિવસ.
૫. પરણેલી પુત્રીને દશાહ પછી મા-બાપનું ૧ાા દિવસ.
૬. પિતાના નવ દિવસમાં માતાનું પડે તો વધારે પક્ષિણી.
૭. પિતાના દશમે દિવસે માતાનું પડે તો વધારે ૩ાા દિવસ.
૮. પિતાના દશાહની પાછલી રાત્રે માતાનું પડે તો સંપૂર્ણ.
૯. માતાના આશૌચમાં પિતાનું પડે તો સંપૂર્ણ.
૧૦. વધારાના બીજા દિવસોમાં બીજું પડે તો સંપૂર્ણ.
૧૧. સન્નિપાત આશૌચમાં સુવાવડી, અગ્નિસંસ્કાર કરનારને અને મરનારના પુત્રોને સંપૂર્ણ.
૧૨. સપિંડોના સૂતકમાં મા-બાપનું પડે તો સંપૂર્ણ.
૧૩. સપિંડોના સૂતકમાં સ્ત્રીનું પડે તો બાકીનું પૂર્વશેષ.

૭. મહત્ત્વની વાત

૧. શબને દિવસે અડકે તો રાત્રે તારાદર્શનથી શુદ્ધિ થાય અને શબને રાત્રે અડકે તો સૂર્યદર્શનથી શુદ્ધિ થાય છે. એટલે કે તારાદર્શન કે સૂર્યદર્શન કરી, જનોઈ-કંઠી બદલી, ફરી વાર સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે; પરંતુ માત્ર સ્મશાને જાય અને શબનો સ્પર્શ ન કરે તો બે વાર સ્નાન કરવાથી શુદ્ધિ થાય. એટલે કે એક વાર સર્વ ડાઘુઓ સાથે સ્નાન અને બીજી વાર ઘેર આવીને સ્નાન કરવું.

૨. શબનું મોઢું જોવાથી 'અપરસ' છોવાય. સેવામાં નહાતા હોય તેને અપરસ ન હોય, તો પણ શબનું મોઢું જોવાથી સ્નાન લાગે.

૩. સૂતકીનું અન્ન ખાનારને સૂતકી પ્રમાણે સૂતક લાગે. એક વાર સૂતકીનું અન્ન ખાનારને બાકી રહેલા દિવસો સુધી સૂતક લાગે.

૪. શબ વહન કરનારને મરનારની જ્ઞાતિ મુજબ પૂરું સૂતક લાગે.

૫. ગામમાં જ્યાં સુધી શબ પડ્યું હોય, ત્યાં સુધી ગામને સૂતક લાગે.

૮. આશૌચ (સૂતક) કોને નથી લાગતું

૧. સંન્યાસી, બ્રહ્મચારી, ચાન્દ્રાયણાદિ વ્રત કરતો હોય; રાજા, કારીગર, યજ્ઞની દીક્ષા જેણે લીધી હોય - તેઓને જન્મ-મરણનું આશૌચ લાગતું નથી.

૨. તે જ પ્રકારે વિવાહ અથવા જનોઈના પ્રસ્તાવમાં નાન્દીમુખ શ્રાદ્ધ થઈ ચૂક્યું હોય, પાક સિદ્ધ થઈ ચૂક્યો હોય, યજ્ઞમાં બ્રાહ્મણોનું વરણ કરી મધુપર્ક સુધીની વિધિ થઈ ચૂકી હોય, શ્રીમદ્ભાગવત સપ્તાહ યજ્ઞમાં વક્તા-શ્રોતાનું વરણ થઈ ચૂક્યું હોય તો તે આરંભેલાં કાર્યો, સૂતક પડે તો પણ ન અટકે.

૮. સૂતકમાં નિયમ

સૂતકમાં તેલથી મર્દન ન કરવું; પલંગ ઉપર ન સૂવું; અંગ ન દબાવવું; પાન ન ખાવું; ભૂમિ ઉપર કામળો કે ચટાઈ પાથરીને સૂવું; એક વખત ભોજન કરવું.

સૂતક ઊતરવાના આગલા દિવસે એકભુક્ત (એકટાણું) કરવું, કારણ કે સૂતકમાં ખાધેલું અન્ન જ્યાં સુધી પચે નહીં, ત્યાં સુધી સૂતકી પવિત્ર થઈ શકતો નથી - આવો સદાચાર છે.

સૂતકને છેલ્લે દિવસે ગામની બહાર જળાશય હોય, ત્યાં સપિંડોની સાથે જઈ વપન, ક્ષૌર અથવા ચૌલ કરાવીને સ્નાન કરવું.

'વપન' એટલે કેવળ ચોટલી રાખીને માથાના તેમજ દાઢી-મૂછના કેશ ઉતરાવવા તે. **'ક્ષૌર'** એટલે કેવળ ચોટલી રાખીને માથાના જ કેશ ઉતરાવવા તે. **'ચૌલ'** એટલે માથાના બધા વાળ ઉતરાવવા તે.

૯. વપન આદિ ક્યારે કરાવવું

મામો-મામી, નાનો-નાની, સસરો, મોટો ભાઈ, દીક્ષા-ગુરુ, કાકા-કાકી, માતા-પિતા - આટલાંની પછવાડે 'વપન' અવશ્ય કરાવવું.

સાવકી માતા, કાકા, મામા, અવસ્થાથી નાના હોય, પણ દરજ્જાથી સંબંધથી મોટા હોય તેની પાછળ 'વપન' અવશ્ય કરાવવું.

મોટાને નાનાની મરણક્રિયા કરાવવાનો પ્રસંગ આવે, તો એણે માત્ર 'ક્ષૌર' કરાવવું.

●

પરિશિષ્ટ ૭

પ્રાત:સ્મરણ (સવારે ઊઠીને બોલવાં)

॥ શ્રી કૃષ્ણાય નમ: ॥
॥ શ્રી ગોપીજનવલ્લભાય નમ: ॥
॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમ: ॥
॥ શ્રી ગુસાંઈજી પરમદયાલવે નમ: ॥
॥ શ્રી ગુરવે નમ: ॥

સાત સ્વરૂપોનું ધ્યાન

(૧)

શ્રી ગોવર્ધનનાથ પાદયુગલં હૈયંગવીન-પ્રિયમ્
નિત્યં શ્રીમથુરાધિપં સુખકરં, શ્રીગોકુલેશં મુદા ।
શ્રીમદ્ દ્વારવતીશ ગોકુલપતિ, શ્રીગોકુલેન્દું વિભુમ્
શ્રીમન્મન્મથમોહનં નટવરં, શ્રીબાલકૃષ્ણં ભજે ॥

અર્થ : શ્રીગોવર્ધનનાથજીનાં બેઉ ચરણકમલને, ગઈ કાલે દોવાયેલ દૂધનું તાજું માખણ જેને પ્રિય છે એવા શ્રીનવનીતપ્રિયજીને, હમેશાં સુખ કરવાવાળા શ્રીમથુરેશજીને, શ્રીવિઠ્ઠલેશજીને, શ્રીદ્વારકાધીશજી અને શ્રી ગોકુલનાથજીને, પ્રભુ શ્રીગોકુલચંદ્રમાજીને, શ્રીમદનમોહનજીને, શ્રી નટવરલાલજીને અને શ્રીબાલકૃષ્ણજીને એ સર્વ સ્વરૂપોને હર્ષપૂર્વક ભજું છું.

સાત બાળકો વગેરેનું ધ્યાન

(૨)

શ્રીમદ્ વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં, ગોવિંદરાયાભિધમ્
શ્રીમદ્ બાલકકૃષ્ણ ગોકુલપતિ, નાથં રઘુણાંસ્તથા ।
એવં શ્રી યદુનાયકં કિલ ઘન-શ્યામં ચ તદ્વંશજાન્
કાલિન્દીં સ્વગુરુંગિરિ ગુરુવિભૂન્ સ્વીયપ્રભૂંશ્ચસ્મરેત્ ॥

અર્થ : શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી, તેવી જ રીતે શ્રી રઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામજી અને તેઓના વંશમાં પ્રકટેલા બાળકો, શ્રીયમુનાજી, પોતાના શ્રીગુરુદેવ, શ્રીગિરિરાજજી, શ્રીદાઉજી અને પોતાના સેવ્ય શ્રીઠાકોરજી એ સર્વેનું સ્મરણ કરું છું.

●

મંગળાચરણ

ચિંતા સંતાન-હંતારો યત્પાદાંબુજરેણવ: ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુ: ॥૧॥

જેમના ચરણકમલની રજ પોતાના સેવકોની ચિંતાઓના સમૂહનો નાશ કરનારી છે, તેવા પોતાના આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીને હું વારંવાર પ્રણામ કરું છું.

યદનુગ્રહતો જન્તુ: સર્વદુ:ખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનંદનમ્ ॥૨॥

જેમની કૃપાથી જીવમાત્ર સર્વ દુ:ખોને ઓળંગી જવા સમર્થ બને છે, તેવા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના કુમાર શ્રીગુસાંઈજીને હું સદૈવ વંદન કરું છું.

યદુક્તં તાતચરણ: શ્રીકૃષ્ણ: શરણં મમ ।
તત એવાસ્તિ નૈશ્ચિંત્યમૈહિકે પારલૌકિકે ॥૩॥

તાતચરણ શ્રીમહાપ્રભુજીએ મારું શરણ શ્રીકૃષ્ણને કહ્યું છે, એથી જ મને આ લોકમાં તેમજ પરલોક સંબંધી નિરાંત છે.

મમ ચિત્તસ્ય વિશ્વાસ: શ્રીગોપીજનવલ્લભે ।
યદાતદા કૃતાર્થોऽહં શોચનીયો ન કર્હિચિત્ ॥૪॥

શ્રીગોપીજનાદિ નિ:સાધન ભક્તોના પ્રિય પ્રભુમાં મારા મનને પાકો ભરોસો છે, તેથી વારંવાર હું કૃતાર્થ જ થયો છું. કદી પસ્તાવું પડ્યું નથી.

અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમ: ॥૫॥

જેમણે જ્ઞાનરૂપી અંજનની સળી વડે અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલાનાં નેત્રો ઉઘાડેલાં છે, તે શ્રીગુરુદેવને નમન હો.

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્ર લીલાભિ: સેવ્યમાનં કલાનિધિમ્ ॥૬॥

લીલારૂપી ક્ષીરસાગરમાં શ્રીમહાપ્રભુજીના હૃદયરૂપ શેષ ઉપર શયન કરતા, હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાઓથી સેવાતા કલાનિધિરૂપ શ્રીપૂર્ણપુરુષોત્તમને હું નમન કરું છું.

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યોસૌ પંચધા હૃદયે મમ ॥૭॥

(૧) પ્રથમ ચાર અધ્યાયનું જન્મ પ્રકરણ, (૨) પછી સાત સાત અધ્યાયનાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલનાં ચાર પેટા પ્રકરણવાળું તામસ્ પ્રકરણ, (૩) પછી સાત સાત અધ્યાયનાં પ્રમાણ, પ્રમેય સાધન અને ફલનાં ચાર પેટા પ્રકરણવાળું રાજસ્ પ્રકરણ, (૪) પછી ચાર પેટા-પ્રકરણવાળું તામસ્ પ્રકરણ; પ્રમેય, સાધન અને ફળનાં પેટાપ્રકરણવાળું સાત્ત્વિક પ્રકરણ; પછી છેલ્લા ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યનું ગુણ પ્રકરણ - આમ પાંચ પ્રકરણ વડે ભગવાનની નિરોધલીલાનું જેમાં વર્ણન છે એવા દશમ સ્કંધમાં બિરાજતા ભગવાન મારા (શ્રીમહાપ્રભુજીના) હૃદયમાં બિરાજે છે.

●

શ્રીયમુનાષ્ટક

નમામિ યમુનામહં સકલ સિદ્ધિહેતું મુદા
મુરારિપદપંકજ-સ્ફુરદમન્દરેણૂત્કટામ્
તટસ્થનવકાનન પ્રકટ મોદ પુષ્પામ્બુના
સુરાસુરસુપૂજિત સ્મરપિતુ: શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥

સકળ સિદ્ધિઓને આપનારાં, મુરારિના ચરણકમલ વિષે પ્રકાશમાન અને ઘણી એવી રજ જેમાં અધિક છે એવાં, તથા કિનારામાં રહેલાં નવાં વનોમાં ખીલેલાં અને સુગંધીવાળાં પુષ્પો વડે યુક્ત જલ વડે કરીને સુરાસુરપૂજિત શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરનારાં શ્રીયમુનાજીને હું હર્ષપૂર્વક નમન કરું છું.

કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજ્જ્વલા
વિલાસગમનોલ્લસત્ પ્રકટગણ્ડશૈલોન્નતા
સઘોષગતિદન્તૂરા સમધિરૂઢદોલોત્તમા
મુકુન્દરતિવર્ધિની જયતિ પદ્મબન્ધો: સુતા ॥૨॥

કલિંદ પર્વતનાં શિખરો ઉપર પડતા ધોધ વડે ઉજ્જ્વલ, વિલાસપૂર્વક ગમન કરવાથી શોભાયમાન, ખુલ્લી રીતે દેખાતા ગંડશૈલોએ કરીને ઊંચા શબ્દસહિત ચાલવાથી જાતજાતના વિકારવાળાં, જાણે ઉત્તમ પાલખીમાં ન બિરાજ્યાં હોય એવાં અને મુકુન્દમાં ભક્તની અને ભક્ત ઉપર મુકુંદની પ્રીતિને વધારનારાં સૂર્યપુત્રી શ્રીયમુનાજીનો જયજયકાર હો.

ભુવં ભુવનપાવનીમધિગતામનેકસ્વનૈ:
પ્રિયાભિરિવ સેવિતાં શુકમયૂરહંસાદિભિ:
તરંગભુજકંકણ પ્રકટમુક્તિકાવાલુકા
નિતંબતટ સુન્દરીં નમત કૃષ્ણતુર્ય પ્રિયામ્ ॥૩॥

સર્વ લોકોને પવિત્ર કરનારાં અને પ્રિય સખીઓની જેમ મધુર શબ્દવાળાં; શુક, મેના, મયૂર અને હંસ વગેરે પક્ષીઓથી સેવાતાં તથા શ્રીહસ્ત વિષે રહેતાં તરંગરૂપી કંકણમાં ખુલ્લી રીતે દેખાતા વેળુરૂપ મોતીના દાણા વડે યુક્ત અને તટરૂપ નિતંબ વડે સુંદર જણાતાં એવાં પૃથ્વી ઉપર પધારેલાં શ્રીયમુનાજીને, હે ભક્તો ! નમન કરો.

અનન્તગુણભૂષિતે શિવવિરંચિદેવસ્તુતે
ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે;
વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મન: સુખં ભાવય ॥૪॥

અનંત ગુણો વડે શોભાયમાન, શિવ-બ્રહ્માદિક દેવોએ સ્તવાતાં, નિરંતર મોટા મેઘ જેવી ક્રાન્તિવાળાં, ધ્રુવ અને પરાશરને ઇચ્છિત ફળ દેનારાં, મોક્ષદા મથુરાનગરી જેના કિનારે છે એવાં, તથા સકળ ગોપગોપીજનથી વીંટળાયેલાં, તેમજ દયાસાગર શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહેલાં, એવાં હે શ્રીયમુનાજી ! તમે જ મારા મનને ઉપર જણાવેલા છ ગુણોવાળા દયાસાગર કૃષ્ણમાં જેમ સુખ થાય તેમ વિચારો.'

યયા ચરણપદ્મજા મુરરિપો: પ્રિયંભાવુકા
સમાગમનતોભવત્ સકલસિદ્ધિદા સેવતામ્
તયા સદૃશતામિયાત્ કમલજા સપત્નીવ યત્
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥

જેની સાથે મળવાથી ગંગાજી પણ ભગવાનના પ્રિયને કરનારાં અને પોતાની સેવા કરનારા જીવોને સર્વ સિદ્ધિઓ આપનારાં થયાં છે; તેવાં શ્રીયમુનાજી સાથે સ્પર્ધા, સરખા સૌભાગ્યવાળાં લક્ષ્મીજી વિના બીજું કોણ કરી શકે ? માત્ર લક્ષ્મીજી જ કરી શકે. આવાં શ્રીયમુનાજી મારા મનમાં નિરંતર બિરાજો.

નમોસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતં
ન જાતુ યમયાતના ભવતિ તે પયપાનત:
યમોપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકા: ॥૬॥

હે યમુનાજી ! નિરંતર તમને નમસ્કાર હો. તમારું ચરિત્ર અતિશય અદ્ભુત છે; કારણ કે તમારું જલપાન કરવામાત્રથી જ યમરાજ-સંબંધેનું દુ:ખ કદી થતું નથી. વળી, યમરાજ પણ બેનનાં છોકરાંને, તે કદાપિ દુષ્ટ હોય તો પણ, કેમ મારે ? તમારી સેવા કરવાથી જેમ ગોપીઓ હરિને પ્રિય થઈ, તેમ અન્ય જીવ પણ તમારી સેવા કરવાથી હરિને પ્રિય થાય છે.

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્મુરરિપો મુકુન્દપ્રિયે;
અતોસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈ: ॥૭॥

ભગવાનને પ્રિય હે યમુનાજી ! તમારા સમીપમાં જ મને નૂતન લીલામાં સેવોપયોગી દેહ મળે, અને જો એમ થશે તો ભગવાનમાં પ્રીતિ દુર્લભ નથી, એટલા માટે જ તમને લખી લખીને વીનવું છું. અને શ્રીગંગાજી પણ તમારા સંગથી જ પૃથ્વીમાં વખણાયાં છે; તેથી પુષ્ટિમાર્ગમાં રહેલા જીવો તો ક્યારે પણ તમારા સિવાય એકલાં ગંગાજીને વખાણતા નથી.

સ્તુતિં તવ કરોતિ ક: કમલજાસપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષાત: ।
ઈયં તવ કથાધિકા સકલગોપિકા સંગમ-
સ્મરશ્રમજલાણુભિ: સકલગાત્રજૈ: સંગમ: ॥૮॥

લક્ષ્મીજીના સમાન ભાગ્યવાળાં અને ભગવાનને પ્રિય હે યમુનાજી ! તમારી સ્તુતિ કોણ કરી શકે ? કારણ કે શ્રીહરિ સંબંધી જે લક્ષ્મીની સેવા છે તેથી તો મોક્ષ પર્યંત જ સુખ થાય છે; પરંતુ તમારો મહિમા તો એથીયે અધિક છે, કારણ કે તમારી સેવા કરવાથી સર્વ અંગથી ઉત્પન્ન થયેલાં એવાં સર્વ ગોપીજનોના સમાગમથી થયેલા શ્રમજલનાં જે બિંદુઓ, તેની સાથે સમાગમ થાય છે.

તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસુતે સદા
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુંદે રતિ:
તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ
સ્વભાવવિજયો ભવેત્ વદતિ વલ્લભ: શ્રીહરે: ॥૯॥

સૂર્યનાં પુત્રી, હે શ્રીયમુનાજી ! તમારા આ અષ્ટકનો જે માણસ હમેશાં સહર્ષ પાઠ કરે છે, તે માણસનાં નિશ્ચયે કરીને સઘળાં પાપોનો નાશ થાય છે અને તેને ભગવાન મુકુંદમાં પ્રીતિ થાય છે,જે વડે સર્વ સિદ્ધિઓ સિદ્ધ થાય છે, અને ભગવાન પ્રસન્ન થાય છે તથા ભગવાન અને ભક્ત બન્નેના સ્વભાવનો વિજય થાય છે. એમ ભગવાનને પ્રિય શ્રીમહાપ્રભુજી કહે છે.

શ્રીસર્વોત્તમ સ્તોત્ર

પ્રાકૃતધર્માનાશ્રય-મપ્રાકૃતનિખિલ ધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્-તચ્છુદ્ધમ સાકૃતિ સ્તૌમિ ॥૧॥

કલિકાલતમાચ્છન્ન દૃષ્ટિત્વાત્વિદુપામપિ ।
સંપ્રત્ય વિપયસ્તસ્ય, માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥૨॥

દયયા નિજ માહાત્મ્યં, કરિષ્યન્પ્રકટં હરિ ।
વાણ્યા યદાતદા સ્વાસ્યં, પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥

તદુક્તમપિ દુર્બોધં, સુબોધં સ્યાત્ યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં, પ્રવક્ષ્યામ્યખિલાઘહત્ ॥૪॥

ઋપિરગ્નિકુમારસ્તુ, નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ, બીજં કારુણિક: પ્રભુ: ॥૫॥

વિનિયોગો ભક્તિયોગ-પ્રતિબંધ વિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદ-સિદ્ધિરત્ર ન સંશય: ॥૬॥

આનંદ: પરમાનંદ: શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિ: ।
દૈવોદ્ધાર પ્રયત્નાત્મા, સ્મૃતિમાત્રાર્તિનાશન: ॥૭॥

શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણ: ।
સાકારબ્રહ્મવાદૈક સ્થાપકો વેદ-પારગ: ॥૮॥

માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તંડ: સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ: ॥૯॥

અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત-માનવ: ।
અંગીકૃતૌ સમર્યાદો, મહાકારુણિકો વિભુ: ॥૧૦॥

અદેયદાન દક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષ: ॥૧૧॥

વૈશ્વાનરો વલ્લભાખ્ય: સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણ ભક્તિકૃન્નિખિલેષ્ટદ: ॥૧૨॥

સર્વલક્ષણસંપન્ન: શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુ ।
સ્વાનંદતું દિલ: પદ્મ દલાયત વિલોચન: ॥૧૩॥

કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસીપ્રિય: પતિ: ।
રોષદૃક્પાતસંપ્લુષ્ટ, ભક્તિદ્વિટ્ ભક્તસેવિત: ॥૧૪॥

સુખસેવ્યો દુરારાધ્યો, દુર્લભાંઘ્રિસરોરુહ: ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુ પૂરિતાશેષ સેવક: ॥૧૫॥

શ્રીભાગવતપીયૂષ સમુદ્રમંથનક્ષમ: ।
તત્સારભૂત-રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ: ॥૧૬॥

સાન્નિધ્યમાત્રદત્ત શ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદ: ।
રાસલીલૈકતાત્પર્ય: કૃપયૈતત્કથાપ્રદ: ॥૧૭॥

વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશક: ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્તક: ॥૧૮॥

યાગાદૌ ભક્તિમાર્ગૈક - સાધનત્વોપદેશક: ।
પૂર્ણાનંદ: પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વર: ॥૧૯॥

કૃષ્ણનામ સહસ્રસ્ય વક્તા ભક્તપરાયણ: ।
ભક્ત્યાચારોપદેશાર્થ નાનાવાક્યનિરૂપક: ॥૨૦॥

સ્વાર્થોજ્ઝિતાખિલ પ્રાણ પ્રિયસ્તાદૃશવેષ્ટિત: ।
સ્વદાસાર્થકૃતાશેષ સાધન: સર્વશક્તિધૃક્ ॥૨૧॥

ભુવિ ભક્તિપ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્ પિતા ।
સ્વવંશે સ્થાપિતાશેષ સ્વમાહાત્મ્ય: સ્મયાપહ: ॥૨૨॥

પતિવ્રતાપતિ: પારલૌકિકૈહિકદાનકૃત ।
નિગૂઢહૃદયોનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશય: ॥૨૩॥

ઉપાસનાદિમાર્ગાતિ મુગ્ધમોહનિવારક: ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥

પૃથક્શરણમાર્ગોપ-દેષ્ટા, શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થ, લીલારસસુપૂરિત: ॥૨૫॥

તત્કથાક્ષિપ્તચિત્ત સ્તદ્-વિસ્મૃતાન્યો વ્રજપ્રિય: ।
પ્રિયવ્રજસ્થિતિ: પુષ્ટિલીલાકર્તા રહ:પ્રિય: ॥૨૬॥

ભક્તેચ્છાપૂરક: સર્વાજ્ઞાતલીલોતિમોહન: ।
સર્વાસક્તો ભક્તમાત્રાસક્ત: પતિતપાવન: ॥૨૭॥

સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયામ્ભોજ વિષ્ટર: ।
યશ: પીયૂષલહરી પ્લાવિતાન્યરસ પર: ॥૨૮॥

લીલામૃતરસાર્દ્રાર્દ્રી કૃતાખિલ શરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહ: તલ્લીલાપ્રેમપૂરિત: ॥૨૯॥

યજ્ઞભોક્તા યજ્ઞકર્તા, ચતુર્વર્ગવિશારદ: ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદ: ॥૩૦॥

સ્વકીતિવર્ધનસ્તત્ત્વ સૂત્રભાષ્યપ્રદર્શક: ।
માયાવાદાખ્યતૂલાગ્નિ: બ્રહ્મવાદનિરૂપક: ॥૩૧॥

અપ્રાકૃતાખિલાકલ્પ ભૂષિત: સહજસ્મિત: ।
ત્રિલોકીભૂષણં ભૂમિ ભાગ્યં સહજસુંદર: ॥૩૨॥

અશેષભક્તસંપ્રાર્થ્ય ચરણાબ્જરજોધન: ।
ઇત્યાનંદ નિધે: પ્રોક્તં, નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્ય:, પઠત્યનુદિનમ્ જન: ।
સ તદેકમના: સિદ્ધિ મુક્તાં પ્રાપ્નોત્યસંશય: ॥૩૪॥

તદપ્રાપ્તૌ વૃથા મોક્ષ - સ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અત: સર્વોત્તમં સ્તોત્રં, જપ્યં કૃષ્ણરસાર્થિભિ: ॥૩૫॥

* * *

સિદ્ધાન્ત રહસ્ય

શ્રાવણ સ્યામલે પક્ષે, એકાદશ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં, તદક્ષરશ: ઉચ્યતે ॥૧॥

શ્રાવણ માસના સુદ પક્ષમાં અગિયારસની મધ્યરાત્રિએ પ્રકટ થઈ સાક્ષાત્ ભગવાને જે કહેલું છે તે અક્ષરેઅક્ષર કહેવાય છે.

બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયો: ।
સર્વદોષનિવૃત્તિર્હિ દોષા: પંચવિધા: સ્મૃતા: ॥૨॥

સંબંધ એટલે જોડાવું. પરમાત્મા શ્રીકૃષ્ણ પરબ્રહ્મ સાથે જે સંબંધ થાય તે બ્રહ્મસંબંધ. આવી રીતે બ્રહ્મસંબંધ કરવાથી સર્વના દેહના અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ નિશ્ચય થાય છે. આ દોષો પાંચ પ્રકારના સ્મૃતિશાસ્ત્રમાં વર્ણન કરવામાં આવેલા છે.

સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતા: ।
સંયોગજા: સ્પર્શજાશ્ચ ન મંતવ્યા: કથંચન ॥૩॥

સહજ, દેશ, કાલ, સંયોગ અને સ્પર્શથી ઉત્પન્ન થનારા પાંચ દોષો લોક અને વેદમાં નિરૂપણ કરવામાં આવેલા છે. તેમને કોઈ રીતે સેવામાં અડચણરૂપ માનવા ન જોઈએ.

અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિ: કથંચન ॥૩ ૧/૨॥

પ્રભુને નિવેદન કર્યા સિવાય સર્વ દોષોની નિવૃત્તિ કર્મ, જ્ઞાન કે પ્રાયશ્ચિત્ત વગેરે કોઈ પણ પ્રકારથી થતી નથી.

અસમર્પિતવસ્તૂનાં, તસ્માદ્ વર્જનમાચરેત્ ।
નિવેદિભિ: સમર્પ્યૈવ, સર્વં કુર્યાદિતિ સ્થિતિ: ॥૪॥

તેથી બ્રહ્મસંબંધ કર્યા પછી તો પ્રભુને સમર્પણ કર્યા વગરની વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. જેમણે પ્રભુને નિવેદન કર્યું છે, તેમણે તો પ્રભુને સર્વ સમર્પણ કરીને જ સર્વ કાર્યો કરવાં, એવી ભક્તિમાર્ગની મર્યાદા છે.

ન મતં દેવદેવસ્ય, સામિભુક્ત-સમર્પણમ્ ।
તસ્માદાદૌ સર્વકાર્યે, સર્વવસ્તુસમર્પણમ્ ॥૫॥

દેવના પણ દેવ શ્રીકૃષ્ણ પ્રભુને અર્ધભોગવેલી વસ્તુનું સમર્પણ કરવું તે યોગ્ય નથી. આમ, અર્ધભુક્ત વસ્તુ પ્રભુને સમર્પણ થઈ શકતી નથી, માટે હમેશાં વૈદિક કે લૌકિક સર્વ કાર્યના આરંભમાં જ સર્વ વસ્તુ પ્રભુને સમર્પણ કરવી ને પછી તેનો પ્રસાદી તરીકે ઉપયોગ કરવો.

દત્તાપહાર વચનં તથા ચ સકલં હરે: ।
ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ, ભિન્નમાર્ગપરં મતમ્ ॥૬॥

શ્રીમદ્ ભાગવતમાં કહે છે, ‘આપેલું દાન અને પ્રભુનું કંઈ પણ ગ્રહણ કરવું નહિ.’ આ શ્રીમદ્ ભાગવતનું વચન અન્ય પૂજા માર્ગને લાગુ પડે છે.

સેવકાનાં યથા લોકે વ્યવહાર: પ્રસિદ્ધ્યતિ ।
તથા કાર્યં સમર્પ્યૈવ, સર્વેષાં બ્રહ્મતા તત: ॥૭॥

જેમ લોકમાં સેવક સ્વામીની આજ્ઞા પ્રમાણે સર્વ કાર્ય કરે છે, તેમ સમર્પણ કરીને સર્વ વ્યવહાર ભક્તોએ કરવો. સમર્પિત કરીને કાર્ય કરવાથી દોષ લાગતો નથી; કેમ કે બ્રહ્મને સમર્પિત કરવાથી સર્વ વસ્તુને બ્રહ્મરૂપતા અથવા દોષરહિતપણું પ્રાપ્ત થાય છે.

ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ।
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્, તદ્વદત્રાપિ ચૈવ હિ ॥૮॥

ગંગાજીમાં મળી ગયા પછી ગંગાજીરૂપ થતાં તે સૌ પવિત્ર થાય છે; ગંગાજીના અલૌકિક સામર્થ્યના કારણે પવિત્ર બને છે. તેના મૂળના ગુણદોષ નાશ પામે છે.

(તેવી રીતે અહીં પણ બ્રહ્મસંબંધ કરવાવાળામાં જે દોષ તથા ગુણ પહેલાં હોય છે, તે બધા જ બ્રહ્મસંબંધ કર્યા પછી બ્રહ્મના જેવા નિર્દોષ અને બ્રહ્મરૂપ થાય છે. તેથી તેના જે દોષો હોય તે બધા નાશ પામે છે.)

●

નવરત્નમ્

ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિ: કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥૧॥

જેઓએ પ્રભુને આત્મનિવેદન કરેલું છે, તેવા ભક્તોએ ક્યારે પણ કાંઈ પણ ચિંતા ન કરવી. ભગવાન અનુગ્રહ માર્ગસ્થ છે, એટલા માટે તે જીવની લૌકિક ગતિ નહીં કરે.

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈ: ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાત: કરિષ્યતિ ॥૨॥

સર્વ પ્રકારે તાદૃશી ભક્તોની સાથે મળી નિવેદનનું સ્મરણ કરવું જોઈએ. સર્વના ઈશ્વર, સર્વના આત્મા પોતાની ઇચ્છાથી અથવા ભક્તોની ઇચ્છા પ્રમાણે જ કરશે.

સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિ: ।
અતોન્યવિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥૩॥

સર્વને પ્રભુનો સંબંધ સરખો છે. એક જીવ પ્રતિ મુખ્ય અને તેના સંબંધી દેહાદિને વિષે ગૌણ નથી. એ પ્રમાણે માર્ગની મર્યાદા છે. એટલે બીજાના પુત્રાદિનો વિનિયોગ થાય તો પણ ચિંતા શી ? કેમકે એ પણ સમર્પણ દ્વારા એનાં જ થયાં છે.

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।
યૈ: કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥૪॥

અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેઓએ આત્મનિવેદન-બ્રહ્મસંબંધ કર્યું છે અને શ્રીકૃષ્ણને જેમણે પોતાના પ્રાણ સ્વાધીન કર્યા છે તેઓને શી ચિંતા?

તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।
વિનિયોગેઽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિ: સ્વત: ॥૫॥

તેવી રીતે શ્રીપુરુષોત્તમમાં નિવેદન-વિષયક ચિંતા ત્યજવી, અન્યમાં વિનિયોગની પણ ચિંતા ત્યજવી; કારણ કે પોતે હરિ સર્વસમર્થ છે.

લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો તસ્માત્ સાક્ષિણો ભવતાખિલા: ॥૬॥

ભક્તની લોકમાં તેમ જ વેદમાં સુખપૂર્વક સ્થિતિ તો ભક્તનાં દુ:ખ હરનાર પ્રભુ નહિ કરે; કારણ કે જીવ પુષ્ટિમાર્ગમાં રહેલો છે. માટે સર્વ ભક્તો સાક્ષીરૂપ થાઓ.

સેવાકૃતિર્ગુરોરાજ્ઞા-બાધનં વા હરીચ્છયા ।
અત: સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥૭॥

ગુરુની આજ્ઞાનો બાધ ન થાય, તેવી રીતે સેવા કરવી અથવા હરિની ઇચ્છા વડે જો ફેરફાર કરવો પડે તો તે પ્રમાણે સેવા કરવી. એટલા માટે ચિત્તને સેવામાં પરાયણ કરીને સુખપૂર્વક રહો.

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ॥૮॥

હરિ ચિત્તમાં ઉદ્વેગ કરીને પણ જે જે કરશે, તે તે પ્રભુની લીલા છે એમ માનીને ચિંતા જલદી તજવી.

તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણ: શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિ: ॥૯॥

તે કારણ માટે સર્વ પ્રકારે નિરંતર શ્રીકૃષ્ણ મારો આશ્રય છે, માટે પ્રતિપળે 'શ્રીકૃષ્ણ: શરણં મમ' એ પ્રકારે બોલતાં જ રહેવું, એવો મારો મત છે.

કૃષ્ણાશ્રયઃ

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।
પાખંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥

ખલધર્મવાળા આ ઘોર કલિયુગમાં ભગવાનની પ્રાપ્તિના સર્વ માર્ગો – જેવા કે કર્મ, જ્ઞાન, ઉપાસના, ભક્તિ વગેરે નષ્ટ થઈ ગયા છે. લોકોમાં પાખંડ ઘણો વધી ગયો છે. તેવા સમયમાં શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી એકમાત્ર ગતિ છે.

મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૨॥

પવિત્ર દેશો પણ મ્લેચ્છ પુરુષોથી વીંટળાઈ ગયા છે, ને કેવળ પાપના સ્થાનરૂપ બની ગયા છે. સારા પુરુષોને પીડા થતી જોઈને લોકોમાં ગભરાટ ઘણો વધી પડ્યો છે. તેવા સમયમાં શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી ગતિ છે.

ગંગાદિ તીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥

ગંગાજી વગેરે ઉત્તમ તીર્થો પણ દુષ્ટ પુરુષોથી જ વીંટળાઈ ગયાં છે, તેથી તેમનું આધિદૈવિક સ્વરૂપ તિરોધાન થઈ ગયું છે. માત્ર આધિભૌતિક જલનો પ્રવાહ વહે છે. તેવા સમયમાં શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી ગતિ છે.

અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગર્તિમમ ॥૪॥

સારા પુરુષો પણ અહંકારમાં ઘણા જ મૂઢ-મૂર્ખ બની ગયા છે, અને પાપી પુરુષોને અથવા પાપમાર્ગને અનુસરનારા થયા છે. પોતાને ધન વગેરેનો લાભ થાય અગર માન-આબરૂ-પ્રતિષ્ઠા વધે, લોકોમાં પોતાની પૂજા થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે. તેવા સમયમાં શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી ગતિ છે.

અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વવ્રતયોગિષુ ।
તિરોહિતાર્થ દેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥

મંત્રોનું સારી રીતે જ્ઞાન ન હોવાથી અને તેમનું અનુષ્ઠાન તેમજ યોગના નિયમપૂર્વક નહિ થવાથી મંત્રોના અર્થ અને દેવતા તિરોધાન થઈ ગયા છે. તેવા સમયમાં શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી ગતિ છે.

નાના વાદ વિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ ।
પાખંડૈકપ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૬॥

અનેક પ્રકારના વેદથી વિરુદ્ધ વાદવિવાદ થવાથી સર્વ કર્મો અને વ્રતો નાશ પામ્યાં છે. કેવળ પાખંડ માટે જ લોકો પ્રયત્ન કરી રહ્યા છે. તેવા સમયમાં શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી ગતિ છે.

અજામિલાદિદોષાણાં નાશકોનુભવે સ્થિત: ।
જ્ઞાપિતાખિલ માહાત્મ્ય: કૃષ્ણ એવ ગતિર્મમ ॥૭॥

અજામિલ વગેરે પાપીઓના દોષો-પાપોનો નાશ કરનારા પ્રભુ છે, એ બાબત તો ભક્તોના અનુભવમાં આવેલી છે. એ દ્વારા અધમમાં અધમ જીવ હોય, તો પણ પ્રભુનામ લેવામાત્રથી જ પાપનો નાશ થાય છે અને તે કૃતાર્થ થાય છે; એવું પોતાનું સમગ્ર માહાત્મ્ય જણાવનારા એવા શ્રીકૃષ્ણનું શરણ એ જ મારી ગતિ છે.

પ્રાકૃતા: સકલા દેવા: ગણિતાનન્દ-કં બૃહત્ ।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૮॥

સઘળા દેવો પ્રાકૃત છે, અક્ષરબ્રહ્મ ગણી શકાય તેવા આનંદવાળું છે. જ્યારે શ્રીહરિ કૃષ્ણ પૂર્ણ આનંદવાળા છે. માટે શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી ગતિ છે.

વિવેકધૈર્ય-ભક્ત્યાદિ રહિતસ્ય વિશેષત: ।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ॥૯॥

વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત, જે હું વિશેષ કરીને પાપમાં આસક્તિવાળો દીન એવો, શ્રીકૃષ્ણ-શરણ એ જ મારી ગતિ છે.

સર્વસામર્થ્ય સહિત: સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।
શરણસ્થ-સમુદ્ધારં કૃષ્ણ વિજ્ઞાપયામ્યહમ્ ॥૧૦॥

સર્વ પ્રકારના સામર્થ્યવાળા, સર્વ ઠેકાણે ભક્તોના સર્વ અર્થ – ઇચ્છિત પદાર્થો આપનાર, શરણમાં રહેલાનો સંપૂર્ણ રૂડી રીતે ઉદ્ધાર કરનાર, શ્રીકૃષ્ણને હું વિજ્ઞપ્તિ કરું છું.

કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં ય: પઠેત્ કૃષ્ણસન્નિધૌ ।
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઇતિ શ્રીવલ્લભોઽબ્રવીત્ ॥૧૧॥

આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો જે કોઈ શ્રીકૃષ્ણની સન્મુખમાં વિશ્વાસપૂર્વક પાઠ કરે છે તેને શ્રીકૃષ્ણ જરૂર આશ્રયરૂપ થાય છે, એમ શ્રીવલ્લભ કહે છે.

* * *

ચતુઃશ્લોકી

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ: ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્ય: ક્વાપિ કદાચન ॥૧॥

હમેશાં સર્વભાવથી વ્રજના અધિપતિ, નિ:સાધન જીવોના સ્વામી શ્રી કૃષ્ણ ભજન-સેવા કરવા યોગ્ય છે. સ્વસ્ય-નદીઓનું શરણ ગ્રહ્યું છે એમનો આ જ ખરેખર ધર્મ છે. કોઈ પણ સ્થળે અને ક્યારેય પણ બીજો ધર્મ નથી. (આ શ્લોકમાં **ધર્મરૂપી પુરુષાર્થ** કહ્યો છે.)

એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।
પ્રભુ: સર્વ-સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥૨॥

ઉપર કહ્યું એ પ્રકારે હમેશાં સેવારૂપી સ્વધર્મનું પાલન કરવું જોઈએ. પ્રભુ પોતે જ ભક્તનાં સર્વ કાર્ય કરશે; કારણ કે પ્રભુ સર્વ કરવાને સમર્થ છે. તેથી ભક્તોએ તો સર્વ વાતે નિશ્ચિંત રહેવું. આપણો સાચો અર્થ પ્રભુનાં સેવા-સ્મરણ છે. (આ શ્લોકમાં **અર્થરૂપી પુરુષાર્થ** કહ્યો છે)

યદિ શ્રીગોકુલાધીશો ધૃત: સર્વાત્મનો હૃદિ ।
તત: કિમપરં બ્રૂહિ લૌકિકૈ-વૈદિકૈરપિ ॥૩॥

જો શ્રીગોકુલના અધિપતિ શ્રીકૃષ્ણને હૃદયમાં સર્વાત્મભાવથી ધારણ કર્યા છે, તો પછી લૌકિક અને વૈદિક કર્મથી પણ બીજું શું પ્રયોજન છે ? તે તું મને કહે. પ્રભુ હૃદયમાં ધારણ કર્યા પછી જીવને બીજી કંઈ અપેક્ષા રહેતી જ નથી. (આ શ્લોકમાં **કામરૂપી પુરુષાર્થ** કહ્યો છે.)

અત: સર્વાત્મના શશ્વદ્, ગોકુલેશ્વર પાદયો: ।
સ્મરણં-ભજનં ચાપિ, ન ત્યાજ્યમિતિ મે મતિ: ॥૪॥

એટલા માટે સર્વાત્મભાવથી હમેશાં શ્રીગોકુલના ઈશ્વર શ્રીકૃષ્ણનાં ચરણકમલનાં સ્મરણ-સેવા અને નિશ્ચય શરણ છોડવાં નહિ. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીની અનુભવપૂર્વક આજ્ઞા છે. (આ શ્લોકમાં **મોક્ષરૂપી પુરુષાર્થ** કહ્યો છે.)

◆

બ્રહ્મસંબંધ મંત્રનો ભાવાર્થ

(મૂળ મંત્ર અપરસમાં જ બોલી શકાય.)

ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થયો હોવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ-ક્લેશનો આનંદ થવો જોઈએ તે જેને તિરોધાન થયો છે; તેવો હું જીવ ભગવાન શ્રીકૃષ્ણ (શ્રીગોપીજનવલ્લભ)ને દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંત:કરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું.,હે કૃષ્ણ ! હું તમારો (તમારી) છું.

આશ્રયનું પદ

શ્રીગુસાંઈજીનાં ચરણારવિંદ તરફ નજર કરી શ્રી સૂરદાસજીએ ગાયું હતું -

ભરોસો દૃઢ ઇન ચરનન કેરો,
શ્રીવલ્લભનખચંદ્ર-છટા બિન સબ જગમાંહી અંધેરો.
સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિવેરો,
સૂર કહા કહે દ્વિવિધ આંધરો, બિના મૂલકો ચેરો. ભરોસો૦

આ સામે બિરાજે છે તે ચરણનો મને પાકો ભરોસો છે. પછી બીજી પંક્તિમાં કહ્યું કે 'શ્રીવલ્લભ - શ્રીમહાપ્રભુજીના ચરણકમળના નખરૂપી શીતળ અને પ્રકાશિત ચંદ્રનો પ્રકાશ તથા શીતળતા મને ન મળ્યાં હોત, તો સર્વ જગતમાં મારે અંધારું હતું. આમ, આ બન્ને – શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીની એકતા બતાવી ઉત્તર આપ્યો કે આ બન્નેની કૃપા વિના આ કલિયુગમાં બીજું કોઈ સાધન જ નથી. એટલે મેં જે કંઈ ગાયું છે તે આ બન્નેની જ લીલા ગાઈ છે. શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજી એ બધાં એક જ સ્વરૂપ છે. એમનામાં ભેદભાવ જોવામાં આ વગર મૂલ્યનો દાસ સૂરદાસ આંધળો છે. એ ત્રણેને હું તો એક જ દેખું છું; એટલે મેં એક જ વર્ણન કર્યું છે. બીજું હું શું કહું ?

◆

પરિશિષ્ટ ૮

શ્રીમદ્‌વલ્લભાચાર્ય સંપ્રદાયના સર્વ વૈષ્ણવોને ઉપયોગી નિત્યકર્મ અર્થાત્ સૂર્યોદયથી ઊઠીને રાત્રે સૂવા સુધીના નિયમો

વૈષ્ણવોએ ઉષ:કાળમાં ઊઠવું. પાછલી પાંચ ઘડી રાત્રિ બાકી હોય, તે સમયને ઉષ:કાળ કહે છે. તે સમયે ઊઠી પ્રથમ માળા તથા અધિકાર પ્રમાણે લીધેલા ઉપવીતને સંભાળી તેનાં દર્શન કરવાં. 'બૃહન્નારદીય' પુરાણમાં કહ્યું છે –

બ્રાહ્મે મુહૂર્તે ચોત્થાય પરબ્રહ્મ વિચિન્તયેત્ ।

બ્રાહ્મમુહૂર્તમાં એટલે ઉપર દર્શાવેલા કાળમાં ઊઠી, પરબ્રહ્મ એટલે શ્રીકૃષ્ણચંદ્રનું પોતાના હૃદયમાં પરિચિંતન કરવું. વળી કહ્યું છે કે –

વંદે સર્વોપનિષદાં સારમેકપદસ્થિતમ્ ।
કરસ્ફુરન્મુરલિકાશ્યામલં બ્રહ્મકોમલમ્ ॥

સર્વે ઉપનિષદોના સારરૂપ અને એક ચરણારવિંદે કરીને સ્થિત એવા; સુશોભિત શ્રીહસ્તમાં મોરલી ધારણ કરનાર, મેઘશ્યામ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને વંદન કરી, પછી નીચે પ્રમાણે નામોનો ઉચ્ચાર કરવો : ૧. શ્રીગોવર્ધનનાથજી ૨. શ્રીનવનીતપ્રિયજી ૩. શ્રીમથુરેશજી ૪. શ્રીવિઠ્ઠલનાથજી ૫. શ્રીદ્વારકાનાથજી ૬. શ્રીગોકુલનાથજી ૭. શ્રીગોકુલચંદ્રમાજી ૮. શ્રીમદનમોહનજી ૯. શ્રીબલદેવજી ૧૦. શ્રીયમુનાજી ૧૧. શ્રીગિરિરાજજી ૧૨. શ્રીવલ્લલભાચાર્ય મહાપ્રભુજી ૧૩. ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી (તેમના પુત્ર) ૧૪. શ્રીગિરિધરજી ૧૫. શ્રીગોવિંદરાયજી ૧૬. શ્રી બાલકૃષ્ણજી ૧૭. શ્રીગોકુલનાથજી ૧૮. શ્રીરઘુનાથજી ૧૯. શ્રીયદુનાથજી ૨૦. શ્રીઘનશ્યામજી તથા ૨૧. પોતાના ગુરુદેવ. આમ, એકવીશ નામોનો ઉચ્ચાર કરવો. તે પછી દેહકૃત્ય કરવું.

શૌચ : શૌચને માટે જળનું મોટું પાત્ર ભરીને, યથાવકાશ ઘરથી અથવા ગામથી દૂર નૈઋત્ય દિશામાં (વર્તમાન કાળમાં જાજરૂ આદિની સુવિધાનુસાર) શૌચ કરવા જવું. દેવભૂમિ, નદી, તળાવ, રાજમાર્ગ વગેરે સાર્વજનિક ઉપયોગના સ્થાનમાં શૌચ કરવા માટે કદી પણ બેસવું નહીં.

શૌચ કરવા બેસતાં વસ્ત્રથી મોં, નાક તથા માથાને વીંટવું. ઉપવીત (હોય તો) જમણે કાને ચઢાવવું; ખુલ્લી ભૂમિ પર શૌચ કરવા બેસતાં પહેલાં ભૂમિને ઘાસથી ઢાંકવી. શૌચ સમયે મનમાં બોલવાનો શ્લોક –

ઉદ્‌ધૃતાસિ વરાહેણ વિશ્વાધારે વસુંધરે ।
દેવસ્ય મલસંબંધાદપરાધં ક્ષમસ્વ મે ॥

એ શ્લોક ભણી, ત્રણ તાળીઓ પાડી, દિવસે ઉત્તરમુખે અને રાત્રીએ દક્ષિણમુખે બેસવું. સૂર્ય-સન્મુખ કે પૂંઠ કરીને કોઈ કાળે પણ બેસવું નહીં. શૌચ કરતાં બોલવું નહીં અને થૂંકવું પણ નહીં.

શૌચ કર્યા પછી હાથ ધોવાની વિધિ. માટીના પ્રમાણ વિષે શ્લોક -

એકા લિંગે ગુદે પંચ તથા વામકરે દશ ।
ઉભયો: સપ્ત દાતવ્યા: પાદયોસ્તુ ત્રિભિસ્ત્રિભિ: ॥

અર્થ : મૂત્રેન્દ્રિયને એક વાર, ગુદાને પાંચ વાર, ડાબા હાથને દશ વાર, ફરી બેઉ હાથ ભેગા કરીને સાત વાર માટી સહિત જળથી ધોવા. પછી અકેકા પગને પણ ત્રણત્રણ વખત માટી તથા જળથી ધોવા. તે પછી કોગળા કરવા. કોગળાનો વિધિ –

મૂત્રે પુરીષે ભુક્તાંતે રેત:પ્રસ્રવણે તથા ।
ચતુરષ્ટ દ્વિષટ્ દ્વયષ્ટ ગંડુષૈ: શુદ્ધિમાપ્નુયાત્ ॥

અર્થ : પેશાબ કરીને ચાર, શૌચ કરીને આઠ, જમ્યા પછી બાર, વિષયના અંતમાં સોળ કોગળા કરવાથી શુદ્ધ થવાય છે.

દંતધાવન : દાતણ કરવાનો વિધિ –

અપામાર્ગં બાદરં વા દ્વાદશાંગુલમવ્રણમ્ ।
કનિષ્ઠાંગુલિવત્ સ્થૂલં પર્વાર્ધકૃતકૂર્ચકમ્ ॥

અર્થ : અંઘાડો અથવા બોરડી વગેરે વૃક્ષનાં દાતણ બાર આંગળ લાંબાં, ટચલી આંગળીના ટેરવા જેટલાં જાડાં લેવાં.

દાતણની સ્તુતિનો શ્લોક -

આયુર્બલં યશોર્વચ: પ્રજાપશુવસૂનિ ચ ।
બ્રહ્મપ્રજ્ઞાં ચ મેધાં ચ ત્વન્નો દેહિ વનસ્પતે ॥

અર્થ : હે વનસ્પતે ! તું મને આયુષ, બળ, યશ, કાન્તિ, પ્રજા, પશુ, દ્રવ્ય, જ્ઞાન તથા બુદ્ધિ આપ. આ શ્લોક ભણી દાતણ કરવું; પછી બાર કોગળા કરી મુખ શુદ્ધ કરવું. વ્રતને દિવસે કાષ્ઠનું દાતણ કરવું નહીં, પણ સારી રાખથી દાંત ઘસીને દાતણ કરવું.

સ્નાન : પ્રથમ આંખે જળ લગાડી, ચોટલીની ગાંઠ વાળી પ્રાણાયામ કરવો; પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવો –

મમોપાત્તદુરિતક્ષયદ્વારા શ્રીકૃષ્ણપ્રીત્યર્થં સકલકર્મયોગ્યતાસિદ્ધ્યર્થં પ્રાત:સ્નાનમહં કરિષ્યે ॥

પછી ગંગાદિક તીર્થોનું આવાહન કરવું. તેનો મંત્ર –

પુષ્કરાદ્યાનિ તીર્થાનિ ગંગાદ્યા: સરિતસ્તથા ।
આગચ્છંતુ પવિત્રાણિ સ્નાનકાલે સદા મમ ॥

શ્રીકૃષ્ણવલ્લભે દેવી યમુને પાપહારિણિ ।
સેવાર્થે સ્નાતુમિચ્છામિ જલેઽસ્મિન્સન્નિધિં કુરૂ ॥

આ મંત્ર ભણી ત્રણ વાર સ્નાન કરવું. ટાઢા જળથી કોગળા કરી અંતરમાં શ્રીહરિના સ્મરણપૂર્વક સ્નાન કરવું. નહાતી વખતે પગના જળનો તથા એંઠા જળના છાંટાનો બચાવ રાખવો, બોલવું નહીં. નહાયા પછી અંગુછાથી પહેલાં મોંઢું લૂછવું, પછી આખું શરીર લૂછવું. પછી ધોયેલાં શુદ્ધ વસ્ત્ર પહેરવાં તથા ઓઢવાં. પછી આસન ઉપર બેસી દેહની શુદ્ધિ માટે ભગવાનનું ચરણામૃત મુખમાં લેવું. પછી આંખે તથા કપાળે લગાડવું. પછી શુદ્ધ જળથી આચમન કરી, ચોટલીની ગાંઠ બાંધવી.

તિલક : પછી ભગવાનના પ્રસાદી કેસર, કુંકુમ, ચંદન ઇત્યાદિમાં ગોપીચંદન મેળવી, વૈષ્ણવોએ બાર સ્થાનોમાં બાર તિલક કરવાં. તેના પ્રમાણનો શ્લોક સ્કંદપુરાણના 'માર્ગશીર્ષ માહાત્મ્ય'માં આ પ્રમાણે છે –

બ્રહ્મન્દ્વાદશપુંડ્રાણિ વૈષ્ણવ: સતતં ધરેત્ ।
મૂર્ધ્નિમૂલેન મંત્રેણ શેષં દ્વાદશનામભિ: ॥

વળી, પદ્મપુરાણમાં કહ્યું છે કે –

ઊર્ધ્વપુંડ્રં તુ સર્વેષાં નનિષિદ્ધં કદાચન ।
ધારયેયુ: ક્ષત્રિયાદ્યા વિષ્ણુભક્તા ભવંતિ યે ॥

અર્થ : ક્ષત્રિય ઇત્યાદિ જાતિઓમાં જે વિષ્ણુ-ભક્ત હોય, તેણે તો ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. સર્વેને ઊર્ધ્વપુંડ્ર તિલક કરવાનો અધિકાર છે. કોઈ ઠેકાણે પણ તેનો નિષેધ કરેલો નથી. વાસુદેવ ઉપનિષદ વગેરેમાં પણ બ્રાહ્મણોને વેદોક્ત બાર તિલક કરવાનો વિધિ પ્રસિદ્ધ છે. તિલકના આકાર સંબધે 'તત્ત્વદીપ' નિબંધમાં કહ્યું છે –

દંડાકારં લલાટેસ્યાત્ પદ્માકારં તુ વક્ષસિ ।
વેણુપત્રનિભં બાહોરન્યદીપાકૃતિ: સ્મૃતમ્ ॥

અર્થ : લલાટમાં દંડાકૃતિ એટલે ભગવાનના ચરણના આકારનું તિલક કરવું. વક્ષ:સ્થળ એટલે હૃદયમાં ખીડેલા કમળના આકારનું તિલક કરવું. બે બાહુ પર વાંસના પત્રના આકારનાં તિલક કરવાં અને બાકીના ઠેકાણે દીવાની જ્યોતિના આકારનાં તિલક કરવાં. તિલક કરતી વખતે નીચે પ્રમાણે ભગવાનના નામનો ઉચ્ચાર કરવો –

૧. લલાટમાં તિલક કરતાં 'કેશવાય નમ: કેશવં ધ્યાયામિ'; ૨. ડુંટી (નાભિ) પર કરતાં 'નારાયણાય નમ: નારાયણં ધ્યાયામિ; ૩. હૃદયમાં કરતાં 'માધવાય નમ: માધવં ધ્યાયામિ'; ૪. કંઠમાં કરતાં 'ગોવિંદાય નમ: ગોવિંદં ધ્યાયામિ'; ૫. જમણી કેડે 'વિષ્ણવે નમ: વિષ્ણું ધ્યાયામિ'; ૬. જમણે હાથે ' મધુસૂદનાય નમ: મધુસૂદનં ધ્યાયામિ'; ૭. જમણા કાનના મૂળે કરતાં 'ત્રિવિક્રમાય નમ: ત્રિવિક્રમં ધ્યાયામિ'; ૮. ડાબી કેડે કરતાં 'વામનાય નમ: વામનં ધ્યાયામિ'; ૯. ડાબે હાથે કરતાં 'શ્રીધરાય નમ: શ્રીધરં ધ્યાયામિ'; ૧૦. ડાબા કાનના મૂળે કરતાં 'હૃષીકેશાય નમ: હૃષીકેશં ધ્યાયામિ'; ૧૧. પીઠે કરતાં 'પદ્મનાભાય નમ: પદ્મનાભં ધ્યાયામિ'; ૧૨. ગરદન પર કરતાં 'દામોદરાય નમ: દામોદરં ધ્યાયામિ' – એ પ્રમાણે બારે ઠેકાણે ભગવાનનાં દ્વાદશ નામ લઈ તિલક કરવાં. બાકી રહેલા કંકુમને ધોઈને તે જળ 'વાસુદેવાય નમ:' એ મંત્ર ભણી માથે ચઢાવવું. બ્રાહ્મણોએ તો ૐકાર (પ્રણવમંત્ર)પૂર્વક ઉપર લખેલાં નામો ભણી તિલક કરવાં, એમ ઉપનિષદમાં કહ્યું છે.

મુદ્રા : પછી શીતળ ગોપીચંદનની મુદ્રા ધારણ કરવી. વૈષ્ણવોએ તિલકમુદ્રા ધારણ કર્યા સિવાય કાંઈ પણ સત્કર્મો કરવાં નહીં. તેના પ્રમાણ-

ના શ્લોક ‘મદનપારિજાત’ ગ્રંથમાં આ પ્રમાણે ટાંકેલા છે –

યાગો દાનં તપો હોમઃ સ્વાધ્યાયઃ પિતૃતર્પણમ્ ।
ભસ્મી ભવતિ તત્સર્વમૂર્ધ્વપુંડ્રં વિનાકૃતમ્ ॥

અર્થ : યજ્ઞ, દાન, તપ, હોમ, બ્રહ્મયજ્ઞ, પિતૃનું તર્પણ એ જો ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યા વિના જે કરે તે સર્વ નિષ્ફળ થાય છે. વળી **‘પદ્મપુરાણ’**નું વચન -

ઉપવીતાદિવદ્ધાર્યા શંખચક્રાદયસ્તથા ।
બ્રાહ્મણસ્ય વિશેષેણ વૈષ્ણવસ્ય વિશેષતઃ ॥

અર્થ : બ્રાહ્મણોએ તથા વૈષ્ણવોએ વિશેષે કરી ઉપવીતની પેઠે નિત્ય શંખ, ચક્રાદિ ધારણ કરવાં. તે ધારણ કર્યા સિવાય સેવાનો અધિકાર થતો નથી. તે વિષે **‘બૃહન્નારદીય પુરાણ’**નું વચન –

શંખચક્રાદિરહિતઃ પૂજાં યસ્તુ સમાચરેત્ ॥
નિષ્ફલં પૂજનં તસ્ય હરિશ્ચાપિ ન તુષ્યતિ ॥

અર્થ : ગોપીચંદનની શંખચક્રાદિ મુદ્રાથી રહિત થઈ જે ભગવાનનું પૂજન કરે છે, તેનું પૂજન નિષ્ફળ થાય છે અને શ્રીહરિ પણ તેના ઉપર પ્રસન્ન થતા નથી.

મુદ્રા કયા કયા અંગમાં ધારણ કરવી તે : જમણા હાથના મૂળમાં એટલે ખભાથી સહેજ નીચે ચાર ચક્ર, તેની નીચે એક નામ-મુદ્રા, તેની હેઠળ એક શંખ, તેની નીચે ફરી એક નામ-મુદ્રા અને તેની આજુબાજુ બબ્બે મળી ચાર પદ્મ ધારણ કરવાં. એ જ રીતે જમણા સ્તન ઉપર વચમાં અંતર રાખી, ત્રણ ચક્ર ઉપરાઉપરી કરવાં. વચ્ચે રાખેલી જગામાં એકેક એમ બે શંખ કરવા. તેની આજુબાજુ બબ્બે મળી ચાર પદ્મ કરવાં. ફરી હૃદયમાં એક નામ-મુદ્રા કરવી. તેની હેઠળ-ઉપર તથા આજુબાજુએ મળી ચાર સંપ્રદાય-મુદ્રાઓ કરવી. કેટલાક ગ્રંથકાર **સંપ્રદાય-મુદ્રાને નામમુદ્રા પણ કહે છે**, તેથી આ ઠેકાણે **‘સંપ્રદાય મુદ્રા’**ને નામ-મુદ્રા એ નામથી શ્લોકમાં કહી છે. પછી, લલાટમાં તિલકની વચ્ચે નાકના મૂળમાં એક ગદા કરવી, તેના ઉપરાઉપરી માથાના વાળ સુધી ચાર સંપ્રદાય-મુદ્રાઓ કરવી. પછી ડાબે હાથે ખભાથી હેઠળ ચાર શંખ, તેની હેઠળ એક નામમુદ્રા, તેની

હેઠળ એક ચક્ર, તેની હેઠળ ફરી એક નામમુદ્રા અને તેની આજુબાજુ બબ્બે મળી ચાર ગદાઓ કરવી. તે જ પ્રમાણે ડાબા સ્તન ઉપર ઉપરાઉપરી વચ્ચે જગા રાખી ત્રણ ચક્રો કરવાં. વચ્ચે રાખેલી જગામાં એક એક મળી બે શંખ કરવા અને તેની આજુબાજુએ બબ્બે મળી ચાર ગદાઓ કરવી. ફરી જમણા કાનની નીચેથી કંઠ સુધી જરા જરા માર્ગ રાખી ત્રણ ચક્ર કરવાં, તે જ રીતે ડાબા કાનની નીચેથી કંઠ સુધીમાં વચ્ચે જરા જરા માર્ગ રાખી ત્રણ ચક્ર કરવાં અને કંઠના તિલકની વચ્ચે એક ચક્ર કરવું. પછી નાભિ ઉપર તથા જમણી-ડાબી બન્ને કેડો ઉપર તથા પૂંઠ ઉપર તથા પાછળ બોચી (ગરદન) પર તથા તાળવા પર એકએક ચક્ર કરવું. એ રીતે શીતળ મુદ્રા કરી, પછી **‘બૃહન્નારદીય’** પુરાણમાં કહ્યા મુજબ **‘પ્રાણાયામં તતઃ કૃત્વા સંધ્યાવંદનમાચરેત્’** - પ્રાણાયામ કરીને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય જાતિના વૈષ્ણવોએ પોતપોતાના વર્ણાશ્રમ ધર્માનુસાર સંધ્યા-વંદનાદિક કર્મો સંક્ષેપથી અવશ્ય કરવાં જોઈએ. **‘મનુસ્મૃતિમાં’** કહ્યું છે કે –

સંધ્યાહીનોઽશુચિર્નિત્યમનર્હઃ સર્વકર્મસુ ।

અર્થ : જે સંધ્યાહીન અશુચિ છે તે સર્વ સત્કર્મોને લાયક નથી. વળી, સાક્ષાત્ સ્વરૂપ-સેવા જેમને ઘેર બિરાજતી હોય, તેમણે તો સેવાના અવકાશમાં બધાંયે કર્મો યથાકાળે કરવાનાં છે. **‘નારદપંચરાત્ર’**માં કહ્યું છે કે-

લૌકિકી વૈદિકી વાપિ ક્રિયા યા ક્રિયતે મુને ।
હરિસેવાનુકૂલૈવ સા કાર્યા ભક્તિમિચ્છતા ॥

અર્થ : શિવ કહે છે કે હે નારદ ! ભક્તિની ઇચ્છા કરનાર જે પુરુષ છે, તેણે લૌકિક તેમજ વૈદિક ક્રિયાઓ જે કરવી; તે શ્રીહરિની સેવાના સાવકાશમાં કરવી. જેમ કે મંગળભોગ ધરીને પ્રાતઃસંધ્યા કરે, રાજભોગ ધરીને મધ્યાહ્ન સંધ્યા કરે તેમજ ઉત્સવ વગેરેના દિવસોમાં સેવાના કાર્યથી પહોંચીને નિત્યકર્મ કરે. કારણસર કાળનો લોપ થવાથી પ્રત્યવાય નથી. તે વિષે **‘સ્કંદપુરાણ’**માં ભગવદ્વચન છે કે –

મન્નિમિત્તં કૃતં કર્મ કર્મલોપો ભવેદ્યદિ ।
તત્કર્મ કુર્વતે નિત્યં તિસ્રકોટ્યો મહર્ષયઃ ॥

અર્થ : જો મારા નિમિત્તે કર્મ કરે તો તે કર્મ કરતાં કદાપિ વૈદિક કર્મના

કાળનો લોપ થાય, તો તે કર્મો ત્રણ કરોડ મહર્ષિઓ કરે છે. અર્થાત્ કર્મકાળલોપનું પાતક ભગવત્સેવા કરનારને લાગતું નથી, તો પણ બનતાં સુધી નિત્ય-નૈમિત્તિક કર્મનો લોપ સર્વથા કરવો નહીં.

ભગવત્સેવા : વૈષ્ણવોએ ભગવત્સેવા કરવી એ મુખ્ય ધર્મ છે. જે ગાદીના સેવક હોય તે ગાદીના શ્રીમદ્દાચાર્યચરણ ગુરુદેવ પાસે પ્રાતઃકાળથી શયન-પર્યન્તની સેવાવિધિ સમજી લઈ, પછી પોતાના ઘરમાં શ્રી...ની સેવા પધરાવી, ઋતુઅનુસાર પૂર્ણ પ્રીતિપૂર્વક સેવા કરવી. રાજસેવા કરવાની સર્વ પ્રકારે અનુકૂળતા ન હોય, તો વૈષ્ણવોએ પોતાના શ્રીગુરુદેવના સેવ્ય સ્વરૂપની છબી ઘરમાં પધરાવી તેમની સેવા કરવી. ઘરમાં મંદિર હોય તો તેમાં એક નાનું સિંહાસન, ચૉકી મંદિરના આકાર-પ્રકાર પ્રમાણે રાખી, તે ઉપર રૂવેલ ગાદીતકિયા મૂકી, ઉપર મલમલની ચાદર બિછાવવી.

મુખવસ્ત્ર તકિયા પર ધરી રાખવું. પીઠના તકિયા પર મલમલનું સુંવાળું વસ્ત્ર ઘડી વાળી ધરવું. પછી ગાદી પર શ્રીચિત્રજીને પધરાવવાં. વસ્ત્ર ઋતુને અનુસરતાં ધરાવવાં. ગુંજાની માળા ઇત્યાદિ જે શૃંગાર હોય તે ધરવા. શ્રીમસ્તક ઉપર મોરપીંછ સહિત પાઘ ધરવો. પછી ફૂલની માળા ધરી તુલસી ચરણારવિંદમાં સમર્પવાં. વેણુજી હોય તે ધરાવવાં. શુદ્ધ પવિત્ર જળમાંથી ઝારી ભરી, તે પર વસ્ત્ર વીંટી પડઘા પર ધરવી. પછી શ્રીપ્રભુજીને દર્પણ દેખાડવું. પછી મેવો તથા મિસરી જે સમયે જે સિદ્ધ હોય તેનો એક કટોરીમાં ભોગ ધરવો. પછી મંદિરનાં દ્વાર મંગળ કરી, બહાર બેસી પ્રાર્થના કરવી કે 'હે પ્રભુ ! શ્રીમહાપ્રભુજીની કાનિથી તથા શ્રીગુરુદેવની કાનિથી ભોગ આરોગશો. પછી શ્રીઅષ્ટાક્ષર મંત્રની પાંચ માળા તથા પોતાના શ્રીગુરુદેવના નામની એક માળા અવશ્ય કરવી. શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ગીતા, પુરુષોત્તમ-સહસ્ર તથા ષોડશગ્રંથ વગેરે જો વાંચતાં આવડતાં હોય તો તેનો યથાશક્તિ પાઠ કરવો.

ગદ્ય, પંચાક્ષર મંત્રજપ કરવા જેવી પવિત્રતા હોય, તો તેનો પણ દરરોજ જપ કરવો. જો તેવી શુદ્ધિ ઘરમાં નહિ રહેતી હોય, તો નદી, તળાવ, વાવ કે જે જળાશય નજીક હોય તેમાં સ્નાન કરી ગદ્ય, પંચાક્ષર મંત્રનો જપ જરૂર કરવો.

વર્ણાશ્રમ ધર્માનુસાર સંધ્યા-ગાયત્રી જપ વગેરે જે વૈદિક નિત્ય કર્મ કરવાનાં હોય તે કરવાં. પછી ત્રણ તાલી વગાડી ભોગ સરાવવો. આચમન મુખવસ્ત્ર કરાવી બીડી ધરાવવી. ઝારી ફરી ભરીને ધરવી. શ્રી...નાં દર્શન તથા ચરણસ્પર્શ કરી, પછી સુખ-શય્યામાં અથવા ઝાંપીજીમાં પોઢાડવા. મંદિરનાં દ્વાર મંગળ કરી દંડવત્ પ્રણામ કરવા. પ્રસાદીજળને પોતાને પીવાના જળની મથની(ગોળી)માં મેળવવું. પ્રસાદી મેવામિસરીને રસોઈ-સ્થલ હોય તેમાંના સર્વ પદાર્થમાં મેળવવાં. પછી બ્રાહ્મણ હોય તો તેમણે પ્રસાદી અન્નથી બલિ વૈશ્વદેવ કરવો. મધ્યાહ્ન સમયે કોઈ અતિથિ આવ્યો હોય, તો તેને અવશ્ય પ્રથમ પ્રસાદ લેવડાવવો; આ ગૃહસ્થાશ્રમીઓનો ધર્મ છે. વખતે અતિથિ ન મળે કે હમેશાં તેને પ્રસાદ લેવડાવવાની પોતાની શક્તિ ન હોય તો ગૌગ્રાસ કાઢવો, પછી મહાપ્રસાદ લેવો. વૈષ્ણવોએ કદી પણ અસમર્પિત વસ્તુ ખાનપાનમાં વાપરવી નહીં. તે વિષે **'સિદ્ધાંતરહસ્ય'** ગ્રંથમાં આજ્ઞા કરી છે –

અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્વર્જનમાચરેત્ ।

'કૂર્મપુરાણ'માં પણ અસમર્પિત વસ્તુ વાપરવાનો દોષ કહ્યો છે –

અનર્પયિત્વા ગોવિન્દેયૈર્ભુક્તં ધર્મવર્જિતમ્ ।
શુનો વિષ્ઠાસમં ચાન્નં નીરં ચ સુરયાસમમ્ ॥

અર્થ : શ્રીગોવિંદને અર્પણ કર્યા વિના જેમણે ભોજન કર્યું હોય, તે પુરુષોનું ભોજન ધર્મવર્જિત જાણવું. તે ભોજનનું અન્ન શ્વાનવિષ્ઠા સમાન અને જળ તથા દૂધ સુરાપાન સમાન માનવું. વળી, **અથર્વવેદના** મહોપનિષદમાં કહ્યું છે કે –

સર્વે દેવાઃ સર્વે પિતરઃ સર્વે મનુષ્યા વિષ્ણુનાऽશિતમશ્નંતિ વિષ્ણુનાऽઽઘ્રાતં જિઘ્રંતિ વિષ્ણુના પીતં પિબંતિ વિષ્ણુના રસિતાં રસયંતિ તસ્માદ્વિદ્વાન્ વિષ્ણૂપહતં ભક્ષયેયુઃ ।

અર્થ : સર્વે દેવતાઓ, પિતૃઓ તથા મનુષ્યો પ્રભુનાં પ્રસાદી અન્ન, જળ, રસ, પુષ્પાદિ ગ્રહણ કરે છે; માટે વિદ્વાન પુરુષોએ શ્રીવિષ્ણુના પ્રસાદી-પદાર્થો જ ઉપયોગમાં લેવા. વૈષ્ણવોએ બનતાં સુધી અસમર્પિતથી બચતા રહેવું.

કદાપિ ઉપર લખેલો ઉત્તમ પ્રકાર પ્રવાસ, આશૌચ વગેરે ખરી અડચણના કારણથી ન પળાય, તો સંપ્રદાયના ચાલતા સદાચાર પ્રમાણે ભગવદ્-પ્રસાદ તથા તુલસી તથા ભગવદ્ચરણામૃત ઉપયોગના પદાર્થોમાં મેળવીને તેમાંનો દોષમાત્ર પણ મટાડી, પ્રસાદી કરી ઉપયોગમાં લેવાં. આણેલા સર્વ પદાર્થોમાંથી થોડો ભાગ પણ પ્રથમ પોતાના ઉપયોગમાં લીધો હોય, તો તેમાંનો બાકીનો ભાગ અર્ધભુક્ત કહેવાય છે. તેવા અર્ધભુક્ત પદાર્થોનો વૈષ્ણવોએ શ્રીપ્રભુની સેવામાં ઉપયોગ ન કરવો, એવી **'સિદ્ધાંતરહસ્ય'** ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે.

મહાપ્રસાદ લેવાનો વિધિ : પ્રસાદ લેતી વખતે દક્ષિણમુખે બેસવું નહીં. જળપાત્ર ડાબી બાજુએ મૂકવું. પોતનું કરીને મહાપ્રસાદી પાતળ મૂકવી. મહાપ્રસાદ લેતાં પહેલાં પરમ પવિત્ર શ્રીભગવદ્-સ્વરૂપનું ધ્યાન ધરવું. પછી પ્રસાદમાંથી અધિકાર પ્રમાણે આપોશન તથા આચમન કરી પ્રથમ પંચગ્રાસ (પાંચ કોળિયા) ભાતના ભરી, યથોચિત પ્રસાદ લેવો. ભોજન કરતાં ગ્રાસેગ્રાસે શ્રીહરિ-સ્મરણ કરતા રહેવું. ભોજન સમયે મૌન રાખવું. પોતાના સ્વાદ માટે ભગવદ્-પ્રસાદની કદી પણ નિંદા કરવી નહીં. શ્રીપ્રભુને માટે બગડ્યા-સુધર્યાનું કહેવામાં દોષ લાગતો નથી, કેમ કે ફરી સાવધાનીથી સામગ્રી કરવામાં આવે.

ભોજન વખતે કાગ, રજસ્વલા વગેરે હીન જાતિની દૃષ્ટિ ન પડે એવા એકાંત સ્થાને ભોજન કરવા બેસવું. ભોજન કરતાં કરતાં જળપાન કરવું હોય, ત્યારે જમણા હાથના કાંડાનો ટેકો રાખી, ડાબે હાથે જળપાત્ર ઝાલી જળ પીવું. એટલે જમણા હાથના ટેકા વિના એકલા ડાબા હાથથી જળપાન કરવામાં શાસ્ત્રે દોષ કહ્યો છે. ભોજન થઈ ચૂકે એટલે અધિકાર પ્રમાણે શુદ્ધ આચમન કરી ઊઠવું. પ્રથમ છાણ-માટીથી બે હાથ મસળીને ધોયા બાદ કોગળા કરવા. પછી મુખશુદ્ધિ માટે પ્રસાદીબીડી લેવી. પછી પુરુષે થોડી વાર ફરી, વસ્ત્ર બદલીને વિશ્રામ લેવો. સુહાગણ સ્ત્રીઓએ પોતાના સ્વામીની પત્રાળમાં બેસી પ્રસાદ લેવો. વિધવા સ્ત્રીઓએ જુદી પત્રાવલીમાં, ઇન્દ્રિયો જેમ સારી રીતે નિયમનમાં રહે તેવી રીતનો પરિમિત ભગવદ્-પ્રસાદ દિવસમાં એક જ વખત લેવો. ભોજન થયા પછી સુહાગણે ઉપર લખ્યા પ્રમાણે મુખશુદ્ધિ કરી બીડી લેવી. વિધવાને પાનની બીડી ખાવાનો

શાસ્ત્રમાં નિષેધ છે, માટે તેણે તો પ્રસાદી-સોપારીમાત્ર જ લેવી. પછી વાસણ માંજી, પોતનાને ઠેકાણે ત્રણ વાર ગોબરમાટીથી લીંપી, ભોજન-સ્થાન શુદ્ધ કરવું. સર્વ ઘરકામથી પરવારી થોડી વાર વિશ્રામ લેવો. ત્યાર બાદ કુટુંબ સાથે મળી પોતાના સંપ્રદાયના પોષક તથા નીતિ ગ્રંથો વાંચવા તથા સાંભળવા. પુરુષોએ વર્ણ પ્રમાણે પોતપોતાના વ્યાવહારિક ઉદ્યોગો નીતિપૂર્વક કરવા. સ્ત્રીઓએ શ્રીઠાકોરજીની સામગ્રી વીણવા, ચૂંટવા વગેરે સેવોપયોગી કામો કરવાં.

સાંજે કરવાનો વિધિ : વૈષ્ણવોએ સાંજે સ્નાન કરી, વિધિ પ્રમાણે તિલકમુદ્રા ધારણ કરી, સેવામાં તત્પર થવું. ઉત્થાપનથી શયન પર્યન્તની સેવા સ્નેહપૂર્વક કરવી. શયન થયા બાદ બહાર આવી પોતાના વર્ણાશ્રમ પ્રમાણે સાયંસંધ્યા, ગાયત્રી તથા અષ્ટાક્ષરનો જપ, નિત્યપાઠ યથાવિધિ કરવાં. પછી મહાપ્રસાદ લઈ પ્રથમ લખ્યા પ્રમાણે મુખશુદ્ધિ કરી, બીડી લઈ સ્વચ્છ થવું. પછી ગામમાં ભગવદ્-મંડળી કે સત્સંગ વગેરે જ્યાં થતો હોય ત્યાં વૈષ્ણવ બ્રાહ્મણને મુખે **શ્રીમદ્ભાગવત, શ્રીસુબોધિની, તત્ત્વદીપ નિબંધ, ષોડશગ્રંથ** વગેરે સિદ્ધાંતગ્રંથનું સારી રીતે શ્રવણ કરવું.

સંસ્કૃત ગ્રંથો વાંચી સંભળાવનાર ન મળે તો તેનાં ભાષાંતરો તથા સંસ્કૃત ગ્રંથોના સિદ્ધાંત વિરુદ્ધ ન હોય તેવા ભાષાગ્રંથો વાંચવા, સાંભળવા તથા મનન કરવા. **વેદ, ગીતા, ભાગવત, નારદ પંચરાત્રથી વિરુદ્ધ ગ્રંથોનું શ્રવણ કદી કરવું નહીં.** ગામમાં તેવો સત્સમાગમ કોઈ ઠેકાણે ન થતો હોય, તો ઉપર લખ્યા પ્રમાણે પોતાના ઘરમાં જ બધા કુટંબીઓએ ભેગા મળી આગ્રહપૂર્વક સત્સમાગમ તથા ભગવદ્કીર્તન કરવું. એક પણ દિવસ હરિકથા-કીર્તન વિનાનો જવા દેવો નહીં. **'નારદપંચરાત્ર'**માં કહ્યું છે કે –

તદ્દિનં દુર્દિનં મન્યે મેઘાચ્છન્નં ન દુર્દિનમ્ ।
યદ્દિનં કૃષ્ણસંલાપકથાપીયૂષવર્જિતમ્ ॥

અર્થ : શિવજી કહે છે કે હે પાર્વતિ ! વાદળે કરીને આચ્છાદિત દિવસને હું દુર્દિન માનતો નથી, પણ જે દિવસે શ્રીકૃષ્ણ-સંબંધી કથાવાર્તા સુધામૃતનું પાન કરવાનું ન મળે તે દિવસને હું દુર્દિન ગણું છું. માટે સત્સમાગમ કરવાનો નિત્યનિયમ કદી પણ ચૂકવો નહીં.

સૂવાનો વિધિ : યથાશક્તિ અષ્ટાક્ષર મંત્રનો જપ કરીને શ્રીગોવર્ધનનાથજી વગેરે પ્રથમ લખેલાં એકવીસ નામોનો ઉચ્ચાર કરી, ચરણામૃત લઈ સૂવું. ગૃહસ્થાશ્રમીઓએ શ્રીપ્રભુમાં સદૈવ ઉત્તમ પ્રકારનો સ્નેહ રાખે એવો સુલક્ષણવાન પુત્ર ઉત્પન્ન થવાની ઇચ્છા રાખવી. એકાદશી, દ્વાદશી, અમાવાસ્યા, પૂનમ, શ્રાદ્ધ વગેરે વ્રત તથા પર્વના દિવસોમાં ગૃહસ્થાશ્રમીઓએ અવશ્ય જિતેંદ્રિય રહેવું; અર્થાત્ બ્રહ્મચર્યનું પાલન કરવું.

સામ્પ્રદાયિક પરચૂરણ જાણવાજોગ વિષયો :

દીક્ષા : વૈષ્ણવોએ પ્રથમ અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ લેવો. એથી સાત ભક્તિનો અધિકાર થાય છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય સુધીની સાત પ્રકારની ભક્તિ કરતાં કરતાં બ્રહ્મસંબંધ કરવાને લાયક થવાય છે. પછી ઈશ્વરના અનુગ્રહને પાત્ર થાય, ત્યારે આત્મનિવેદન કરી શકાય છે. અને તેમ થાય ત્યારે તેની કરેલી સેવા પ્રભુ સાક્ષાત્ અંગીકાર કરે છે. સખ્ય તથા આત્મનિવેદન એ બે ભક્તિનું પ્રભુ પોતે દાન કરે છે. એ ભક્તિ ભગવાનની પરમ કૃપા હોય તેને જ પ્રાપ્ત થાય છે. જનોઈ લેવાથી દ્વિજોને જેમ વૈદિક કર્મો કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેમ બ્રહ્મસંબંધ કરવાથી વૈષ્ણવને ભગવાનની સેવાનો અધિકાર થાય છે. ઉપલા બંને મંત્રની દીક્ષા વૈષ્ણવોએ અવશ્ય લેવી, એમ 'મંત્રસાર' નામના ગ્રંથમાં કહ્યું છે –

દીક્ષિતાય વિશેષેણ પ્રસીદેન્નાન્યથા હરિ: ।
બ્રાહ્મણ: ક્ષત્રિયો વાપિ વૈશ્ય: શૂદ્રોઽથવા પુન: ॥
એવં સ્ત્રિયો વા યત્નેન ગુરુમેવ સમાશ્રયેત્ ।

અર્થ : દીક્ષા ધારણ કરનાર પર ભગવાન વિશેષે કરીને પ્રસન્ન થાય છે. માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર તથા સ્ત્રી - સર્વેએ પ્રયત્ને કરીને ગુરુનો ઉપદેશ લેવો. ન લેનાર એટલે દીક્ષા વગર રહેનારને દોષ કહ્યો છે. 'પદ્મપુરાણ'માં શિવજીનું પાર્વતીપ્રતિ વચન –

અદીક્ષિતસ્ય વામોરુ કૃતં સર્વં નિરર્થકમ્ ।
પશુયોનીમવાપ્નોતિ દીક્ષાહીનો મૃતો નર: ॥

અર્થ : જેણે દીક્ષા ધારણ કરી નથી, તેનાં કરેલાં સર્વ સત્કર્મો નિષ્ફળ થાય છે અને મૂઆ પછી તેને પશુયોનિ પ્રાપ્ત થાય છે.

ગુરુનાં લક્ષણ : દીક્ષા ગુરુ પાસે લેવાની છે, માટે ઉપલા મંત્રોની દીક્ષા કેવા ગુરુ પાસે લેવી તે પ્રથમ જાણવું જોઈએ. 'ગુરુ' એ બે અક્ષરમાં એવો અર્થ સમાયેલો છે કે –

ગુશબ્દસ્ત્વંધકાર: સ્યાદ્રશબ્દસ્તન્નિરોધકૃત ।
અંધકારનિરોધત્વાદ્ગુરુરિત્યભિધીયતે ॥

અર્થ - 'ગુ' શબ્દ અંધકારવાચક અને 'રૂ' શબ્દ તેના રૂંધનસૂચક છે. અર્થાત્ શિષ્યની બુદ્ધિમાં રહેલો જે અજ્ઞાનરૂપ અંધકાર, તેનો સદ્બોધરૂપ દીપકના પ્રકાશે કરીને જે નાશ કરે તે જ ખરા ગુરુ કહેવાય. વળી, શ્રીમદ્ આચાર્યજી મહાપ્રભુજીએ **'તત્ત્વદીપ નિબંધ'**માં આજ્ઞા કરી છે કે –

કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરં ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુરાદરાત્ ॥

અર્થ : શ્રીકૃષ્ણચંદ્રની સેવામાં પરમ ચતુર અને દંભ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે ષડ્રિપુ એવા સર્વ દુર્ગુણોથી રહિત શ્રીમદ્ ભાગવતના તત્ત્વને સમજનાર એવા લક્ષણવાન પુરુષને શિષ્યે પરમ આદરથી ગુરુ કરવા.

શિષ્યનાં લક્ષણ : 'દીક્ષાતત્ત્વપ્રકાશિકા'માં કહ્યું છે કે –

શાંતો વિનીત: શુદ્ધાત્મા શ્રદ્ધાવાન્ ધારણક્ષમ: ।
સમર્થશ્ચ કુલીનશ્ચ પ્રાજ્ઞ: સચ્ચરિતો યતી ।
એવમાદિ ગુણૈર્યુક્ત: શિષ્યો ભવતિ નાન્યથા ।

અર્થ : શાંત, નમ્ર, નિષ્કપટ, શ્રદ્ધાળુ, ધારણવાળો, સામર્થ્યવાળો, કુળવાન, વિવેકી, સદાચરણી તથા જિતેંદ્રિય વગેરેથી જે યુક્ત હોય તે જ શિષ્ય થવાને લાયક છે, બીજો નથી. સ્ત્રી અને પુરુષ બંને દમ્પતીએ એક જ ગુરુ કરવાથી પરસ્પર ભાઈ-બેનનો સંબંધ ગણાય; માટે બન્નેએ એક જ ગુરુ કરવા કે નહીં એ **શંકાનું સમાધાન :** ઉપદેશમંત્ર લેવાથી જે પરસ્પર ભાઈ-બેનનો સંબંધ થાય છે, તે અલૌકિક સંબંધ છે, અને વિવાહ થવાથી સ્ત્રી-પુરુષનો જે સંબંધ થાય છે, તે લૌકિક સંબંધ કહેવાય છે. જે સંબંધ અલૌકિક છે તે ભગવદ્-સંબંધી છે અને નિત્ય છે અને લૌકિક જે સંબંધ તે વ્યવહાર-સંબંધી છે ને અનિત્ય છે; માટે લૌકિક સંબંધને અલૌકિક સંબંધ

સાથે સરખાવી દોષરૂપ કરવો તે અઘટિત છે. તેનું દષ્ટાંત મહાભારતમાં કહ્યું છે. ગૌતમે પોતાના શિષ્ય ઉત્તંકને પોતાની કન્યા પરણાવી છે. જો વિદ્યાદાતા પિતા સમાન છે તો તેની પુત્રી બેન થઈ. જો દોષ હોય તો ગૌતમ આપે જ કેમ ? માટે તેમ નથી જ ગણાતું. વળી **'બ્રહ્મવૈવર્ત'**માં કહ્યું છે કે,

અન્નદાતા ભયત્રાતા પત્નીતાતસ્તથૈવ ચ ।
વિદ્યાદાતા મંત્રદાતા પંચૈતે પિતર: સ્મૃતા: ॥

અર્થ : અન્નથી પોષણ કરનાર, ભયથી પ્રાણને બચાવનાર, સસરો, વિદ્યા આપનાર, મંત્રનો ઉપદેશ આપનાર - આ પાંચેયને પિતા કહ્યા છે. તેમાં સસરો પિતા થયો, તો તેની પુત્રી બેન થઈ; ત્યારે પરણવાનું પ્રયોજન તે વ્યર્થ થયું. પણ તેમ નથી; કારણ કે જે ઉપર લખેલા પાંચે પ્રકારના પિતા કહ્યા છે, તે પિતા સમાન પૂજ્ય બુદ્ધિ રાખવા સારુ કહ્યા છે. તેથી તે જન્મ આપનાર પિતા કહી શકાય નહીં. માત્ર અલૌકિક સંબંધમાં ભાઈબેનના જેવો સ્નેહ દાખવવાનો સંબંધ કહ્યો છે. માટે **એક જ ગુરુ કરવાના માહાત્મ્યનો** આ નીચેનો શ્લોક છે –

આચારો ધર્મમાર્ગશ્ચ ગુરુમંત્રશ્ચ દેવતા ।
દંપત્યપત્યભૃત્યાદ્યૈરેકીકૃત્ય મહત્ફલમ્ ॥

અર્થ : સ્ત્રી, પુરુષ, પુત્ર તથા ચાકર - એ સર્વેએ મળી એક સદાચાર, એક ધર્મ, એક ગુરુ, એક જ મંત્ર, એક જ દેવતાનો આશ્રય કરવો. એમ કરવાથી મોટું ફળ થાય છે તેવું **'સાધનદીપિકા'** નામના ગ્રંથમાં કહ્યું છે. વૈષ્ણવોને વિષ્ણુ પંચકવ્રત કરવાની આવશ્યકતાનો વિષય **'પદ્મપુરાણ'**માં ઉત્તરખંડમાં છેવટના અધ્યાયમાં કહ્યો છે –

કૃષ્ણજન્માષ્ટમી રામનવમ્યેકાદશી વ્રતં
વામનદ્વાદશી તદ્વન્નૃસિંહસ્તુ ચતુર્દશી ।
વિષ્ણુપંચકમિત્યેવં વ્રતં સર્વાઘનાશનં
નિત્યંનૈમિત્તિક કામ્યં વિષ્ણુપંચકમેવહિ ॥

અર્થ : (૧) કૃષ્ણજન્માષ્ટમી (૨) રામનવમી (૩) ચોવીસ એકાદશી મળીને એક વ્રત (૪) વામનદ્વાદશી, (૫) નરસિંહ ચૌદસ એ પાંચે વ્રતો વિષ્ણુસંબંધી છે, સર્વે પાપને દૂર કરનારાં છે અને નિત્ય છે. માટે એ પાંચે

વ્રત વૈષ્ણવોએ અવશ્ય કરવાં. અન્ય દેવતાનાં જે વ્રતો છે, તે તે દેવતાઓની વ્રત કરનારા ઉપર પ્રસન્નતા થાય છે; તેમજ વિષ્ણુ-ભક્તોએ પોતાના ઇષ્ટ શ્રીકૃષ્ણચંદ્રને પ્રસન્ન કરવા સારુ ઉપર લખેલાં પાંચે વ્રતો કરવાં.

તુલસીની માળા ધારણ કરવી તે વિષે **'નિર્ણયસિંધુ'**માં કહેલું વાક્ય-

નિવેદ્ય કેશવે માલાં તુલસીકાષ્ઠસમ્ભવાં ।
વહતે યો નરો ભક્ત્યા તસ્ય નૈવાસ્તિ પાતકમ્ ॥

અર્થ : તુલસીના કાષ્ઠથી બનેલી માળા શ્રીહરિને પ્રથમ અર્પણ કરીને પછી જે તે માળાને ભાવસહિત પહેરે છે, તેના શરીરમાં પાતક રહેતું નથી. એ મંત્રથી ભગવાનને ધરાવીને પ્રસાદી કરવી. પછી તે માળા ધારણ કરવી. **'નિર્ણયસિંધુ'**માં રહેલો શ્લોક –

તુલસીકાષ્ઠસંભૂતે માલે કૃષ્ણજનપ્રિયે ।
બિભર્મિ ત્વામહં કંઠે કુરુ માં કૃષ્ણવલ્લભમ્ ॥

– એ મંત્ર ભણીને માળા પહેરવી.

તુલસીમાળાનું માહાત્મ્ય : સ્કંદપુરાણના માર્ગશીર્ષ માહાત્મ્યમાંનો શ્લોક –

તુલસીકાષ્ઠમાલાભિર્ભૂષિત: પુણ્યમાચરેત્ ।
પિતૃણાં દેવતાનાં ચ કૃતં કોટિગુણ કલૌ ॥

અર્થ : પિતૃકાર્ય અને દેવકાર્યના વિષે તુલસીની માળા પહેરીને કાર્ય કરે તો તેને કળિયુગમાં કોટીગણું ફળ મળે છે. તુલસીની માળા સદૈવ ધારણ ન કરે તો દોષિત થવાય છે, તે વિષે **સ્કંદપુરાણ**માં લખ્યું છે કે –

યેષાં ન તુલસીમાલા તે નરા મૂઢમાનસા:
અન્નં વિષ્ઠા જલં મૂત્રં પીયૂષં રુધિર ભવેત્ ।
અતસ્સર્વેષુ કાલેષુ ન ત્યાજ્યા કંઠમાલિકા
ક્ષણાર્ધસ્તદ્વિહીનો યો વિષ્ણુદ્રોહી ન સંશય: ॥

અર્થ : જેણે કંઠમાં તુલસીની માળા ધારણ કરી નથી, તે મૂઢ બુદ્ધિવાળા જાણવા અને તેઓ અન્ન ખાય છે તે વિષ્ઠા બરાબર છે, અને તે જળનું પાન કરે છે તે મૂત્ર બરાબર છે; અને તે દૂધ પીએ છે તે રુધિર બરાબર

છે, એથી કંઠમાંથી તુલસીમાળાનો કોઈ પણ કાળે ત્યાગ ન કરવો. જો અર્ધક્ષણમાત્ર પણ ત્યાગ કરે, તો શ્રીવિષ્ણુનો દ્રોહી થાય તેમાં સંશય નથી.

સૌભાગ્યવતી સ્ત્રીઓએ પાળવાના નિયમો :

સૌભાગ્યવતી સ્ત્રીઓએ પોતાના પતિની સેવા કરવી એ જ પરમ ધર્મ છે. કદી પણ પતિની આજ્ઞા લોપવી નહીં. પોતાના સ્વામી સિવાય કોઈ પણ પરપુરુષમાં મન દોડાવવું નહીં. વ્યભિચાર કરનારી સ્ત્રીઓને શાસ્ત્રમાં જે દોષ કહ્યો છે તે વિષે શ્લોક –

યાવંતો રોમકૂપા: સ્ત્રીણાં ગાત્રેષુ નિર્મિતા: ।
તાવદ્વર્ષસહસ્રાણિ નાર્કં તા: પર્યુપાસતે ॥

અર્થ : પરપુરુષ સાથે વ્યભિચાર કરનારી સ્ત્રીઓના અંગ ઉપર જેટલાં રૂંવાટાં છે, તેટલાં હજાર વર્ષ સુધી કુંભીપાક નામના નરકમાં દુ:ખ ભોગવવું પડે છે. માટે જિતેંદ્રિયપણું દૃઢ રાખી, પતિની આજ્ઞા પ્રમાણે સેવામાં તત્પર રહેવું; પણ સ્વતંત્રપણાથી ક્યાંય પણ ફરવા જવું નહીં.

વિધવા સ્ત્રીઓના નિયમો :

વિધવા સ્ત્રીઓએ પતિ મૂવા પછી વિચિત્ર પ્રકારનાં કાચા રંગનાં વસ્ત્ર પહેરવાં નહીં અને કોઈ પણ પરપુરુષનો સંગ તથા પરપુરુષ સાથે ભાષણનો વ્યવહાર કદાપિ રાખવો નહીં. જીવતાં સુધી પોતાની સર્વ ઇન્દ્રિયોને વશ રાખી હરિસેવા, સ્મરણ, કીર્તન અને વાર્તામાં પોતાના મનને પરાયણ કરવું. દુ:સંગનો ત્યાગ કરી બ્રહ્મચારીના જે ધર્મો કહ્યા છે તે ધર્મ વિધવા સ્ત્રીઓએ નિયમપૂર્વક અવશ્ય પાળવા.

યદ્યચ્છાસ્ત્રે નિષિદ્ધં તુ તત્પ્રયત્નેન વર્જયેત્ ।

અર્થ : જે વસ્તુનો શાસ્ત્રમાં નિષેધ કરેલો હોય, તેનો પ્રયત્ને કરી ત્યાગ કરવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ દુર્ગુણોનો ત્યાગ કરવો. પરસ્ત્રી નરક સમાન ગણી કદાપિ તેનો સંગ કરવો નહીં તેમ જ દુર્જન, બહિર્મુખ અને નાસ્તિકનો પણ સંગ કરવો નહીં. માતા, બેન, દીકરી વગેરે કોઈ પણ સ્ત્રીની સાથે એકાંતમાં બેસવું નહીં તેમજ ગુહ્ય ભાષણ પણ કરવું નહીં. પરસ્ત્રીનો સંગ આલોક અને પરલોકનો નાશ કરનાર છે.

દશમીના વેધવાળી એકાદશી કરવી નહીં. જયંતિવ્રતો વિદ્ધાતિથિઓમાં કરવાં નહીં. તામસી આહાર કરવો નહીં. સૂતકીનું અન્ન, એકાદશીનું ભોજન, બારમાનું ભોજન, પ્રેતભોજન વગેરેનો ત્યાગ કરવો. લસણ, ડુંગળી (કાંદા), ગાજર, કાલીંગડું, તડબૂચ, રાતો મૂળો, સફેદ રીંગણ તથા કેફ ચઢે એવા પદાર્થોનો ત્યાગ કરવો. જુગાર રમવો નહીં, જળ ગળ્યા સિવાય પીવું નહીં. જુઓ ભાગવત એકાદશ સ્કંધમાંનું વચન – ***વસ્ત્રપૂતં પિબેજ્જલં ।*** વસ્ત્રથી ગાળેલું એવું પવિત્ર જળ પીવું.

વળી, ધર્મશાસ્ત્રમાંનું વચન –

પ્રત્યક્ષં લવણં માંસં માંસંતોયમગાલીતમ્ ।
ચર્મવારિ ભવેન્માંસં માંસમન્નમશોધનમ્ ॥

અર્થ : હાથોહાથ આપેલું મીઠું અને ગળ્યા વિનાનું જળ, કોસનું પાણી અને વીણ્યા વિનાનું અન્ન એ ચારે માંસ બરોબર છે. અને વળી **'છાસઠ અપરાધ'**માં પણ લખ્યું છે કે જો વૈષ્ણવ ગાળ્યા વિનાનું જળ સેવામાં વાપરે તો તેને ૧૦૦ વર્ષ સુધી વૈતરણી નદીમાં નરકદુ:ખ ભોગવવું પડે છે. માટે જળ ગાળ્યા સિવાય બિલકુલ વાપરવું નહીં : **'વસ્ત્રપૂતં વ્યવહરેત્તોયં યામચતુષ્ટયે ॥'** ઇતિ વચનાત્.

ગળેલું જળ હોય તે ચાર પહોર સુધી ઉપયોગમાં લેવું. પછી ફરી ગાળ્યા વિના પોતાના ઉપયોગમાં લેવું નહીં. એ પ્રમાણે **'શાંડિલ્યસંહિતા'**ના ભક્તિખંડના બીજા અધ્યાયના શ્લોક ૧૩ મામાં કહેલું છે.

ગરણું ઘટ્ટ પોતવાળું જાડું રાખવું, છિદ્રવાળું ન રાખવું તેમજ દૂધ, મધ, તેલ, ઘી, સરસિયું વગેરે જે પાતળા પ્રવાહી પદાર્થો છે તેઓને પણ કોઈ કાળે ગળ્યા સિવાય ઉપયોગમાં લેવા નહીં. હીંગનો રસ માત્ર લેવાની ધર્મશાસ્ત્રમાં છૂટ આપેલ છે, માટે તે જ રસના ગાંગડા સૂકા હોય તે ખાંડી વસ્ત્રથી ચાળીને પછી તે વાપરવા. બાંધેલી હીંગ કામમાં લેવી નહીં. રસોઈના ચૂલા ઉપર કંતાનનો ચંદરવો બાંધવો અને હમેશાં ચંદરવાને તથા રસોઈના સ્થાનને ઝાડીને સ્વચ્છતા રાખવી. તેલ વગેરેના દીવા ઉપર કોઈ જીવ ન પડે એવી કાચની ફાનસ વગેરેની ગોઠવણી રાખવી. ચાલે તેટલા ઉપાય જીવ બચાવવામાં અવશ્ય કરવા. આટો પણ રોજ ચાળીને જ વાપરવો, જળ પણ ગળ્યા સિવાય બિલકુલ ન જ વપરાય તેવી સવારમાંથી

જ તજવીજ રાખવી. લાકડાં અને છાણાં ખંખેર્યા સિવાય ઝટ ચૂલામાં મૂકવાં નહીં. દૂધ, દહીં, છાશ એ પદાર્થોને તાંબાના પાત્રમાં રાખવાં નહીં. દૂધમાં મીઠું ભળવાથી સુરાપાન ગણાય છે. એ જ રીતે દૂધમાં ગોળ મળેલો પદાર્થ પોતાના ભોજનમાં સર્વથા લેવો નહીં. માર્કણ્ડ પૂજાને અંગે જે દૂધ, ગોળ, તલનું મિશ્રણ કરવામાં આવે છે તે દેવતાને અર્થે છે, તેથી તેનો દોષ નથી. ખીચડી વગેરે પદાર્થો દૂધ મેળવી ખાવા નહીં. મસૂરની દાળ તથા મોગરી ભાવદુષ્ટ છે માટે ખાવાં નહીં. ચૂલામાંથી બળતાની એક જ્વાળા ગયા પછી ઉપર તપેલી મૂકવી; કારણ કે પ્રથમ જ્વાળા નિષિદ્ધ કહેલી છે.

અફીણ, તમાકુ, છીંકણી, ભાંગ, ગાંજો, માજમ, બીડી વગેરે વ્યસનમાત્ર એકે કરવું નહીં, જે કરવાથી નરકની પ્રાપ્તિ થાય છે. માતા, પિતા, વૃદ્ધ, ગુરુ અને દેવની સાંનિધ્યમાં, વૈષ્ણવોની મંડળીમાં, ભગવત્કથામાં, ભગવન્મંદિરમાં, સંતની સમીપમાં, રાજા તથા રાજકીય મનુષ્યની સમીપે, વિદ્વાનની સામે, બ્રાહ્મણની સામે અસભ્યતાથી પગ ઉપર પગ ચડાવી બેસે અથવા તો ઊંચે આસને બેસે તો પોતાનું કરેલું પુણ્ય નાશ પામે છે અને તે સર્પની યોનીને પામે છે; માટે આપણાથી મોટા હોય તેની સાથે નમ્રતા રાખવી તથા આપણા બરોબરિયા હોય તેની સાથે મિત્રભાવ અને આપણાથી ગરીબ હોય તેના ઉપર દયા રાખવી. એક પોતાના ધર્મમાં રહી શ્રીકૃષ્ણ પરમાત્માને વિષે દઢ પ્રેમથી ભક્તિ કરવી; પણ કોઈના ધર્મની, શાસ્ત્રની, દેવની, બ્રાહ્મણની, સંતની, રાજાની, સ્ત્રીની નિંદા કરવી નહીં. નિંદા કરવાથી વિશ્વાત્માનો કોપ તે પ્રાણી પર થાય છે, તેથી શ્રીહરિની પ્રાપ્તિમાં અંતરાય થાય છે. માટે વૈરભાવ સર્વથા અંતરમાં રાખવો નહીં. ગીતાજીમાં અ૦ ૧૨ માં કહ્યું છે - **નિર્વૈર: સર્વભૂતેષુ ય: સ મામેતિ પાંડવ।**

જેને અંતરથી સર્વ પ્રાણી પ્રત્યે વૈરભાવ ટળી ગયો છે તે જ મને પામે છે. તેને જ વૈષ્ણવ જાણવો. તેમજ નિષિદ્ધ આહાર કરવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે ને બુદ્ધિનો નાશ થવાથી આત્માનો નાશ થાય છે. એવું શ્રીગીતાજીમાં શ્રીમુખથી કહ્યું છે - **બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ।** – બુદ્ધિનો નાશ થવાથી હું કોણ છું ને મારું શું કર્તવ્ય છે એમ નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક ન રહેવાથી આત્માનું સ્વરૂપ જાણી શકતો નથી; અને વિમુખ થાય છે. હું પ્રભુનો દાસ છું અને પ્રભુ મારા સ્વામી છે, તેમની ભક્તિ કરવી એ જ મારું કર્તવ્ય છે, એવું જ્ઞાન રહેતું નથી.

◆

ગુરુ-શિષ્ય સંવાદ

શિષ્ય : જય કૃપાનાથ ! વૈષ્ણવનું કર્તવ્ય શું ?

ગુરુ : વર્ણાશ્રમ ધર્મપૂર્વક શ્રીકૃષ્ણ-ભક્તિ.

શિષ્ય : ભક્તિ કેમ કરવી ?

ગુરુ : ભક્તિ નવ પ્રકારની કરવી.

શિષ્ય : નવ પ્રકાર તે કયા કયા ?

ગુરુ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મ-નિવેદન - એ નવધાભક્તિથી શ્રીભગવન્મૂર્તિનું સેવન કરવું.

શિષ્ય : જય જય મહારાજ ! મૂર્તિપૂજા કરવી તે વિષે કાંઈક શાસ્ત્રનો આધાર હોય, તો ટૂંકમાં સંભળાવવા કૃપા કરશો ?

ગુરુ : પ્રતિમા-પૂજન કરવાને પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૨૮૦ શ્લોક ૧૫ માં કહેલ છે –

જંબુદ્વીપે મહાપુણ્યે વર્ષે વૈ ભારતે શુભે ।
અર્ચાયાં સન્નિધૌ વિષ્ણુર્નેતરેષુ કદાચન ॥

અર્થ : મહાપુણ્યરૂપ જંબુદ્વીપમાં, તેમાં પણ પવિત્ર ભરતખંડમાં નિશ્ચયે કરી શ્રીવિષ્ણુની પ્રતિમાનું પૂજન સ્નેહપૂર્વક કરવાથી જ મનુષ્યોને પ્રતિમામાં શ્રીવિષ્ણુના જેવો સાક્ષાત્કાર થાય છે. તેવો સાક્ષાત્કાર બીજાં કોઈ સાધનોથી થઈ શકતો નથી. વળી, અથર્વવેદના **ગોપાલતાપિની ઉપનિષદમાં** કહ્યું છે -

મથુરામંડલે યસ્તુ જંબુદ્વીપે સ્થિતોઽપિ વા ।
યોઽર્ચયેત્પ્રતિમાં માં ચ સમે પ્રિયતરો ભૂવિ ॥

અર્થ : શ્રીકૃષ્ણ કહે છે કે કોઈ પણ પ્રાણી જંબુદ્વીપમાં રહીને અથવા ભરતખંડમાં રહીને, તેમાં પણ ઉત્તમોત્તમ મથુરા-મંડળમાં રહીને મારું સાક્ષાત્ પૂજન કરે અથવા મારી પ્રતિમાનું પૂજન કરે, તે પ્રાણીઓ ભૂતળમાં મને અતિ પ્રિય છે. મૂર્તિપૂજનનો પાયો શ્રુતિ-સ્મૃતિ-ઇતિહાસ-પુરાણ-સદાચારાદિ પ્રમાણોથી ઘણો દઢ છે અને પ્રાચીન તથા અર્વાચીન સર્વમાન્ય વિદ્વત્સમ્મત છે, તેથી આસ્તિક મનુષ્યોએ સાધારણ નાસ્તિક વિદ્વાનોના બોધરૂપ જાળમાં ફસાઈને મૂર્તિપૂજનમાં અશ્રદ્ધા ન કરવી.

શિષ્ય : એ પ્રકારે સેવન કરવાથી શું ફળ મળે ?

ગુરુ : સેવા એ જ સેવાનું ફળ છે; કારણ કે પ્રથમ સાધન-અવસ્થામાં જે સાધનરૂપ હતી, તે જ ભગવદ્કૃપાથી પ્રેમલક્ષણા ઉત્પન્ન થયા બાદ, પ્રેમ સહિત તે ઉપર લખેલી જ નવધા ભક્તિ ફળરૂપ થાય છે.

શિષ્ય : મહારાજ ! આપણો પુષ્ટિમાર્ગ શાસ્ત્રમાં કહ્યો છે ?

ગુરુ : પુષ્ટિમાર્ગ વેદ, ગીતા, ભાગવતાદિમાં જે ભક્તિ-માર્ગ છે તે જ છે. જેમ કે એક વસ્તુનાં બે નામ હોય, તેમ જ ઉપર લખેલાં શાસ્ત્રોમાં જે ભક્તિમાર્ગ છે તેને જ પુષ્ટિમાર્ગ કહીએ છીએ.

શિષ્ય : મહારાજ ! ભક્તિના ભેદો બહુ પ્રકારના કહ્યા છે. તેમાં પુષ્ટિભક્તિ-માર્ગ કયો ?

ગુરુ : શાસ્ત્રમાં સગુણ ભક્તિના ભેદ એક્યાસી પ્રકારના કહ્યા છે ને બ્યાશીમી જે નિર્ગુણભક્તિ કહી છે તે જ પુષ્ટિભક્તિનો માર્ગ. એના ઘણા પર્યાયવાચી શબ્દો છે : જેમ કે - પુષ્ટિભક્તિ, પ્રેમલક્ષણા, નિર્ગુણભક્તિ, તીવ્રભક્તિ, અવ્યભિચારિણીભક્તિ, અચળભક્તિ, નિર્મળભક્તિ, પરાભક્તિ વગેરે નામોથી જે પ્રસિદ્ધ છે, તેને જ આપણા સંપ્રદાયમાં પુષ્ટિ ભક્તિમાર્ગના નામથી કહીએ છીએ; માટે શાસ્ત્રમાં પુષ્ટિમાર્ગ કયો એવી શંકા કદાપિ કરવી નહીં.

શિષ્ય : મહારાજ ! પુષ્ટિમાર્ગમાં ચાર પુરુષાર્થ કયા તે મને કૃપા કરી કહેશો ?

ગુરુ : શાસ્ત્રમાં ચાર પુરુષાર્થ ગણાવેલા છે, તે પ્રત્યેકનાં લક્ષણ અને ફળ જુદાં જુદાં કહેલાં છે; પણ **પુષ્ટિમાર્ગમાં તો –**

ધર્મ એટલે દાસ્યપણું રાખી નિષ્કામ ભાવનાથી શ્રીકૃષ્ણચંદ્રની સેવા કરવી એ જ મુખ્ય ધર્મ.

અર્થ પણ શ્રીકૃષ્ણચંદ્રને મળવાનો જ રાખવો.

કામ એટલે શ્રીકૃષ્ણચંદ્રના દર્શનની ઇચ્છા રાખવી તે.

મોક્ષ એટલે અહંતા-મમતા મૂકી શ્રીકૃષ્ણના થઈને રહેવું તે. માટે વૈષ્ણવોએ આ-લોકમાં તથા પરલોકમાં શ્રીકૃષ્ણની સ્નેહપૂર્વક સેવા કરવી એથી બીજું મોક્ષફળ ઇચ્છવું નહીં. જે સુખ ભજનાનંદમાં છે, તે સુખ ઈશ્વરમાં મળી જવાથી નથી; માટે ઈશ્વરનું ભજન કરવા માટે જીવનમુક્ત પુરુષો દેહ ધારણ કરીને ઈશ્વરને ભજે છે.

શિષ્ય : મહારાજ ! પુષ્ટિભક્તિ શબ્દનો અર્થ કૃપા કરી કહેવાની આજ્ઞા કરશો ?

ગુરુ : પુષ્ટિ એટલે ઈશ્વરનો અનુગ્રહ. જે માર્ગમાં ઈશ્વરના અનુગ્રહનું મુખ્ય કારણ રહેલું છે; તેથી તે ભક્તિમાર્ગને પુષ્ટિમાર્ગ કહ્યો છે. ઈશ્વરના અનુગ્રહ સિવાય નિર્ગુણ ભક્તિમાર્ગમાં કોઈ પણ જીવની પ્રવૃત્તિ થતી નથી, તેથી તેને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે.

શિષ્ય : ગુરુને શું પૂર્ણપુરુષોત્તમ વા દેવ કે પૂજ્ય માનવા ?

ગુરુ : તમારી જેવી પવિત્ર ભાવના હોય તે પ્રમાણે તમે માનો; પણ ગુરુએ 'અમો તો સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છીએ, અમે દેવ છીએ' એમ માની ધર્મવિરુદ્ધ આચરણ કરવું નહીં. ધર્મ-વિરુદ્ધ આચરણ કરે તેનું મહાપાપ થાય છે.

શિષ્ય : ગુરુએ શિષ્યને અને શિષ્યાને કેવાં માનવાં ?

ગુરુ : શિષ્ય-શિષ્યાને પોતાનાં પુત્ર-પુત્રીવત્ માનવાં જોઈએ. અને જેમાં તેઓનું હિત સમાયું હોય તેવા ઉપદેશો દેતા રહેવું જોઈએ.

શિષ્ય : મહારાજ ! વૈષ્ણવ કોને કહેવો ?

ગુરુ : શ્રીમદાચાર્ય મહાપ્રભુજીએ 'નિબંધવ્યાખ્યા'માં વિષ્ણુપુરાણનું વચન લખેલ છે -

ન ચલતિ નિજવર્ણધર્મતો યઃ સમમતિરાત્મસુહૃદ્વિપક્ષપક્ષે ।
ન ચ હરતિ ન ચ હંતિ કિંચિદુચ્ચૈર્જિતમનસં તમવેહિ વિષ્ણુભક્તં ॥

અર્થ : જેનામાં બાહ્ય અને આભ્યંતર વૈષ્ણવધર્મ દેખાતા હોય અથવા જેને વૈષ્ણવ-ગુરુજી પાસેથી વિધિપૂર્વક વૈષ્ણવ-મંત્રની દીક્ષા મળી હોય, અને જે પોતાના વર્ણાશ્રમધર્મમાંથી ચલાયમાન ન થાય, શત્રુમિત્રને સમાન દેખે, કોઈની વસ્તુ ચોરે નહિ, કોઈ પણ પ્રાણીની હિંસા કરે નહીં, કોઈના ઉપર ગુસ્સે થાય નહીં, પ્રાણીમાત્ર ઉપર દયા રાખે અને જેણે પોતાના મનને જીત્યું છે તથા ગુરુ અને ઈશ્વરમાં દૃઢ ભક્તિ હોય તેને વૈષ્ણવ કહેવો.

શિષ્ય : મહારાજ, વર્ણાશ્રમ ધર્મ ન પળાય, તો કંઈ બાધ ગણાય ?

ગુરુ : હે શિષ્ય ! આપણા શુદ્ધ વૈદિક વૈષ્ણવોએ વર્ણાશ્રમ ધર્મોનું કદાપિ ઉલ્લંઘન કરવું નહીં. ધર્મ શું પદાર્થ છે ? જુઓ, ભાગવતમાં 'વેદપ્રણીહિતો ધર્મ:' કહેતાં, વેદે જે વિધિવાક્યથી બતાવેલો છે તે જ ધર્મ કહેવાય અને તે ધર્મોને શ્રીઆચાર્યજીએ **'તત્ત્વદીપનિબંધ'**માં બતાવેલા છે.

'સર્વાર્થનિર્ણય'માં શ્લોક ૩૯ તથા ૪૦ મા જુઓ –

ગર્ભાધાનાદિસંસ્કારા: સંધ્યોપાસ્તાદિકં તથા ।
નિત્યશ્રાદ્ધાદિકર્માણિ પાકયજ્ઞાદિકં તથા ॥

પ્રાયશ્ચિત્તમિતિ હ્યેષ: પંચધા ધર્મસંગ્રહ: ।
નિત્યાનુમેયવેદસ્તુ મૂલં પંચવિધસ્ય હિ ॥

વ્રતં તીર્થાદિકં કામ્યં નિત્યવદ્બોધ્યતે ક્વચિત્ ॥

અર્થ : ગર્ભાધાનાદિ સર્વ સંસ્કારો, સંધ્યોપાસનાદિ ષટ્કર્મો, નિત્ય શ્રાદ્ધાદિ કર્મો, વૈશ્વદેવાદિ પાકયજ્ઞો તથા પ્રાયશ્ચિત્તાદિ વિધિઓ – એ પાંચ પ્રકારના વર્ણાશ્રમ ધર્મોનું મૂળ એક વેદ છે; માટે જો ધર્મોને છોડશો, તો તે વિષે શ્રીવલ્લભાચાર્યજીનું **'તત્ત્વદીપનિબંધ'**માંનું વચન -

ધર્મમાર્ગં પરિત્યજ્ય છલેનાધર્મવર્તિન: ।
પતંતિ નરકે ઘોરે પાષંડમતવર્ત્તનાત્ ॥

અર્થ : ધર્મમાર્ગનો ત્યાગ કરીને જેઓ છલધર્મ એટલે લોકોને છેતરવા માટે ઉપરથી કોરો ડોળ બતાવી અધર્મે વર્તે છે, એવા પાખંડીઓ નરકમાં પડે છે. કોઈ કાળે આ લોકમાં સુખ તથા પરલોકમાં શુભગતિ થતી નથી. શ્રુતિ-સ્મૃતિરૂપી શ્રીઈશ્વરની આજ્ઞા લોપે તો તેને વૈષ્ણવ ન જાણવો; તે વિષે **સ્મૃતિવાક્યમાં** જુઓ –

શ્રુતિસ્મૃતી મમૈવાજ્ઞે યસ્તામુલ્લંઘ્ય વર્ત્તતે ।
આજ્ઞોચ્છેદી મમ દ્રોહી ન મદ્ભક્તો ન વૈષ્ણવ ॥

અર્થ : શ્રુતિ એટલે વેદ અને સ્મૃતિ એટલે મન્વાદિ ધર્મશાસ્ત્રરૂપી જે મારી આજ્ઞાઓને ન પાળે, તેને ભક્ત કે વૈષ્ણવ ન જાણવો. વળી **ગીતાજીમાં**

ય: શાસ્ત્ર વિધિમૃત્સૃજ્ય વર્ત્તતે કામકારત: ।
ન સ: સિદ્ધિવાપ્નોતિ ન સુખં ન પરાંગતિમ્ ॥

અર્થ : જે શાસ્ત્રવિધિ છોડીને ઇચ્છા પ્રમાણે વર્તે છે, તે પ્રાણીને આ લોકમાં સુખ નથી અને પરલોકમાં ગતિ પણ નથી; માટે વર્ણાશ્રમ ધર્મોને ભક્તિ-સંપ્રદાયમાં નિષ્કામપણાથી અવશ્ય પાળવા. **શ્રીભાગવત સ્કંધ ૧૧**, અધ્યાય ૧૮માં શ્રીકૃષ્ણચંદ્રજીએ ઉદ્ધવજીને કહ્યું છે –

વર્ણાશ્રમવતાં ધર્મ એષ આચારલક્ષણ: ।
સ એવ મદ્ભક્તિયુતો નિશ્રેયસ્કર: પર: ॥

અર્થ : હે ઉદ્ધવ ! વર્ણાશ્રમીઓના સદાચાર ધર્મો જે તને કહ્યા તે જો મારી ભક્તિ સહિત પાળે, તો પરમ કલ્યાણ કરે; તેમાં બિલકુલ સંશય નથી. માટે આપણા વેદોક્ત ભક્તિમાર્ગ સંપ્રદાયમાં વર્ણાશ્રમ ધર્મમાં રહી નિષ્કામપણાથી શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમની ભક્તિ કરવી. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ **નિબંધ, સુબોધિની, અણુભાષ્યાદિ ગ્રંથોમાં** આજ્ઞા કરેલી છે. માટે આપણે વૈષ્ણવોએ તે આજ્ઞાઓને પ્રમાણ રાખીને વર્તવું એ જ આપણો પરમ મુખ્ય ધર્મ છે.

શિષ્ય : જય કૃપાનાથ ! વૈષ્ણવોને તુલસીની કંઠી તો આપે દીક્ષા આપી ત્યારે આપી છે; તે પછી જનોઈ ન હોય તો કોઈ બાધ આવે ?

ગુરુ : હે શિષ્ય ! વેદ-સ્મૃતિઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ જાતિને ઉપવીત ધારણ કરીને વર્ણાશ્રમનાં કર્મ કરવા આજ્ઞા આપેલી છે. તે સિવાય વૈદિક વર્ણાશ્રમ ધર્મનો અધિકાર થતો નથી. તે માટે દીક્ષા બે પ્રકારની ધારણ કરવાનું કહ્યું છે. જુઓ, **એકાદશ સ્કંધનું** વચન –

વૈદિકી તાંત્રિકી દીક્ષા મદીયવૃતધારણમ્ ।

અર્થ : એક વૈદિક દીક્ષા; બીજી પંચરાત્રોક્ત દીક્ષા. મારા ભક્તજનોએ આ બે દીક્ષાઓ અવશ્ય ધારણ કરવી. એ વિષે સારસંગ્રહનું વચન –

યજ્ઞસૂત્રં ત્રિવર્ણાનાં વૈદિકકર્મસિદ્ધયે ।
તુલસી સર્વવર્ણાનાં નૃણાં મોક્ષપ્રદાયિની ॥

અર્થ : જનોઈ તો વેદોક્ત વર્ણાશ્રમ ધર્મના અધિકાર માટે કહેલ છે અને તુલસી તો સર્વ વર્ણો માટે મોક્ષ-સાધનોમાં ગણેલ છે. સર્વને મોક્ષ આપનારી તુલસી તો ભક્તિરૂપ છે અને ભક્તિમાર્ગમાં શ્રીગુરુદેવે આપેલી ભક્તિ-સંપ્રદાયની દીક્ષા સાથે જ ભક્તિરૂપી માળા આપેલી છે. તેથી

ભક્તિરૂપી માળા સહિત તે દેહે કરીને, વાણીએ કરીને જે સેવા-સ્મરણ કરે છે, તેની સેવા પ્રભુને સાક્ષાત્ અંગીકાર કરવી જ પડે છે. ગીતાજીમાં કહ્યું છે –

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહતમશ્નામિ પ્રયતાત્મન: ॥

અર્થ : પત્ર, પુષ્પ, જળ, આદિ જે ભક્તિ સહિત મને અર્પણ કરે છે, તેનું અર્પણ કરેલું પત્રાદિક હું પ્રેમ સહિત આરોગું છું. માટે તુલસીમાળાનું પ્રયોજન જુદું છે અને અધિકાર પ્રમાણે જનોઈનું પ્રયોજન જુદું છે. માટે તુલસીમાળાથી વર્ણાશ્રમનું પ્રયોજન સિદ્ધ ન થાય, તેથી જનોઈ તો અવશ્ય રાખવી જ જોઈએ.

શિષ્ય : કથા તથા બોધ કોના મુખથી સાંભળવાં ?

ગુરુ : ચારે વર્ણોનો ગુરુ બ્રાહ્મણ કહેવાય છે, માટે તે જ પૂજવાલાયક છે અને તેને જ વ્યાસાસને બેસવાનો અધિકાર છે. માટે તેના મુખથી કથા તથા બોધ સાંભળવાં. પણ વૈષ્ણવ-દીક્ષા વિનાનો હોય, તો તેના મુખથી કાંઈ પણ સાંભળવું નહીં. એ વાત નક્કી છે. જુઓ, **પદ્મપુરાણના** ભાગવત માહાત્મ્યમાં કહેલાં ***વક્તાનાં લક્ષણો*** –

વિરક્તો વૈષ્ણવો વિપ્રો વેદશાસ્ત્રવિશુદ્ધિકૃત્ ।
દૃષ્ટાંતકુશલો ધીરો વક્તા કાર્યોઽતિનિસ્પૃહ: ॥

અર્થ : વિરક્ત એટલે લૌકિકાસક્તિ રહિત વૈષ્ણવદીક્ષાને પામેલો, વળી જાતે બ્રાહ્મણ અને વેદશાસ્ત્રના શુદ્ધ અર્થનો કરનાર, દૃષ્ટાંત આપીને સમજ પાડવામાં કુશળ, ધીરજવાન અને નિસ્પૃહી એટલે લાલચુપણાથી રહિત તેવા વક્તાના મુખથી જ હરિકથા તથા બોધ સાંભળવાં.

વૈષ્ણવોએ હંમેશ ગાયનું પૂજન કરવું :

ગુરુ : ગાયના સ્વરૂપમાં પ્રત્યેક રૂંવાટે દેવતાઓ વસે છે. શ્રીકૃષ્ણ પોતે ગાયના સ્વરૂપમાં સદૈવ બિરાજે છે; માટે સદૈવ ભાવસહિત ગાયની પૂજા કરનાર પર પરમાત્માની જે કૃપા થાય છે, તેવી બીજાં સાધનોથી થતી નથી; માટે ગંધ, અક્ષત, પુષ્પ, જલ, નૈવેદ્ય, ધૂપ, દીપ વગેરે ઉપચારોથી પૂજા કરવી અને તન-મન-ધનથી બનતી મદદથી ગાયના રક્ષણમાં ધ્યાન આપવું એ વૈષ્ણવોનો પરમ ધર્મ છે. ગાયના રક્ષણ માટે શ્રીકૃષ્ણચંદ્રને ગોવર્ધન ધારણ કરવો પડ્યો છે; એથી જ ગોવર્ધનધારી, શ્રીગિરિરાજધારી વગેરે નામો થયાં છે.

તુલસી : વળી તે જ પ્રમાણે વૈષ્ણવોને હંમેશ તુલસીની પૂજા કરવાનું કહ્યું છે. ગંધ, અક્ષત, પુષ્પ, નૈવેદ્ય, દીપ એ પાંચ ઉપચારથી પૂજન કરી, જલસિંચન કરી, અષ્ટાક્ષર મંત્રની એક માળા ફેરવતાં સુધી તુલસીની ૧૦૮ વાર પ્રદક્ષિણા કરી નમસ્કાર કરવા. આ પૂજા નિત્ય કરવાને માટે કહેલું છે, માટે યથાશક્તિ જેમ બને તેમ કરવું એ પરમ ધર્મ છે.

શિષ્ય : મહારાજ ! બ્રાહ્મણનું માહાત્મ્ય મને સંભળાવો.

ગુરુ : બ્રાહ્મણદેવતા સહિત જે બ્રાહ્મણ તેનું સ્વરૂપ કેવું તે સમજવા સારુ **બ્રહ્મવૈવર્તે** શ્રીકૃષ્ણજન્મખંડે અધ્યાય ૨૧નો શ્લોક –

બ્રાહ્મણાનાં શરીરેષુ તિષ્ઠંતિ સર્વદેવતા: ।
પાદેષુ સર્વતીર્થાનિ પુણ્યાનિ પાદધૂલિષુ ॥

પાદોદકે ચ વિપ્રાણાં તીર્થતોયાનિ સન્તિ ચ ।
તત્સ્પર્શાત્સર્વતીર્થેષુ સ્નાનજન્યફલં ભવેત્ ॥

અર્થ : બ્રહ્મવેત્તા બ્રાહ્મણોનાં શરીરોને વિષે સર્વ દેવતાઓ વાસ કરે છે અને તેમનાં ચરણોમાં સર્વ તીર્થો વસે છે. તેમનાં ચરણોની રજમાં સર્વે પુણ્ય વાસ કરે છે. તેમના ચરણોદકમાં સર્વ તીર્થોનાં જળ રહ્યાં છે, માટે તે બ્રાહ્મણોના સ્પર્શમાત્રથી સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ છે તેને પામે છે. શ્રાદ્ધ-પદ્ધતિમાં પુરાણનું વચન - **પુનંતુમાં બ્રાહ્મણ પાદ પાંસવ:।**

શ્રીભગવાન પોતે કહે છે કે બ્રાહ્મણના ચરણની રજ મને પાવન કરો. આ પ્રમાણે ધર્મના રક્ષણ માટે પોતે વર્તીને બીજાઓને વર્તાવે છે; માટે હે શિષ્ય, જ્યારે વર્ણગુરુ બ્રાહ્મણોની આ પ્રમાણે મહત્તા છે ત્યારે જ્ઞાનોપદેષ્ટા પરમ ગુરુના સ્વરૂપમાં તો અત્યુત્તમ ઈશ્વરપણું હોય, તેમાં કહેવું જ શું? તે વિષે મનુસ્મૃતિમાં કહેલું છે કે –

બ્રાહ્મણેષુ ચ વિદ્વાંસો વિદ્વત્સુ કૃતબુદ્ધય: ।
કૃતબુદ્ધિષુ કર્ત્તાર: કર્તૃષુ બ્રહ્મવેદિન: ॥

અર્થ : માત્ર જાતિથી બ્રાહ્મણ કરતાં વિદ્વાનને શ્રેષ્ઠ કહ્યો છે. તેના કરતાં સ્થિર બુદ્ધિવાળો વિદ્વાન શ્રેષ્ઠ છે. સ્થિર બુદ્ધિવાળા વિદ્વાન કરતાં સ્થિર બુદ્ધિપૂર્વક સદાચારમાં વર્તનારને શ્રેષ્ઠ કહ્યો છે. તે સર્વે કરતાં જ્ઞાનોપદેશ કરનાર આચાર્યને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કહ્યા છે —**ગુરુરેવ પરબ્રહ્મેતિ-વચનાત્** । —ગુરુ એ પરબ્રહ્મની મૂર્તિ છે, તેથી શ્રીહરિમાં તથા શ્રીહરિની પ્રતિમામાં, ગુરુમાં, વૈષ્ણવમાં, શ્રીહરિના નામમાં, ચરણોદકમાં સાધારણ પ્રાકૃત બુદ્ધિ કદાપિ કરવી નહીં. તે વિષે નિર્ણયસિંધુકાર કમલાકર ભટ્ટે શૂદ્ર કમલાકરમાં લખેલું પદ્મપુરાણનું વચન :

> **વિષ્ણવર્ચાયાં શિલાર્ચા ગુરુષુ નરમતિર્વૈષ્ણવે જાતિબુદ્ધિ-**
> **ર્વિષ્ણોર્વૈ વૈષ્ણવાનાં કલિમલમથને પાદતીર્થેઽબુબુદ્ધિ: ॥**
> **વિષ્ણોસ્તન્નામ્નિ મંત્રે સકલકલુષહે શબ્દસામાન્ય બુધિ-**
> **ર્વિષ્ણો સર્વેશ્વરેશે તદિતરસમધીર્યસ્ય વા નારકી સ: ॥**

અર્થ : શ્રીહરિની પ્રતિમામાં જેને પાષાણ બુદ્ધિ છે, શ્રીગુરુમાં જેને મનુષ્ય-બુદ્ધિ છે; વૈષ્ણવમાં જેને જાતિ-બુદ્ધિ છે; એટલે દેહાભિમાનથી 'હું સર્વમાં શ્રેષ્ઠ છું' એવો ગર્વ રાખે છે, શ્રીવિષ્ણુના તથા વૈષ્ણવના ચરણોદકમાં જેને જલબુદ્ધિ છે, સમસ્ત પાપોને નાશ કરનારા શ્રીહરિનાં નામોમાં જેને સાધારણ બુદ્ધિ છે, સર્વેશ્વર એવા શ્રીવિષ્ણુના વિષે સાધારણ મનુષ્ય તથા દેવની બરોબર ગણે છે; એ પ્રકારની પ્રાકૃત બુદ્ધિ રાખનારને નારકી જીવ જાણવો. ગાય, બ્રાહ્મણ, સંત, વેદશાસ્ત્રો, ધર્મ, દયા, ક્ષમા, સંતોષ, વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ, શીલ સ્વભાવ, સત્સંગ, શ્રીગુરુનો આશ્રય, શ્રીગુરુ તથા શાસ્ત્રના વચનમાં વિશ્વાસ, શ્રીહરિનો દઢ આશ્રય અને સર્વનું મૂળ એક સત્યપણાથી ઉપર કહેલા ધર્મો તથા ગુણોનું રક્ષણ કરવું. ગાય, બ્રાહ્મણ, ધર્મ અને અનાથોનું રક્ષણ ખરા તન-મનથી કરવું. શ્રીહરિનાં સેવા-સ્મરણ કરી પોતાના જન્મને સફળ કરવો એ જ ફળ છે.

ઇતિશ્રી હરિરેવસ્તુ.

(શાસ્ત્રી ગોવર્ધનદાસ ધીરજરામકૃત 'ઉપયોગી નિત્યકર્મ' નામથી સને ૧૯૦૦માં પ્રગટ કરેલ પુસ્તક; જે શ્રીમદ્ ગોસ્વામી શ્રીજયદેવાચાર્યજી અને શ્રીદેવકીનંદનાચાર્યજીની આજ્ઞાથી પ્રકટ કરાવેલું, તેનું આ પરિશિષ્ટ પુનર્મુદ્રણ છે.)

* * *

પરિશિષ્ટ ૯

સેવામાં વપરાતા પારિભાષિક શબ્દો

ખાસા : શ્રી શ્રીઠાકોરજીના ઉપયોગનું

સેવકી : સેવકોના - આપણા - ઉપયોગનું

સામગ્રી : શ્રીઠાકોરજીને આરોગવાની - અંગીકાર કરવાની - વસ્તુઓ

(મહા)પ્રસાદ : શ્રીઠાકોરજીએ આરોગેલી - અંગીકાર કરેલી - વસ્તુઓ

પરનાળો : સ્નાન કરવા / હાથ ધોવાની જગ્યા

અપરસ : મૂળ શબ્દ અસ્પર્શ. સેવા દરમ્યાન સેવામાં ન હોય તેમનો સ્પર્શ ન થાય તેવી રીત. સેવામાં પહેરવાનાં વસ્ત્રો

હાથ ખાસા કરવા : હાથ ધોવા, પવિત્ર કરવા

મથની : માટીની જળ ભરવાની માટલી - મટકી

જલઘરિયા : જલઘરની સેવા કરનાર

જલઘરો : જળ આદિ રાખવાનું સ્થાન

દૂધઘર : દૂધમાંથી બનાવેલી સામગ્રી. દૂધની સામગ્રી બનાવવાનું સ્થાન.

નાગરી : ચણાના લોટના લાડુ; ઘઉં, ચોખા, મગના લોટના લાડુ; ગોળપાપડી

અનસખડી : ઘીમાં બનતી વિવિધ મીઠાઈઓ; સેવ, ગાંઠિયા વગેરે જે ઘીમાં તળાય અને જેમાં મીઠું ન નંખાય

ફીકું : સેવો, ગાંઠિયા, ચેવડો, ફરસાણ વગેરે

સખડી : સામગ્રી તેલમાં બને, મીઠું વગેરે મસાલો થાય.
દા.ત., રોટલી,પૂરી, શાક, દાળ, કઠોળ, ફરસાણ, ભાત

ઝારી : શ્રીઠાકોરજીને જળ આરોગવા માટે નાળચાવાળી લોટી

તસ્ટી : ઝારીને મૂકવા માટેની કાનાવાળી ડીશ (તાસક)

નેવડો : ઝારીને વીંટવામાં આવતું લાલ રંગનું વસ્ત્ર

બંટો : ઢાંકણાવાળો ડબ્બો; જેમાં આરોગવાની સામગ્રી, બીડી વગેરે ધરવામાં આવે

સફેદી : મલમલની સફેદ ચાદર, તકિયાના સફેદ ગલેફ વગેરે

સીડી : સિંહાસનની આગળ બે પગથિયાંની મૂકવામાં આવતી પાટ
ખંડપાટ : સીડી પછી મૂકવામાં આવતી લંબચોરસ પાટ
સાજ : પિછવાઈ, ચંદરવા, સિંહાસન-સીડી, ખંડપાટનાં વસ્ત્રોનો સેટ
હિંડોળાખાટ : શ્રીઠાકોરજીને પોઢવા માટે હિંચકાના સ્વરૂપની શય્યા
પડઘો : ઝારી કે બંટો મૂકવા માટે ઊભું સ્ટેન્ડ; જે ગાદીની અથવા સિંહાસનની બાજુમાં તેટલી ઊંચાઈએ આવે.
ટેરો : પડદો
સુજની : છીંટની બેવડા પડવાળી ચાદર; શ્રીઠાકોરજી પોઢે ત્યારે થોડી ઠંડીમાં ઓઢાડાય
કસના : શય્યાના ચાર છેડે બાંધવામાં આવતા શ્યામ રેશમી દોરાના ગુચ્છા
કાનિ આપવી : શ્રીમહાપ્રભુજી આદિ સ્વરૂપોની કૃપાથી આરોગવા શ્રીઠાકોરજીને વિનંતી કરવી.
ન્યોછાવર કરવું : ઉત્સવોના દિવસોએ આરતી ઉતાર્યા પહેલાં મૂઠિયાં ઓવારવાં; આરતી બાદ રાઈ-લૂણ તથા રૂપિયા ઓવારવા.
વડા કરવા : ઉતારી લેવા
અનોસર થવા : રાજભોગ અને શયન બાદ સેવાનો વિરામ. મૂળ શબ્દ અનવસર અર્થાત્ સેવાનો અવસર-સમય ન હોવો.
માળા બોલવી : પુષ્પમાળા ધરવાનો સમય થયે, પુષ્પમાળા પહોંચાડવા બૂમ પાડવી.
ઘૈયાં : દૂધને મથી ખૂબ ફીણ થાય તે
સોંધો : અત્તર, ફુલેલ
અભ્યંગ : આંબળાં, ચંદન વગેરેથી થતું સ્નાન
અંગવસ્ત્ર : શ્રીઅંગ લૂછવા માટેનું મલમલનું સફેદ મુલાયમ વસ્ત્ર
મુખવસ્ત્ર : તકિયા પર ધરવામાં આવતું ગડી વાળેલું વસ્ત્ર
અતલસ : સોનેરી છાપવાળું રેશમી વસ્ત્ર
અણવટ-વીંછિયા : પગના અંગૂઠા-આંગળીમાં પહેરાતા છલ્લા

અરગજાઈ : ચંદનના રંગનું વસ્ત્ર
અલંકાર : નેત્ર, આભૂષણ
આત્મસુખ : રૂ ભરેલા સુતરાઉ વસ્ત્રનો વાઘો, જે શીતકાળમાં ધરાય
કંઠાભરણ : ગળામાં ધરાવવામાં આવતી માળા
કતરો : એક પ્રકારની કલગી, જે મસ્તકે ધરાય
કમલપત્ર : ઉત્સવે કપોલ પર કેસરથી દોરાતી કમળ-આકારની રેખાઓ
કસુંબલ : લાલ રંગનું
કાછની : ઘેરદાર ચણિયો, જે અર્ધી જાંઘ સુધી આવે, તે પ્રકારનું વસ્ત્ર
કામનો જોડ : બાદલાનો જોડ
કારચોબી : મલમલમાં ડિઝાઈન પાડી બનાવેલ વસ્ત્ર
કિનખાબ : સોનેરી, રૂપેરી તારથી ડિઝાઈન પાડી બનાવેલ રેશમી વસ્ત્ર
કુલ્હે (કુલેહ) : એક પ્રકારની બે છોડવાળી પાઘ
કુંજાની ટોપી : મુકુટની નીચે આવતી ત્રિકોણ આકારની ટોપી
કોયલી : ઘેરો ભૂરો રંગ
ક્ષુદ્રઘંટિકા : કેડનો કંદોરો
ખરસલ : છત્રી વિનાનો રગ
ગદલ : રૂ ભરી બનાવેલ અંગરખું (બંડી)
ગંગાજમની : સોના-ચાંદીની મેળવણીથી બનાવેલ
ગુલનાર : દાડમના ફૂલનો રંગ
ગોકર્ણ : ગાયના કાનના આકારનો મસ્તક પર કુલ્હે જોડ સાથે ધરાતો શૃંગાર
ઘટા : એક જ રંગની સજાવટ
ઘેરદાર : ઘેરવાળો વાઘો
ચંદ્રિકા : મયૂરપંખ
ચાકદાર : ખૂણા નીકળ્યા હોય તેવો વાઘો
ચોકઠું : શ્રીઠાકોરજીના શ્રીઅંગની બહાર ત્રણે બાજુ આવે તે
છાપા : છાપેલાં વસ્ત્રો
જરદોજી : સોનેરી ભરત-મખમલ પર થાય તે

ઠાડાં વસ્ત્ર : સ્વરૂપને બહારના ભાગમાં ધરાતું વસ્ત્ર
દોરિયો : ધારીદાર મલમલ
તનિયો : લંગોટ
થાળ આણવો : દાળ-ભાત મેળવી ભોગ ધરવો
દુલરી : બે સેરની માળા
ફરગુલ : શિયાળામાં ગદલ પર ધરવામાં આવતું રૂ ભરેલું વસ્ત્ર
વાઘો : જામો
બીડી : પાન
સાંગામાંચી : નાનું સિંહાસન
સરવું : હટાવી લેવું. ભોગ સરવા - ભોગ ધરેલી વસ્તુઓ ત્યાંથી હટાવવી.
સુથન : પાયજામો
વેણુ : વાંસળી
વેત્ર : લાકડી
તબકડી : નાની ડીશ (તાસક)
કટોરી : નાની વાટકી
ડબરો : મોટો વાટકો
ચોકી : પાટ
પાટિયાની : ઘઊંના લોટની સેવ
ચટાઈની : ચોળાના લોટની વડીઓ
ચકલાના : પાપડ
ઠારવાની સામગ્રી : મોહનથાળ
છાંટવાની સામગ્રી : બુંદી
વાંટાની સામગ્રી : જલેબી
જાળીની સામગ્રી : મૈસુર
પાવાની સામગ્રી : ઠોર
બેલવાની સામગ્રી : રોટલી
સફેદ : દૂધ

તર મેવો : તળેલો સૂકો મેવો
ગોરસ : દહીં
ભુજાનાં : ભજિયાં
ત્રણ જોડીનો શૃંગાર : હીરા, માણેક, પન્નાનાં આભૂષણો
વધાઈના દિવસ : ઉત્સવના આગમનના દિવસ
પિંડરુ : સૂતક (મરણનું)
વરધી (વૃદ્ધિ) : બાળકના જન્મનું સૂતક
છોવાઈ જવું : સેવાને યોગ્ય ન રહેવું
દરિયાઈ : રેશમી વસ્ત્ર
સંધાણાં : અથાણાં
અધિવાસન કરવું : ડોલ, હિંડોળા, પવિત્રાં વગેરેનું સંકલ્પ-મંત્રોચ્ચાર-પૂર્વક પૂજન કરવું
શંખોદક : રાજભોગ, ઉત્સવભોગ વખતે શંખમાં જળ લઈ ભોગ ધરેલ સામગ્રી પર છાંટવું
દુલઈ : બેવડા પડવાળી ઓઢવાની ચાદર
હાંડાની સામગ્રી : ખીર
ચોક પૂરવો : હળદર, કંકુથી સાથિયા કાઢવા
બંદનવાર : તોરણ
તિબારી : ઓસરી; ત્રણ બાજુથી ખુલ્લો ભાગ
જગમોહન : મંદિરના અંદરના ચોકનો બહારનો ભાગ
તાળામંગલ કરવાં : તાળાં વાસવાં
મુંહબંધ : સેવામાં મોં પર બાંધવાનું વસ્ત્ર
પિછવાઈ : શ્રીઠાકોરજીના સિંહાસન પાછળની દીવાલગીરી - દીવાલ પર લટકાવાતો પડદો
પોતનું કરવું : સામગ્રી કે પ્રસાદ પધરાવવા જમીન પર જળથી કે ગોબરથી કરવામાં આવતી શુદ્ધિ
અચવન કરાવવું : ભોગ આરોગ્યા પછી જળથી આચમન કરાવવું

ગોપીવલ્લભભોગ : શૃંગાર પછી આવતો ભોગ
સાંઝી : ભાદરવા વદમાં જમીન પર યા જલ પર રંગ, પુષ્પ ઇત્યાદિથી બનાવવામાં આવતી રંગોળી
મુખિયાજી : સેવામાં મુખ્ય સેવક
ભીતરિયા : સેવામાં સખડીની રસોઈ કરનાર સેવક
બાલભોગિયા : બાલભોગની અનસખડીની સામગ્રી સિદ્ધ કરનાર સેવક
દૂધઘરિયા : દૂધઘરની સામગ્રી સિદ્ધ કરનાર સેવક
જલઘરિયા : જળ ભરવા આદિની સેવા કરનાર સેવક
પરિચારક : સેવામાં સહાયરૂપ થનાર
ટેરો આવવો : દર્શન થઈ જવાં
અવેર થવી : મોડું થવું
ખાસા કરવું : શ્રીઠાકોરજીને લાયક શુદ્ધ-પવિત્ર કરવા જળથી ધોવું
ભાવના કરવી : જે પ્રત્યક્ષ ન હોય, તે મનથી પ્રત્યક્ષ છે તેવો ભાવ કરવો.
પેંડો બિછાવવો : સિંહાસનથી શય્યા સુધી ગાદી બિછાવવી
પટવસ્ત્ર : રેશમી વસ્ત્ર
પનો : મિસરી, એલચી, ગુલાબજળ આદિવાળું શીતળ જળ
દૂસરા ભોગ : શયનભોગ સર્યા પછી દૂધનો ભોગ
મહાભોગ : જન્માષ્ટમીની રાત્રિએ જન્મનાં દર્શન પછી આવતો ભોગ
દુના (દોણા) : પડિયા
છાક : વનભોજન
ટોકરી : શાક; સામગ્રી
અધકિની : વધારાની

■

ભજનીયો વ્રજાધિપઃ

ભાગ ૨

શ્રીહરિરાયચરણકૃત
'સહસ્રીભાવના' પર આધારિત

નિત્યની લીલાભાવના

(સૌજન્ય : *'રસેશની રસભરી લીલાભાવના'*)

૧

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

સેવા શા માટે ?

શ્રીમદ્ આચાર્યચરણની કૃપાથી આજે પણ સૌ પુષ્ટિજીવો શ્રીનંદનંદનની યથાશક્તિ તન-મન-ધનથી સેવા કરે છે; પરંતુ સેવારૂપી આચારની પાછળ રહેલા સિદ્ધાંતને, સેવાના સાચા સ્વરૂપને બરાબર જાણતાં ન હોવાથી આપણે સેવાનો અલૌકિક આનંદ પામી શકતાં નથી. ભાવભાવના અને સ્વરૂપ-ભાવનાના ચિંતન સાથે, સેવાના સાચા મર્મને જાણી, તેને અનુસરવાથી જ સેવાનું સાચું સુખ પ્રાપ્ત થાય છે. આમ ન કરીએ ત્યાં સુધી સેવા ફક્ત ક્રિયાવત્ જ રહે છે.

જીવ ભગવાનનો અંશ છે. જેમ અગ્નિમાંથી તણખા છૂટા પડે, ત્યારે સહેજ ઝબકીને કોલસાની કણીરૂપ થઈ જાય છે, તેવી રીતે ભગવાનમાંથી હજારો વર્ષ પહેલાં જીવ છૂટો પડતાં, તેનો આનંદ તિરોધાન થઈ ગયો. આજે પણ દુનિયાના બધા જીવો આ આનંદને શોધવા જ ફાંફાં મારે છે, પોતાની સમજ પ્રમાણે પ્રયત્નો કરે છે; પરંતુ મૃગજળની જેમ સાચા આનંદની પ્રાપ્તિ થતી નથી.

આ જીવોમાં મુખ્ય ત્રણ પ્રકાર છે : **(૧) પુષ્ટિ (૨) મર્યાદા (૩) આસુરી**. આમાંના પુષ્ટિજીવો ભગવાનના શ્રીઅંગમાંથી પ્રકટ થયા છે, તેથી પ્રભુને અતિ પ્રિય છે; પરંતુ જગતના ચક્કરમાં તેઓ ભગવાનને ભૂલી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ જ પૂર્ણાનંદ છે. બીજે ક્યાંય પૂર્ણ આનંદ નથી તે હકીકત ભૂલી ગયા; તેથી જગદીશરૂપી પૂર્ણાનંદને શોધવાને બદલે, જગતમાં પૂર્ણ આનંદ શોધવાના મિથ્યા પ્રયત્નો આ જીવે હજારો વર્ષો સુધી કર્યા. પોતે ભગવાનનો અંશ છે તે વાત યાદ ન રહી. પરિણામે તેને થયું કે આ બધું મારું છે; આ બધું હું કરું છું, હું તેમાંથી મારી જાતે જ આનંદ મેળવી લઈશ. તેને પોતાની જાતનું અભિમાન થયું. તેને પોતાની માલિકીમાં મમતા થઈ. અહંતા અને મમતાના અજ્ઞાનનો કાળો પડદો પડવાથી તે ભગવાનથી વિમુખ થયો. પરંતુ આ જીવ ભગવાનના શ્રીઅંગમાંથી પ્રકટ થયો હોવાથી

ભગવાનને અતિ પ્રિય છે; તેથી તેનું અજ્ઞાન દૂર કરી, તેને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરાવવા સ્વયં ભગવાને ઇચ્છા કરી. ભગવદિચ્છાથી ભગવદ્-મુખારવિંદ-સ્વરૂપ શ્રીમહાપ્રભુજી આ દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રકટ થયા. પ્રભુએ સ્વયં કૃપા કરી, શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ કરાવવા આજ્ઞા કરી.

જીવનો ભગવાન (બ્રહ્મ) સાથેનો સંબંધ, જે તેના અજ્ઞાનના કારણે કપાઈ ગયો હતો, તે ફરીથી જોડવો તે બ્રહ્મસંબંધ. જીવ અને ભગવાન વચ્ચે અલૌકિક સ્નેહનો સંબંધ હતો. આ સંબંધ પતિ-પત્નીના ઉદાહરણ દ્વારા આપણે સરળતાથી સમજી શકીએ. પતિ-પત્નીના સંબંધની શરૂઆત સગાઈ–વિવાહથી થાય છે. એકબીજાના સ્વભાવને સમજવાનો, ગુણ અને મર્યાદા જાણી અનુકૂળ બનવાનો માનસિક રીતે પ્રયત્ન થાય છે; સ્નેહનું બીજ રોપાય છે. પરસ્પરનું ચિંતન, સ્મરણ, વાતો કરવી ગમે છે; તેમાં આનંદ આવે છે. પરંતુ હજી શરીર-સંબંધ થયો નથી. સગપણ બાદ અનુકૂળતાએ લગ્ન થાય છે. વર-કન્યા અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ મન, વચન, કર્મથી એકબીજાનાં બની રહેવાની સપ્તપદીની પ્રતિજ્ઞા કરે છે. તેમના મનમાં વવાયેલ સ્નેહનું બીજ, હવે પરસ્પરની સેવાથી પાંગરે છે. હવે પત્નીને માત્ર ઘરના ખૂણે બેસી રહી કે ચાર બેનપણીઓ સાથે ઓટલે બેસી, પોતાના પતિનાં વખાણ કરવામાં કે વાતો કરવામાં, સાંભળવામાં અને સ્મરણ કરવામાત્રથી પૂરો આનંદ થતો નથી. પતિ પણ ઇચ્છે કે પત્ની તેને સુખ થાય તેમ સર્વ કંઈ કરે. પતિની સુખ-સગવડ જાળવવામાં જ પત્નીને તેના દાંપત્ય-જીવનનો સાચો આનંદ મળે છે. આ બધું કરતાં કરતાં તે પતિમય બની જાય છે. પતિની સેવા એ હોંશથી કરે છે, પતિના સુખના જ એકમાત્ર વિચારથી કરે છે, પતિનું સ્મરણ કરતાં કરતાં તે સેવામાં તન્મય થાય છે; પરિણામે તેમનો સ્નેહ અતિ ગાઢ બને છે. પતિ તેને આનંદનું દાન કરે છે.

આવી જ રીતે શ્રીવલ્લભવંશ દ્વારા શ્રીમહાપ્રભુજી આવા દૈવી જીવનો ભગવાન સાથે વિવાહ-સંબંધ જોડવા તેને શ્રીઅષ્ટાક્ષર મહામંત્ર આપે છે. તેના દ્વારા સાધનરૂપા ભક્તિ માટે તેને અધિકાર મળે છે. 'ભક્તિ'નો અર્થ છે સ્નેહપૂર્વકની સેવા. સ્નેહમાં બદલો મેળવવાની, સ્વાર્થ સાધવાની કોઈ અપેક્ષા ન હોય. કેવળ સ્નેહીના જ સુખનો વિચાર હોય. નામમંત્ર પામેલા

જીવ હવે ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું શ્રવણ કરે, કીર્તન અને સ્મરણ કરે, તેમને વંદન કે દંડવત્ કરે. આમ, પોતાના પ્રિયતમનાં રૂપ-ગુણ-લીલાઓના જ્ઞાન દ્વારા તેનામાં પ્રભુ પ્રત્યેના સ્નેહનાં બીજ રોપાય છે. તેને પ્રભુ-મિલનની લગની લાગે છે. પ્રભુને મેળવવાનો તાપ થાય છે. પ્રભુની સેવા કરવા તે તલસતો થાય છે. તેનું મન પ્રભુ સાથે જોડાયું છે, પણ હજી તેનું તન જોડાયું નથી.

શ્રીવલ્લભવંશ દ્વારા શ્રીમહાપ્રભુજી આ જીવને, જ્યારે અગ્નિ સ્વરૂપ એવા પોતે અને તુલસીજી - એ બંનેની સાક્ષીએ બ્રહ્મસંબંધ આપે છે, ત્યારે જીવનું પ્રભુ સાથે અલૌકિક લગ્ન થાય છે. બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા જીવ ભગવાનનો બનવાની સપ્તપદીની પ્રતિજ્ઞા કરે છે. આ મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે : **ભગવાનથી વિખૂટા પડ્યે હજારો વર્ષોનો સમય વીતી ગયો હોવાથી, ભગવાનની પ્રાપ્તિ માટે હૃદયમાં જે તાપ-ક્લેશ થવો જોઈએ, તેનો આનંદ મારામાંથી તિરોધાન થઈ ગયો છે. આવો હું જીવ ભગવાન કૃષ્ણને - શ્રીગોપીજનવલ્લભને - દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંત:કરણ અને તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ લોક અને પરલોક, આત્માસહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ હું તમારો/તમારી છું.**

આ મંત્રમાં ત્રણ બાબતોનું નિરૂપણ થયેલું છે. પ્રારંભમાં જીવના સ્વરૂપનું, તેણે કરેલી અયોગ્ય પ્રવૃત્તિરૂપ દોષનું નિરૂપણ છે. તે પોતાની ભૂલો કબૂલ કરે છે. જેમ લાઇટની સ્વીચ નીચી કરીએ ત્યારે ઓરડાનું અંધારું દૂર થાય અને પ્રકાશ ફેલાય, તેમ આપણે ભૂલ સ્વીકારી, અભિમાન છોડીએ; દીન બનીએ ત્યારે સાચું જ્ઞાન આવે છે. આવું સાચું જ્ઞાન મળતાં, તેના સહારે સાચા માર્ગે સાચી પ્રવૃત્તિ કરવા તત્પર થઈએ છીએ. જીવને પણ પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય છે કે હું તો ભગવાનનો અંશ છું. તેથી જગતમાં મારું કહેવાય એવું કંઈ જ નથી; બધું ભગવાનનું છે. મારે તો મારું મૂળ સ્વરૂપ મેળવવાનું છે. તેના બદલે હું તો અવળા રસ્તે ચઢી ગયો છું. ત્યારે મંત્રના મધ્યમાં, તે અત્યાર સુધી મોહવશ બની, જેને પોતાનું માનતો હતો તે બધું જ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પણ કરે છે. સર્વ પદાર્થો; કૌટુંબિક-કુટુંબ અને મિલકત, આત્મિક-આત્મા વગેરે. આ બધું જેનું હતું તેને પાછું સોંપી દેતાં તે હળવોફૂલ બની જાય છે. તેની અહંતા અને મમતા

હવે નિવૃત્ત થઈ ગઈ છે. માલિકીપણાની ચિંતાનો બોજો જતો રહ્યો છે. મનને હવે નિરાંત વળી છે. મન શુદ્ધ અને પવિત્ર થયું છે. મંત્રના અંતમાં આવો જીવ પોતાનું માનેલું સર્વસ્વ ભગવાનના ચરણે સમર્પી, તેમના દાસ બનવાની પ્રતિજ્ઞા કરે છે. જે જીવ અત્યાર સુધી પોતાની જાતને 'સોઽહમ્' માનતો, તે બધું આપીને હવે 'દાસોઽહમ્' થવાની પ્રતિજ્ઞા કરે છે. 'હું કૃષ્ણનો છું' એવી પ્રીતની રીત આચરવા તે પ્રતિજ્ઞા કરે છે. આમ, બ્રહ્મ-સંબંધ થવાથી જીવનું પ્રભુ સાથે અલૌકિક લગ્ન થયું. તે હવે મન, વચન અને કર્મથી ભગવાનનો બન્યો. તેનું કર્તવ્ય હવે બદલાય છે. તે જગતમાં તેના કહેવાતા સર્વ પદાર્થોનો ટ્રસ્ટી બન્યો છે. જેમ ટ્રસ્ટી પોતાને સોંપાયેલ મિલકતનો વહીવટ ટ્રસ્ટના હેતુ પ્રમાણે કરે છે કે જેથી ટ્રસ્ટ કરનારની ઇચ્છા સંતોષાય, તેને આનંદ થાય; તેવી રીતે હવે બ્રહ્મસંબંધી જીવ આ સર્વ મિલકતના માલિક ભગવાનના સુખ માટે જ તેની સેવામાં રચ્યોપચ્યો રહે છે. સેવામાં સ્નેહ છે જ. સ્નેહ વિનાની સેવા, સેવા નહિ; પણ માત્ર ક્રિયા છે. જેમ પત્નીના હાથની રસોઈ પતિને અધિક સ્વાદિષ્ટ લાગે છે, કારણ કે તેમાં પત્નીના હૃદયનો સ્નેહ છે; પરંતુ પગારદાર રસોઇયાની રસોઈમાં તે સ્નેહ નથી, કારણ કે તે માત્ર ક્રિયા છે; તેવી જ રીત સેવાની પણ છે. આમ, બ્રહ્મસંબંધ પછી જીવ સાધનરૂપા ભક્તિના બીજા ત્રણ પ્રકારો પ્રાપ્ત કરવા અધિકારી બને છે. તે હવે ભગવાનનો દાસ બની, સ્નેહથી સેવા કરે છે, તેથી પ્રભુ પણ તેને પોતાનો અંતરંગ સખા/સખી ગણી સ્નેહ કરે છે. તે સખા બની પોતાનું સર્વસ્વ પ્રભુને સોંપી દે છે, આત્મનિવેદન કરે છે. આવું આત્મનિવેદન માત્ર સાચી સમજથી, હૃદયના વિશુદ્ધ સ્નેહથી કરે છે, કોઈ બદલો મેળવવાની ભાવનાથી નહિ. તેથી તેનામાં નિ:સ્વાર્થ પ્રેમ જાગે છે. તે પ્રભુના પ્રેમમય બની જાય છે. તેની સર્વ પ્રવૃત્તિઓ હવે પ્રભુના સુખની ભાવનાથી જ થાય છે. તેથી શ્રીમદ્ આચાર્યચરણના આ નિર્ગુણ ભક્તિમાર્ગમાં શરણે આવેલા—બ્રહ્મસંબંધ લીધેલા સૌ જીવોનો એકમાત્ર ધર્મ છે ભગવદ્સેવા.

પતિ-પત્નીના લૌકિક ઉદાહરણથી સેવાના જે સ્વરૂપની આવશ્યકતા આપણે ઉપર જોઈ, તેમાં ઇન્દ્રિયોની જે વાસના પતિ-પત્નીના પરસ્પરના વ્યવહારોમાં છે, તે જીવ અને ભગવાનના અલૌકિક સંબંધોમાં નથી. તેમાં કેવળ અલૌકિક સ્નેહ છે. લગ્ન બાદ પત્ની માત્ર પતિનું નામ-સ્મરણ કરે અને પતિની જો સેવા ન કરે, તો પતિ પ્રસન્ન ન થાય. તેવી રીતે જીવ બ્રહ્મસંબંધ પછી જપ કરે, પાઠ કરે, ધોળ-પદ-કીર્તન ગાય, સત્સંગ કરે; પણ ભગવદ્સેવા ન કરે તો તે પ્રભુની પ્રસન્નતાનો પૂર્ણ અધિકારી બનતો નથી. 'પ્રેમનો લાડુ વાતો કરવાના પોચા પાણીથી બંધાતો નથી. એમાં તો જોઈએ છે ખપી જવાની તાકાતનું પાકી તાવણનું ઘી.'

માટે બ્રહ્મસંબંધ લીધા પછી જીવનું પ્રથમ કર્તવ્ય છે સેવા. માહાત્મ્યજ્ઞાન દ્વારા સુદૃઢ, સર્વથી અધિક સ્નેહ જાગે છે. નામમંત્ર લઈ, શ્રવણ-કીર્તન-સ્મરણ કરતાં કરતાં ભગવદ્-સ્વરૂપ-લીલાનું માહાત્મ્યજ્ઞાન થાય છે. હવે બ્રહ્મસંબંધ લીધા પછી, જેના પ્રેમમાં પડ્યા છીએ તેની મન, વાણી અને કાયાથી સેવા કરીએ, ત્યારે જ સાચા સ્નેહનો-પૂર્ણાનંદનો અનુભવ થાય. બ્રહ્મસંબંધ લઈને પણ જો સેવા ન કરવી હોય, તો બ્રહ્મસંબંધની જરૂર શી? નામ-સ્મરણરૂપી ભક્તિ તો નામમંત્ર લઈને પણ થઈ શકે છે.

સેવા કોની ?

હવે સૌ પ્રથમ પ્રશ્ન એ ઊભો થાય છે કે સેવા ભગવાનના કયા સ્વરૂપની કરવી ? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે વ્રજના અધિપતિ એવા શ્રીયશોદાનંદનની સેવા કરવી જોઈએ. શ્રીકૃષ્ણ સદાનંદ છે, પૂર્ણાનંદ છે. તેઓ જ પૂર્ણપુરુષોત્તમ છે. આ જ સ્વરૂપ શ્રીયશોદાનંદજીની કૂખે પ્રગટ થયું છે. તે પૂર્ણ રસાત્મક છે; તેથી તેમની સર્વ લીલાઓ રસમય છે. મથુરામાં પ્રગટેલા શ્રીવસુદેવનંદન (વ્યૂહવિશિષ્ટ) પુરુષોત્તમ છે. તે ગોકુળ પધાર્યા ત્યારે, રસાત્મક પૂર્ણપુરુષોત્તમ શ્રીયશોદાનંદનમાં શ્રીવસુદેવનંદન બિરાજ્યા. વ્રજભક્તો સાથે સર્વ રસમય લીલાઓ શ્રીયશોદાનંદને કરી, જ્યારે રાક્ષસોના સંહાર આદિ શ્રીવસુદેવનંદને વ્યૂહ દ્વારા કર્યા.

૧૧ વર્ષ અને ૫૨ દિવસની લીલાઓ કર્યા પછી, શ્રીવસુદેવનંદન મથુરા પાછા પધાર્યા, ત્યારે શ્રીયશોદાનંદન વ્રજભક્તોનાં હૃદયમાં રસસ્વરૂપે બિરાજી ગયા. આપ વ્રજ છોડી ક્યાંય પધાર્યા નથી. માટે શ્રીયશોદાનંદન જ પૂર્ણાનંદ છે. શ્રીમહાપ્રભુજી તેથી જ શ્રીકૃષ્ણના અન્ય કોઈ સ્વરૂપની નહિ; પણ સારસ્વતકલ્પમાં પ્રગટ થયેલા વ્રજરાજકુંવર શ્રીયશોદાનંદનની જ

સેવા કરવાની આજ્ઞા કરે છે. આપણે તેમની સાથે જ બ્રહ્મસંબંધ કર્યું છે; બીજા કોઈ સાથે નહિ.

ભગવાનની પણ એવી ઇચ્છા છે કે તેમના શ્રીઅંગમાંથી પ્રકટ થયેલી આ પુષ્ટિ-સૃષ્ટિ ભગવદ્-સ્વરૂપની સેવા જ મુખ્યત્વે કરે. પોતાની પ્રકટ સેવા, પોતે ભૂતળ પર પ્રકટ સ્વરૂપે ન બિરાજતા હોય ત્યારે, જીવો કેવી રીતે કરે ? જીવો પાસે સેવા કરાવવા માટે જ આપ શ્રીગિરિરાજજીમાંથી શ્રીનાથજી સ્વરૂપે પ્રગટ થયા. સારસ્વતકલ્પમાં જે પૂર્ણાનંદ શ્રીનંદનંદન-યશોદાનંદને વ્રજભક્તોની સેવા પ્રકટ સ્વરૂપે અંગીકાર કરી; બાળલીલા, પનઘટ, માખણચોરી, ગોવર્ધનલીલા, રાસલીલા વગેરેનો આનંદ આપ્યો, તે જ શ્રીયશોદાનંદન શ્રીનાથજી સ્વરૂપે ફરી ભૂતળ પર, વ્રજમાં પ્રગટ થયા. આપશ્રી નિકુંજનાયક સ્વરૂપે પ્રકટ થયા. આપશ્રીનાં બાળલીલા, વેણુવાદનલીલા વગેરે લીલાસમયનાં અન્ય સ્વરૂપો પણ પ્રગટ થયાં. શ્રીનવનીતપ્રિયજી અને શ્રીબાલકૃષ્ણલાલજી બાળલીલાનાં સ્વરૂપો છે. શ્રીગોકુલનાથજી ગોવર્ધનલીલાનું સ્વરૂપ છે. શ્રીમથુરાનાથજી માખણચોરીની લીલાનું અને શ્રીદ્વારિકાધીશજી વેણુવાદન અને આંખમિચૌલી-લીલાનાં સ્વરૂપ છે, તો શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી અને શ્રીમદનમોહનલાલજી રાસ-સમયની લીલાઓનાં સ્વરૂપો છે. આમ, આ બધાં જ સ્વરૂપો શ્રીયશોદોત્સંગલાલિત વ્રજરાજની વિવિધ લીલાઓનાં સ્વરૂપો હોવાથી, શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણ જ છે. તેમનામાં કશો તફાવત નથી. માટે આ સર્વ સ્વરૂપોમાંથી જીવને જે સ્વરૂપમાં વિશેષ આસક્તિ થાય, તે સ્વરૂપની સેવા કરવી જોઈએ.

સ્વરૂપ સેવ્ય કરાવવાની જરૂર

મર્યાદામાર્ગની પૂજાવિધિમાં મંત્રોચ્ચાર દ્વારા દેવનો જે તે મૂર્તિમાં આવિર્ભાવ થાય છે અને પછી તેમનું પૂજન થાય છે. આ સર્વ દેવો ભગવાનના વ્યૂહ, કળા કે અંશ(અવતાર)રૂપ છે, પણ પૂર્ણાનંદ નથી. તેથી આપણા નથી—સ્વકીય નથી. જેમ જગતમાં અને ઘરમાં પુરુષો તો અનેક હોય, પણ પત્નીને માટે પતિ તો એક જ હોય; પત્ની પતિને જ પોતાનું સર્વસ્વ આપે. તેવી રીતે આપણે આપણું સર્વસ્વ શ્રીયશોદાનંદનને જ આપવાની પ્રતિજ્ઞા કરી છે; તેથી તન-મન-ધનથી તેમની સેવા કરવાની છે.

એક કારીગર જ્યારે પથ્થરમાંથી કે ધાતુમાંથી પ્રતિમા બનાવે છે, ત્યારે આપણે તેને મૂર્તિ કહીએ છીએ. તેમાં ભગવદ્-સ્વરૂપનો આકાર છે, પણ ભગવદ્-સ્વરૂપ નથી. જેમ શરીરમાં આત્મા ન હોય તો તેવા શરીરનો કશો ઉપયોગ નથી; તેવી રીતે આ મૂર્તિમાં ભગવદ્-સ્વરૂપ પધારે, ત્યારે તે મૂર્તિ ન રહેતાં સાક્ષાત્ ભગવદ્-સ્વરૂપ થાય છે. તે આપણી સર્વ સેવા દ્વારા સર્વ પદાર્થો અંગીકાર કરે છે. તે જ આપણા સેવનીય પ્રભુ બને છે. શ્રીમહાપ્રભુજીને વશ શ્રી ઠાકોરજી છે. શ્રીમહાપ્રભુજીના હૃદયમાં સદા બિરાજતા આ શ્રીયશોદાનંદન સ્વરૂપને, આપશ્રી પોતાના વંશ દ્વારા ભગવદ્-મૂર્તિમાં પોતાના અલૌકિક બળથી પધરાવે છે. આપણે તેને **'પુષ્ટ કરવા'** અથવા **'સેવ્ય કરવા'** એમ કહીએ છીએ. આવી રીતે શ્રીવલ્લભવંશ દ્વારા સેવ્ય થયા પછી જ તે સાક્ષાત્ સ્વરૂપ બને છે અને સેવા અંગીકાર કરે છે. ઘરમાં કે મંદિરમાં શ્રીકૃષ્ણની મૂર્તિ ગમે તેટલી સુંદર હોય, પણ જ્યાં સુધી તેને શ્રી વલ્લભવંશ સેવ્ય કરી સ્વરૂપાત્મક ન કરે, ત્યાં સુધી તે સેવનીય બને નહીં. સેવા મૂર્તિની નથી કરવાની, સાક્ષાત્ ભગવદ્-સ્વરૂપની કરવાની છે.

જેમ ધાતુના તારમાંથી વીજળીનો પ્રવાહ પસાર થતો હોય, પણ તેને સ્પર્શ કર્યા વિના વીજળીના પ્રવાહનો અનુભવ થતો નથી. બહારથી તો તે તાર બીજા સાદા તાર જેવો જ ગણાય છે, તેમ સેવ્ય થયા પછી મૂર્તિમાં સૂક્ષ્મરૂપે બિરાજતા ભગવદ્-સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન તેમની કૃપા ન થાય ત્યાં સુધી થતાં નથી, પણ તે સાક્ષાત્ ભગવદ્-સ્વરૂપ જ છે, તેમાં કોઈ શક નથી. આવો અલૌકિક અનુભવ આજે પણ અનેક ભગવદીયોને થાય છે. ક્યારેક આપણે એવો ડર સેવીએ છીએ કે જીવનમાં કોઈની સહાયતા ન રહે, પથારીવશ થવાય કે અન્ય તકલીફો આવે તો સેવા ન થાય અને અપરાધ લાગે; માટે સેવ્ય કરાવ્યા વિના સેવા કરવી. આવો વિચાર ભૂલભરેલો છે. કોઈ સ્ત્રી ભવિષ્યમાં વિધવા થવાની બીકે, લગ્ન કર્યા વિના, માનેલા પતિના ફોટાને સામે મૂકી, તેની સેવા કરે તો તેને પતિસુખ મળે ખરું ? ફોટાથી પ્રત્યક્ષ સુખનો અનુભવ કેવી રીતે થાય ? તેવી જ રીતે માત્ર મૂર્તિથી ભગવદ્-સ્વરૂપના આનંદનો અનુભવ કેવી રીતે થાય ? ભવિષ્યના વૈધવ્યની ચિંતાથી સ્ત્રી લગ્ન કરવાનું ટાળતી નથી, તેમ બ્રહ્મસંબંધી જીવે પણ ભવિષ્યની કાલ્પનિક મુશ્કેલીઓના વિચારે સેવ્ય ભગવદ્-સ્વરૂપની

સેવાથી દૂર રહી, સાક્ષાત્ આનંદનો લાભ શા માટે ગુમાવવો ? માટે બ્રહ્મ સંબંધી જીવે શ્રીવલ્લભવંશ દ્વારા પોતાની આસક્તિનું સેવ્ય-સ્વરૂપ પધરાવી, ગુરુની આજ્ઞા પ્રમાણે સ્નેહ-પૂર્વક સેવા કરવી જોઈએ.

સેવાની રીત અને પ્રીત

બીજો પ્રશ્ન એ થાય છે કે સેવા કેવી રીતે કરવી ? કેટલો સમય કરવી? સેવાનું સાચું સ્વરૂપ કયું ? શ્રીમદ્ આચાર્યચરણે આ ત્રણે પ્રશ્નોના જવાબમાં આજ્ઞા કરી છે કે સેવા સર્વાત્મભાવ વડે કરવી, સદાસર્વદા કરવી. જેમાં ચિત્તની તન્મયતા થાય તે જ સાચી સેવા. આવી સેવા સારસ્વતકલ્પમાં શ્રીગોપીજનોએ કરી છે. તેથી દૈવી જીવોને સેવા શીખવવા શ્રીમહાપ્રભુજીએ *'સેવા-રીત પ્રીત વ્રજજનકી જનહિત જગ પ્રકટાઈ.'*

વ્રજભક્તો કેવી રીતે પ્રેમપૂર્વક સેવા કરતાં હતાં તે જોઈએ : સવારે ભગવન્નામ-સ્મરણ કરતાં વહેલાં ઊઠી, સ્નાનાદિ કરી, સુંદર વસ્ત્ર-શૃંગાર ધરી, સુંદર સામગ્રી લઈ, નંદભવનમાં જઈ, શ્યામસુંદરને આરોગાવે; વસ્ત્ર-શૃંગાર ધરે, પલને ઝુલાવે, ખેલાવે. આ બધામાં તન્મય થઈ જાય. વાત્સલ્ય-ભાવથી-બાલભાવથી સેવા કરે. પોતાની જાતનેય ભૂલી જાય. ઘરકામ કરતાંય ચિત્ત શ્યામસુંદરમાં જ લાગેલું રહે. તેથી શ્રીગુસાંઈજી પણ આજ્ઞા કરે છે કે સેવા બાલભાવથી કરવી. ભાવના કરવાથી ભાવ પ્રકટે છે. ભાવના બાલભાવની કરવી; કારણ કે વાત્સલ્યમાં બાળકની પ્રસન્નતાનો જ વિચાર હોય છે, તેમાં સ્વાર્થનો અણસાર પણ હોતો નથી. હૃદય શુદ્ધ હોય છે, કામ-વાસના હોતી નથી. વાત્સલ્ય-ભાવ સરળતાથી સિદ્ધ થાય છે. તેથી પુષ્ટિજીવ પુરુષ હોય તો પણ તેણે પોતે ગોપીજન છે તેવી ભાવનાથી, સેવામાં જવું અને બાલભાવથી જ સેવા કરવી. પોતાનું ઘર વ્રજ-ગોકુળ છે અને ઘરમાં જ્યાં શ્રીઠાકોરજી બિરાજે છે, ત્યાં હોંશે હોંશે પહોંચી જઈ, શ્રીયશોદા-મૈયાજીની આજ્ઞા લઈ, શ્રીબાલકૃષ્ણલાલને લાડ લડાવીએ છીએ તેવી ભાવનાથી ચિત્તને સેવામાં જોડવું અથવા શ્રીનંદરાયજીના આપણે પડોશી છીએ, શ્રીયશોદાજીએ શ્રીબાલકૃષ્ણલાલને કૃપા કરી થોડો સમય ખેલાવવા આપ્યા છે, તેમને આપણા ઘેર પધરાવી લાવ્યા છીએ; તેવા વ્રજભક્તના ભાવથી ચિત્તને સેવામાં જોડવું. પ્રભુના સુખને જ સર્વથી અધિક ગણવું, સદાકાળ તેમના સુખનો જ વિચાર કરવો અને તે પ્રમાણે બધું જ કરવું. પોતાનું સુખ તો એ જ કે જેમાં પ્રભુ પ્રસન્ન થાય. પોતાના માટે કંઈ ન કરવું. બધું જ પ્રભુના માટે કરવું તે સર્વાત્મભાવ. ઘરકામ પણ આ જ ભાવનાથી કરવું. ઘર વ્રજ છે, પ્રભુ તેમાં ખેલે છે. તેમને ખેલવામાં શ્રમ ન પડે અને પ્રસન્નતા થાય, માટે ઘરમાં કચરો વાળી, તેને સ્વચ્છ રાખવું. સુંદર વસ્ત્ર પહેરવાં. શરીરના પરસેવાની દુર્ગંધ પ્રભુને ન આવે, માટે ભગવદ્-પ્રસાદ અત્તર, ફુલેલ વાપરવાં. નોકરી-વેપાર દ્વારા મળેલ દ્રવ્યથી પ્રભુને લાડ લડાવાશે તેવી ભાવના રાખવી. આમ, આપણો રાત-દિવસનો સર્વ વ્યવહાર પ્રભુનાં સુખ-સેવા માટે કરીએ, તો સર્વાત્મભાવપૂર્વક સદાસર્વદા સેવા બની આવે. સેવા કરતાં સમય-સમયનાં કીર્તન ગાવાથી ચિત્તની સર્વ વૃત્તિઓ પ્રભુમાં પરોવાયેલી રહે અને ચિત્ત આડુંઅવળું ભટકે નહિ.

સેવાના પ્રકાર

આમ, શ્રીમહાપ્રભુજી સેવાના મુખ્ય બે પ્રકાર બતાવે છે **(૧) સાધનરૂપા સેવા** અને **(૨) ફળરૂપા સેવા**. સાધનરૂપા સેવા શરીર અને દ્રવ્યના વિનિયોગ દ્વારા થાય છે. તે જાતે જ ગોપીજનની ભાવનાથી પ્રેમપૂર્વક દીનતાથી કરવી જોઈએ. સેવા સ્વમાર્ગની રીતે કરવી, કલ્પિત પ્રકારે ન કરવી. સેવામાં પ્રત્યેક વસ્તુનું આધિદૈવિક લીલાત્મક સ્વરૂપ છે. તેનો ભાવ સમજી, તેના વિચારપૂર્વક કરવી. જેમ કે સિંહાસન શ્રીયશોદાજીની ગોદ છે. નિત્યની સેવામાં મંગળાથી શયન સુધીની લીલાઓની ભાવનાઓનું નિરૂપણ આ પુસ્તકમાં કરેલું છે. તે પ્રમાણે ચિંતન કરતાં સેવામાં પ્રવૃત્ત થવું જોઈએ. જેમ યોગમાં આસન વગેરે અષ્ટાંગ જરૂરી છે, તેમ સેવા પણ યોગ છે; બલકે યોગથીય અધિક છે. તેની પ્રત્યેક ક્રિયા સાહજિક છે, આનંદમય છે. પ્રભુમાં પ્રભુએ આપેલ સર્વસ્વનો વિનિયોગ થાય છે. મનની વૃત્તિઓ ખૂબ સ્વાભાવિક રીતે પ્રભુ પ્રત્યે બદલાય છે, બાહ્ય ક્રિયાઓ-વ્યવહારો ભલે લૌકિક રૂપના જણાતા હોય. આમ, શરીર અને દ્રવ્ય દ્વારા સેવા કરતાં કરતાં, ભગવદ્-કૃપાથી જ્યારે મન એકાગ્ર થઈ, તલ્લીન થઈ જાય ત્યારે માનસી સેવા, જે ફળરૂપ છે, આપોઆપ સિદ્ધ થાય છે. પછી જીવને સાધનોની અપેક્ષા રહેતી નથી. સાક્ષાત્ પ્રભુ સાથે મન વિહરે છે. પ્રભુ પણ આવા જીવથી દૂર રહી શકતા નથી. આ જ સેવાનું ઉત્તમ ફળ છે.

શરીર અને દ્રવ્ય દ્વારા સાધનરૂપા સેવા કરતાં પ્રેમ, આસક્તિ અને વ્યસનની અવસ્થા સુધી જવાય છે. પણ આ સર્વ માટે નક્કી નિયમો નથી.

આખરે તો ભગવદ્દકૃપા જ સર્વમાં નિયામક છે; પરંતુ આ ભગવદ્દકૃપા તો બ્રહ્મસંબંધની પ્રાપ્તિથી જ થઈ છે; તેથી શ્રીમદ્ આચાર્યચરણે કૃપા કરી આપણને બ્રહ્મસંબંધ આપી સેવાનો અધિકાર આપ્યો છે, ભગવદ્-સ્વરૂપ પધરાવ્યું છે, સેવા માટે અનુકૂળ વૈષ્ણવ ઘર અને કુટુંબ આપ્યું છે, શરીર અને દ્રવ્ય આપ્યું છે; છતાંય લૌકિક મોજશોખમાં જ ફસાયેલા રહી, સેવાથી વિમુખ જ રહીએ તો દોષ કોનો ?.... અન્ય સ્થળેથી સાચો પૂર્ણાનંદ નથી મળવાનો; માટે જ શ્રી દયારામભાઈ સમજાવે છે : **'સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.'**

શ્રી દ્વારિકેશ-લીલાસ્વરૂપ-ધ્યાન

બિરાજે સખીપરિકર સંગે નિકુંજે રાધા સુકુમારી,
વદી રહ્યાં છે સૌ સ્મરી સ્મરી રસકેલિ રસેશની,

પધાર્યા ત્યાં પૂંઠેથી સસ્મિત વ્રજરાજ ચોર ડગલે;
બીડ્યાં નેત્રો પ્યારીનાં કોમળ બેઉ હસ્તકમલે;

ને રીઝવવા પ્રિયાને થયા ચતુર્ભુજ રૂપધારી;
ગ્રહી બાંસુરી છેડી પંચમ વદ્યા એ 'શ્યામ હું, દુલારી.'

પુલકિત પ્રસન્ન પ્રાણેશ્વરીએ સ્વભુજે ભીંસ્યા હૃદયેશને,
સ્મરું છું, વંદું છું સ્નેહે નિકુંજનરેશ અદ્દ્ભુત દ્વારકેશને.

– રમેશભાઈ પરીખ

◆

૨

નિત્યલીલા નિત્યનૂતન

ભાવૈરંકુરિતં મહીમૃગદશામાકલ્પમાસિંચિતૈ:
પ્રેમ્ણા કંદલિતં મનોરથમયૈ: શાખાશતૈ: સંભૃતમ્।
લોલ્યૈ: પલ્લવિતં મુદા કુસુમિતં પ્રત્યાશયા પુષ્પિતં
લીલાભિ: ફલિતં ભજે વ્રજવની શૃંગારકલ્પદ્રુમમ્ ॥

– શ્રીમત્પ્રભુચરણ

'પ્રતિક્ષણ નિકુંજસ્થ લીલારસસુપૂરિત:' એવા શ્રીઆચાર્યચરણે દૈવી જીવોના ઉદ્ધાર માટે ભગવદાજ્ઞાથી **'પૃથક્ શરણમાર્ગ'** પ્રગટ કર્યો છે. આ માર્ગની વિલક્ષણતા બતાવતાં ભગવદીયોએ ગાયું છે કે ***'સેવા-રીત પ્રીત વ્રજ-જનકી જનહિત જગ પ્રગટાઈ.'*** સારસ્વતકલ્પની વ્રજભક્તોની પ્રીત-સભર સેવા શીખવતાં આપશ્રીએ આજ્ઞા કરી છે, **'ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા.'** ચિત્તનું પ્રભુમાં પરોવાવું તેનું નામ સેવા. જગતમાં રહેવા છતાં ચિત્ત ભગવલ્લીલામાં તલ્લીન બને તેવી સ્થિતિ ભગવદ્દકૃપાથી અનેક ભગવદીયોને પ્રાપ્ત થઈ છે. **'ભાવે ભાવનયા સિદ્ધ:'** ભગવદ્દભાવ ભાવનાથી સિદ્ધ થાય છે. માટે તનુજા- વિત્તજા સેવા કરતાં વૈષ્ણવોએ ત્રણ પ્રકારની ભાવનાનું ચિંતન કરવું જરૂરી બને છે : **(૧) સ્વરૂપ-ભાવના (૨) ભાવ-ભાવના (૩) લીલા-ભાવના.**

સ્વભાવે દુષ્ટ, મૂઢ અને અજ્ઞાની જીવો પર કૃપા કરી નિકુંજની 'નિત્ય-નૂતન નિત્યલીલા'ની ઉપરોક્ત ત્રણે પ્રકારની ભાવના શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીદ્વારિકેશજી આદિ મહાનુભાવોએ પ્રગટ કરી છે. આ પ્રકારના ભાવનાના ગ્રંથોમાં શ્રીહરિરાયજી મહાપ્રભુ દ્વારા વિરચિત **'સહસ્રીભાવના'** ગ્રંથ અતિ પ્રસિદ્ધ છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં અને તેમાંય કાવ્ય-સ્વરૂપે છે. તેમાં વિવિધ લીલાઓનાં વર્ણનનો ક્રમ થોડો અટપટો છે, તેથી તે ગ્રંથ સરળતાથી સર્વ વૈષ્ણવોને સમજાય તેવો નથી. જ્યાં સુધી કોઈ પણ વસ્તુની સમજ ન પડે, ત્યાં સુધી તેમાં રસ પણ ન પડે તે સ્વાભાવિક છે. તેથી આ ગ્રંથ ભાવુક વૈષ્ણવો સારી રીતે સમજી શકે,

રસપૂર્વક વાંચીને હૃદયમાં ઉતારી શકે, આપણી ચિત્તવૃત્તિ પ્રભુના સ્વરૂપમાં, સેવામાં અને લીલામાં લાગે; તો આ ગ્રંથની રચના પાછળ શ્રીહરિરાયચરણે લીધેલો અથાગ પરિશ્રમ સાર્થક થાય. આ ઉદ્દેશથી 'સહસ્રી-ભાવના' ગ્રંથના આધારે આ પુસ્તક ભગવદ્દકૃપાએ પ્રકટ થાય છે.

પુષ્ટિમાર્ગીય મોક્ષનું સ્વરૂપ બતાવતાં શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી,

અત: સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયો: ।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિ: ॥

આ શ્લોકની આજ્ઞા પ્રમાણે પ્રભુનાં સેવા-સ્મરણ કરવાની રીત શ્રી ગુસાંઈજીએ કૃપા કરી નીચેના શ્લોકમાં પ્રકટ કરી છે :

સદા સર્વાત્મના સેવ્યો ભગવાન ગોકુલેશ્વર: ।
સ્મર્તવ્યો ગોપિકાવૃંદે ક્રીડન્વૃન્દાવને સ્થિત: ॥

સેવા બાળભાવથી કરવી. સ્મરણ કિશોરલીલાનું કરવું. શ્રીહરિરાયચરણે આ ગ્રંથમાં બાળભાવના સેવાપ્રકારનો કિશોરભાવના સ્મરણ-પ્રકાર સાથે સમન્વય કર્યો છે. પ્રભુનું આ વિરુદ્ધધર્માશ્રય સ્વરૂપ છે. આપણા સેવ્ય પ્રભુ શ્રીયશોદોત્સંગલાલિત નંદકુમાર લૌકિક બાળક નથી, પણ ભગવાન સ્વયં છે, પૂર્ણ પુરુષોત્તમ છે. ગમે ત્યારે ઇચ્છા પ્રમાણે ગમે તે વયનું સ્વરૂપ ધારણ કરી શકે છે. આપના માટે વય નિયામક નથી. જે સમયે પ્રભુ નંદયશોદાને બાળકરૂપે દર્શન આપે છે, તે જ સમયે આપ ગોપીજનોને કિશોરસ્વરૂપે આનંદ આપે છે. તેથી આપ બાળક હોવા છતાં રસિકશિરોમણિ છે **(બાલો રસિકમૂર્ધન્ય:)**.

પ્રભુની આવી અદ્‌ભુત વિરુદ્ધધર્માશ્રયી બાળ-કિશોર ઉભય લીલાનું નિરૂપણ શ્રીવિઠ્ઠલેશપ્રભુએ પલનાની અષ્ટપદી '**પ્રેંખ પર્યંક શયનમ્**'માં ખૂબ સુંદર રીતે કર્યું છે. આ જ ભાવ ભક્તકવિ શ્રીજયદેવજીએ '**ગીતગોવિંદ**' કાવ્યના પ્રથમ શ્લોકમાં નિરૂપ્યો છે :

ઘેરાયો ઘન, રાધિકે ! ગગનમાં, છાયાં તમાલો વને,
બ્હીએ બાલમુકુંદ આ રજનીએ, જોડે જ જાઓ તમે.
એવાં વેણથી નંદનાં, વિચરતાં કુંજે ઘને નિર્જને,
જામી જે જમુનાતટે જુગલની લીલા, સ્મરું ધન્ય તે !

પ્રભુની લીલા ખૂબ અટપટી છે. જીવની લૌકિક બુદ્ધિથી તે સમજાય તેવી નથી. શ્રીવલ્લભાધીશ પ્રભુ આજ્ઞા કરે છે : '**ન લૌકિક: પ્રભુ: કૃષ્ણ: મનુતે નૈવ લૌકિકમ્ ।**' પ્રભુની લીલાઓ પણ લૌકિક નથી. કારણ, '**ક્રિયા સર્વાપિ સૈવાત્ર, પરં કામો વિદ્યતે ।**' પ્રભુની સર્વ લીલાઓ નિર્દોષ અને નિષ્કામ છે. આપણા હૃદયના રોગરૂપી કામવૃત્તિનો નાશ કરનારી લીલાઓ કેવી રીતે લૌકિક હોઈ શકે ?

'સહસ્રીભાવના'માં નિરૂપિત પ્રભુની લલિત રસ-સભર લીલાઓનું ચિંતન કરતાં પહેલાં સ્વમાર્ગનો આ સિદ્ધાંત બરાબર સમજી, દૃઢ રીતે હૃદયમાં ધારણ કરવો આવશ્યક છે.

આટલી સમજ મેળવ્યા પછી '**અદેયદાનદક્ષ:**' એવા શ્રીમહાપ્રભુજીને મનોમન સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી '**મુકુંદરતિવર્દ્ધિની**' શ્રીયમુનાજીની કૃપા યાચી, ચાલો જઈએ લલિત વ્રજદેશમાં, જ્યાં આ લીલા નિત્ય બિરાજે છે.

◆

૩

નંદભવનમાં સખીજનો નંદનંદનને જગાવે છે

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે,
ઘોષ સીમંતિની સંગ ગિરિવરધરન
કરત નિત્ય કેલિ તહાઁ કામ લાજે. ૧
ત્રિવિધ પવન સંચરે સુખદ ઝરના ઝરે
લલિત સૌરભ સરસ મધુપ ગાજે,
લલિત તરુ-ફૂલ-ફલ ફલિત ખટઋતુ સદા
'ચત્રભુજદાસ' ગિરિધર સમાજે. ૨

લલિત વ્રજદેશ છે. શ્રીગિરિરાજજીની શીતળ છાયા છે. તરણિતનયાનો મનોહર તટપ્રદેશ છે. આંબા ને કદંબ, આસોપાલવ ને બોરસલી, વડ ને પીપળનાં વિશાળ વૃક્ષોની વનરાજિ આહ્લાદક લાગે છે. ઉષ્ણકાળના પરોઢનો શીતળ, મંદ સમીર વાઈ રહ્યો છે. વિવિધ વૃક્ષઘટાઓમાંથી મયૂર, પોપટના કર્ણમધુર કલરવ રેલાય છે. શ્રીયમુનાજીનો તટપ્રદેશ હંસ-સારસના નિનાદથી ગૂંજી રહ્યો છે. અરુણોદય થઈ રહ્યો છે. શ્રીયમુનાજીનાં શ્યામ સલિલ હવે ઊગતા સૂર્યનાં અરુણ કિરણોની લાલિમાથી શોભી રહ્યાં છે. જાણે પોતાના પ્રિયતમ શ્યામસુંદરનું પ્રાતઃસ્મરણ કરતાં, શ્યામસ્વરૂપ શ્રીયમુના મહારાણીજીનું અંગ અંગ લજ્જાની લાલિમાથી લસિત ન બન્યું હોય ! આવું અનુપમ સૃષ્ટિસૌન્દર્ય વિલસી રહ્યું છે, ત્યારે શ્રીગોપીજન નિત્યકર્મથી પરવારી, દધિ-મંથન કરતાં, પોતાના પ્રાણપ્રેષ્ઠનું મંગલ ગાન કરે છે. કરનાં કંકણો રણકી ઊઠે છે, પગનાં ઝાંઝર ઝણકે છે, કંઠનો મીઠો સ્વર વહી રહે છે –

પ્રાત સમે ઊઠિકે બ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા;
કરિ સિંગાર મથનિયાઁ ધોવે, અપનો અપનો દહ્યો બિલોવે.

ત્યાં તો સૂર્યોદય થાય છે. ગાયોના ભાંભરવાનો અવાજ સંભળાય છે. માર્ગમાં આવનજાવન થવા લાગી છે. ગોપીઓએ ગૃહકાર્ય પૂરું કરી દીધું છે. દહીં વેચવા જવા મટકીઓ ભરી છે. સુંદર વસ્ત્રો અને શૃંગાર સજ્યાં

છે. એકલાં તો કોણ જાય ? સૌ પોતપોતાની સાહેલીઓને સાદ દે છે. ચટકરંગી ચૂંદડીમાં શોભતાં વ્રજાંગનાઓ માથે મોતીની ઉઢાણી પર ગોરસની મટૂકી મૂકી મલપતી ચાલે માર્ગમાં આગળ વધે છે.

સખીઓના વૃંદમાં એક સખી છે. નામ છે વિશાખા. તેણે વાત છેડીઃ 'સખીઓ, આપણે નેમ લીધો છે કે નંદનંદનનું મુખ જોઈને જ દહીં વેચવા જવું; પણ યશોદાજીનો એ લાડલો વિલંબથી જાગે છે અને આપણને કેટલું બધું મોડું થઈ જાય છે !' ચિત્રા સખીએ પણ ટાપસી પૂરી, 'હા, અલી, મારે તો પછી રોજ ઘેર ઝઘડો જ થાય છે.' ત્યાં ડાહીડમરી લલિતા કોયલની જેમ ટકૂકી : 'તો ચાલો ને, આજે રાધિકાજીનેય સાથે લઈ લઈએ. એ વૃષભાનલડેતી સાથે હશે, તો કનૈયો ઝટ કરતો જાગશે.'

સૌ સખીઓ સંમત થઈ. રાધિકાજીને સાથે લીધાં અને નંદાલયનો માર્ગ લીધો. શ્રીમદ્ ગોકુલમાં શ્રીયમુનાજીના સુંદર ઘાટ ઉપર અતિ મનોહર નંદભવન શોભી રહ્યું છે. ઊગતા સૂર્ય-પ્રકાશમાં સ્ફટિકમઢ્યા એ ભવનની શોભા સોળે કળાએ ખીલી ઊઠી છે. વિશાળ નંદભવન પરના સુવર્ણકળશ તેજથી ઝળહળી રહ્યા છે. મહેલના પ્રાંગણમાં અદ્ભુત ઉદ્યાન છે. ઉદ્યાનમાં આરસના રમણીય કુંડો છે. કુંડોમાં વિવિધરંગી શતદલ કમળ ખીલ્યાં છે. હંસ, બતક જળક્રીડા કરે છે. ગુલાબ, મોગરો, જૂઈ, જાઈ, ચમેલી અને બકુલની શોભા-સુવાસ અતિ આહ્લાદક છે.

રત્નજટિત ભવનની ઓસરીમાં ગોપીજનો પધારે છે. પ્રિય-મુખ દર્શન પામી રાત્રિનો વિરહતાપ શમાવવાની એમની અધીરાઈ એમનાં નેત્રોમાં અને કંઠમાં વરતાય છે. લલિતાજી રત્નજટિત સુવર્ણદ્વાર પાસે જઈ ટહૂકો કરે છે, 'યશોદામૈયા ! અરે ઓ રોહિણીજી ! દ્વાર ખોલો ને, અમે તમારા લાલનું મુખ નીરખવા આવ્યાં છીએ.'

મંદમંદ મરકતાં રોહિણીજી જાતે દ્વાર ખોલે છે. વ્રજાંગનાઓને આવકારે છે. શ્રીરાધિકાજીની આંગળી પકડી લલિતાજી સૌથી આગળ જઈ, યશોદાજી પાસે પહોંચી જાય છે. પ્રણામ કરીને કહે છે : 'મૈયા, માફ કરજો. તમને અમે રોજ સવારના પહોરમાં પજવીએ છીએ. તમનેય થતું હશે કે આ ગોપીઓ રોજ રોજ આટલી વહેલી શીદને દોડી આવતી હશે?

પણ મૈયા, શું થાય ? આવવામાં અમારો સ્વાર્થ છે ! તમારો લાલ અમારા માટે એવો શુકનિયાળ છે કે જો તેનું મુખ નીરખીને દહીં વેચવા જઈએ છીએ, તો બધું દહીં વેચાઈ જાય છે ! પૈસાય બમણા મળે છે ! કાલે તો વળી ભારે થઈ. દહીં વેચીને ઘેર ગઈ તો મારી કજરી ગાયને વાછરડી જન્મી !'

(રાગ : ભૈરવ)

લાલકો મુખ દેખન હીં આઈ,
કલ મુખ દેખ ગઈ દધિ બેચન, જાત હી ગયો બિકાઈ. ૧

નિતતેં દૂનો લાભ ભયો, ઘર કાજર બછિયાઁ જાઈ,
આઈ હીં ધાય, થંભાય સાથકો, મોહન દેહીં જગાઈ. ૨

સુન પિય વચન બિહઁસ ઊઠ બૈઠે, નાગરી નિકટ બુલાઈ,
'પરમાનંદ' સયાની ગ્વાલિની સૈન સંકેત બતાઈ. ૩

'મૈયા ! તમારા લાલના મુખદર્શનનો આવો પ્રતાપ છે ! માટે તો તમારા પ્રાત:સ્મરણીય પુત્રનું મુખ જોવા આજે તો રાધિકાજીને પણ સાથે તેડી લાવ્યાં છીએ.'

શ્રીરાધિકાજીએ યશોદાજીને વંદન કર્યાં. યશોદાજીએ તેમને ગોદમાં બેસાડ્યાં. હરખઘેલાં યશોદાજી કહે છે : 'સારું બહેન, મારું આંગણું પાવન થયું. ભગવાને દીકરો આપ્યો છે, તો તમે સૌ આવો છો. નહીંતર અમારો ભાવ કોણ પૂછત ?' ત્યાં રોહિણીજી બોલ્યાં : 'સખીઓ, સારું થયું કે તમે આવ્યાં. આજ તો લાલ જાગતો જ નથી. તેના મંગળભોગ માટે સિદ્ધ કરેલી સામગ્રી પણ ખોટી થાય છે. લો, તમે સૌ આવ્યાં છો તો તેને જગાડો.'

ભાવતું'તું ને વૈદ્યે કહ્યું. બધાં વતી ચંદ્રાવલીજી બોલ્યાં : 'ભલે, મૈયા! તમે તમારે નિરાંતે ઘરકામ કરો. અમે લાલાને જગાડી, તમારી પાસે પધરાવી લાવીએ છીએ. ગોપીજનો પ્રભુના શયનખંડ તરફ જાય છે. ઝાંઝર રુનઝુન, રુનઝુન ઠમકે છે. રત્નજટિત કંકણો રણકે છે. આ બધો કોલાહલ સાંભળી શ્રીરાધા-સહચરીજી શય્યા-મંદિરમાંથી ઊઠીને બહાર પધાર્યાં અને પ્રાત:વિધિમાં લાગી ગયાં.

લલિતાજી બીન(વીણા) લઈ આવ્યાં. પ્રભુને જગાડવા તેમણે બીન છેડી. રાધાજી મંજુલ સ્વરે સાદ કરે છે :

જાગિયે વ્રજરાજકુંવર કમલકોસ ફૂલે,
કુમુદિની જિય સકુચ રહી, ભૃંગલતા ઝૂલે. ૧
તમચર ખગ કરત રોર, બોલત વનરાઈ,
રાંભત ગૌ મધુર નાદ, બછરા હિત ધાઈ. ૨
રવિપ્રકાશ વિધુ મલીન, ગાવત વ્રજનારી,
'સૂર' શ્રીગોપાલ ઊઠે, પરમ મંગલકારી. ૩

શ્યામસુંદરે સ્વામિનીજીનો સ્વર ઓળખ્યો. ધીમા સાદે તેમને અંદર બોલાવ્યાં. સખીઓ કહે છે : 'લલિતાજી, તમે રાધાજીને લઈ અંદર જાઓ અને પ્રભુને જગાડો. અમે અહીં જગમોહનમાં બેસી ગાન કરીએ છીએ, જેથી પ્રભુ વહેલા જાગે.' તંબૂરો, વીણા અને સારંગીના તાર મેળવાયા. શ્રીચંદ્રાવલીજીએ પદ ઉપાડ્યું. સખીઓ ઝીલવા લાગી :

જાગિયે ગોપાલલાલ, દેખૌં મુખ તેરો,
પાછે ગૃહકાજ કરૌં, નિત્ય-નેમ મેરો. ૧

અરુણ દિસા, વિગત નિસા, ઉદય ભયો ભાન,
કમલનતેં ભ્રમર ઉડે, જાગિયે ભગવાન. ૨

'પરમાનંદ' સ્વામી ગોપાલ પરમ મંગલ રૂપ,
વેદ પુરાન ગાવત હૈ લીલા અનુપ. ૩

રાધિકાજી પોતાની અંતરંગ સખી લલિતાજીને સાથે લઈને પ્રભુના શય્યામંદિરમાં પધારે છે. હળવે હાથે પોતાનાં નેત્રોની પલક સમાં દ્વાર ખોલે છે. રત્નજટિત દીવાલો પર વિશાળ દર્પણો શોભી રહ્યાં છે. કનકની ભોંય પર સુકોમળ ગાલીચા બિછાવેલા છે. મણિમય ઝુમ્મરોની શોભા અનેરી છે. મધ્યમાં વિશાળ સુખડની સુખશય્યા છે. બાજુમાં શીતળ જળનાં બબ્બે ઝારીજી, બંટા, ફૂલમાળા, ચંદન ઇત્યાદિ સામગ્રી સાજેલી છે. સુખદ કોમળ શય્યામાં શ્યામસુંદર પોઢેલા છે. કમલનયનોમાં નિદ્રા છે, શ્રીઅંગમાં આળસ છે. વાંકડિયા વાળ વીખરાયેલા છે. શ્રીઅંગ પર શ્વેત મલમલની બારીક ચાદર ઓઢેલી છે.

'આવા નિદ્રાવશ પ્રભુને જગાવીશું કેમ કરીને !' લલિતાજી સહેજ વિચારમાં પડી ગયાં. રાધાજીએ ધીમે રહી શ્રીઅંગ પરથી ચાદર સરકાવી

લીધી. મદનમનોહરનાં લાવણ્યલસિત સર્વાંગનાં દર્શને તેમના હૃદયમાં પ્રબળ પ્રેમોર્મિ પ્રગટી. પોઢેલા પ્રિયતમને ભાવનાથી ગાઢ આશ્લેષમાં લઈ, પ્રિયનો હસ્તકમળ નિજ કંઠમાં લપેટી લીધો. અવર્ણનીય, વિલક્ષણ સુખમાં ક્ષણવાર લીન બની ગયાં, પણ હજી પ્રભુ જાગતા નથી.

લલિતાજી કહે છે : 'રાધે, ચોસઠ કળામાં તું પ્રવીણ છે; છતાં પ્રાણેશને જગાડવાની કળા તું શોધી શકતી નથી ? મને તો લાગે છે કે પ્રાણેશનાં નેત્રકમળ લૌકિક સૂર્યના પ્રકાશથી ખીલવાનાં નથી. એના માટે તો તારે તારાં હીરાજડિત કુંડળોરૂપી અલૌકિક સૂર્યનો ત્યાં ઉદય કરાવવો પડશે. તને વળી શું શીખવવાનું હોય ?'

પ્રિયાજીએ પોતાના મુખ-મંડલનો સ્પર્શ પ્રિયતમના વદન-કમલ અને નેત્ર-કમલને કરાવ્યો. અધર-ખંડન પણ કરી દીધું. પ્રભુએ આછો સીત્કાર કરતાં નેત્રકમળ ખોલી દીધાં. પ્રિયાજીના વદનચંદ્રને એકીટસે નીરખતાં ગોપીવૃંદનું ગાન સાંભળી, આળસ મરડી બિરાજમાન થયા. પ્રિયાજી પ્રસન્ન થયાં.

લલિતાજી પૂછે છે : 'પ્રભુ, આ બધું શું છે ? શો વિચિત્ર વેશ બનાવ્યો છે ! અધર પર અંજનના ડાઘ ! નયન પર પિકરસ ! કપોલ પર ચક્રાકાર ચિહ્ન!' પ્રભુ કહે છે : 'લલિતા, હું તો નિદ્રાધીન હતો. તમારામાંથી કોણે આ કર્યું તે હું શું જાણું ?'

'શ્યામસુંદર, એમ અમને બનાવો તે નહિ ચાલે. અમે તો આવીને ચાદર ખોલતાં જ આ જોયું છે. આપના વક્ષ:સ્થલમાં દોરા વિનાની મોતીની માળાની છાપ છે ! પીઠ પર પણ કંકણના કાંગરા છે !' લલિતાજી બોલ્યાં.

રાધાજી મધુર વચનો કહે છે : 'હૃદયેશ, આ ચોળાયેલી પુષ્પમાળા, વીખરાયેલા કેશ એ બધું અમે અહીં આવીને જ જોયું છે ! આ અરુણ, ઘેનભરેલાં લોચનો રજનીભરના જાગરણની અને રહસ્યલીલાની સાક્ષી પૂરી રહ્યાં છે. કોઈનો અનુરાગ-રસ જાણે નયનોમાં ન ભર્યો હોય !'

'ચતુર-શિરોમણિ, આ બધું કેવી રીતે બન્યું ? હજી પૂરી તરુણાઈ તો હવે આવશે !' આમ કહેતાં લલિતાજી એક મોટું રત્નજડિત દર્પણ લઈ, પ્રિયતમની સામે ધરે છે. પ્રભુ પોતાનું પ્રતિબિંબ નિહાળી હસી પડે છે.

લલિતાજી હસીને પૂછે છે : 'આપના કપોલ પરનાં ચક્રાકાર ચિહ્નો તો જુઓ! એનો કંઈ ખુલાસો?'

'હાં, હાં, એ તો હું સમજ્યો. હું ચક્રપાણિ છું. મારી હથેળીમાં ચક્રનું ચિહ્ન છે. નિદ્રામાં કપોલ નીચે હથેળી આવતાં તે ચિહ્ન ત્યાં છપાઈ ગયું! આમાં કંઈ શંકા છે?' પ્રભુએ ખુલાસો કર્યો.

'વાહ, ચતુરશિરોમણિ! બહાનાં બનાવતાં તો સરસ આવડે છે. પણ અમે એમ છેતરાઈશું નહિ, હોં!'

લલિતાજી રાધાજીને કહે છે : 'બહેન, આ ખટપટમાં કેટલી બધી વાર થઈ! બહાર બેઠેલી સખીઓ અધીરી થતી હશે. તું બેસ. હું એમને પ્રભુ જાગ્યાની વધામણી આપું.'

લલિતાજી બહાર જઈને કહે છે : 'સખીઓ, તમે સૌ અધીરાં થયાં જ હશો; પણ શું થાય? પ્રભુ જાગતા જ નહોતા. અમે બહુ મહેનતે જગાડ્યા છે. હવે ચાલો પ્રાણેશનાં મુખદર્શને.'

સખીઓ આતુરતાથી શય્યામંદિરમાં પ્રવેશ કરે છે. પાછળથી એક ચતુરા કટાક્ષ કરે છે : 'ખરી વાત, લલિતા. તમે અંદર જઈ કેટલો ને કેવો પરિશ્રમ કર્યો છે, તે અમે સમજીએ છીએ, હોં!'

પ્યારભરી એ પ્રમદાઓ પ્રસન્નવદન પ્રિયતમની ચોમેર વીંટળાઈ વળી. જાણે પ્રફુલ્લિત કમળ પર લપટાયેલ ભ્રમર-વૃંદ! પ્રભુના અનુપમ સૌંદર્ય પર મન-મનથી પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરે છે. કોઈ સખી મનમોહનના મનોહર મુખને નીરખી સ્તબ્ધ થઈ ગઈ છે. જાણે કંચનની પુતળી! કોઈ પ્રાણનાથનો શ્રીહસ્ત પકડી રહી છે : 'અમને કેટલું બધું મોડું કરાવ્યું!' કોઈક પીતાંબરનો અંચલ ગ્રહે છે, તો કોઈક પોતાના વસ્ત્રનો સ્પર્શ પ્રભુને થાય તેટલી નિકટ જાય છે. પ્રભુ સૌને વચન- કટાક્ષોથી અને નયન કટાક્ષોથી પરિતૃપ્ત કરે છે.

આજ નંદલાલ મુખચંદ નૈનન નિરખ પરમ મંગલ ભયો ભવન મેરે;
કોટી કંદર્પ લાવણ્ય એકત્ર કર, વારૂં તબહી જબહી નેક હેરે. ૧

સકલ સુખસદન હરખિત વદન ગોપવર, પ્રબલ દલ મદન દલ સંગ ઘેરે;
કહો કોઉ કૈસહુ નહિ સુધબુધ બને, *'ગદાધર મિશ્ર'* ગિરિધર ટેરે. ૨

કોઈ સ્નેહાળ સખી કહે છે : ‘પ્રભુ પોઢીને જાગ્યા છે, તો કેમ કોઈ આપનું મુખકમળ પોંછતું નથી ?’ એ જાતે જ પ્રભુની પાસે જઈ પોતાની સુકોમળ સાડીના પાલવ વડે, પ્રાણેશનું મુખારવિંદ પોંછે છે. સ્વામી-સુખનો વિચાર કરતી બીજી શાણી સખી કહે છે : ‘અરી સખીઓ, પ્રભુને કલેઉ કરવા દેવું છે કે આમ જ ઘેરી રાખવા છે ! બહાર યશોદાજી-રોહિણીજી ક્યારનાં રાહ જોતાં હશે. તમને બધાંને કશો વિચાર જ આવતો નથી ! આવું કરીશું તો કાલથી યશોદાજી પેસવા જ નહિ દે.’

‘ઓહો હો ! નહિ કેમ પેસવા દે ? ગાઈ-ગાઈને ઘાંટો બેસાડ્યો, ત્યારે તો એમના લાલ માંડ માંડ જાગ્યા છે !’

‘તમને કોઈને દહીં વેચવાની તો પડી જ નથી ! દિવસ કેટલો ચઢ્યો છે ! દહીં વેચ્યા વિના પાછાં જવું પડશે ત્યારે સાસુજી કેવાં મહેણાં મારશે?’

રાધાજી અને લલિતાજી પ્રભુને સુંદર ભોગ-મંદિરમાં શ્રીયશોદાજી અને રોહિણીજી પાસે પધરાવે છે અને કહે છે : ‘મૈયા, આજ તો કેટલી મહેનતે તમારા લાલને જગાડ્યા છે. હજી નેત્રોમાં નીંદ ભરી છે, શ્રીઅંગમાં આળસ છે. લો, સંભાળી લો. અમે તો હવે જઈએ. દહીં વેચવા જવાનું કેટલું બધું મોડું થઈ ગયું છે !’

વ્રજાંગનાઓ હાવભાવથી પોતાના ચિત્તચોરનું ચિત્ત ચોરી લેતી, નેત્રસંકેતોથી પોતાના મનના ભાવોને સૂચવતી, મદમોહન મંગલ-સ્વરૂપને પોતાના હૃદયમંદિરમાં પધરાવી, દધિકળશો મસ્તક પર મૂકી, દહીં વેચવા ચાલી જાય છે. યશોદાજી બાલકૃષ્ણની પાસે બેસી મનુહાર કરતાં કરતાં વિવિધ વ્યંજનો આરોગાવે છે - કલેઉ કરાવે છે.

કમલનયન હરિ કરૌ કલેવા,
માખન-રોટી, સદ્ય જમ્યો દધિ, ભાતભાતકે મેવા. ૧
પિસ્તા, દાખ, ચિરોંજી, કિસમિસ, ઉજ્જ્વલ ગરી બદામ,
સક્કર, સેવ, છુહારે, સિંધારે, હરે ખરબૂજા, આમ. ૨
કઈ મેવા બહુ ભાઁતભાઁતકે, ખટરસકે મિષ્ટાન,
‘સૂરદાસ’ પ્રભુ કરત કલેવા, રીઝે સ્યામ સુજાન. ૩

◆

૪

શ્રીઠાકોરજી નિકુંજમાં જાગે છે

સખિયન રુચિ-રુચિ સેજ બનાઈ,
ઉસીર મહલ મધિ કુસુમ રાવટી, ગ્રીષ્મ રિતુ દરસાઈ. ૧
અત્તર ગુલાબ સુગંધ પરાગન ચંદન કેસર સરસાઈ,
પૌઢે સુખનિધિ ‘રસિક’ સિરોમનિ, નાગરીકો લલિતા લૈ આઈ. ૨

તરણિ-તનયાના તટ પર કમનીય કુસુમ-વન છે. રંગબેરંગી પુષ્પોની વસંત અહીં સદાકાળ ખીલેલી રહે છે. વનના મધ્યમાં નવનિકુંજ છે. મણિ-ખચિત નિકુંજની છત પર પોઢવા માટે ચિત્રસારીની અદ્દ્ભુત રચના કરી છે. જાલરંધ્રમાંથી રજનીગંધાની માદક મહેંકથી વહેતો મલય-સમીર વાઈ રહ્યો છે. ગુલાબજળના ચોપાસ ઊડતા ફુવારાઓથી વાતાવરણમાં આહ્લાદક શીતળતા વ્યાપેલી છે. સખીઓએ મોગરાનાં શ્વેત પુષ્પોની પુષ્પશય્યા રચી છે. ચોપાસ ફૂલના પડદા ઝૂલે છે. ઝાંખા થતા ચંદ્રપ્રકાશમાં ચમકતાં મણિ-રત્નોના પ્રકાશમાં દીવાલો પર ઝૂલતાં કળામય ચિત્રો સજીવ બનતાં લાગે છે. શીતળ, સુખકારી શય્યામાં શ્યામા-શ્યામ પોઢ્યાં છે.

પ્રાત:કાલ થયો છે. આજ અચાનક આકાશ વાદળછાયું બન્યું છે. મેના મીઠડા અવાજે ટહૂકો દે છે : ‘રાધેશ્યામ, રાધેશ્યામ’. પોપટનો પ્રતિઘોષ સંભળાય છે : ‘રાધાપ્યારી, નંદદુલારા’. સખીજનો પ્રાત:વિધિ આટોપી યુગલસ્વરૂપની સેવામાં તત્પર છે. આછા રંગોનાં મુલાયમ ઝીણાં વસ્ત્રો, ફૂલના શૃંગાર, નેત્રોમાં દર્શનની અધીરાઈ, હસ્તમાં સેવાનો ઉત્સાહ છે. ચારે યૂથ ખડાં છે. જાલરંધ્રમાંથી યુગલસ્વરૂપને નીરખી મલકાય છે.

પ્રાતસમે નવનિકુંજ દ્વાર હૈ લલિતા લલિત બજાઈ બીના,
પૌઢેહિ સુનત સ્યામ શ્રીસ્યામા દંપતિ ચતુર નવીન-નવીના.
અતિ અનુરાગ સુહાગભરે દોઉ કોકકલા જુ પ્રવીના,
‘ચત્રભુજદાસ’ નિરખ દંપતિછબિ તન-મન-ધન ન્યૌછાવર કીના.

લલિતાએ બીન લીધું અને ઉપલક્ષણવિધેયા બીજાં અનેક વાજિંત્રોનો પણ ઉપયોગ થયો. જેમ કે વિશાખાએ તંબૂર, માધવીએ સરોદ, મલ્લિકાના

હાથમાં સારંગી, ચંદ્રાવલીએ મયૂરવીણા, ચિત્રાએ બંસરી, કેતકીએ જલતરંગ અને પ્રેમાએ વિચિત્રવીણાના સૂર મેળવ્યા. બિભાસ રાગનો ઝંકાર હવામાં છવાઈ ગયો. સૂરનું આવર્તન મધુરપ ધારણ કરવા લાગ્યું અને ત્યાં કિન્નરીએ ગાન આલાપ્યું –

જાગિયે ગોપાલલાલ ભોર ભયો પ્યારે.

ભાનુકિરન ઉદય ભયે ચિરૈયાં ચુહુચુહાન લાગી,
ગૌઅન ગલબંદ છૂટે પક્ષી પગ ધારે. ૧

વિષ્ણુભક્ત ભજન કરત, યોગીજન ધ્યાન ધરત,
દાનીજન દાન કરત, કાગ બોલી રહે કારે. ૨

જાગિ દરસ દીજે લાલ કીજે બેગિ નિહાલ,
સધીર જન મનોહર હૈ તિહારે આસરે. ૩

ગીત પૂરું થયું. સખીઓએ ફરી ઉત્સુકતાથી જાલરંધ્રમાં નજર કરી. યુગલસ્વરૂપ ગાઢ નિદ્રામાં છે. ચંદ્રાવલીજીએ ગાન આરંભ્યું. સખીઓ તે ગાનને ઝીલવા લાગી :

મદભરે મતવારે નૈન ખોલો ક્યોં ન પલકેં,
પ્યારી ઊઠ ધરતેં આઈ, ઝારી લાઈ ભરકે. ૧

મુખ તો સોહે પૂરનચંદ, ઐસી આઈ બનકે,
અધરનકી લાલી લાઈ, લરન મોતી લટકે. ૨

ચલત મૃદુ ગયન્દ ચાલ શીશફૂલ ઝલકે,
'સૂર' કે સલોને સ્યામ દેખો નયન ભરકે. ૩

ગીતની મીઠાશ, સુરની સરગમ અને હૃદયની આરઝૂએ શ્યામને જગાડ્યા. નેત્રની પલકો ખૂલી. બાજુમાં પોઢેલાં શ્યામાજીના કપોલ પર પોતાનો શ્રીહસ્ત ફેરવ્યો. બિડાયેલા અધરોષ્ઠરૂપી કમળ પર શ્યામનો મુખરવિ ઝૂક્યો અને પ્રિયાજીનાં નેત્રો ઉન્મીલિત થયાં. પરસ્પરના ગાઢ આલિંગનમાં પોઢેલ યુગલસ્વરૂપે પરસ્પરના નેત્રદર્પણમાં પોતાનું મુખારવિંદ અવલોક્યું. મુખારવિંદ પરના વિચિત્ર ચિત્રાંકનથી સસ્મિત અને લજ્જિત બન્યાં. અન્યોન્યનાં વસ્ત્રાભૂષણો સમાર્યાં. શય્યામાંથી ઊઠી, ગલબાંહી દઈ બંને સ્વરૂપો શય્યામંદિરના દ્વારે આવી પધાર્યાં.

સખીજનો ઊભાં થઈ ગયાં. પ્રિય-પ્યારીની ચોમેર વીંટળાઈ વળ્યાં. રાત્રિભરનો વિરહતાપ શીતળ થયો. ઉરમાં ઉલ્લાસ છવાયો. માધુરી મૂરતની પ્યારી છબિ હૈયે અંકિત થઈ ગઈ. પ્રભુ સખીઓ સાથે હાસ્યવિનોદ કરવા લાગ્યા. સુગીતાએ યુગલ-સ્વરૂપની માધુરીનું ગાન આરંભ્યું :

નાગરી નંદલાલ સંગ રંગભરી રાજે.
સ્યામ અંસ બાહુ દિયે કુંવરી પુલકિપુલકિ હિયે,
મંદ મંદ હઁસનિ, પિય કોટિ મદન લાજે. ૧

તરુતમાલ સ્યામ લાલ લપટી અંગઅંગ બેલ,
નિરખિ સખી છબી સુકેલિ નૂપુર કલ બાજેં.
'દામોદર હિત' સુદેસ સોભિત સુંદર સુવેસ,
નવલકુંજ ભ્રમરપુંજ કોકિલ કલ ગાજે. ૨

લલિતાજીએ બે હાથ જોડી વિનંતી કરી : 'પ્યારીજી, સવાર થયે ઠીક ઠીક સમય વીતી ગયો છે. કાલે વ્યારુ પણ વહેલું કર્યું હતું. આપ પ્રાણેશને પધરાવી ભોગ-મંદિરમાં સત્વરે પધારો. કલેઉની સઘળી તૈયારી થઈ ચૂકી છે. સામગ્રી શીતલ થઈ રહી છે.'

પ્રિયાજી પ્રિયતમને સાથે લઈ ગજગતિએ ભોગ-મંદિર તરફ પધારી રહ્યાં છે. પ્રિયતમના વિશાળ વક્ષઃસ્થળ પર પોતાનું મસ્તક ટેકવી ચાલી રહ્યાં છે. પીતાંબર-નીલાંબરની શોભા અવર્ણનીય છે. ત્યાં રસતરંગિણીએ મંગલ-ગીત છેડ્યું –

ગોવર્ધનગિરિ સઘનકંદરા રૈનનિવાસ કિયો પિયપ્યારી,
ઊઠ ચલે ભોર સુરત રસભીને, નંદનંદન વૃષભાનદુલારી. ૧

ઇત વિગલિત કચ માલ મરગજી, અટપટે ભૂષન રગમગી સારી,
ઉતહી અધર મસિ પાગ રહી ધસી, દુહું દિસ છબિ લાગત અતિ ભારી. ૨

ઘૂમત આવત રતિરન જીતે, કરિણી સંગ ગજવર ગિરિધારી,
'ચત્રભુજદાસ' નિરખિ દંપતિસુખ તન-મન-ધન કીનો બલિહારી. ૩

આ પદ સાંભળી શ્યામાશ્યામ અતિ પ્રસન્ન થયાં. શ્યામાજીએ પોતાની પ્રસાદી પુષ્પમાળા રસતરંગિણીને પહેરાવી. શ્યામસુંદરે પોતાનો પિકરસ તેના મુખમાં મૂક્યો. અતિરંજિત યુગલ સ્વરૂપ ભોગમંદિરમાં પધારે છે. ભોગમંદિર સ્ફટિકનું બનેલું છે. દીવાલ પર આછા ગુલાબી રંગની

પિછવાઈ છે. પાટ પર ગાદી-તકિયા બિછાવેલા છે. શીતળ યમુનાજળનાં ઝારીજી બે બાજુ ધરેલાં છે. સામે સુવર્ણના બાજઠ પર સોના-ચાંદીનાં પાત્રોમાં વર્ણાનુસાર સામગ્રી સાજી છે. શ્વેત પાત્રોમાં શ્વેત વર્ણની સામગ્રી - દૂધ, દહીં, માખણ તથા પેંડા, બરફી, ચંદ્રકળા ઉપરેટા સાજ્યાં છે. પીત પાત્રોમાં કેસરવર્ણી સામગ્રી - કેસરી દૂધ, આમરસ, કેસરી પેંડા, બરફી, રસની બૂંદી અને મોહનથાળ છે. સંધાના અન ફીકાની સામગ્રી છે.

યુગલસ્વરૂપને ગાદી પર પધરાવી, સૌ સખીઓ દીનતાથી આરોગવા વિનંતી કરે છે. પોતપોતાના હસ્તે મનુહાર કરી યુગલસ્વરૂપને આરોગાવે છે. વાર્તા-વિનોદ ચાલી રહ્યો છે. યુગલસ્વરૂપ પરસ્પરને પણ આરોગાવી પુલકિત થાય છે -

લાડલી-લાલ સેજ ઊઠ બૈઠે સખીજન મંગલભોગ ધરાવે,
કંચનજટિત થારમેં મોદક લેકર લલિતા હરિ ઢિંગ આવે. ૧

દેત પરસ્પર કૌર વદનમેં નેન ઉનીદે અતિ અરસાવે,
મૃદુ મુસિક્યાત મોદ બઢાવત 'દાસ' નિરખકે બલબલ જાવે. ૨

લાડલી-લાલ કલેઉ કરે છે. કલેઉ થઈ જતાં ચંદ્રાવલીજી સુવર્ણ ઝારીમાં યમુનાજળ લાવી, બંને સ્વરૂપને અચવાવે છે. ચંદ્રાવલીજીની સાડીના અંચલથી યુગલ સ્વરૂપ મુખ-હસ્ત પોંછે છે. અતિ ભાવપૂર્વક ચંદ્રાવલીજી બંને સ્વરૂપોને અતિ સુવાસિત બીડી આરોગાવે છે. પછી ભોગ-મંદિરમાંથી બહાર પધારી, યુગલસ્વરૂપ તિબારીમાં બિરાજે છે.

ચંદ્રભાગા આરતી સિદ્ધ કરી લાવે છે. ચંદ્રાવલીજી શ્યામા-શ્યામની સન્મુખ આવી યુગલ-સ્વરૂપની આરતી ઉતારે છે. ઘંટા, ઝાલર વાગે છે. ઝગમગતી આરતીના પ્રકાશમાં શ્યામા-શ્યામની શોભાનો કોઈ પાર નથી. સખીજનો પગની આંગળીઓ પર ઊંચાં થઈ યુગલ-સ્વરૂપની છબિને અપલક નેત્રે નીરખે છે.

મંગલ કરત હરત મન આરતિ વારતિ મંગલ આરતિ બાલા,
રજનીરસ જાગે અનુરાગે સિથિલ વસન અરુ મરગજી માલા. ૧

બૈઠે કુંજમહલ સિંઘાસન શ્રીવૃષભાનકુંવરી નંદલાલા,
વ્રજજન મુદિત ઓટ હૈ નીરખત નિમિષ ન લાગે લતાદ્રુમજાલા. ૨

* * *

૫

શ્રીયશોદાજી જગાવે છે

નંદસદનમાં નંદનંદનનો મનોહર શયન-ખંડ, રત્નો અને મીનાકારીની અદભુત કલા-કારીગરીથી શોભી રહ્યો છે. પરોઢના આછા ઉજાસની સાથે જ શ્રીયશોદાજી, રોહિણીજી અને રાધાસહચરિજી સહિત સૌ કુમારિકાઓ જાગી ગયાં છે. પ્રાતઃવિધિ પતાવી યમુનાજીમાં સ્નાન કરી, ગોવિંદઘાટનાં પગથિયાં ચઢતાં કુમારિકાઓ ધીમા સ્વરે ગાય છે :

શ્રીયમુને યહ પ્રસાદ હીં પાઉં,
તુમ્હરે નિકટ રહીં નિસિબાસર, રામકૃષ્ણ ગુન ગાઉં. ૧

મજ્જન કરૌં બિમલ જલ પાવન, ચિંતાકલુષ બહાઉં,
તિહારી કૃપાતેં ભાનુકી તનયા, હરિપદ પ્રીતિ બઢાઉં. ૨

બિનતી કરૌં યહી વર માગૌં, અધમ સંગ બિસરાઉં,
'પરમાનંદ' સ્વામી ફલદાતા, મદનગોપાલ લડાઉં. ૩

નંદભવનમાં આવી, પ્રભુના ગુણ ગાતાં ગાતાં સૌ વિવિધ કાર્યમાં લાગી જાય છે. મણિ-દીપકોના પ્રકાશમાં દધિ-મંથન કરી લીધું છું. મંગલ-ભોગની સામગ્રીઓ પણ સિદ્ધ થઈ ગઈ છે. નંદભવનમાં સોહની કરી, મંદિરવસ્ત્ર પણ કરી લીધું છે. જલની મથનીમાં તાજું યમુનાજલ ભર્યું છે. ગાદી-તકિયા બિછાવાયા છે. યશોદાજી કહે છે : 'બહેન રોહિણી, બધી તૈયારી થઈ ચૂકી છે. સૂર્યોદય પણ થયો છે. હવે લાલનને જગાડીએ તો સારું. એનું મનોહર મુખ જોયા વિના મને તો કશું કામ પણ સૂઝતું નથી. એનાં કાલાં-કાલાં પ્રિય વચનો કેવાં મીઠાં લાગે છે ! એના વિના બધું સૂનું લાગે છે.'

રોહિણીજી કહે છે : 'ખરી વાત છે, બહેન યશોદા. હમણાં કનૈયાના સખા આવી પહોંચશે. નિરાંતે કલેઉ પણ કર્યા વિના તે વનમાં જવા દોડશે. ગોપીઓ પણ એ લાડલાનું મુખ જોયા વિના દહીં વેચવા નહીં જાય.'

યશોદાજીએ રાધા-સહચરીજીને બોલાવીને કહ્યું : 'મારા લાલને તમારો સંગ બહુ ગમે છે. તમારી સાથે તે ખૂબ હળી ગયો છે. માટે તમે

સખીઓ સાથે જઈ મારા લાલને જગાવો. તેને ગીત સાંભળતાં ઊઠવું ખૂબ ગમે છે. મીઠાં ગીત ગાઈ તેને જગાવજો. હું પણ આ થોડુંક કામ પતાવી તમારી પાછળ જ આવું છું.'

રાધા-સહચરીજી સખીવૃંદને લઈને શય્યામંદિર તરફ જાય છે. સખીઓને બહારના ખંડમાં બેસી વાજિંત્રો સાથે ગાન કરવાની આજ્ઞા કરે છે. પોતે અંદર પધારે છે. સખીઓ સમૂહમાં ગાય છે :

લાલન જાગો હો ભયો ભોર.
બિકસે કમલ, બિમલ બાની સબ બોલન લાગે પંછી ચહુઁ ઓર. ૧
દૂધ દહીં પકવાન મિઠાઈ, લીજૈ માખન-રોટી બોર,
'રસિક' પ્રીતમસોં કહત નંદરાની, ઊઠ બૈઠો હો નંદકિસોર. ૨

રાધા-સહચરીજી સુખશય્યા પર પોઢેલા નિદ્રાવશ પ્રભુને નીરખે છે. શ્રીઅંગ પર ઓઢેલ ચાદર દૂર કરે છે. ચરણ ચાંપે છે. મધુર વચનો કહે છે. શ્રીઅંગ પર પોતાનો સુકોમળ હસ્ત-કમળ ફેરવે છે. ઘુંઘરિયાળી અલકોને સમારે છે. નંદલાલ સહજ નેત્રો ખોલી તેમની સામે જુએ છે. વળી નેત્ર મીંચી પાસું ફેરવે છે. સહચરીજી પણ સામી બાજુ આવી શય્યામાં બેસે છે. અર્ધખુલ્લાં નેત્રે બાલકૃષ્ણ સહચરીજીના કંઠમાં પોતાના કરકમળ લપેટે છે. પ્રેમોર્મિથી સહચરીજી પણ બાલસહજ ભાવે નંદાલાલને ચુંબન કરે છે. ફરી પ્રભુ નેત્ર મીંચી દે છે. ત્યાં તો યશોદાજી આવી પહોંચે છે.

મૈયા શય્યા પર બેસીને લાલને વીનવે છે : 'વત્સ, ઊઠો. જુઓ, પ્રાતઃકાળ થઈ ગયો છે. વહેલા ઊઠવાથી બળ વધે છે. બહાર મિત્રો આવ્યા છે. તમને સાદ દે છે. ઝટપટ કલેઉ કરી, તેમની સાથે ખેલવા જાઓ. તમારા કલેઉ માટે તમને અતિ પ્રિય સામગ્રી બનાવી છે. જાગો અને આરોગો. તમને ભૂખ લાગી હશે. સાંજે વ્યારુ કર્યે કેટલો બધો સમય થઈ ગયો છે !'

પ્રભુ હજી અર્ધનિદ્રાવશ છે. પાસું ફેરવી માતાની ગોદમાં મસ્તક મૂકી દે છે. પોતાનો શ્રીહસ્ત માતાની કટિની આસપાસ વીંટાળે છે.

બહાર સખીજનો ગાય છે :

કૌન પરિ નંદલાલ યહી બાન.
પ્રાત સમય જાગનકી બિરિયાં સોવત હૈં પીતાંબર તાન. ૧

સંગ સખા સબ હારે ઠાડે મધુવન ધેનુ ચરાવો પ્રાન,
'સૂરદાસ' અતિ હી અલસાને સોવત હૈં અજહુ નિસિ જાન. ૨

યશોદાજી કહે છે : 'લાલ, ઊઠો. તમારી પ્રિય ગાયો તમને જોવાને આતુર થઈ,તમને બોલાવે છે. એનો અવાજ તો સાંભળો. નંદનંદન સહેજ નેત્રો ખોલે છે; એટલે માતા સમજાવે છે —'વત્સ, જુઓ તમારા માટે તમારા પિતા રત્નજટિત બંસરી લાવ્યા છે. તમે તો મારા ઘરના દીપક છો, મારાં નેત્રોના તારા છો. આ ગોકુલ ગામની શોભા પણ તમારા લીધે જ છે. તમારા પિતા પણ તમારું મુખ નીરખવા આતુર બન્યા છે.'

નંદલાલ હવે નેત્રો ખોલી માતાની સામે જુએ છે. માતા મલકાઈને કહે છે : 'લાડીલા, તમને ખૂબ ભાવતું તેજાનાવાળું કઢેલું કેસરી દૂધ તૈયાર છે. માખણમિશ્રીનો મોટો ડબરો સિદ્ધ કર્યો છે. મીઠું દહીં તો અતિ સુંદર છે. મીઠી મલાઈ તો તમને અતિ પ્રિય છે. ખાંડ પાથરેલી રોટી આરોગવી છે ને ? પેંડા, બરફી, ઠોર, મઠડી, શાક-સંધાણાં નહીં આરોગો ?'

આમ, આરોગવાની લાલચ આપવા છતાંય લાલ ઊઠતા નથી. યશોદાજી આખરે કહે છે :

જગાવન આવેંગી વ્રજનારી,
અતિ હી રૂપ ઉજાગર નાગર સહજ સિંગાર સિંગારી. ૧
અતિ હી મધુર સૂર જુ ગાવત મોહનલાલકો ચિત્ત હરે,
'મુરારીદાસ' પ્રભુ તુરત ઊઠ બૈઠે, લીની લાય ગરે. ૨

અને આ સાંભળતાં જ પ્રભુ બેઠા થઈ ગયા : 'હેં મૈયા ! ગોપીઓ ક્યારની આવી ગઈ છે ? ક્યાં છે ?' પ્રભુ બારીમાંથી જોવા લાગ્યા.

લાલને જાગેલા જાણી માતા પ્રસન્ન થયાં. શ્રીઅંગ પર વત્સલ હાથ ફેરવીને કહ્યું : 'લાલ, આ આસન પર બેસો. મંગલભોગની આ બધી સામગ્રીમાંથી જે રુચિકર લાગે તે આરોગો. જુઓ, રોહિણી મૈયા પણ આવી ગયાં છે. તે તમારી પાસે બેસે છે. બહાર ગોપીજનો ગાય છે, તેમનો સ્વર સાંભળો. હું જઈને ગોપીઓને અહીં મોકલું છું.

પ્રાતસમે ઘર-ઘરતેં આઈ દેખનકો ગોકુલકી નારી,
અપનો કૃષ્ણ જગાવ જશોદા મૈયા આનંદ મંગલકારી. ■

૬

મંગલભોગ અને મુરલીલીલા

પ્રભુ સિંહાસન પર બિરાજ્યા છે. પ્રિય-મુખ-દર્શનના ઉમંગથી ભરેલાં ગોપીજનો અંદર પધારે છે. રજનીજનિત વિયોગના તાપથી તપેલાં નેત્રોને શીતળ કરે છે. પ્રભુ આરોગતા જાય છે અને ગોપીઓ સાથે હાસ્યવિનોદ કરતા જાય છે.

પ્રભુ રાધાસહચરીજીને બાળસહજ સ્નેહથી પોતાની પાસે બેસાડે છે. પોતે આરોગે છે અને એમને આરોગાવે છે. એ સામું કનૈયાજીને પણ આરોગાવે છે. વચમાં પ્રભુ ગોપીજનોની સામે જુએ છે અને હસે છે. ગોપીઓ નયનકટાક્ષો વડે મનના ભાવો સૂચવે છે. કોઈક વળી સંકેત પણ કરી લે છે–પોતાને ઘેર પધારવા માટે સ્તો !

ત્યાં યશોદાજી આવે છે. પ્રભુની એક બાજુ બેસી વીનવે છે : ‘જુઓ લાલ ! આ ધોરી ગાયનું દૂધ કેવું સરસ છે ! એના સાત ઘૂંટ તો પીઓ જ. એનાથી તમારી ચોટી વધશે. શરીરમાં બળ આવશે. અરે, આ મલાઈ તો તમે ચાખી જ નહીં ! એ તો તમને ખૂબ ભાવે છે. આ પકવાન તો આરોગો.’

હીં બલ બલ જાઉં કલેઉ લાલ કીજે,
ખીર-ખાંડ-ઘૃત અતિ હી મીઠો અબકી કોર બછ લીજે. ૧
બેની બઢે સુનો મનમોહન, મેરો કહ્યો પતીજે,
ઓટ્યો દૂધ સદ્ય ધૌરીકો સાત ઘૂંટ ભર પીજે. ૨
વારને જાઉં કમલમુખ પર અઁચરા પ્રેમજલ ભીંજે,
બહોર્યો જાય ખેલો જમુનાતટ ‘ગોવિંદ’ સંગ કર લીજે. ૩

લાલ રમત કરતા કરતા આરોગે છે. વચમાં ઊભા થવા જાય છે. માતાજી હાથ પકડી પાછા બેસાડે છે અને આરોગાવતાં કહે છે :

છગન મગન પ્યારે લાલ કીજિયે કલેવા.
સીંકે તે સગરી દધિ, ઉખલ ચઢિ કાઢિ ધરી,
પહર લેહી ઝગુલી, ફેંટ બાંધ લેહી મેવા. ૧

ગ્વાલન સંગ ખેલન જાઓ, ખેલન મિસ ભૂખન લાગે,
કીન પરી પ્યારે લાલ નિસદિનાકી ટેવા. ૨
‘સૂરદાસ’ મદનમોહન ઘરહી ક્યોં ન ખેલો લલન !
દેહીં ચકડાળ બંગી, હંસ મોર પરેવા. ૩

એટલામાં શ્રીરાધાજી પોતાની સખીઓ સાથે ત્યાં પધારે છે અને કહે છે : ‘ઓ યશોદાજી, તમારા લાલ કેવા ભુલકણા છે ! જુઓ, આ એમની બંસી. કાલે વનમાં એક વૃક્ષની બખોલમાં મૂકીને ભૂલીને આવતા રહેલા. સાંજે ફૂલ વીણવા જતાં અમારી નજર પડી, તે અમે લેતાં આવેલાં. અત્યારે ખાસ આ બંસી આપવા માટે જ અમારે ફેરો ખાવો પડ્યો છે.’

કનૈયાજી બંસી જુએ છે અને જાણે કંઈ યાદ આવતું હોય તેવો દેખાવ કરીને કહે છે : ‘અરી રાધા ! એ મુરલીની સાથે મેં મારી રત્નજટિત પહોંચી પણ મૂકી હતી. એ તો આપો.’

રાધાજી કહે છે : ‘વાહ રે શ્યામ ! આ તો આપવા આવ્યાં તો તમે અમને જ ગળે પડો છો ! તમારી પહોંચી તો અમે નજરે પણ જોઈ નથી. અમે તો વિચાર્યું કે ચાલો, જડેલી વસ્તુ આપી આવીશું તો આપણું માન વધશે. તમે તો ઊલટાનો અમારા પર આરોપ મૂકો છો ! તમારી પહોંચી શું અમે ચોરી લીધી છે તે આવું બોલો છો ?’

શ્યામ કટાક્ષ કરે છે : ‘અરે, અરે ! એ શું બોલ્યાં ? તમે તો રાય વૃષભાનનાં દીકરી ! તમને ચોર કહેવાની આ વ્રજમાં હિંમત પણ કોણ કરે ? મારાથી તમને એવું કંઈ કહેવાય ? પણ તમે મુરલી શોધીને આપવા આવવાની આટલી બધી તકલીફ લીધી છે, તો મારા માટે થોડી વધારે તકલીફ નહીં લો ? તમને આ મુરલી ક્યાંથી મળી તે તો બતાવો. મારી પહોંચી પણ એટલામાં જ હશે. હું મારી જાતે શોધી લઈશ.’

‘હા, હા, એમાં શું ? તમારી પહોંચી જડતી હોય અને અમારા માથેથી ચોરીનું મ્હેણું ટળતું હોય તો અમે જરૂર મદદ કરીએ. તો જલદી ચાલો. સવાર થયું છે. રસ્તે જનારની નજરે પડશે તો લઈ લેશે.’

પ્રભુએ તરત અચવન કરી, મૈયાના અંચલથી હસ્ત-મુખ પોંછી લીધાં. બીડાં લીધાં અને એકદમ ઊભા થઈ ગયા. જશોદાજી તો જોતાં જ રહ્યાં.

'મૈયા, આવું છું, હોં !' એમ કહી રાધાજીની સાથે ચાલી નીકળ્યા. બંને ચતુર-શિરોમણિની આ ચતુરાઈ પર રાધા-સહચરીજી મુખ પર સાડીનો અંચલ રાખી હસી રહ્યાં. મુરલી અને પહોંચીના મિષથી કુંજ-મિલનની તક સાધી લીધી.

થોડા સમય પછી પ્રભુ પહોંચી લઈ પાછા પધાર્યા. શ્રમથી મુખારવિંદ પર શ્રમજળનાં બિંદુ લાગેલાં છે, થોડા શ્રમિત પણ જણાય છે અને નેત્રોમાં અપૂર્વ અનુરાગ ઝળકે છે. માતાજીએ લાલને થોડો ઠપકો આપ્યો. પોતાના અંચલથી મુખારવિંદ પોંછ્યું. ગાદીતકિયા પર પધરાવ્યા. એક સખી મંગળા-આરતી સિદ્ધ કરીને લાવી. યશોદામૈયાએ પોતાના લાલની આરતી ઉતારી. ઘંટાનાદ અને ઝાલરના નાદથી નંદસદન રણકી ઊઠ્યું. માતાએ લાલનાં ઓવારણાં લીધાં –

રત્નજટિત કનક-થાલ મધ્ય સોહે દીપમાલા
    અગર આદિ ચંદનસોં અતિ સુગંધ મિલાઈ,
ઘનન્ ઘનન્ ઘંટા ઘોર ઝનન્ ઝનન્ ઝાલર ઝકોર,
    તત્‌થેઈ તત્‌થેઈ બોલત વ્રજકી નાર સુહાઈ. ૧

તનન્ તનન્ તાનમાન લેત યુવતિ સુખનિધાન
    ગોપી સબ ગાવત હૈં મંગલ બધાઈ,
'ચત્રભુજ' પ્રભુ ગિરિધરલાલ આરતી બની રસાલ
    તન-મન-ધન વારત હૈં યસોમતિ નંદરાઈ. ૨

◆

૭

આઓ ગોપાલ સિંગાર બનાઉં

હવે મૈયા લાલને મધુર કોમળ વચનોથી સમજાવે છે : 'ચાલો, લાલ! તમારા માટે સ્નાનની સર્વ તૈયારીઓ થઈ ગઈ છે. જળ શીતળ થઈ જશે. આ કુમારિકાઓ તમને સ્નાન કરાવવા ક્યારની રાહ જોઈ રહી છે.'

સ્નાનની વાત સાંભળી બાલમુકુંદ મૈયા પાસેથી દોડી જાય છે. માતા પકડવા પાછળ દોડે છે. લાલને પકડી લાવે છે. ચોકમાં સુવર્ણ બાજઠ ઉપર સુકોમળ વસ્ત્ર બિછાવેલું છે. તેના પર પ્રભુને પધરાવે છે. મુખ પર ખેલતી અલક લટોને સઁવારે છે. પ્રભુના સર્વાંગે ફૂલેલનું મર્દન કરે છે. બંને નેત્રોના છેડાને પોંછે છે, ત્યારે લાલ સિસકારી બોલાવે છે. સખીઓ શ્રીઅંગે સુગંધી ઉબટનો લગાવે છે. પ્રભુ બાજઠ ઉપરથી ઊભા થઈ દોડવા જાય છે. મૈયા તેમને ફોસલાવી પાછા બેસાડે છે. સરસ મજાની વાત કહેવાની લાલચ આપે છે –

કર મોદક માખન-મિશ્રી લૈ, કુઁવરકે સંગ ડોલત નંદરાની,
મિસ કરિ પકરિ ન્હવાયો ચાહત, બોલત અમૃત બાની. ૧

કનકપાટ આઁગનમેં રાખ્યો, સીત-ઉષ્ણ ધર્યો પાની,
વિવિધ સુગંધ ઉબટનો કેસર, ચંદન અઁગનિ આની. ૨

આઓ મનમોહન મેરે ઢિગ, બાત કહુઁ એક છાની,
ખિલૌના એક તાતજુ લાયે, બલ અજહુઁ નહીં જાની. ૩

યોં લાઈ મજ્જન હિત જનની, ચિત ચતુરાઈ ઠાની,
મનમેં મતો કરત ઊઠિ ભાજે, દુખિત કેસ અરુઝાની. ૪

અંગ ઉબટનો કછુક બિરાજત, શોભા કહત ન બાની,
ગાત સુચિક્કન યોં રાજત હૈ, જ્યોં ઘન-તડિત લપટાની. ૫

રાજકુંવર અધન્હાતતેં ભાજ્યો તાકી કહુઁ કહાની,
બેની ન બાઢી રહી તનક-સી, દુલહિની દેખિ હઁસાની ૬

બૈઠે આય ન્હાય પટ પહિરે, આનંદ મનમેં આની,
'વિષ્ણુદાસ' ગિરિધરન સયાને, માત કહી સો હી માની. ૭

'વત્સ, ડાહ્યા થઈને સ્નાન કરશો, તો તમે જે માગશો તે આપીશ. તમને સૌથી વધારે શું ગમે છે ? સુંદર ખિલૌનાં લાવી આપીશ. તાજાં માખણ-મિશ્રી આપીશ. સરસ મજાનાં વસ્ત્રાભૂષણ પહેરાવીશ. આ સખીઓ અત્તરમિશ્રિત ઉષ્ણ જળથી તમને સ્નાન કરાવે, ત્યારે કેવી મજા આવે છે તે તો જોજો. સ્નાન કરવાથી તમે રૂપાળા લાગશો. તમારા માટે નાની દુલ્હન લાવીશ.'

માતાનાં વચન સાંભળી પ્રભુ પાછા સ્થિર થઈને બિરાજે છે. ચંદનલિપ્ત એમનું અંગ-પ્રત્યંગ અતિ મનોહર દેખાય છે. કુમારિકાઓ પ્રભુની ચોમેર હાથમાં સુવર્ણકળશો લઈને ઊભી છે. સુહાતા ગરમ જળથી ધીમે ધીમે સ્નાન કરાવે છે. યશોદાજી પોતાના કોમળ હસ્ત વડે લાલનું શ્રીઅંગ ચોળે છે. કંકણનો મંદ મંદ રણકાર સંભળાય છે. એટલામાં એક સખી આવીને યશોદાજીને કહે છે : 'મૈયા, તમને નંદબાવા બોલાવે છે.' યશોદાજી જાય છે. સ્નાન કરાવવાનું સહચરીજી અને સખીઓને સોંપતી જાય છે.

હવે સહચરીજી પ્રભુને સ્નાન કરાવે છે. એમના સ્નેહાળ સ્પર્શથી પ્રભુને અંગમાં રોમાંચ અને ઉલ્લાસ થાય છે. એક કુમારિકા કળશમાંથી જળની ધારા કરી રહી છે. પ્રભુ એ જળધારાને પોતાના હસ્ત વડે ઉછાળે છે અને એ સખીનાં સઘળાં વસ્ત્રોને ભીંજવી દે છે. સખી ગભરાઈને દૂર ખસે છે, લાલન હસી પડે છે. પ્રભુ રસભાવ સૂચવતી વિવિધ ચેષ્ટાઓ કરે છે; જાણે જળવિહારની લીલા ન થતી હોય ! નિરાવરણ શ્રીઅંગની દિવ્ય શોભાનું રસપાન કરતી, પ્રભુને પ્રસન્ન કરતી કુમારિકાઓ નંદનંદન સાથે માર્મિક હાસ્ય-વિનોદ કરે છે.

એમ કરતાં સ્નાન પૂરું થાય છે. યશોદાજી પણ પાછાં આવે છે. પ્રભુ પોતાના રસ-સ્વરૂપનું ગોપન કરી, પુન: બાળસ્વરૂપ બની જાય છે. માતા લાલનના શ્રીઅંગને કોમળ વસ્ત્ર વડે પોંછે છે. ઋતુ અનુસાર સુંદર, સુખદ સુકોમળ વસ્ત્રો ધરાવે છે. ઝીણી કાંસકી વડે કેશ ઓળે છે.

ગાનપ્રિયા નામની એક સખી તંબૂર સાથે કીર્તન ગાય છે :

આઓ ગોપાલ સિંગાર બનાઉં;
વિવિધ સુગંધન કરૌં ઉબટનો, પાછે ઉષ્ણજલ લૈ જુ ન્હવાઉં. ૧

અંગ અંગોછિ ગૂહૂઁ તેરી બેની, ફૂલન રચી રુચિમાલ બનાઉં,
સુરંગ પાગ, જરતારી તોરા, રતનખચિત સિરપેચ બનાઉં. ૨
વાગો લાલ સુનહરી છાપો, હરી ઈજાર ચરનન વિરચાઉં,
પટુકા સરસ બેંગની રંગકો, હંસલી હાર, હમેલ ધરાઉં. ૩
ગજમોતિનકે હાર મનોહર, બનમાલા લૈ ઉર પહિરાઉં,
લૈ દર્પન દેખો મેરે પ્યારે, નિરખિ ઉર નૈન સિરાઉં. ૪
મધુમેવા પકવાન મિઠાઈ, અપને કર લૈ તુમ્હેં જિમાઉં,
'વિષ્ણુદાસ'કો યહી કૃપાફલ, બાલલીલા હીં નિસદિન ગાઉં. ૫

સખીજન આભૂષણોની મંજૂષા(પેટી) લાવે છે. મૈયા લાલને મખમલની મુલાયમ ગાદીવાળી રત્નજડિત શૃંગારચોકી પર પધરાવે છે. શ્રીહસ્તમાં માખણમિશ્રીનો પેંડો આપે છે. બાજુમાં વિવિધ દૂધઘરની સામગ્રી અને લીલા-સૂકા મેવાના સાજેલા થાળ ધરે છે. પ્રભુ બાળસહજ હઠ કરીને રાધાસહચરીજીને પોતાની સામે બેસાડે છે અને તેમના જેવાં આભૂષણો પોતાને ધરાવવા માટે હઠ કરે છે. મુગ્ધ બાળકની જેમ ચેષ્ટા કરે છે.

મૈયા સમજાવી સમજાવીને શૃંગાર કરે છે. ચરણારવિંદમાં અતિ તેજસ્વી નખભૂષણ ધરાવે છે. તે પર વીંછિયા, અણવટ, પગપાન, નૂપુર, તોડા ધરાવે છે. કટિ પર લાલ તનિયો છે. તે પર પીત સૂથન ધર્યું છે. તેના પર ગુલાબી અને હરા રંગની કાછની ધરાવે છે. કાછની પર ઘમકતી ઘુઘરીઓવાળી રત્નજડિત કટિમેખલા બાંધે છે. શ્રીહસ્તમાં નખભૂષણ ધરાવી, દસે અંગુલિઓમાં મુદ્રિકા ધરાવે છે. તે પર હસ્તફૂલ, સાંકળાં, પહોંચી, કંકણ ધરાવે છે. બંને ભુજાઓ પર બાજુબંધ શોભે છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડલો ધરાવે છે. હડપચી પર અતિ તેજસ્વી હીરલો ઝગમગે છે. બંને કપોલ પર કેસરથી કમળપત્ર આલેખે છે. નાસિકામાં નકવેસર ધરાવે છે.

પછી નયનોમાં બરાસમિશ્રિત અંજન આંજવા જાય છે, ત્યારે બાળપ્રભુ સીત્કાર કરતા સહજ હાલી જાય છે અને અંજન આજુબાજુ ફેલાય છે. ભૃકુટિની બંને બાજુ કાજળનાં ટપકાં કરે છે. લાલના અનુપમ રૂપને બીજાની તો શું, પોતાનીય નજર ન લાગી જાય તે માટેસ્તો ! લલાટમાં રત્નજટિત તિલક ધરી, અલકોમાં મોતી ગૂંથે છે. પાઘમાં મોતીની લર ઝૂલે

છે. તેના ઉપર બે બાજુ શીશફૂલ ધરાવ્યાં છે. તોરો, લૂમ પણ ધરાવ્યાં છે. શ્રીભાલ પર તિલકની શોભા છે. શ્રીમસ્તક પર મયૂરાકૃતિવાળો રત્નજટિત મુકુટ ટોપી સહિત ધરાવ્યો છે. ડાબી બાજુ કતરો ધરાવ્યો છે. વક્ષ:સ્થળ પર કંઠસરી ધરી છે. તે પર દુલરી અને તિલરી ધરાવી છે. મનોહર મુક્તામાળાઓમાં પદક ઝળકે છે. સુવર્ણ અને રત્નના હાર ધરાવ્યા છે. તે પર વૈજયન્તી માળા છે. ગુંજાની માળા ધરાવી ઉપર પુષ્પની માળા, કમળની માળા અને વનમાળા ધરાવી છે. શ્રીઅંગ પર હાંસ અને હમેલ પણ ધરાવ્યાં છે. શ્રીહસ્તમાં કમળની છડીઓ આપી છે.

આમ, નિત્ય ઋતુ અનુસાર અને ઉત્સવ અનુસાર વસ્ત્રાભૂષણો ધરાવે છે. શીતકાળમાં રેશમી અને જરીનાં વસ્ત્રો ધરે છે. વર્ષાકાળમાં ચુંદડી અને લહેરિયાનાં વસ્ત્રો ધરે છે. શ્રીમસ્તક પર પણ વિવિધ શૃંગાર ધારણ કરે છે. મુકુટ અને ટિપારો, સહેરો અને કુલ્હેજોડ, ફેંટો અને દુમાલો, પાઘ અને ટોપી, પગો અને ગ્વાલપગો, ચીરો અને લપેટો એવા અનેક શૃંગાર ધરે છે. નિત્ય નવીનતા ! નિત્ય રમણીયતા !

પ્રાતકાલ નંદલાલ પાગ બનાવત, બાલ દિખાવત
દર્પન ભાલ રહ્યો લસી,
સુંદર કરનમેં મંજુ મુકુરકી છબિ રહી ફબી,
માનો ગહી આન્યો હૈ બિંબ કમલિનિ શશી. ૧

બિચ બિચ ચિત્તકે ચોર, મોર ચંદા માથે દિયે,
તા ઢિગ રતન પેંચ, બાઁધત હૈં કસી,
'નંદદાસ' લલિતાદિક ઓટ ભઈ અવલોકત,
અતુલિત છબિ કહી ન જાય, ફૂલ ઝરે હઁસી. ૨

પછી રાધાસહચરીજી પ્રભુના શ્રીહસ્તમાં રત્નજડિત વેણુવેત્ર ધરાવે છે. મોટી રત્નજડિત આરસીમાં પ્રભુનું પ્રતિબિંબ બતાવે છે. આ જ પ્રકારે શ્રીરાધિકાજી પ્રભુને દર્પણ દેખાડે છે, ત્યારે અતિપ્રસન્ન થઈ પ્રભુ પૂછે છે:

તેરો મુખ નીકો કે મેરો મુખ પ્યારી,
દર્પણ હાથ લિયે નંદનંદન, સાઁચી કહો વૃષભાનદુલારી. ૧

તુમ હો નંદજુ કે કુઁવર કનૈયા, મૈં હૂઁ ગુજરિયા દાસી તિહારી,
'કૃષ્ણદાસ' પ્રભુકી છબિ નિરખત, તન-મન-ધન કીનો બલિહારી. ૨

પછી નંદસદનના દ્વારે ઊભા રહી, પ્રભુ અધર પર બંસરી ધરી 'આશાવરી'ના સૂર છેડે છે. શ્રીવ્રજેશનાં દર્શન વિના જેમને ચેન પડતું નથી, એવાં ગોપીજનો એ બંસીનાદ સાંભળતાં જ ઘરકામ છોડી દોડી આવે છે. તેઓ પ્રભુ માટે નૂતન ખિલૌનાં લાવે છે. પ્રભુને ભાવતી સામગ્રીઓ પણ સાથે લેતાં આવે છે. આભૂષણ-ભૂષિત નયનાભિરામ મોહનનાગરના આનંદકંદ સ્વરૂપને નયનો ભરીને એકીટસે નિહાળે છે. પોતાનું સર્વસ્વ એ સુંદરતા પર ઓવારી દે છે.

એક વ્રજાંગના પોતાની સખીને કહે છે :

માઈ રી, આજ ઔર કાલ ઔર દિન પ્રતિ ઔર ઔર
દેખિકે રસિક શ્રીગિરિરાજધરન,
નિત પ્રતિ નઈ છબિ, બરને સો કૌન કવિ,
નિત હી સિંગાર બાગો બરન બરન. ૧

શોભાસિંધુ અંગઅંગ મોહત કોટિ અનંગ,
છબિ કી ઉઠત તરંગ, વિશ્વકો મન હરન,
'ચત્રભુજ' પ્રભુ ગિરિધરકો રૂપસુધા પાન કરત,
જીજે રહિયે સદા હી શરન. ૨

બીજી સખીએ પણ આજના શૃંગારનું રૂપ ગાયું :

સખી રે લોભી મેરે નૈન,
બિનુ દેખે ચટપટી-સી લાગત દેખત ઉપજત ચૈન. ૧

મોર-મુગુટ કાછેં પીતાંબર, સુંદર મુખકે બૈન,
અંગઅંગ છબિ કહી ન પરત હૈ, નીરખ થકિત ભયો મૈન. ૨

મુરલી ઐસી લાગત, સ્રવનન, ચિતવત ખગ-મૃગ-ધેન,
'પરમાનંદ' પ્રેમી કે ઠાકુર, વે દેખો ઠાડે ઐન. ૩

વિશાખા સખીને પ્રભુનું આવું અદ્દભુત સ્વરૂપ નીરખતાં એવો ઉમળકો આવ્યો કે જો રાધાજી આવાં દર્શન કરે, તો કેવાં પ્રસન્ન થાય ! તરત જ તેઓ રાધાજી પાસે દોડી જઈને કહેવા લાગ્યાં :

આજકો સિંગાર સુભગ સાઁવરે ગોપાલ જુ કો,
કહત ન બને, દેખત હી બનિ આવે.
ભૂસન-બસન ભાઁતભાઁત, અંગઅંગ છબિ કહિ ન જાત,
લટપટી સુદેસ પાગ ચિત્ત હી ચુરાવે. ૧

મકરકુંડલ, તિલક ભાલ કસ્તૂરીકો અતિ રસાલ,
ચિતવત લોચન વિશાલ, કોટિ કામ લજાવે;
કંઠસરી, બનમાલ, ફેંટા કટિ છોર છબિ,
ત્રિભુવન ત્રિય કૌન હૈ, જો નીરખ ધીર ધરાવે. ૨

મેરે સંગ ચલ નિહાર, નંદભવન બૈઠે હરિ,
તોસોં હિત બાત કહુઁ જો તેરે જિય ભાવે,
'ચત્રભુજ' પ્રભુ ગિરિવરધર, કોટિ મદનમોહન મૂરતિ,
બડભાગિન તાહી ગિનૌં, જો જાત હિય લગાવે. ૩

વિશાખાજી કહે છે : 'હે રાધેપ્યારી ! આજ તો શ્યામસુંદરનાં શૃંગાર અને સૌંદર્ય અદ્ભુત અને અવર્ણનીય છે. તે તો 'દેખત હી બનિ આવે.' નજરે નીરખવાથી જ પરખાય! ત્રિભુવનની મદમસ્ત રમ્ય રમણીઓના સમસ્ત સમુદાય પણ એ શોભા પર મુગ્ધ થઈ જાય. પ્યારીજી ! આવા પ્રાણવલ્લભનું આલિંગનસુખ તો તારા જેવી કોઈ અતિ બડભાગિનને જ મળે. બહેન, જલદી ચાલ ને !'

રાધાજીને પણ દર્શનની ચટપટી લાગે છે. તેઓ ઝટપટ વિશાખાજી સાથે પધારે છે. દર્શન કરીને પરમ પ્રસન્ન થાય છે. સખીઓ પ્યારીજીને પ્રિયતમના વામભાગમાં પધરાવે છે અને યુગલ-સ્વરૂપની કમનીયતાને નીરખી આહ્લાદ અનુભવે છે.

સખીઓ અંદરઅંદર વાતો કરે છે : 'રસિયાજીના રૂપનો રસ હૃદયમાં સમાતો નથી. અલી ઓ, જો તો ખરી ! આવું સ્વરૂપ તેં કદી દીઠું છે ? કમળ-સમા ગુલાબી રંગની કાછની ધરી છે. ઘૂંટણ નીચે આવી રહેલી એની સોનેરી-રૂપેરી કિનાર કેવી શોભી રહી છે !'

'અરે ઘેલી, ખરી શોભા તો એમના કેશપાશમાં ગૂંથેલાં પેલાં કુંદપુષ્પોની છે ! જાણે શ્યામ ગગનમાં તારલા ન વેરાયા હોય !'

'અલી એ, હડપચીએ હીરલો ઝગમગે, તેજ તણો નહીં પાર રે.'

આમ, કોઈ પ્રેમઘેલી મણિ-મુક્તાના હાર અને તેમાં ઝૂલતા પદકોની પ્રસંશા કરે છે, કોઈ તેજસ્વી કુંડલોને વખાણે છે, કોઈની નજરમાં રત્નજડિત શિરપેચ વસી ગયો છે, તો કોઈ અણિયાળાં નેત્રો પર ખુશ છે. સૌનાં મુખ હર્ષથી પ્રફુલ્લિત છે. શ્રીવ્રજરાજકુમાર પણ વ્રજાંગનાઓનાં હર્ષિત વદન નિહાળી મુસ્કરાય છે. ગોપીઓ પ્રભુનાં ઓવારણાં લે છે.

આમ, એ પ્રેમયોગિનીઓને દર્શનસમાધિમાં પરમાનંદનો અનુભવ કરતાં કેટલોય સમય વીતી ગયો, ત્યારે એક અધીરી ગોપી પાછળથી બોલી ઊઠી : 'અરે, આપણે બધાં આમ પૂતળીઓની જેમ ક્યાં સુધી ઊભાં રહીશું? પ્રભુને આરોગાવવા સામગ્રીઓ લાવ્યાં છીએ તે શીતળ થઈ જાય છે ! આપણે તો સાવ સૂધબૂધ ગુમાવી બેઠાં !'

સૌ શુદ્ધિમાં આવ્યાં. ગોપી-વલ્લભભોગ આરોગાવવા શ્રીવ્રજેશને ભોગ-મંદિરમાં પધરાવ્યા.

■

૯

દોઉ મુખ દેખત દર્પનમેં

યમુનાપુલિન પર સોહામણું ગુંજાવન છે. ગુંજાવનમાં ચિત્રા સખીએ અદ્‌ભુત નિકુંજની રચના કરી છે. નિકુંજના વિવિધ ખંડોમાં શૃંગારસદન ભારે રળિયામણું છે. હીરાજડિત એની ભીંતો છે. જાણે સહસ્ર સૂર્યો એકી સાથે ન પ્રકાશતા હોય ! નીલમ-ખચિત એની ભોંય છે. નીલમણિ જડેલી છત છે. મોતીના પડદા બારી-બારણે ઝૂલે છે. ખંડના મધ્યમાં માણેકજડિત બે સાંગામાંચી સામસામે ગોઠવેલી છે. તેના પર મખમલના ગાદી-તકિયા બિછાવ્યા છે. બાજુમાં પોખરાજ-જડિત બાજઠો પર સુવર્ણના થાળ છે. તેમાં વિવિધ વસ્ત્ર, આભૂષણો, અત્તર, ફૂલેલ અને આરોગવા માટેની સામગ્રીઓ સાજી છે.

આવા અદ્‌ભુત શૃંગાર-સદનમાં નંદનંદન અને વૃષભાનદુલારી પધારે છે. પાછળ લલિતા, વિશાખા, ચંપકલતા અને ચંદ્રાવલી સખીઓ છે. બંને સ્વરૂપે સ્નાન કર્યું છે. ફૂલેલ-અત્તરથી શ્રીઅંગ મહેકી રહ્યાં છે, જાણે મોગરાની ફૂલવાડી ન ખીલી હોય ! પીતાંબર અને નીલાંબરની શોભા ભારે છે. બંને સ્વરૂપો સામસામે ગાદી-તકિયા પર બિરાજે છે. સખીઓ પંખા કરે છે, મોરછલ અને ચમર ઢોળે છે.

શ્યામસુંદર પ્રિયાજીને વિનંતી કરે છે ! 'પ્યારીજુ, આજ તો મનોરથ એવો છે કે આપને મારી ગોદમાં પધરાવી આપના શૃંગાર હું કરું.'

પ્રિયાજી કહે છે : 'ભલે હૃદયેશ ! પણ એ રીતે હુંયે આપના શૃંગાર કરીશ, હં ને !'

શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીની ગોદમાં બિરાજે છે. શ્રીસ્વામિનીજીના ચરણતલને અળતાથી રંગે છે. ચરણમાં નૂપુર, ઘુંઘરુ, પગપાન, અણવટ, વીંછિયા, નખચંદ્ર વગેરે આભૂષણો ધરાવે છે. કટિ પર કટિમેખલા ધરાવી, શ્રીહસ્તમાં બાજુબંધ અને ગોળ કડાં ધરાવ્યાં છે. વળી કંકણ, પહોંચી, પછેલી અને ચૂડીઓ ધરાવી છે. હસ્તસાંકળી ધરાવી છે.

ચિબુક પર શ્યામ બિંદી કરી છે. નાસિકામાં નકવેસર ધરાવ્યું, ત્યાં નથ પણ ધરાવી. બંને કર્ણમાં વાંકાં ઝૂમખાં, કર્ણફૂલ, નકફૂલી ધરાવ્યાં. કમલસમાં અણિયાળાં બંને નેત્રોમાં અંજન આંજ્યું. ભૃકુટિની મધ્યમાં રત્નજડિત મોતીની ટીલડી ધરી.

પછી પ્રિયાજીની પાંથી પાડી, કેશ ઓળી પ્રભુ વેણી ગૂંથે છે. તેમાં મોતી અને ફૂલ પરોવે છે. લાંબા કેશ સઁવારી સુંદર અંબોડો બનાવે છે. તેમાં પુષ્પની વેણી બાંધે છે, રેશમનાં ફૂમતાં લટકાવે છે. કપોલ પર બે વાંકડિયાળી અલક લટોને રમતી મૂકે છે. પાંથીમાં સિંદૂર પૂરે છે. શ્રીમસ્તક પર વામ ભાગમાં રત્નજડિત શીશફૂલ ધરાવે છે. જમણી તરફ શિરપેચ પર સુંદર કતરો ધરાવે છે.

શ્રીકંઠમાં શ્યામ રેશમની આંટીમાં સુવર્ણના મણકા ગૂંથેલી કંઠસરી ધરાવે છે. તેના પર ચોટી, દુગદુગી, ચંપકલી, દુલરી, તિલરી ધરાવે છે. અનેક પ્રકારની સુવર્ણ, મોતી, રત્નોની માળાઓ ધરાવી, વૈજયન્તી માળા ધરાવે છે. ગુંજામાળા ધરાવી, પુષ્પમાળા અને કમળની માળા ધરાવે છે. આમ, પ્રભુ પ્રિયાજીના શૃંગાર પરિપૂર્ણ કરે છે.

પછી શ્રીસ્વામિનીજી પ્રસન્નતાથી શ્રીઠાકોરજીના નખથી શિખપર્યંત શૃંગાર ધરાવે છે. શ્રીમસ્તક પર સહેરાનો શૃંગાર કર્યો છે.

બંને સ્વરૂપના શૃંગાર પરિપૂર્ણ થયા પછી બંને સ્વરૂપો એક ગાદી-તકિયા પર બિરાજે છે. ચંદ્રાવલીજી રત્નજટિત દર્પણ લાવી સામે ધરે છે. સખીજનો કીર્તન ગાય છે. પ્રભુ વેણુનાદ કરે છે :

પ્રાત સમૈ ગિરિધર-રાધા દોઉં મુખ દેખત દર્પનમેં.

જોરિ કપોલ કહત આપુસમેં તુમ નીકે કિધોં હમ નીકી,
કરત બિચાર સોચિ અપને મનમેં. ૧

હરિકી લટપટી પાગ બિરાજત, ઉનકી બિછુરી અલક,
માઁગ ઝલકે ગોરે તનમેં,

'કૃષ્ણદાસ' પ્રભુ ગોવર્ધનધારી, લાલ ઉમગિ ચલી,
માનો નવલ બેસ છબિ જોબનમેં. ૨

બીજી સખી શ્રીવ્રજેશના વિલક્ષણ સ્વરૂપને વર્ણવે છે :

સોભિત સુરંગ પાગ રહી ઝૂકી વામ ભાગ,
નૈનકી કોર તીખી મોરન ભૌંહનકી,
કુંડલ અલક છબિ ઝલકત કપોલન પેં,
મનમેં બિચારી બાતેં પ્યારીકે ગોહનકી. ૧

હઁસહઁસ પરત ફૂલ ઝરેં લાલ અધરન મિસ,
નાસા ગજમોતી જોતિ પરસિ જોહનકી,
'કૃષ્ણદાસ' રૂપ દેખિ રીઝે દેવ કોટિ અનંત,
કછુ દેખત લજીલી આઁખેં મદનમોહનકી. ૨

ત્યારે, વળી ત્રીજી સખી પરસ્પરના શૃંગાર કરી પ્રસન્ન થયેલાં શ્યામા-શ્યામના મનોભાવોને નીચેના પદમાં વર્ણવી ઓવારણાં લે છે :

આજ સિંગાર નિરખિ સ્યામાકો,
નીકો બન્યો સ્યામ મન ભાવત,
યહ છબિ તન હિ લખાયો ચાહત,
કર ગહિકે નખચંદ દિખાવત. ૧

મુખ જોરે પ્રતિબિંબ બતાવત,
નિરખિ નિરખિ મનમેં મુસિકાવત,
'ચત્રભુજ' પ્રભુ ગિરિધર-શ્રીરાધા,
અરસ-પરસ દોઉ રીઝિ રિઝાવત. ૨

◆

ગોપીવલ્લભ-ભોગ

શ્રીનંદસદનમાં મનહર અને મનભર પ્રભુના નખશિખ શૃંગારનાં દર્શન કરી, અતિ ભાવિત બનેલ વ્રજાંગનાઓ પ્રભુને આરોગાવવા ઘેરથી સિદ્ધ કરી લાવેલ નૂતન સામગ્રીઓ આરોગાવવાનું પણ વીસરી ગયાં હતાં. હવે શુદ્ધિમાં આવતાં શ્રીવ્રજેશને શ્રીસ્વામિનીજી સહિત વિશાળ, રમણીય ભોગમંદિરમાં પધરાવે છે. ભોગમંદિરના સુખદ સિંહાસન પર ગોપીઓ પોતાનાં ઉત્તરીય વસ્ત્રો બિછાવી શ્રીયુગલ-સ્વરૂપને ત્યાં પધરાવી, તેમની ચોમેર વીંટળાઈ વળે છે. દરેક વ્રજભક્ત પોતપોતાના મનોરથની સામગ્રી, મનુહાર કરીકરીને આરોગાવે છે. વળી, શ્રીજી શ્રીસ્વામિનીજીના અને શ્રી સ્વામિનીજી શ્રીજીના મુખારવિંદમાં કંઈ કંઈ સામગ્રી મૂકે છે અને પરસ્પરને આરોગાવે છે. પ્રાણેશ વચમાં વચમાં પોતાનું અધરામૃત ગોપીઓના મુખમાં પણ મૂકે છે. રસેશ નયન-કટાક્ષોથી રસ-સ્થળોનું અને રસાત્મક લીલાઓનું સૂચન કરે છે. કોઈક ગોપીઓ ફૂલના પંખાથી પ્રભુને પવન ઢોળે છે. ત્યાં પુષ્પની સૌરભ પ્રસરી રહે છે. વીંઝણાના વાયુથી પ્રિયા-પ્રિયતમના કેશની લટો લહેરાય છે, ત્યારે યુગલ-સ્વરૂપના વદનની અધિક શોભા જણાય છે. કોઈ સખીઓ વળી વાજિંત્ર સાથે ગાન કરી રહી છે. સૌ પોતાના ધ્યાનમાં અને તાનમાં મસ્ત છે. કોઈને સમયનું ભાન નથી.

એક સખી અચવન-પાત્ર લાવે છે. પ્રભુ મુખપ્રક્ષાલન કરે છે. પછી તે સખીના જ પાલવ વડે પોતાનું શ્રીમુખ પોંછે છે. શ્રીરાધાજીના શ્રીહસ્તમાં પાનનાં બીડાં છે. તે પ્રભુ માગીને આરોગે છે. આપના મુખમાંથી પાન ચાવતાં અધર-રસ સ્રવે છે. પ્રિયાજી ચર્વિત તાંબુલ લેવાને મિષે અધર-રસ પાન કરે છે અને પરમાનંદનો અનુભવ કરે છે.

પાન ચાવતાં પ્રભુના યુગ્મકપોલ ઉત્ફુલ્લ બને છે. પ્રિયા-પ્રિયતમની દૃષ્ટિ પરસ્પર લાગી છે. બંને પોતપોતાના પ્રિય સ્વરૂપને નીરખી હૃદયમાં પધરાવી લે છે. કારણ હવે પ્રભુને ગૌચારણ માટે પધારવાનો સમય થઈ ગયો છે. શ્રીહસ્તમાં વેણુ-વેત્ર ધરી શ્રીગોપાલ વનમાં પધારવા તત્પર થયા.

◆

૧૦

ગોવિંદ ચલે ચરાવન ગૈયાઁ

ગોપીજનો નિરુપાયે ઊઠીને શ્રીપ્રિયાજી સહિત પોતપોતાના ઘેર જાય છે. શ્રીકૃષ્ણ બહાર પધારીને શ્રીબળદેવજીને બોલાવે છે. શ્રીબળદેવજી સખા-મંડળી સહિત ત્યાં આવે છે. માતા યશોદાજી અને રોહિણીજી ધોરી ગાયનું દૂધ મથીને પોતાના બંને લાલને ધૈયા આરોગાવે છે.

દુહિ દુહિ લાવત ધોરી ગૈયા,
કમલનયનકો અતિ ભાવત હૈ મથિ મથિ પ્યાવત ધૈયા. ૧
મોહન ભૂખ અધિક જબ લાગી હાક બાઁટી પિયો રે ભૈયા,
ઐસો સ્વાદ હમ કબહુ ન ચાખ્યો, અપની સૌંહ કનૈયા. ૨
હઁસિ હઁસિ ગ્વાલ કહત મોહનસોં સુન ગોકુલકે રૈયા,
'પરમાનંદદાસ' કો દીજે પુનિ પુનિ લેત બલૈયા. ૩

પ્રભુ ધૈયા આરોગી વનમાં જવાની હવે ઉતાવળ કરે છે. કટિ પર આપે ઓટ બાંધી છે. ઓટમાં સૂકો મેવો ભર્યો છે. શ્રીહસ્તમાં વેણુ અને નાની લાલ લકુટી ધારણ કરી છે. ગોપાળ સ્વરૂપે આપ અદ્ભુત શોભી રહ્યા છે. પુત્ર માતાને નમસ્કાર કરી વન-ગમન માટે આજ્ઞા માગે છે. પોતાના લાડીલા કાન્હકુંવરથી થોડા સમય માટે પણ વિખૂટા પડતાં હૈયું વિરહથી વ્યાકુળ બની જાય છે. વાત્સલ્યથી પ્રેરાઈ મૈયા પોતના લાલને શિખામણ આપે છે : 'હે વત્સ ! વનમાં જ્યાં વિશેષ ઝાડી હોય ત્યાં જશો નહીં. વાવ, કુંડ કે નદીનાળામાં ઊતરશો નહીં. ગોપબાળકો સાથે લડાઈ-ઝઘડો કરશો નહીં. કાંટા અને જીવજંતુ હોય તેવી ભૂમિ પર ચાલશો નહીં. દોડતી ગાયો સાથે દોડશો નહીં. મોટી ખાંધવાળા મદમસ્ત આખલા લડતા હોય ત્યાં પાસે જશો નહીં. વાંદરાઓને છંછેડશો નહીં. તડકામાં ફરશો નહીં. વિશાળ વૃક્ષોની છાયામાં જ ખેલજો. ગોવાળો આપણી ગાયોને ચરાવશે. તમે તે જોયા કરજો. બળરામ તમારા મોટાભાઈ છે, તેમનું કહ્યું કરજો. સાંજ પડે વહેલા ગાયો સાથે ઘેર પાછા આવજો. લાલ, તમે આવશો ત્યારે જ મારા જીવમાં જીવ આવશે. તમારા વિના મને જરાય નહીં ગમે. સાંજે પાછા આવવાનું મોડું કરશો નહીં, હં !' આમ કહેતાં કહેતાં તો માતાનો કંઠ પ્રેમથી રુંધાઈ ગયો. કનૈયાને સાચવવા માટે બળદેવજીને શિખામણ આપીને પોતાના લાલને બળદેવજી તથા મોટા ગોપબાળકોને સોંપી, રાઈ-લૂણ અને રત્નો પ્રભુ પર ન્યોછાવર કરી, ભારે હૈયે યશોદાજીએ પ્રભુને વનગમન માટે વિદાય આપી.

પ્રભુ ગ્વાલ-બાલને લઈને ખિરકમાં પધાર્યા. ગાયોને એકત્ર કરવા માટે વેણુનાદ કર્યો. ધૂમર, ધોરી, કાજર, ગોરી... બધી ગાયો દોડતી આવી. ગ્વાલોએ ગૌદોહન કર્યું. ધૈયા તૈયાર થતાં બાળકોની વિનંતીથી પ્રભુ સુવર્ણ-પાત્ર લઈને આરોગવા લાગ્યા. તે દૂધના ફીણને ચસ્... ચસ્... ચૂસતા પાન કરે છે. જાણે રાધાઅધર-સુધાને પીતા ન હોય ! તે સમયે પ્રભુ મનમાં પ્રિય સ્વામિનીઓનું સ્મરણ કરે છે અને હરખાય છે. તો વળી અટ્ટહાસ્ય કરતા, સખાઓના હાથમાં તાળી આપે છે. રસભરી મશ્કરીઓ કરવામાં ચતુર સખાઓ પણ નંદનંદન સાથે શૃંગાર-રસાત્મક પરિહાસ કરે છે.

હવે વનગમનનો આરંભ થયો. આગળ ગાયોનાં વૃંદ ચાલી રહ્યાં છે. તેમની વચ્ચે ગોપકુમારોનાં યૂથો છે. ગાયો અને ગોપોથી વીંટળાયેલા પ્રભુ રમત કરતા કરતા મલપતી ચાલે ચાલી રહ્યા છે. કોઈ વાર વેણુ તો ક્યારેક શૃંગ બજાવે છે. ક્યારેક ગાય છે તો ક્યારેક નૃત્ય કરે છે. વ્રજાંગનાઓ પોતપોતાના ઘરના ગોખમાંથી, બારણેથી, બારીએથી, છજામાંથી અને અટારીમાંથી ગૌચારણ માટે પધારતા પોતાના પ્રાણેશને નયન ભરી નીરખે છે. જાણે ચિત્રમાં ચીતરેલી ન હોય, તેવી તે સ્તબ્ધ બની ગઈ છે! પ્રિયતમને પોતાના હૃદયમંદિરમાં પધરાવી લે છે. સખીઓ પ્રભુને નેત્રો દ્વારા સંકેત કરે છે. પ્રભુ પણ તેમને વન-મિલનના સ્થાનનો સંકેત કરે છે.

કોમળ વ્રજ-રજમાં પોતાના સુકોમળ ચરણારવિંદ ધરવાથી પુલકિત બનેલી વ્રજરજ પ્રભુના શ્રીઅંગને આલિંગવા જાણે ઊડે છે ! માર્ગમાં કુંડો અને સરોવરો આવે છે. તેમાં હંસ-સારસ આદિ પક્ષીઓ પ્રભુના વેણુનાદના શ્રવણમાં ધ્યાનમગ્ન બની જાય છે. ગાયો પણ પોતાનાં મુખ પ્રભુ તરફ ફેરવી પ્રભુને નીરખે છે. આમ, વ્રજભૂમિના સૌના હૃદયતાપને શમાવવા પ્રભુ વૃન્દાવનમાં પ્રવેશ કરે છે.

ચારે બાજુ આસોપાલવ, બોરસલી, આંબા, જાંબુડા, પીપળ, વડ આદિ વિશાળકાય વૃક્ષોની હરિયાળી ઘટાઓ છે. ગુલમહોર, બોરસલી, કદંબ આદિ વૃક્ષો પર અને મધુમાલતી, માધવી, જૂઈ, જાઈ, કેતકી આદિ વેલીઓ પર વિવિધરંગી સુવાસિત પુષ્પોની જાણે વસંત ખીલી ઊઠી છે. ભૂમિ પર પણ લીલી ચાદર બિછાવી હોય તેવી હરિયાળી પથરાયેલી છે. ગગનમાં ઘનશ્યામ વાદળો છવાયાં છે. વર્ષાનાં મંદ મંદ બિંદુ વરસી, વાતાવરણને અપૂર્વ શીતળતા આપે છે. વળી, મયૂરોના મીઠા ટહૂકાથી વાતાવરણ ભરાઈ ગયું છે.

ત્યાં પરમ રમણીય, અતિ લાવણ્ય, સુભગ અને સુખદ એવા ગિરિ-ગોવર્ધન શોભી રહ્યા છે. શૈલરાજ ગિરિરાજ પર રમણીય વૃક્ષો અને વેલીઓ વિરાજે છે. સુખદ શીતળ જળસભર ઝરણાં વહી રહ્યાં છે. ગિરિરાજની તળેટીમાં શ્રીયમુનાજીનો મંજુલ જળ-પ્રવાહ વહી રહ્યો છે. શ્રીયમુના-પુલિનની શોભાનો તો કોઈ પાર નથી. ત્યાં નાનાવિધ પુષ્પોથી વિભૂષિત નિકુંજોની રચના અતિ અદ્ભુત છે.

ગગનમાં ગર્જતા શ્યામઘનના નિનાદ સાથે સ્પર્ધા કરતા હોય તેમ ઘનશ્યામ ગિરિશિખર પર ચઢી ઉચ્ચ સ્વરે વેણુનાદમાં મલ્હાર રાગ આલાપે છે. તો વળી ક્યારેક મણિમાળ વડે મણકા ગણતાં પોતાની ગાયોને ગણે છે. નીચે તળેટીમાં ગોપબાળકો ગાયોને ખેલાવે છે, ડચકારા કરી આમથી તેમ દોડાવે છે. પ્રભુ સુબલ, શ્રીદામા, અર્જુન, તોક, મધુમંગલ જેવા અંતરંગ સખાઓ સાથે હાસ્યવિનોદ કરે છે.

પ્રભુ સખામંડળી સાથે વનમાં વિવિધ સ્થળોએ ખેલવા પધારે છે. ગેડીદડાની અને બીજી અનેક રમતો રમે છે. વૃક્ષો પર ચઢે છે. મોરની સાથે નૃત્ય કરે છે, બંદરોને ચીડવે છે, હરણાં પાછળ દોડે છે. વૃક્ષોનાં ફળ પાડી આરોગે છે. યમુનાજળનું પાન કરે છે, તો વળી તાપ અને શ્રમ નિવારવા શ્રીયમુનાજળમાં સખામંડળી સાથે સ્નાન અને જળવિહાર પણ કરે છે. આમ, પ્રભુ વનમાં દિવસ નિર્ગમન કરે છે.

◆

૧૧

પ્રિય નવનીત પાલને ઝૂલે

‘કર્તું અકર્તું અન્યથાકર્તું સર્વતંત્રસ્વતંત્ર’ એવા વિરુદ્ધ-ધર્માશ્રયી પ્રભુ એક જ સમયે બાળ-કિશોર આદિ વિવિધ સ્વરૂપો ધારણ કરી વિવિધ ભાવવાળા ભક્તોના મનોરથ અંગીકાર કરી, તેમને ભજનાનંદનું અપૂર્વ દાન કરે છે. શ્રીનંદનંદનની લીલાની આ વિશિષ્ટતા અને વિલક્ષણતા છે. એક તરફ ગોપાળ-સ્વરૂપ ધારણ કરીને આપ ગૌચારણ માટે વનમાં પધારે છે, તો બીજી તરફ બાળકૃષ્ણ સ્વરૂપે ‘માતાનું મન રંજવા’ આપ નંદભવનમાં પલને ઝૂલે છે.

નંદભવનનું રળિયામણું આંગણું છે. શ્વેત સ્ફટિકમાં મણિજડિત એ આંગણાની શોભા નિરાળી છે. વિવિધ રત્નોના તેજથી ઝળહળી રહેલા આંગણા વચ્ચે આવેલ કનકકુંડના જળમાં નર્તન કરતાં કમળોથી શોભી રહેલા, ચાર બાજુના રમણીય ઉદ્યાનનાં પુષ્પોથી મઘમઘી રહેલા એ આંગણામાં શ્રીબાલકૃષ્ણ ઝગુલી-ટોપી ધરી, ઘૂંટણિયાં ભરતા ખેલી રહ્યા છે. પોતાનાં જ નૂપુરોના નાદથી પોતે ચકિત થાય છે. મણિમય ભૂમિમાં પોતાનું પ્રતિબિંબ નીરખી વિસ્મિત થાય છે. ઘડીમાં વાછરડાંની પૂંછડી પકડી, તેમની પાછળ દોડે છે, તો ઘડીમાં વૃક્ષો પર બંદરોને જોઈ કિલકિલાટ કરે છે.

સોભિત કર નવનીત લિયે,
ઘુટુરુન ચલત રેણુતનમંડિત મુખદધિ લેપ કિયે. ૧
ચારુ કપોલ લોલ લોચન છબિ ગોરોચનકો તિલક દિયે,
લર લટકન માનો મત્ત મધુપગન માદક મધુ પિયે. ૨
કઠુલા કંઠ વજ્ર કેહરિ નખ રાજિત રુચિર હિયે,
ધન્ય ‘સૂર’ એકો પલ યહ સુખ કહા ભયો સતકલ્પ જિયે. ૩

ત્યાં યશોદામૈયા આવે છે. લાલનની બાળચેષ્ટાઓ નીરખી જીવનની ધન્યતા અનુભવે છે. લાલના બંને હસ્તમાં માતા માખણનો પેંડો આપે છે. પ્રભુ તે આરોગે છે. થોડું મુખ પર લપટાય છે, થોડું શ્રીહસ્તમાં શોભે છે.

માખણ આરોગતાં આરોગતાં, શ્રીનંદનંદનની દૃષ્ટિ રત્નજટિત સ્તંભ પર પડી. ત્યાં પોતાના જેવો જ બીજો બાળક જોયો. બાળસહજ પ્રેમથી પોતાના શ્રીહસ્તનું માખણ તેના મુખમાં મૂકવા ગયા. બાળક તે લેતો નથી. માખણ સ્તંભ પર વળગી નીચે પડ્યું. બાળકૃષ્ણ રડે છે અને કહે છે : મૈયા જો ને, આ છોકરો માખણ ખાતો નથી.' યશોદાજી ફોસલાવે છે : 'લાલ, હમણાં એને ભૂખ નથી. ભૂખ લાગશે એટલે ખાશે, હં ! રડીશ નહીં, બેટા!'

માતા લાલનને તેડી ઘરમાં લઈ જાય છે. સુવર્ણનું રત્નજડિત પલનું છે. પલના પર રત્નના મોર-પોપટ શોભી રહ્યા છે, ગજમોતીનાં ઝૂમખાં લટકે છે. મોતીની ઝાલરોથી પલનું સજાવેલું છે. એમાં મખમલના ગાદી-તકિયા, સિરાના (નાનાં ઓશિકાં) અને ગાલમસૂરિયાં સજાવેલાં છે. પાસે સુવર્ણના મોટા મોટા થાળમાં નાનાવિધ ખિલૌનાં સાજેલાં છે. માતા લાલનને પલનામાં સુવાડે છે. હાલરડાં ગાઈ, બુચકારી મૈયા લાલને ઝુલાવે છે, પણ લાલનનાં નેત્રોમાં નીંદ આવતી નથી. પોતાના લાલનું મુખકમળ નીરખતાં માતા પદ ગાય છે :

ઝુલો ઝુલો ને નવનીતલાલ ! સોના પારણિયે,
લટકાળા મારા લાલ ! પોઢો ને પારણિયે. ટેક

રતન જડેલું પારણિયું ને રેશમ કેરી દોર રે,
ફૂલતણું તો ઝુમ્મર બનાવ્યું, ઉપર નાચે મોર. સોના૦ ૧

મદન મનોહર રૂપ તમારું, ઘુંઘરવાળા કેશ રે,
ભાલતિલક અવકાવલિ શોભે, સુંદર નટવર વેષ. સોના૦ ૨

માખણમિશ્રી ભોગ ધરાવું ને ગાઉં મધુરાં ગીત રે,
'રસિક-પ્રિયા' મૈયા હુલરાવે, નીરખે પૂરન પ્રીત. સોના૦ ૩

છતાં લાલ ઊંઘતા નથી. પલનામાં બેઠા થઈ જાય છે. મૈયા વિવિધ પ્રકારનાં ખિલૌનાં લઈ આવે છે. ઘૂઘરા ને ચકરડીઓ, ચકડોળ ને હંસ, હાથી ને ઘોડા, મોર અને પોપટ ! સોનાનાં ને ચાંદીનાં, સુરંગ ને હાથીદાંતનાં, ચંદનનાં વિવિધ ખિલૌનાંના થાળ ભરેલા છે. મૈયા લાલને ખિલૌનાંથી ખેલાવે છે, પલને ઝુલાવે છે અને ગાય છે :

ઝૂલો પાલને નંદનંદા,
ખં ખં ખં ખં ચૂરા બાજે, મનમેં અતિ આનંદા. ૧

કું કું કું કું ઘુંઘરુ બાજે, તનન તનન-સી બંસી,
નેનકટાક્ષ ચલાવત ગિરિધર, મંદ મંદ મુખ હઁસી. ૨

ખટ્ખટ્ ખટ્ખટ્ લકુટિ બાજે, ચટકચટક બાજે ચુટકી,
નંદમહર ઘર શોભા નીરખત, મોહન મનમેં અટકી. ૩

કૂહુકૂહુ કૂહુકૂહુ કોકિલ બોલે, ભનનભનન બોલે ભૌરા,
પી પી પી પી પપૈયા બોલે, સંગીતે સૂર દૌરા. ૪

ઝં ઝં ઝું ઝું ઝુન બાજે, ફિરક ફિરક ફિરે ફિરકી,
ગુડ ગુડ ગુડ ગુડ ગુડકી બાજે, પ્રેમમગન મન નીરખી. ૫

ઢોં ઢોં ઢોં ઢોં ઢોલક બાજે, ગુનન ગુનન ગુન ગાવે,
મૈયા લાલનકી બાનિક પર, 'રસિક' સદા બલ જાવે. ૬

લાલને નીંદ આવતી નથી. પલના પર ઝૂલતી મોતીની ઝાલરને ઝાલીને ખેલે છે. થાળમાંથી ખિલૌનાં લેવા હઠ કરે છે. એટલામાં કેટલાંક ગોપીજન પ્રભુનાં દર્શન કરવા આવી પહોંચે છે. પલને ઝૂલતા શ્રીબાળકૃષ્ણ પ્રભુનાં દર્શન કરી તેઓ આનંદમગન બની નાચે છે.

પ્રભુનું અતિ મનોહર બાળસ્વરૂપ છે. વિશાળ લલાટમાં કસ્તૂરીનું તિલક બિરાજે છે. ભ્રમરની બે બાજુ મસીબિંદુ શોભી રહ્યાં છે. ઘુઘરિયાળી અલકલટોમાં પરોવેલાં મોતીની લરો શ્યામજળ પર શોભતા હંસ જેવી દીપે છે. નયનોનું અંજન હસ્ત વડે ચોળાવાથી કપોલ પર ફેલાઈ ગયું છે. પોપટની ચાંચ જેવી તીક્ષ્ણ નાસિકામાં ગજમોતી ઝૂલે છે. બંને કર્ણમાં મોતીનાં ઝૂમખાંવાળાં કર્ણફૂલ દોલાયમાન થાય છે. કેશગુચ્છમાં અતિ સુંદર મોરશિખા શોભી રહી છે. શ્રીકંઠમાં મોતીની દુલરી અને વાઘનખો ધારણ કર્યો છે. આપ ઊંચાનીચા થાય છે ત્યારે કટિમેખલા, નૂપુર અને કંકણની ઘુઘરીઓનો ઘમકાર થાય છે. આવા રસઘન, સર્વાંગ સ્વરૂપને વ્રજાંગનાઓ સ્નેહથી નીરખી રહી છે. લાલની શ્રીઅંગની શોભા નીરખતાં હૈયામાં હરખ સમાતો નથી. પ્રભુને મિશ્રી અને દ્રાક્ષ આરોગાવે છે. ગૃહકાર્ય ઘણું બાકી હોવા છતાં લાલને એકલા મૂકી જવા માતાનું મન માનતું નથી.

ત્યાં લલિતાદિ અંતરંગ સખીજનો નવાં નવાં ખિલૌનાં લઈને આવી પહોંચે છે. યશોદાજી પલનાની દોર તેમને આપી, લાલને સાચવવાની ભલામણ કરી ઘરમાં જાય છે. લલિતાદિ સખીજનો પ્રભુને ઝુલાવે છે અને વિવિધ ખિલૌનાંથી ખેલાવે છે.

તેઓ રસભાવસભર દૃષ્ટિએ રસરાજને નીરખે છે. પ્રભુના સ્વરૂપમાં તેમને કોટિકંદર્પ લાવણ્યનાં દર્શન થાય છે. એ શ્રુતિરૂપાઓએ કલ્પ પર્યંત જેની પ્રતીક્ષા કરી હતી તે પૂર્ણ પુરુષોત્તમ જ અહીં બાળકરૂપે પ્રગટ્યા છે, તેવી તેમને પ્રતીતિ થાય છે.

આ બાળક પણ વ્રજાંગનાઓના કિશોરવયના સર્વ અલૌકિક મનોરથો પૂરા કરે છે. સખીજનો પલનાની સાવ નજીક આવી વીંટળાઈ વળ્યાં છે. પ્રભુ પોતાના ચરણારવિંદ ઊંચાનીચા કરી ખેલતાં ખેલતાં ગોપીજનોનાં વક્ષ:સ્થળ પર પોતાના ચરણથી સ્પર્શે છે. જાણે એમના ઉરોજરૂપી કનકગિરિ પર આરોહણ ન કરતા હોય ! પોતાના બંને હસ્તકમળ પણ ઊંચાનીચા કરતાં સખીજનોના મુખનો સહજ સ્પર્શ કરી લે છે; ત્યારે સખીજનો રોમાંચિત થઈ જાય છે. પ્રભુના હાસ્યને નીરખી તેઓ હર્ષિત થાય છે. રસેશ્વર-પ્રાણેશ્વરને તેઓ રસકટાક્ષથી અપલક નેત્રે નીરખે છે.

લાલન હવે પલનામાંથી બહાર પધારવાની હઠ કરે છે; ત્યારે વ્રજાંગનાઓ તેમને બહાર પધરાવી વારાફરતી ગોદમાં લે છે. કોઈક વાર લાલ તેમના કંઠમાં શ્રીહસ્ત મૂકે છે, ત્યારે તેઓ પ્રાણેશને હૃદય-સરખા દબાવે અને પોતાના બે હસ્તમાં ઝુલાવે છે, તે વખતે કોઈક વિલક્ષણ ભાવ તેમના અંતરમાંથી સ્ફુરિત થાય છે અને અનિર્વચનીય અલૌકિક આનંદનો તેમને અનુભવ થાય છે.

બાળક તેમની ગોદમાં કૂદે છે, કાલું કાલું બોલે છે, મુખમાંથી અધરરસ સ્રવે છે. ગોપીઓ બાળભાવથી પ્રેમ કરતી હોય તેમ પ્રિયતમના કપોલયુગલ અને અધરોષ્ઠને અવિરત ચૂમે છે. પ્રભુ પણ પોતાનો અંગૂઠો ચૂસવાને મિષે ચસૂચસ્ અવાજ કરતા એ જ ક્રિયાને અનુસરે છે. પરસ્પર નેત્રો દ્વારા રસક્રીડાનું સૂચન થાય છે. આમ, બાલભાવના બાહ્ય આવરણવાળી આવી આંતરિક રસલીલા કેટલોક સમય ચાલે છે.

લલિત ત્રિભંગ લાડિલો લલના,
વૃંદાવન ગહ્વર-નિકુંજમેં યુવતિન ભુજ ઝૂલત હૈં પલના. ૧

ભામિની સૂરત રાધાસુખસાગર ચિતવનિ ચારુ વિરહ દુ:ખદલના.
જમુનાતટ અશોક-વિથનમેં કામિની કંધ બાહુ ધર ચલના. ૨

નુપૂરકુણિત ચરણઅંબુજ પર મુખરિત કિંકિણી સોભિત ચલના,
‘કૃષ્ણદાસ’ પ્રભુ નખશિખ મોહન ગિરિધરલાલ પ્રેમરસ ખિલના. ૩

* * *

લલિત લાલ રસ પલના ઝુલાઉં,
હૃદયકમલકી પટુલી ધરકે મન ઝોટા દે લાડ લડાઉં. ૧

નૈનકમલ શુભ વદન વિલોકત મુખપંકજ ગુનગાન સુનાઉં,
ચરનકમલ નૂપુરધુનિ લેકે હાવભાવ નિરતન ઉપજાઉં. ૨

યહવિધ અપને પ્રાણપ્રિયકો મનસિજસુખ મનમોદ બઢાઉં,
ઉભય ભાવ ઉર અંતર લેકે સરસ રંગરસસુખ બરસાઉં. ૩

શ્રીયશોદાજી ગૃહકાર્યો પતાવીને પાછાં આવી પહોંચે છે. ગોપીઓને આ ગમતું નથી, તેથી લાલની આંગળી પકડી તેમને ચલાવવાના મિષે તેઓ તેમને આંગણામાં લઈ જાય છે, તેડીને ફરે છે, બાળક સાથે મીઠી મીઠી વાતો કરે છે.

થોડીવારમાં વળી મૈયા ત્યાં આવી પહોંચે છે. બાળક ભૂખ્યો થયો હશે તેમ સમજી ગોદમાં લઈ સ્તનપાન કરાવે છે. વચમાં વચમાં લાલનું શ્રીમુખ નીરખે છે.

ગોપીજનો હવે ત્યાંથી વિદાય લે છે.

* * *

૧૨

જેંવત નંદ-કાન્હ-બલભૈયા

(નંદભવનમાં ભોજન)

હવે બપોર થવા આવ્યા છે. ભોજન કરવાનો સમય થયો છે. શ્રી યશોદાજી અને શ્રીરોહિણીજી કૃષ્ણ-બળદેવ વિના સૂનાં થઈ ગયાં છે. શ્રી નંદરાયજી અને યશોદાજી વનમાંથી પોતાના લાલને બોલાવી લાવવા માટે સખીઓને મોકલે છે અને કહે છે :

નેક ગુપાલ હી દીજો ટેર,
આજ સબેરે કિયો ન કલેઉ સૂરત ભઈ બડી બેર. ૧

ઢૂંઢત ફિરત યશોદામાતા કહો કહાઁ ધોં ડોલત,
યહ કહિયો ઘર જાઉં શ્યામ રે બાબા નંદ તોહી બોલત. ૨

ઇતની બાત સુનત હરિ આયે પ્રીતિ જુ મનમેં જાની,
'પરમાનંદ' સ્વામિકી જનની નીરખ વદન મુસકાની. ૩

સખીઓ કૃષ્ણ-બળદેવને પધરાવીને આવે છે. અંતરંગ સખાઓ પણ સાથે છે. યશોદાજી-રોહિણીજી પોતાના લાલનું મુખ ચૂમી, વદન પોંછે છે. મીઠી-મીઠી વાતો કરતાં ભોગ-મંદિરમાં પધરાવે છે.

ભોજન-શાળાની કનકમઢી દીવાલો પર હીરા, માણેક, નીલમ, પોખરાજ વગેરે બહુમૂલ્ય રત્નો જડેલાં છે. છતમાં રત્નજડિત ઝુમ્મરો શોભી રહ્યાં છે. સુવર્ણના બાજઠો પર પત્રાવલિઓનો પનવારો બિછાવ્યો છે. બિરાજવા માટે સોનાના પાટલા ગોઠવેલા છે. ચારે ખૂણામાં અતિ સુંદર કળાત્મક ધૂપદાનીઓમાંથી ધૂપની મનોહર સુગંધ પ્રસરી રહી છે.

પનવારા પર સોના, રૂપાનાં પાત્રો સાજ્યાં છે. શીતળ જમુનાજળની ઝારીઓ ભરી છે. નંદરાયજી પોતાના ભાઈઓના વિશાળ પરિવાર સાથે ભોજન માટે બિરાજ્યા છે. નંદરાયજીની પાસે કૃષ્ણ-બળદેવ બિરાજ્યા છે. કુમારિકાઓ સુંદર વસ્ત્રાભૂષણ ધરી, લટકમટક કરતી, વિવિધ સામગ્રીઓ લઈને પીરસવા માટે આવે છે. તેમના હાથ પીરસવામાં અને નેત્રો નંદનંદનને નીરખવામાં લાગેલાં છે. શ્યામસુંદર એમની સામે દૃષ્ટિ કરે છે. ચાર નેત્રો એક બને છે. નેત્રસંકેતથી વાતો થઈ રહી છે.

ખટરસ વ્યંજન પિરસાયાં છે. સુગંધિત ભાત, દહીંભાત, શિખંડ-ભાત, મીઠો ભાત અને વડીભાત - એમ પાંચ પ્રકારના ભાત છે. મગ, ચણા, વાલ, વટાણાનાં કઠોળ છે. મગની દાળ અને તુવેરની દાળ છે. વિવિધ શાક, સંધાનાં છે. વિવિધ પ્રકારનાં રાયતાં, સુકવણી, પાપડ, તિલવડી, ભજિયાં, કચોરી, પાતરાં ને ઢોકળાં છે. દહીંવડાં, કાંજીવડાં, બાફેલા ચણાવાળા રસાળા તીનકુડા, દહીંનો મીઠો મઠો, વઘારેલો મઠો, ખાંડકેરી, ડબકવડી, ઢેવરી છે. માખણ ચોપડેલી કોમળ રોટી અને સુંદર પૂરીઓ છે. મણકાની ખીર, ચોખાની ખીર, સેવની ખીર, સંજાબની ખીર, બાસુંદી, શિખંડના ડબરા છે. પેઠાપાક અને બિલસારુ પણ છે.

લાપસી અને શીરો, મીઠી સેવ, ખાંડ પાથરેલી પૂરી, મીસી રોટી, બાટી અને લીટી છે. સેવૈયા, ઠોર, મઠડી અને માટ છે. બૂંદી, મોહનથાળ, જલેબી, તવાપુરી છે. ચંદ્રકળા, ઉપરેટા, ખાજા, કપૂરનાડી, ગુંજા, સુતરફેણી, મદનદીપક છે.

દૂધઘરની વિવિધ સામગ્રીમાં પેંડા, બરફી, ઘારી, ગુલાબજાંબુ, રસમલાઈ, મેસુર, હલવો છે. તળેલા સૂકા મેવા અને લીલા મેવા છે.

યશોદાજી દાળ-સખડીનો કોર બનાવી સૌથી પ્રથમ પોતાના લાલને આરોગાવે છે. પછી પ્રભુ બલરામજી, સખાઓ સહિત સ્વયં ભોજન કરે છે. વ્રજભક્તો કીર્તન ગાય છે :

હરિ ભોજન કરત વિનોદસોં,
કર કર કોર મુખારવિંદમેં દેત યશોદા મોદસોં. ૧

મધુમેવા પકવાન મિઠાઈ દૂધ દહ્યો ઘૃત-ઓદસોં,
'પરમાનંદ' પ્રભુ ભોજન કરત હૈં ભોગ લગ્યો શંખોદસોં. ૨

લાલનને મિષ્ટ પદાર્થોમાં વિશેષ રુચિ છે. મિષ્ટ પદાર્થોની વચ્ચે ખારાં, ખાટાં, તીખાં વ્યંજનોનો આસ્વાદ લે છે. તીખા પદાર્થો આરોગતાં પ્રભુ સીત્કાર કરે છે. લાલને મીઠી ખીર સૌથી વિશેષ ભાવે છે.

લાલકો મીઠી ખીર જુ ભાવે,
બેલા ભરકે લાવત યસોદા બુરો અધિક મિલાવે. ૧

કનિયા લિયે યશોદા ઠાઢી રુચિકર કોર બનાવે,
ગ્વાલબાલ વનચરકે આગે જૂઠે હાથ દિખાવે. ૨

વ્રજનારી જો ચહુંધા ચિતવન તનમન મોદ બઢાવે,
'પરમાનંદદાસ' કો ઠાકુર હઁસ હઁસ કંઠ લગાવે. ૩

બલદેવજી તથા અંતરંગ સખાઓ સાથે લાડુ સરકાવવાની ક્રિયા કરે છે. નંદબાવાની થાળીમાંથી એમની નજર ચૂકવી પ્રભુ કંઈ કંઈ લઈ લે છે. આમ, કૌતુક કરી સૌને હસાવતા ભોજન કરે છે. ભોજન પૂરું થતાં યશોદાજી હસ્તપ્રક્ષાલન કરાવી બીડાં આરોગાવે છે

ભોજન કર ઊઠે દોઉ ભૈયા.
હસ્ત પખાર શુદ્ધ અચવન કર બીરી લેત કન્હૈયા. ૧

માત યસોદા કરત આરતી પુનિ પુનિ લેત બલૈયા,
'પરમાનંદદાસ'કો ઠાકુર વ્રજજન કેલિ કરૈયા. ૨

■

૧૩

આજ ગોપાલ પાહુને આયે

(ગોપીગૃહે ભોજન)

વહેલી સવારે ચંદ્રાવલી સખી નંદભવનમાં યશોદાજી પાસે આવ્યાં છે. માતાના ખોળામાં ખેલતા લાલનને વહાલ કરતાંકરતાં યશોદાજીને તેઓ વિનંતી કરે છે : 'મૈયા, કાલ રાતનો મારા મનમાં એક મનોરથ થયો છે. તમે કૃપા કરો તો મારો તે મનોરથ પૂર્ણ થાય. આપના લાલનને આજે સખામંડળી સહિત મારે ત્યાં ભોજન કરવા મોકલો.'

યશોદા એક બોલ જો પાઉં,
રામકૃષ્ણ દોઉ તુમ્હરે સુતકો સખન સહિત જિમાઉં. ૧

જો તુમ નંદરાયસોં સકુચો તો મૈં ઉન્હેં સુનાઉં,
જો પૈ આજ્ઞા દેહૌ કૃપા કર ભોજન ઠાટ બનાઉં. ૨

જબ વાકે ઘર ગયે સ્યામઘન અપનો ભવન બતાયો,
'પરમાનંદ' પ્રેમભર ઉમગી ઘર બૈઠે પહુઁચાયો. ૩

ચંદ્રાવલીજીની વિનંતી યશોદાજીએ સ્વીકારી છે. આજ પોતાના હૃદયેશ પોતાના ઘેર મહેમાન બની પધારવાના છે, તેના આનંદમાં ચંદ્રાવલીજીએ કુંકુમ અને ચંદનથી આંગણું અને ઘર લીંપ્યું છે. ઘરના દ્વારે કદલીસ્તંભ રોપ્યા છે. આંબા અને આસોપાલવનાં તોરણ બાંધ્યાં છે. દ્વારે રંગબેરંગી બંદનવાર ચીતરી છે. ગુલાબજળનો છિડકાવ કર્યો છે. મોગરાનું અત્તર મઘમઘે છે.

વિવિધ પ્રકારની સામગ્રીઓ સિદ્ધ કરી છે. વિશેષ કરીને કેસરી જલેબી આરોગાવવાનો મનોરથ છે. ત્યાં પ્રભુ ગ્વાલમંડલી સહિત પધારે છે. ચંદ્રાવલીજી મોતીથી પ્રભુને વધાવે છે. પોતાના મંદિરમાં પધરાવે છે. પ્રભુ સુંદર આસન પર બિરાજે છે. ચંદ્રાવલીજીના હૈયામાં હરખ માતો નથી. પ્રભુના સુંદર વદનકમળને નીરખતાં ટહેલ કરવાનું પણ ભૂલી જાય છે. ખૂબ મનુહાર કરી પ્રભુને આરોગાવે છે અને ગાય છે :

આજ ગોપાલ પાહુને આયે, નીરખ નૈનન ન અઘાય રી,
સુંદર વદનકમલકી સોભા નીરખત મો મન રહ્યો લુભાય રી. ૧

કે નિરખૂઁ કે ટહલ કરૂઁ એકો ન બનત ઉપાય રી,
જૈસે લતા પવનબસ દ્રુમસોં છૂટત ફિર લપટાય રી. ૨

મધુમેવા પકવાન મિઠાઈ વ્યંજન બહોત બનાય રી,
રાગરંગમેં ચતુર 'સૂર' પ્રભુ કૈસે કહીં સુખ ઉપજાય રી. ૩

પ્રભુ ભોજન કરી રહ્યા. ચંદ્રાવલીજી પ્રભુને કનક-ઝારીમાં જમુના જળ ભરી અચવન કરાવે છે. પ્રભુ ચંદ્રાવલીજીના રેશમી સુરંગી સાળુથી હસ્ત, મુખ પોંછે છે. ચંદ્રાવલીજી પ્રભુની પાસે બેસી સુંદર, સુવાસિત બીડી આરોગાવે છે.

અચવન કીજિયે કૃપાનિધાન,
જમુનોદક કંચનઝારી ભરી લાઈ ચંદ્રાવલી સુજાન. ૧

ભક્તનકો પનવારો દીજે નારદ તુંબર ગાન,
ઊઠે જેંવત જુગલ પરસ્પર ગાવત જન 'કલ્યાન.' ૨

•

હરિકો બીરી ખવાવત બાલા,
અતિ સુગંધ બહુ બિધિસોં સઁવારી લીજે હો નંદલાલા. ૧

ખાસાકો કટિ ધર્યો પિછોરા ઉર રાજત વનમાલા,
'મુરારિદાસ' પ્રભુકી છબિ નિરખત મગન હોત વ્રજબાલા. ૨

સખા-પરિકર સહિત પ્રભુને નિમંત્રી ભોજન કરાવવામાં ચંદ્રાવલીજીને આનંદ તો થયો; પરંતુ પૂર્ણ તૃપ્તિ થતી નથી. મનમાં વળી એવો મનોરથ થયો કે પ્રાણવલ્લભ મારા ઘેર એકલા પધારે તો કેવું સારું ? મને એકાંતિક મિલનનું સુખ ક્યારે આપશે ?

અંતર્યામી પ્રભુ વ્રજાંગનાના મનની વાત જાણી જાય છે. ભક્ત મનોરથપૂરક પ્રભુ બાળભાવને મિષે રહસ્યલીલા કરવા યુક્તિ વિચારે છે. ચંદ્રાવલીજી જ્યારે બીજા દિવસે નંદભવનમાં સવારે દર્શન કરવા આવે છે, ત્યારે પ્રભુ સંકેતમાં સૂચવે છે : 'આજે સવારે એકલો તારે ત્યાં આવીશ.' ચંદ્રાવલીજી પ્રસન્ન થતાં ઘેર જાય છે. પોતાનાં સાસુ અને નણંદને ખેતરમાં

મોકલી દે છે. નૂતન સામગ્રીઓ ખૂબ હોંશથી સિદ્ધ કરે છે અને પ્રભુના પધારવાની આતુરતાથી પ્રતીક્ષા કરે છે.

ગોપબાલો સાથે વનમાં ખેલવા પધારેલા શ્યામસુંદર તોક, સુબલ, શ્રીદામા, અર્જુન આદિ પોતાના અંતરંગ સખાઓને બોલાવીને કહે છે : 'હે સખાઓ ! આજ તો ખૂબ માખણ ખાવાનું મન થયું છે. મૈયા તો થોડુંક જ માખણ આપે છે, તેથી ખાવાની મજા આવતી નથી. વળી, હમણાં માખણચોરી કરવા માટે પણ જવાયું નથી. આપણે આજે ખેલતાં ખેલતાં રિઠોરા ગામની સીમમાં આવ્યા છીએ; તો ચાલો, માખણચોરી માટે તૈયાર થઈ જાઓ.'

ગ્વાલબાલો તાલીઓ પાડવા અને કિકિયારીઓ કરવા લાગ્યા. કનૈયાજીએ આગેવાની લીધી. ચંદ્રાવલીજીના ઘર પાસે આવ્યા. ચંદ્રાવલીજી પ્રભુને પધારતા જોઈ ઘરના અંધારા ખૂણામાં સંતાઈ ગયાં. ઘર સૂનું જોતાં કનૈયાજી સખામંડળી સહિત ઘરમાં પધાર્યા. જાણે પોતાનું જ ઘર ન હોય!

મનમોહને આજે લાલ સૂથન અને કાછની ધરી છે. શિર પર વિશેષ ટેઢી કસુંબલ કુલ્હે અને તે પર રત્નજડિત શિરપેચ ધર્યો છે. કર્ણમાં મયૂરાકૃતિ માણેકનાં કુંડળ ધર્યાં છે. આપના આજના અતિ મનોહર સ્વરૂપને અને ચાલાકીભરી ચેષ્ટાઓને નીરખતાં વ્રજસુંદરી ભાન ભૂલી જાય છે.

નંદકિશોર દૂધ-દહીં, માખણ શોધી કાઢે છે. પોતે આરોગે છે. સખાઓને ખવરાવે છે. પોતાનું અને સખાઓનું મુખલેપન કરે છે. એક ઊંચા શીંકા પરની મટુકી ઉતારવા ખાંડણિયા પર ચઢે છે. મટુકી પકડવા હાથ ઊંચા કરતાં સૂથન, કાછની સરકે છે. સર્વાંગની મધુરતાનાં દર્શને ગોપી વધુ વિહ્વળ બને છે, પણ મનને સ્વસ્થ કરતી એ વ્રજાંગના બહાર આવે છે.

સખાઓ ગભરાઈ જાય છે. ગોપી પ્રભુને પકડવા દોડે છે, પણ પ્રભુ પકડાતા નથી. ગોપી બીજા ગ્વાલોને ઝપટમાં લે છે. કોઈને તે તતડાવે છે, કોઈને ચીમટા ભરે છે, કોઈની ચોટલી ખેંચે છે. બધા ગ્વાલબાલ જીવ લઈને ભાગી જાય છે. આ ધમાલમાં પ્રભુ છટકીને ગોપીના શયનખંડમાં જઈ છુપાઈ જાય છે. ગોપી ઘરનું દ્વાર બંધ કરી અંદર આવે છે. પ્રભુ કિશોર-સ્વરૂપ ધારણ કરે છે. પ્રભુને ચંદ્રાવલીજી પકડે છે, વહાલથી હૃદય-સરસા ચાંપે

છે. કપોલ પર કોમળ ચુંબન કરી મૃદુ સ્વરે કહે છે : 'હૃદયેશ ! હવે તમને નહીં છોડું... કદાપિ નહીં છોડું ! ઘણા દિવસે હાથ આવ્યા છો. હૃદયમાં કેટ-કેટલી અભિલાષાઓ ભરી છે, મારા પ્રાણેશ !'

પોતાના અંચલથી પ્રભુના મુખારવિંદને પોંછી, સુંદર આસન પર પધરાવે છે. વિવિધ સામગ્રીઓ આપની સન્મુખ ધરે છે. આપને વિનંતી કરે છે : 'વ્રજેશ ! તમારા માટે મેં કેટલીક સામગ્રીઓ સિદ્ધ કરી છે ! એ સર્વનો અંગીકાર કરો. તમે તો ચતુર-શિરોમણિ છો.'

સૌથી પ્રથમ પ્રભુને અતિ પ્રિય માખણ-મિશ્રીનો ડબરો લઈ, પોતાની અંગુલિથી પ્રભુને આરોગાવે છે. પોતાનું અધરામૃત પ્રભુ પોતાની પ્યારી સખીને આપે છે. પછી બીજા રક્તરંગી મોતીથી ભરેલા શીંકા પરથી ખીર, મલાઈ બાસુદી, શિખંડ અને કઢેલું અતિ મીઠું - તેજાનાવાળું દૂધ લાવી, પ્રભુને આરોગાવે છે.

ગોપી જ્યાં બીજા શીંકા પરથી સામગ્રી ઉતારવા હાથ ઊંચા કરે છે, ત્યાં પવનથી ઊડતા પાલવ નીચે ઢંકાયેલ વ્રજસુંદરીના અતિ ગૌર દેહને પ્રિયતમ નીરખે છે. ગાઢ કંચુકીમાં બદ્ધ ઉન્નત ઉરોજોને અપલક નયને નિહાળે છે. એના કંકણના રણકારને ધ્યાનથી સાંભળે છે.

ગોપી પ્રભુની સન્મુખ માવાના મોટા લાડુ ધરે છે ! પ્રભુ પોતાના બન્ને શ્રીહસ્તમાં લઈ ગેંદની જેમ ઉછાળે છે.

મીઠું શ્વેત દહીં, મઠો, રાયતાં લાવે છે. બધાંમાં પ્રભુને ચંદ્રાવલી સખીનું ગોરસ અતિ પ્રિય છે. તેના 'ગો-રસ'નો અંગીકાર કરવા તો આપ અહીં પધાર્યા છે ! તે વિવિધ પકવાનો લાવે છે.

પ્રભુ ધીમે ધીમે આરોગે છે. પ્રેમવિહ્વળ વ્રજનારી વીંઝણો ઢોળે છે. મનુહાર કરી કરી પ્રભુને આરોગાવે છે. પ્રભુ ગોપીને પોતાનું અધરામૃત આપે છે. રસપ્રચૂર હાસ્ય-વિનોદ ચાલે છે. અચવન કરાવી, પોતાના અંચલથી પ્રભુના હસ્ત-મુખ પોંછી તાંબુલ આરોગાવે છે. રસેશના અધરોષ્ઠ પરથી સ્રવતો ચર્વિત રસ ચૂસતી સખી પ્રભુને શયનમંદિરમાં પધરાવે છે. પ્રભુ વ્રજાંગનાના સર્વ મનોરથો પૂર્ણ કરી, સ્વરૂપાનંદનું દાન કરે છે. પ્રભુની ચરણસેવા કરતાં ચંદ્રાવલીજી પ્રભુને વીનવે છે :

ભલે હી મેરે આયે હો પિય ઠીક દુપહરીકી બિરિયાઁ,
શુભદિન શુભનક્ષત્ર શુભમુહૂરત શુભ પલછિન શુભ ઘરિયાઁ. ૧
ભયો હૈ, આનંદકંદ મિટ્યો વિરહ દુઃખદંદ,
ચંદન ઘિસ અંગ લેપન ઔર પાયન પરિયાઁ,
'તાનસેન'કે પ્રભુ દયા કીની મો પર સૂકી બેલ કીની હરિયાઁ. ૨

◆

અનત ન જૈયે પિય રહિયે હમારે હી મહલ,
જોઈ જોઈ કહૌગે સોઈ સોઈ કરૌંગી ટહલ. ૧
શય્યા-સામગ્રી વસન-આભૂષણ સબવિધ રાખૌંગી પહલ,
'ચતુરવિહારી' ગિરિધારી પિયાકી રાવરી યહી સહલ. ૨

છેવટે નિરૂપાયે પ્રભુને વિદાય આપવી પડે છે.

ઘરમાં બધું અસ્તવ્યસ્ત પડ્યું છે. રહસ્યલીલાના ગોપન માટે ગોપીજન યુક્તિ વિચારે છે. ત્યાં તો બહાર ગયેલાં સાસુજી આવી ચઢે છે. સમયસૂચકતા વાપરી ગોપી ચતુરાઈભર્યું ચરિત્ર બતાવે છે. કનૈયા પર રીસ ચઢી હોય, તેવો અભિનય કરીને તે કહે છે : 'બા, જુઓ તો ! હું જરા જમુનાજી જળ ભરવા ગઈ, ત્યાં તો કનૈયાએ ગ્વાલબાલો સાથે ઘરમાં ઘૂસી કેવું તોફાન કર્યું છે ! કેટલું નુકસાન કર્યું છે ! હું હમણાં જ જઈ યશોદામાને કહી આવું. આજ તો એવી શિક્ષા કરાવું કે ફરી આવું કરવાનું જ ભૂલી જાય.'

એમ કહેતી તે સત્વરે યશોદાજીને ત્યાં ચાલી જાય છે. મનમાં એવું ખરું કે આ બહાને નંદનંદનને ફરી પાછું નીરખવાનું તો મળશે : 'કમલમુખ દેખત તૃપ્તિ ન હોય.'

◆

૧૪

મૈયા મોરી મૈં નહીં માખન ખાયો

(ઉરાહના-લીલા)

પ્રભુ ઘેર આવી ગયા છે. ડાહ્યાડમરા બાળક બનીને મૈયાની પાસે બેસી ગયા છે. ગોપી બૂમો પાડતી આવી અને રોષપૂર્વક કહેવા લાગી :

‘અરે, ઓ યશોદાજી ! તમારા લાડકવાયાને કંઈ કહેવું છે કે નહીં ? મારા ઘરમાં પેસીને આજ એણે કેટલું નુકસાન કર્યું છે ! મારી સાથે ચાલો તો બતાવું. હજુ તો બધું એમ જ પડ્યું છે ! ઊંચા શીંકા પર મૂકેલી મટુકીઓ પણ ઉતારી ઉતારીને ફોડી નાખી છે. ભોંય પરનું તો શું જ બાકી રાખે! હું જળ ભરીને આવી અને જોયું, તો ખાંડણિયા પર શ્રીદામા ને તેની ખાંધ પર તમારા લાલ ! શીંકામાંથી લૂંટ ચલાવતા હતા. આટલે સુધી ચાલાકી કરી ગયા છે, હોં ! સૌએ મળીને ખાધું, વધ્યું તે બંદરોને ખવરાવ્યું. વાછરડાં છોડી મૂક્યાં તે ગાયોને ધાવી ગયાં ! સૂતાં બાળકોને ચિમટા દઈ જગાડ્યાં ને રડાવ્યાં. આવા આવા તો કેટલાય ઉપદ્રવો કર્યા છે. હું તમને કેટલુંક કહું?

તેરે લાલ મેરો માખન ખાયો,
થૌસ દુપહર દેખિ ઘર સૂનો ઢોરિઢંઢોરી અબહી ઘર આયો. ૧
ખોલિ કપાટ પૈઠ મંદિરમેં સબ દધિ અપને સખન ખવાયો,
છીકેહી તેં ચઢિ ઉખલ પર મનભાયો ધરનિ ઢરકાયો. ૨

‘મૈયાજી ! તમારા લાલને મેં પકડ્યા પણ ખરા; પરંતુ રડવા લાગ્યા એટલે દયા આવી તે છોડી દીધા. ખોટું કહેતી હોઉં તો પૂછી જુઓ એમને! આ તમારી પાછળ ઊભા છે.’

શ્યામ જાણે ભય પામ્યા હોય તેમ મુખ નીચું કરીને વાંકી દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. તે કહેવા લાગ્યા : ‘મૈયા, આ ગ્વાલિની કેટલી જુઠ્ઠી છે ! કેવી ફેરવીને વાત કરે છે ? હું એના ઘર પાસે મારા સખાઓ સાથે ખેલતો હતો, ત્યાંથી મને ફોસલાવીને, લાલચ આપીને ઘરમાં બોલાવી ગઈ. પછી મને કહે કે કનૈયાજી, મારી ગોરસની મટકીમાં કીડીઓ પડી છે, તે કાઢી આપો ને ! પછી કીડીઓ કાઢતાં મારાથી મટકી પડી ગઈ ને ફૂટી ગઈ, એટલે દહીં ઢળી ગયું, એમાં હું શું કરું ? મને ખીજવવા લાગી એટલે હું રડવા લાગ્યો. મને છાનો રાખવા એણે થોડુંક માખણ મારા મુખમાં મૂક્યું, સાથે મોં ઉપર પણ લગાવ્યું ને મને કાઢી મૂક્યો.

‘હવે પોતાની ભૂલ એની સાસુથી છુપાવવા, એ ખોટું ખોટું લડવા આવી છે. મૈયા, હું કોઈ દિવસ તોફાન કરું ? હું કેટલો ડાહ્યો છું ! આ ગોપી તો સાવ જુઠ્ઠી છે !’ - આમ કહેતાં તો પ્રભુ રડવા જેવા થઈ ગયા અને મૈયા ભોળવાઈ ગયાં. તે ખીજાઈને સખીને કહેવા લાગ્યાં : ‘અલી ! તારે કંઈ કામધંધો નથી કે મારા કનૈયાની પાછળ પડી છે. મારો બાળ કેટલો નાનો છે; એ તે શું તોફાન કરવાનો હતો ! તું આવી જબરી જોબનમદભરેલી, એને મારો બાળુડો શું પહોંચવાનો હતો ! મારો લાલ ખોટું કહે જ નહીં. તું જ જુઠ્ઠી છે. તારું જ કંઈક કારસ્તાન છે. આમ તો રોજ સવારના પહોરમાં મારા લાલનું મુખ નીરખવા દોડી આવે છે ! કહે છે, મને ચેન પડતું નથી... ને આમ ખોટી ખોટી ફરિયાદો લઈને આવે છે !’

ગોપી સમય પારખીને ચૂપચાપ ચાલવા માંડે છે. જતાં જતાં શ્યામસુંદર સામે દૃષ્ટિ કરીને, આંખના ખૂણાથી સહેજ હસી લે છે. ઘેર જઈને સાસુજીને સમજાવી દે છે, ‘હું કનૈયાની મા સાથે સારી પેઠે લડી આવી છું. ખૂબ ઠપકો અપાવ્યો. હવે એ અહીં આવવાની હિંમત જ નહીં કરે !’

અહીં યશોદાજી, લાલને ગોદમાં બેસાડી, વાત્સલ્યથી માથે હાથ ફેરવતાં, શિખામણ આપે છે : ‘મારા લાડીલા ! ગોપી આગળ તો મેં તારું ઉપરાણું લીધું, પણ હું જાણું છું કે તું ઘણો અટકચાળો છે. બધે કંઈ ને કંઈ તોફાન કરે જ છે. ભાઈ, ચોરી તે આપણાથી થાય ! તારા પિતા વ્રજના રાજા છે. આપણે ઘેર લાખો ગાયો છે. ઘરમાં દહીં-માખણની કંઈ ખોટ નથી. તું આવું કરે છે ને લોકો મને વગોવે છે કે ‘મા કેવી કંજૂસ છે. છોકરાને પૂરું ખાવાનુંયે આપતી નહીં હોય; ત્યારે જ કનૈયો ચોરી કરવાને જાય છે ને !

‘વત્સ ! લોકો મારી આમ નિંદા કરે, તે તને ગમે છે ? તું મારો લાડકવાયો લાલ ! તને મારા માટે લાગણી થતી નથી ? તારે જે જોઈએ તે મારી પાસે માગી લેજે, પણ હવે આવું કરીશ નહીં, હોં ! અરે, તારે

તો શેરીની બહાર જવું ન જોઈએ. ગ્વાલબાલો સાથે ઘર-આંગણામાં જ ખેલ્યા કરે, તો કેવું સારું. લાલ, તું કેટલો બધો રૂપાળો છે; તને કોઈની કરડી નજર લાગી જશે તો ! તું આંગણામાં ખેલે તો હુંયે તને જોતી રહું. તું મને કેટલો બધો વહાલો છે, મારા કાન્હ ! અહીં ખેલવામાં પણ તારે વૃક્ષો પર ચઢવું નહીં. કૂદકા-ભૂસકા મારવા નહીં, ગાયનાં શિંગડાં પકડવાં નહીં, વાગી બેસે તેવું કંઈ કરવું નહીં, તને કંઈ થાય તો મારો તો જીવ જ ઊડી જાય, મારા લાલ !'

કનૈયો પ્રત્યુત્તર આપે છે : 'મૈયા, તને ગોપીઓની વાત ખરી લાગે છે ? હું તો તારા કહેવા પ્રમાણે જ બધું કરું છું. તું દાઊજીને પૂછ, મારા સખાઓને પણ બોલાવીને પૂછી જો. હું માખણ-ચોરી કરવા જાઉં છું જ ક્યારે ! મૈયા ! સવારે તો મેં તૃપ્ત થઈને ભોજન કરેલું હોય છે. પછી ભૂખ ક્યાંથી લાગે કે ચોરી કરવાનું મન થાય ? ગોપીઓ તો ખોટું ખોટું બોલે છે. તારી પાસે મને ઠપકો અપાવીને રાજી થાય છે. મા ! તને એમનો વિશ્વાસ કેમ આવે છે ? એમનું કહેવું તારે કદીયે માનવું નહીં !'

ભોળા દેખાતા કૃષ્ણ, કાલાંઘેલાં વચનો વડે, માતાને રીઝવી દે છે. પોતાની રસાત્મક લીલાઓનું આ રીતે સદાયે ગોપન કરતા રહે છે.

નિત્યપ્રતિ વ્રજસુંદરીઓના ઘરમાં આ રીતે પધારીને તેમને સર્વ સુખ આપે છે. દહીં-માખણ સાથે તેમનું ચિત્ત પણ ચોરી લે છે ને પોતાના સ્વરૂપમાં તેમનો નિરોધ કરે છે. એ નિ:સાધન વ્રજજનો પર આ રીતે અનુગ્રહ કરે છે. સદૈવ આવી રસમય લીલાઓ કરતા જ રહે છે.

◆

૧૫

મોહન જેંવત છાક સલોની

(વનભોજન-છાકલીલા)

ઉષ્ણકાળના દિવસો છે, અને તેમાંય આ તો વ્રજનો ઉનાળો !

સૂર આયો સિર પર છાયા આઈ પાયન તર,
પંથી સબ ઝૂક રહે દેખ છાઁય ગહે રી,
ધંધીજન ધંધ છાઁડ રહે રી ધૂપનકે મિષ,
પશુપંછી જીવજંતુ ચિરિયાં ચૂપ રહે રી.

આવા ગરમીના દિવસોમાં શ્રીનંદરાજકુમાર સખામંડળી સહિત વનભોજન કરે છે - છાક આરોગે છે. કોઈક દિવસ શ્રીગિરિરાજજીની તળેટીમાં ગોવિંદકુંડ પર, તો કોઈ દિવસ શ્યામઢાક નીચે. કોઈ દિવસ શ્રી યમુના-પુલિન પર બંસીવટમાં, તો કોઈ દિવસ કદમખંડીમાં. આસપાસ સખાઓનું મંડળ રચી, ઘેરથી આવેલી સામગ્રી આરોગે છે.

યશોદાજી નંદભવનમાં વિચારે છે : 'ઓહો ! કેટલો બધો દિવસ ચઢી ગયો છે ! મારો લાલ અતિ સુકુમાર છે. ગૌચારણનો શ્રમ કરી, ગ્વાલબાલો સાથે ખેલીકૂદીને વનમાં ભૂખ્યો થયો હશે.'

આ વિચાર આવતાં માતાજી વ્યાકુળ બને છે. પોતાના ઘરમાં સેવામાં સહાયક કુમારિકાઓને બોલાવીને આજ્ઞા કરે છે : 'સખીઓ, રસોઈ તૈયાર છે. તમે જલદી સામગ્રી લઈ વનમાં જાઓ. મારો લાલ ખૂબ ભૂખ્યો થયો હશે. સુંદર સ્થળ જોઈ સામગ્રી મૂકજો.' પોતાના લાલને અતિ પ્રિય એવી સામગ્રીઓ પાત્રોમાં સજાવી તૈયાર કરે છે. કુમારિકાઓ સુંદર વસ્ત્રાભૂષણો ધરે છે. આ મિષે પ્રિયનું મુખદર્શન અને મિલનસુખ પ્રાપ્ત થશે એ વિચારે વનમાં જવાનું તેમને ગમે છે. સખીઓને સામગ્રી સોંપી, યશોદાજી રાધાસહચરીજીને કહે છે : 'કનૈયાને મારું નામ દઈ કહેજો કે ભોજન કરતાં પહેલાં યમુનાજળથી હસ્ત-પ્રક્ષાલન કરજો. વૃક્ષની છાયામાં ગ્વાલબાલો સાથે બેસજો. ધીમે ધીમે આનંદથી આરોગજો. કહેજો કે ઘેર આવવાનું મોડું ન

કરે. મને એની બહુ ફિકર થાય છે. એના વિના મને જરાય ગમતું નથી.' આમ કહેતાં યશોદાજી ગદ્‌ગદ્‌ થઈ ગયાં. પુત્રના સ્મરણથી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

સુંદર વસ્ત્રાભૂષણોમાં સજ્જ કુમારિકાઓ માથે સામગ્રીના ટોકરા લઈ લટકમટક કરતી વનમાં જાય છે. માર્ગમાં વૃક્ષલતાઓ પર ખીલેલાં વિવિધરંગી સુવાસિત પુષ્પોની શોભા નીરખતાં, યમુનાપુલિનના સૌંદર્યને માણતાં, કનૈયાને સાદ કરતાં, શોધતાં આગળ વધે છે. એટલામાં દૂરથી પ્રભુની મોરલીનો નાદ સંભળાય છે. ઘડીભર ભાન ભૂલી સ્તબ્ધ થઈ જાય છે. પછી ઝડપી પગલે એ નાદની દિશામાં આગળ ચાલે છે.

યમુનાતટ પર ઘટાદાર કદંબનાં વૃક્ષોની શીતળ છાયા છે. મનોહર જળપ્રવાહ પરથી મધુર, શીતળ, કુસુમિત સમીરની લહેરો આવી રહી છે. એવી કદંબખંડીમાં લલિતત્રિભંગ સ્વરૂપે પ્રભુ વેણુ વગાડી રહ્યા છે. ત્યાં કુમારિકાઓ આવી પહોંચે છે. પ્રભુના કોટિમન્મથ લાવણ્યમય સ્વરૂપનું દર્શન કરતાં અતિ મોહિત થઈ જાય છે. માર્ગમાં આવતાં આવતાં અતિ ઉન્માદક વાતાવરણમાં પ્રાણપ્રેષ્ઠના અવિરત સ્મરણે સ્નેહસ્રોત તો હૈયે વહેતો જ હતો. હવે પ્રાણનાથને પ્રત્યક્ષ નિહાળતાં સ્નેહસ્રોત સ્નેહનદ બની ઘૂઘવાટ કરવા લાગ્યો. પ્રિય સાથે મન ભરી વિલસવાના મનોરથો મનમાં ઘોળાઈ રહ્યા છે; પરંતુ નારીસહજ લજ્જાવશ ચૂપ રહે છે.

અંતર્યામી વ્રજેશકુમાર કુમારિકાઓના મનની વાત જાણી ગયા. તેઓ કુમારિકાઓને કહે છે :

આગે આઊ રી છકહારી,
જબ તૂ ટેરી તબ હીં ટેર્યો, સુની ન ટેર હમારી. ૧
મૈયા છાક સવારી પઠાઈ તૂ કિત રહી અવારી,
અહો ગોપાલ ગૈલ હીં ભૂલી મધુર બોલન પર વારી. ૨
ગોવર્ધન-ઉદ્ધરણ ધીરસોં પ્રીતિ બઢી અતિ ભારી,
'જનભગવાન' મગન ભઈ ગ્વાલિન તનકી દશા બિસારી. ૩

'હે સખીઓ, આજ તો ત્યાં દૂર આવેલી સુન્હેરાની કદમખંડીમાં જ ભોજન કરવું છે. ચાલો, મારી સાથે. હું તમને એ સ્થળ બતાવું.'

પ્રભુ સખીઓને લઈ એકાંત સ્થળમાં પધાર્યા. વ્રજમનોહર સખીઓના માથેથી ટોકરા ઉતરાવતા જાય છે અને તેમને મનવાંછિત સ્પર્શસુખ આપે છે. સ્વચ્છ સ્થળમાં સામગ્રી પધરાવી, કુંડમાં હાથ ધૂએ છે. પ્રભુ રાધા-સહચરીજી આદિને પૂછે છે : 'કહો, આજે તમે શું લાવ્યાં છો ?' સખીઓ વિવિધ સામગ્રીનાં નામ ગણાવે છે. પ્રભુ માથું હલાવી કહે છે : 'ઊંહું, તમે શું લાવ્યાં છો ?' ગોપીજનો કહે છે : 'પ્રાણેશ, અમે તો અમારું સર્વસ્વ - દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંત:કરણ - લઈને આવ્યાં છીએ. તે બધું આપનું જ છે.' રસેશ રસ-કટાક્ષ કરતાં કહે છે : 'એમ છે ? તો.. તો લાવો, તે મને આપો.' ગોપીઓ પરવશ બની ગઈ.

પ્રભુએ પ્રત્યેક ગોપીના ભાવનું એક એક સ્વરૂપ ધારણ કરી લીધું. આજુબાજુ સઘન પુષ્પકુંજો હતી. અસંખ્ય સુકોમળ પુષ્પો ખરીને સાહજિક રીતે પુષ્પશય્યાઓ રચાયેલી હતી. નાનકડાં જળાશયોના કાંઠે કોકિલા કલરવ કરતી હતી. ત્રિવિધ વાયુ વાતો હતો. સમગ્ર વાતાવરણ ઉન્માદક હતું. ત્યાં પ્રભુએ પ્રત્યેક વ્રજભક્તોના સર્વ પ્રકારના મનોરથો ભલીભાંતિ પૂર્ણ કર્યા. વ્રજભક્તોને નિજાનંદનું દાન કરી, પ્રભુ ગાયો ચરાવતા ગ્વાલબાલો પાસે પધાર્યા અને સૌને બૂમો પાડી બોલાવ્યા.

ગિરિ પર ચઢકે ગિરિધર ટેરે,
અહો ભૈયા સુબલ શ્રીદામા લાઓ ગાય ખિરકતેં નેરે. ૧
ભઈ અવાર છાક કછુ ખાયે કછુ એક ધૈયા પીની સબેરે,
'પરમાનંદ' પ્રભુ બૈઠે શિલા પર ભોજન કરત ગ્વાલ ચહું ફેરે. ૨

નાચતા, કૂદતા ગોપબાળકો રામકૃષ્ણ સાથે પરસ્પર તાળીઓ દેતા ચાલ્યા. ખાખરાનાં મોટાં પાન તોડી પત્રાવલીઓ અને પડિયા બનાવ્યાં. બેસવાનું સ્થળ જળ છાંટી સ્વચ્છ કર્યું. મધ્યમાં બલ-મોહન બિરાજ્યા. આસપાસ મંડળાકારે સખાઓ ગોઠવાઈ ગયા. સખીઓએ બધી સામગ્રી પીરસી. શીતળ જળપાત્રો ધર્યાં. રાધા-સહચરીજી પ્રભુને માતાનો સંદેશો કહે છે. આગ્રહ કરી કરી આરોગાવે છે. સામગ્રીની ખેંચાખેંચ થાય છે.

મોહન જેંવત છાક ગ્વાલમંડલી માંહ,
લુમઝુમ રહી દેખિ રાધા સબ કદંબકી છાંહ. ૧

વ્યંજન દેત નિહારે કર કર કોઉ લેત કોઉ કરત જુ નાँહ,
'નંદદાસ' આશ જૂઠનકી ફૂલે અંગ ન સમાહ. ૨

◆

આજ દધિ મીઠો મદનગોપાલ,
ભાવત મોહિ તિહારો જૂઠો ચંચલ નયન વિસાલ. ૧
આન પાત બનાયે દોના દિયે સબનકો બાંટ,
જિન નહીં પાયો સુનો મેરે ભૈયા મેરી હથેરી ચાંટ. ૨
બહુત દિન હમ બસે કુમુદવન કૃષ્ણ તિહારે સાથ,
ઐસો સ્વાદ હમ કબહુ ન ચાખ્યો સુન ગોકુલકે નાથ. ૩
આપુન હઁસત હઁસાવત ગ્વાલન માનસ લીલારૂપ,
'પરમાનંદ' પ્રભુ હમ સબ જાનત તુમ ત્રિભુવનકે ભૂપ. ૪

ગોપીઓ હવે નંદભવન તરફ પાછી જવા નીકળી છે. મોડું થવાની અને યશોદામૈયા ખીજવાની એમને બીક છે. અહીં સૌ ભોજન કરી પરિતૃપ્ત થાય છે. અચવન કરી, મુખ પોંછી બીડાં આરોગાવે છે.

છાકેં ખાય ખાય ધાય ધાય જાય દ્રુમન ચઢ
ફેંટા મુખ પોંછત અંગોછત હૈં કર કર,
આવરૂદંડાન ડાર ડરાવત જાકી આર રોવની
રુવાય છાંડે હંસે સબ હર હર. ૧
સખા સબ દેત ફૂક એક તો વિરામે દૂક
ખિજોરા ખીજ ગારી દેત કાંપત હૈ થર થર,
'જગજીવન' ગિરિધારી તુમ પર વારી લાલ
યાહી પર રાખો દાવ કૂદે સબ ધર ધર. ૨

◆

બીરી સુબલ શ્યામકો દીની,
બીરી ચતુર સુજાન હાથકી અતિ સુગંધ રસભીની. ૧
બીરી ખાય મગન ભયે મોહન બાત કહત રંગભીની,
'કૃષ્ણદાસ' ગિરિધર છબિ નીરખત અરુઝાયે રસભીની. ૨

ફરી સખાઓ ગાયોની સંભાળ લેવા જાય છે. પ્રભુ વૃક્ષની શીતળ છાયામાં વિશ્રામ કરે છે.

■

૧૬

જેંવત દોઉ રંગભરે

(કુંજભવનમાં ભોજન)

વનમાં વિચરતાં પ્રભુને સ્મરણ થઈ આવે છે : 'અરે, આજ પ્રભાતે શ્રીરાધાજીને વચન આપ્યું છે કે આપની સાથે ભોજન કરવા અવશ્ય આવીશ. ગુંજાવનની નિકુંજમાં પ્યારીજી મારી રાહ જોતાં અકળાતાં હશે. વધુ મોડું થશે તો એ માનુની કદાચ રિસાઈ જશે.' આમ વિચારી પ્રભુ ગાય શોધવાના મિષે એકલા ગુંજાવન પધાર્યા.

ગુંજાવનની મધ્યમાં ગુલાબનાં પુષ્પોની અને ચમેલીની લતાઓની સુંદર નિકુંજ છે. મધ્યમાં વિશાળ જળાશય છે. જળાશયમાં ગુલાબી, શ્વેત અને નીલરંગી કમળો ખીલ્યાં છે. તેમાં હંસયુગલો તરે છે. જળાશયના તટ પર ખસખાનાની સુંદર કુટિર રચી છે. ચંદનથી ભોંય લીંપી છે. ખસખાનામાં ગુલાબ, મોગરો, જૂઈ, જાઈ, ચમેલી, કેતકીનાં ફૂલોની રચના કરી છે. ગુલાબજળનો છંટકાવ કર્યો છે. તેના મધ્યમાં સુખડના સિંહાસન પર કોમળ ફૂલના ગાદી-તકિયા બિછાવ્યા છે. સખીઓ સહિત શ્રીસ્વામિનીજી પ્રભુના પધારવાની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

ત્યાં પ્રભુ પધાર્યા. સૌ નિકુંજના દ્વારે દોડી ગયાં. પ્રિયાજીએ પોતાની શ્વેત સાડીના અંચલથી પ્રભુના મુખારવિંદ પરનો પ્રસ્વેદ લૂછ્યો. પ્રભુએ પ્રિયાજીને ગલબાંહી દીધી. યુગલસ્વરૂપને નિકુંજમાં પધરાવી, સખીઓ રાજભોગ સાજવા લાગ્યાં.

શીતળ સામગ્રીઓ સાજી છે. આમરસ અને રસભાત, શિખંડ અને શિખંડભાત તથા શિખંડપનો, કાચી કેરીનો પનો, ફળોના રસ, લીલા મેવા ધર્યા છે. રસની બરફી, નારંગી, ચીકુ, જાંબુની બરફી, બીજ અને ચારોળીના લાડુ, ખોવાની બરફી, બદામ-પીસ્તાની બરફી, બદામ-કાજુનો મેસુર, ગુલાબજાંબુ અને ગુલાબકાતરી તથા ગુલકંદ ધર્યાં છે. રસનો મોહનથાળ અને બુંદી ધર્યાં છે.

પ્રિયા-પ્રિયતમ બિરાજ્યાં છે. સખીઓ ફૂલના વીંઝણા ઢોળે છે. ચામર અને મોરછલ ઢોળે છે. સારંગી, વીણા, રૂબાબ આદિ વાજિંત્રો સહિત કીર્તન કરે છે. લલિતા, વિશાખા આદિ સખીઓ આગ્રહ કરી યુગલ-સ્વરૂપને આરોગાવે છે. યુગલ-સ્વરૂપ પણ પરસ્પરને મનુહાર કરી, હાસ્ય-વિનોદ કરતાં આરોગાવે છે.

જેંવત શ્રીવૃષભાનનંદિની કાન્હકુંવરકી પરછાઁઈ,
જોઈ જોઈ વ્યંજન ભાવત રુચિસોં, સોઈ સોઈ સબ લલિતા લે આઈ. ૧

હિતસોં જિમાવત મોહન પ્યારો, મધુમેવા પકવાન મિઠાઈ,
અતિ અનુરાગ બઢ્યો જુ પરસ્પર, 'દ્વારિકેશ' બલિ જાઈ. ૨

◆

જેંવત દોઉ રંગભરે,
ચાર ભાઁતકે વ્યંજન આને, ખટરસ રુચિર કરે. ૧

ગોપીજનકે મંડલ રાજત, લોકવેદ બિસરે,
સકલ મનોરથ પૂરક નંદનંદન, પ્રતિપ્રતિ રૂપ ધરેં. ૨

વાસર-કેલિ મુદિત ગિરિધારી, સુખ વિલસત સગરે,
'લાલદાસ' પ્રભુ યહ વિધ ક્રીડત, ભોજન અખિલ કરે. ૩

ભોજન પૂરું થયું. યુગલસ્વરૂપ અચવન કરી, સુખડના સિંહાસન પર ફૂલના ગાદી-તકિયે બિરાજ્યાં છે. પરસ્પરને સુગંધિત બીડી આરોગાવે છે.

લટકિ લાલ રહે શ્રીરાધાકે વર,
સુંદર બીરી સઁવાર સુંદરી હઁસિ હઁસિ જાત દેત મોહન કર. ૧

સખીવૃંદ સન્મુખ ઠાઢી તિનસોં કેલિ કરત સુંદર વર,
જ્યોં ચકોર ચંદાતન ચિતવત ત્યોં આલિ નીરખત ગિરિવરધર. ૨

કુંજકુટિર ઔર વૃંદાવન બોલત મોર કોકિલા તરુ પર,
'પરમાનંદ' સ્વામી મનમોહન બલિહારી યા લીલા છબિ પર. ૩

◆

૧૭

બૈઠે હરિ રાધ સંગ કુંજભવન અપને રંગ

(રાજભોગ દર્શન)

રાજભોગ આરોગી ચૂકેલાં યુગલ-સ્વરૂપને હવે સખીજનો ચંદન ધરાવે છે. મલયચંદન ઘસી તેમાં બરાસ, કેસર, ગુલાબનું અત્તર ભેળવ્યું છે. પ્રભુના શ્યામ અંગ પર પીત ચંદન શોભે છે. પ્રિયાજીના ચંપક તન પર મલય ચંદન રાજે છે. પ્રાણેશને ફૂલની પરધની અને ફૂલનો સહેરો ધરાવ્યો છે. ફૂલનાં વિવિધ આભૂષણો ધર્યાં છે. પ્રિયાજીને પુષ્પની કંચુકી, લહેંગો અને સાડી ધરાવી છે. આભૂષણો પણ પુષ્પનાં જ ધર્યાં છે.

નિકુંજમાં ખસની રાવટી રચી, તેમાં ફૂલમહેલ સિદ્ધ કર્યો છે. સુગંધિત ગુલાબજળથી શીતળ ભૂમિ પર સુખડના સિંહાસન પર પુષ્પના ગાદી-તકિયે યુગલસ્વરૂપ બિરાજે છે. બાજુમાં સુગંધિત શીતળ જળના ઝારીકુંજા, પાનનાં બીડાંની તાસક, ગુલાબદાની અને અત્તરદાની, ચંદન ભરેલો બંટો, વેણીઓ અને પુષ્પમાળાઓની તાસકો ગોઠવી છે.

સન્મુખમાં પાટ પર ચોપાટ બિછાવી છે. આજુબાજુ ગાદી-તકિયા બિછાવ્યા છે. પિય-પ્યારી ચોપાટ ખેલે છે. હાસ્ય-વિનોદ ચાલે છે.

બાજુની સઘન કુંજમાં શય્યા-મંદિર બનાવ્યું છે. ગુલાબજળ અને ગુલાબના અત્તરના ફુવારા ચોમેર છૂટે છે. વચમાં ફૂલનો હિંડોળાખાટ બાંધ્યો છે. તેના પર સુકોમળ ગાદી બિછાવી છે. મલમલની અતિ શ્વેત ચાદરો બિછાવી છે. ઓશીકાં અને ગાલમસૂરિયાં ગોઠવ્યાં છે. શય્યાની બંને બાજુ વિવિધ સાહિત્ય છે. શીતળ જળના ઝારીકુંજા, પાનનાં બીડાં, મીઠાઈના બંટા, પુષ્પમાળા અને ચંદનના થાળ, પુષ્પના પંખા બધું સુંદર રીતે સાજેલું છે. શય્યા-મંદિરમાં પધારવાના માર્ગમાં લાંબી સુકોમળ ગાદી બિછાવી છે.

આવા સુખદ ઉસીરગૃહમાં બિરાજતા યુગલસ્વરૂપની પ્રસન્નતા માટે સખીઓ સારંગ રાગ આલાપે છે. વાજિંત્રો વાગે છે :

સિર સહેરો બન્યો અતિ નીકો,
પીત પિછોરા ઉર ચંદનખોરા, દુલ્હે ભાનલલીકો. ૧

મંગલ જશ ગાવત જુવતીજન, આરતી કરત મનહીકો
'પરમાનંદ' જશોદા મૈયા દેત બધૈયા સબહીકો. ૨

◆

સીતલ ઉસીરગૃહ છિરક્યો ગુલાબનીર
તહાઝ બૈઠે પિય-પ્યારી કેલિ કરત હૈં,
અરગજા અંગ લગાય કપૂર જલસોં ચુવાય,
ફૂલનકે હાર ઉર આછે દરસત હૈં. ૧

સીતલ સામગ્રી ધરાય સીતલ ઝારી ભરાય,
સીતલ પાન મુખ બીરા રસત હૈ,
સીતલ સજ્જા બિછાય ખસકે પરદા લગાય,
'ગોવિંદ' તહાઝ બારબાર છબિ નીરખત હૈ. ૨

શ્યામસુંદર રસભર્યા કટાક્ષો કરે છે, મીઠું મધુરું હસે છે અને સૌનાં ચિત્તને શીતળ કરે છે. રસીલાં દર્શન દ્વારા સ્વરૂપાનંદનું દાન દઈ રહ્યા છે. પછી શ્રીસ્વામિનીજીના સંકેત પર વ્રજવલ્લભ શય્યા-કુંજમાં પધારવા તત્પર થયા છે. *'ઘૂમત આવત રતિરન જીતે કરિણી સંગ ગજવર ગિરિધારી.'* એવાં યુગલસ્વરૂપ શય્યા-મંદિરમાં પધારે છે. સખીજનો છે ત્યાં જ રહીને લીલાગાન અને રસવાર્તા કરે છે. કોઈક કૌતુકવતી લાગ જોઈને, જલ-રંધ્રમાંથી પ્રભુની એકાંતિક લીલાનું અવલોકન કરે છે અને મનને તૃપ્ત કરે છે. અન્ય સખીજનો મનથી પ્રભુ સાથે આંતર-રમણનો અનુભવ કરે છે.

◆

૧૯

હરિ-દરસનકો તરસત અઁખિયાઁ

(અનોસર સમય)

કેટલાંક વ્રજભક્તો કુટુંબીજનોના લૌકિક અંતરાયોને કારણે પ્રભુ પાસે વનમાં જઈ શકતાં નથી. તેઓ ઘરમાં રહ્યાં રહ્યાં, પ્રભુ-વિયોગથી અતિ વ્યાકુળ છે. ઘરકામમાં તેમનું ચિત્ત લાગતું નથી. તેમનું તન ઘરમાં છે, પણ મન પ્રભુ પાસે વનમાં પહોંચી ગયું છે. તેઓ મન દ્વારા પ્રભુની વનલીલાઓનું ચિંતન કરે છે. એમને એમ જ લાગે છે કે જાણે એમની દૃષ્ટિ સમક્ષ જ પ્રભુની સઘળી લીલા ન થઈ રહી હોય ! તેના પરિણામે તેમનું ચિત્ત ઘડીભર પ્રાણેશનું મિલન-સુખ પણ અનુભવે છે. ભગવત્ કૃપાથી, વનમાં ચાલી રહેલી લીલા જ તેમના મનમાં સ્ફુરિત થાય છે અને તે લીલાનું તેઓ ચિંતન કરે છે.

'જુઓ, પ્રાણેશ જમુનાતટ પર આવી પહોંચ્યા છે... હસ્તમાં બંસી અને લકુટી ધારણ કરી છે... કદંબવૃક્ષના સહારે લલિત ત્રિભંગ-મનોહર સ્વરૂપે બંસી બજાવે છે... બંસરીના મધુર સૂરોથી આકર્ષાઈ ગાયો ત્યાં દોડી આવી છે... મોંમાં તૃણાંકુરો અર્ધાં રહી ગયાં છે... પેલી હરિણીઓ પણ દોડતી પ્રભુ પાસે આવી પહોંચી છે !'

પ્રભુનાં દર્શન વિના પાછું મન વિહ્વળ થતાં તે ગાય છે :

હરિ-દરસનકો તરસત અઝખિયાં,
ઝુક ઝુક ઝાઝખ-ઝરોખન ઝાઝકત કરી મીડત જૈસે મઝખિયાં. ૧

બિછુરી સ્વરૂપ સુધાનિધિતેં તબતેં લાગત પલ નહીં પઝખિયાં,
ઊઠ ન સકત ગિર ગિર પરતિ હૈં થકિત ભઈ લખ સખિયાં. ૨

બાર બાર સિર ધુન ધુન ઝૂરત જૈસે જલ બિન ઝખિયાં,
'સૂર' સ્વરૂપ બિના ક્યોં જીવેં કાટ કિનારે નખિયાં.' ૩

વળી, તેનું મન વનમાં પહોંચી જાય છે : 'જુઓ, શ્રીનંદનંદન કૂદકા મારતા શ્રીગિરિરાજજી પર પધારે છે. સૌથી ઊંચા શિખર પર ચઢ્યા છે.

દૂર દૂર ચરતી ગાયોને નિહાળે છે. પોતે ધારણ કરેલી મણિ-માળાના મણકા વડે પોતાની ગાયોને ગણે છે.

'કેવો મનોહર મલ્લ-વેષ ધારણ કર્યો છે ! મુકુટમાં રહેલ મયૂરપિચ્છ પવનમાં કેવો ફરફરે છે ! પ્રાણનાથનાં કમળલોચન કેવાં મદભર્યાં ઘૂર્ણાયમાન લાગે છે ! કપોલ પર મોતીસમાં પ્રસ્વેદ-બિંદુ અને કુંડળની કાન્તિ કેવાં ઝળકે છે ? ઉન્નત શ્યામ ગિરિ પર ઘનશ્યામ કેવા શોભી રહ્યા છે ! લો... પ્રભુ તો હવે નીચે પધાર્યા... નૂપુર અને કટિમેખલાની ઘૂઘરીઓ કર્ણ-મધુર રવે રણકી ઊઠી. પીતાંબરનો અંચલ વાયુ સાથે ફરકે છે ! ગોવિંદકુંડ તરફ ગેડીદડા રમવા દોડી જતા એ નટખટ નટવર આંખ સામેથી અદૃશ્ય થઈ ગયા !' સખી, વાત તો સાચી લાગે છે કે :

પ્રીતિ કરિ કાહુ સુખ ન લહ્યો,
પ્રીતિ પતંગ કરી દીપકસોં આપનો અંગ દહ્યો. ૧

અલિસુત પ્રીતિ કરી જલસુતસોં સંપુટમાંઝ રહ્યો,
સારંગ પ્રીતિ કરી સારંગસોં સનમુખ બાન સહ્યો. ૨

હમહું પ્રીતિ કરી માધોસોં ચલત ન કછુ કહ્યો,
'સૂરદાસ' સ્વામી તેં બિછુરે નૈનન નીર બહ્યો. ૩

'ચાલ જીવ, ગોવિંદકુંડ તરફ જઈએ... આ વૃક્ષની ઓટમાંથી દર્શન થાય છે... ગેડીદડાની રમત બરાબર જામી છે ! નંદનંદન વિજયોન્માદથી કૂદે છે, હસે છે, તાળીઓ પાડી કિકિયારીઓ કરે છે ! શ્યામસુંદર ખેલવાના ભારે રસિયા છે !

'લો, એટલી વારમાં તો બપોરે થઈ ગયા ! ગોવિંદકુંડ પાસેનાં પલાશ વૃક્ષોની સઘન છાયામાં સૌ વિશ્રામ કરે છે. ગ્વાલબાલોની આંખો મીંચાયેલી જોતાં ચૂપકીથી આ ચિત્તચોર ઊઠી આમ ક્યાં ચાલ્યા ? અરે, આમણે તો કુસુમવનની વાટ પકડી ! ઓહ ! એ તો પ્રિયાજીને સુખદાનાર્થે પધારી રહ્યા છે... અમે પણ એ કુંજોમાં જઈ શક્યાં હોત તો ! હે વિધાત્રી, તેં અમારું આવું દુર્ભાગ્ય કેમ નિર્માણ કર્યું ? હે વિધાત્રી, તને ક્યાંથી ખબર હોય કે—

જા દિન પ્રીત સ્યામસોં કીની,
તા દિનતેં મેરી અઁખિયનને નેકહુ નીંદ ન લીની. ૧

ચઢ્યો રહત ચિકચાક સદાઈ યહૈ વિચાર દિન જાય,
મનમેં રહત ચાહ મિલનકી ઔર કછુ ન સુહાય. ૨

'પરમાનંદ' પ્રેમકી બાતેં કાહુસોં નહીં કહિયે,
જૈસે વૃથા ભૂખ બાલકકી અપને જિયમેં સહિયે. ૩

'અરી, જરા ઝટ પગ ઉપાડ, તારાં ભાગ્ય ખૂલી ગયાં. પેલી નિકુંજના દ્વારેથી પરમાનંદ તને જ બોલાવે છે... અહા ! ધન્ય દિવસ, ધન્ય ઘડી ! હવે ત્રિભુવનમાં કયું સુખ બાકી રહ્યું ?' સમગ્ર ચિત્ત-તંત્ર એમાં તન્મય થઈ જાય છે ! વિવિધ રસ-વિલાસનો અનુભવ થાય છે. કેટલો સમય વીત્યો તેનું પણ ભાન નથી.

'પણ આ શું ? આ કોલાહલ કોનો ?... અરે, આ તો નંદનંદનના સખાઓ ! સમય થયો... ઘેર જવા બૂમો પાડે છે... કૃષ્ણને શોધે છે !...'

વ્રજભક્તોનો આંતરઆનંદ તિરોભાવ થાય છે... ફરી પાછી વિરહિણીઓ બને છે ! ઘરની બારી બહાર જુએ છે. સૂરજ નમ્યો છે.

'હવે તો પ્રાણેશ ખરેખર ઘેર પધારશે' એમ વિચારતાં થોડું આશ્વાસન લે છે. ઘડીમાં અંદર તો ઘડીમાં બહાર, અધીર-અનિમેષ નેત્રે પ્રાણેશને પધારવાની માર્ગ-પ્રતીક્ષા કરી રહ્યાં છે. સંધ્યાનો મનોહર સમય છે. પ્રિયમિલનની આશા બંધાતાં સ્મરવેગ દ્વિગુણિત બન્યો છે. મનથી તો સુખ લીધું. હવે નયનથી નીરખીને, મળીને એ સુખાનુભવને પ્રત્યક્ષ કરવો છે.

લાગ મળે તો પ્રિયતમને ખિરકમાં મળવું છે. એ ન બને તો નંદભવનમાં જ મળી લેવું છે. રજની-મિલનના સેન-સંકેત કરવા છે. કયા કયા મિષે ઘર બહાર જવું તે વિચારમાં ખોવાઈ ગયાં છે.

■

૧૯

ઘર જૈવેકી ભઈ હૈ બિરિયાઁ

(ઉત્થાપન)

કુંજભવનની પુષ્પ-શય્યામાં યુગલ-સ્વરૂપ પોઢેલાં છે. સંયોગસુખનો લાંબો સમય પણ અલ્પ બની જાય છે. ચિરકાળપર્યંતના રતિ-રમણના અતિશ્રમથી પ્રિયા-પ્રિયતમ સહજ નિદ્રાવશ થયેલાં છે.

કુંજ બહાર બેઠેલાં સખીજનો વિચારે છે : 'હવે સાંજ નમવા આવી છે. ઘેર પાછા પધારવાનો સમય થયો છે. યુગલસ્વરૂપને હવે જગાવવાં જોઈએ.' ઘેર જવા અધીરી બનેલી ગાયોના ગળામાં લટકતા ઘૂઘરા રણકી ઊઠ્યા છે. ગોપીજનોના કંઠમાંથી મધુર ગાન પ્રકટે છે :

> સુબલ શ્રીદામા કહ્યો સખનસોં અર્જુન શંખ બજૈયે,
> ઘર જૈવેકી ભઈ હૈ બિરિયાં શ્રીગિરિધરલાલ જગૈયે. ૧
> ઠૌર ઠૌર તે મધુર ધુનિ બાજે મધુર મધુર સ્વર ગૈયે,
> કુંજસદન જાગે નંદનંદન, મુદિત બીરા ફલ લૈયે. ૨
> હરિદાસવર્યકે પૂરે મનોરથ, ગોકુલ તાપ નસૈયે,
> લટકત આવત કમલ ફિરાવત 'પરમાનંદ' બઢૈયે. ૩

લલિતાદિક અંતરંગ સખીઓ વિનંતી કરે છે : 'હે રાધેશ ! હે વૃષભાનદુલારી ! હવે બહાર પધારો. ગ્વાલબાલ અને અમે સૌ આપની રાહ જોઈએ છીએ. સમય વિશેષ થઈ ગયો છે.'

પ્રિયા-પ્રિયતમ કંઈક જાગે છે, કંઈક નિદ્રિત છે. રસની અતિશયતાને લીધે તેઓ સંમોહિત થયેલાં છે, બાહ્ય અનુસંધાન રહિત છે. શ્રીરાધાના હસ્ત સાથે પ્રિયતમના હસ્ત જોડાયેલા છે. પ્રભુ હવે વિશેષ જાગૃતિમાં આવે છે. તેઓ રાધામુખચંદ્રને ચકોરની જેમ નીરખી રહ્યા છે અને ચૂમી રહ્યા છે.*'રાધા-અધરસુધા વિના પિયુને બીજું તે કંઈ નવ ભાવે રે.'* શ્રી સ્વામિનીજી શય્યામાંથી ઊઠી પ્રિયતમનો હસ્ત ગ્રહી ઉઠાડે છે. પરસ્પર ગલબાંહી દઈને યુગલસ્વરૂપ નિકુંજને દ્વારે પધારે છે. સખીજનો રસવશ યુગલને નેન ભરી નીરખવા ક્યારનાં અધીરાં બન્યાં છે. જુઓ છે તો, મંદમંદ હસતું મનમોહનનું મુખારવિંદ છે. પ્રિયાજીના મુખારવિંદ પર સહજ લજ્જાની રક્તિમા વ્યાપેલી છે. બંનેના કેશની લટો ફૂલ પર ઊડતા ભ્રમરોની જેમ ઊડી રહી છે. અધર પર અંજન, કપોલ પર પિકરસ, પીઠ પર કંકણ-છાપ, ઉર પર કુંકુમ ને વીખરાયેલી માળાઓ - આમ યુગલ-સ્વરૂપ રતિચિહ્નોથી વિભૂષિત છે. ઉભયના વસ્ત્ર-શૃંગાર પણ કંઈક ઊલટ સૂલટ છે.

હજુ નયનોમાં આળસ ભરેલું છે. અંગોમાં શિથિલતા છે. ધીરે ધીરે મત્ત ગજયુગલની જેમ ચાલે છે. કામ-વિવશ સ્વરૂપની શોભા અનેરી છે. સખીઓ પોતાનાં પ્રાણાધિક સ્વરૂપોને વીંટળાઈ વળે છે. કર ગ્રહી પાસેની કુંજમાં આસન પર પધરાવે છે. પ્રભુને રસમય કટાક્ષોથી નીરખે છે. પ્રભુ હાસ્યમય અવલોકનથી તેમનાં નયનોને તૃપ્ત કરે છે. કોઈ પંખો કરે છે, કોઈ યુગલસ્વરૂપને મુખપ્રક્ષાલન કરાવે છે, કોઈ શીતળ જળનું પાન કરાવે છે.

ત્યાં તો વનદેવીઓ-પુલિંદીઓ શ્રીગોવર્ધન પાસેથી વિવિધ મિષ્ટ ફળો તથા કંદમૂળાદિ લઈને આવી પહોંચે છે. પ્રભુને નજીકથી નીરખવાનું એમનેય બહુ ગમે છે; પરંતુ પોતાની જાતિની અયોગ્યતા વિચારતાં, દીનતા સહિત, દૂર ઊભાં રહીને દર્શન કરે છે. દર્શન કરતાંમાત્રમાં તો પ્રિયના અંગસ્પર્શના સુખ અર્થે આતુર થાય છે. તેની તૃપ્તિ કરવા પ્રાણેશનાં પદકમલના કુંકુમને ધરતી પરથી પોતાને હાથે લૂછી લઈ, પોતાની છાતી પર, આંખે લગાવે છે. આમ કરતાં, તેઓ જાણે સાક્ષાત્ આલિંગન સુખ મળી રહ્યું હોય તેવું અનુભવે છે. આંતરિક મિલનનો એવો છે અવનવો રસાનુભવ ! *'વનદેવી પદ-કુમકુમ મુખસુખ પરસે રંગ વિશેષજી.'*

પુલિંદીઓનાં લાવેલાં ઉત્તમ ફળોને શુદ્ધ કરી, સિદ્ધ કરી સખીજનો યુગલ-સ્વરૂપને આરોગાવે છે. પ્રભુ સૌને પોતાનું અધરામૃત ફળ આપે છે. પ્રભુ પોતે જ ફળરૂપ હોવા છતાં, ભક્તોએ પ્રેમથી આણેલાં ફળોનો સહર્ષ અંગીકાર કરે છે. એ ફળોને મિષે પોતાની અધરસુધાનું ફળરૂપ ફળદાન સખીજનોને આપે છે.

આ બાજુ શ્રીબળદેવજી ગ્વાલબાલો સહિત પ્રભુને શોધવા કુંજેકુંજે વિહ્વળ બની ફરી રહ્યા છે. પ્રભુ પણ પ્રિયાજી અને સખીઓથી વિદાય લઈ શ્રીગિરિરાજ પ્રતિ પધારી રહ્યા છે. માર્ગમાં જ બધાં મળે છે. શ્યામ બળરામને સમજાવી લે છે અને સૌ મળી શ્રીગોવર્ધન તરફ આવે છે.

■

૨૦

અંતરંગ મિત્ર સાથે અંતરની વાતો

શ્રીનંદનંદન પણ હવે વ્રજમાં પધારવા માટે આતુર થઈ રહ્યા છે. ગોપબાળકોને કહે છે : 'મિત્રો, હવે શીઘ્ર તૈયારી કરો, ઘણું મોડું થઈ ગયું છે. યશોદાજી-રોહિણીજી અમારી રાહ જોતાં, ચિંતાતુર થતાં હશે. અમારા પર એમનો કેવો વાત્સલ્યભાવ છે ! એ જ રીતે આ ગાયો એમનાં વાછરડાંને મળીને પયપાન કરાવવા આતુર થઈ રહી છે. વાછરડાં પણ ઘેર અધીરાં થયાં હશે, માટે જલદી ચાલીએ.'

ગ્વાલબાલો તૈયારી કરવા લાગે છે, ત્યારે પ્રભુ પોતાના અંતરંગ સખા શ્રીદામાને પાસે બોલાવે છે અને તેના કાનમાં કંઈક કહીને, તેનો હાથ પકડીને બાજુની એકાંત કંદરામાં લઈ જાય છે. ત્યાં મિત્ર પાસે પોતે પોતાના હૃદયનો ઊભરો ઠાલવે છે : 'પ્રિય શ્રીદામા ! ઘેરથી નીકળે કેટલો બધો સમય વીતી ગયો ! હજુ પાછા પહોંચતાં કેટલો સમય લાગશે ! મારું મન લાગણીઓના આવેગથી ક્ષુબ્ધ થઈ રહ્યું છે ! એ આવેગને હું સહી શકતો નથી. હૃદયનો ભાર હળવો થાય, માટે તને કંઈક કહેવું છે. તારે એ તારા હૃદયમાં જ રાખવું, કોઈને કહેવું નહીં.

'ભાઈ શ્રીદામા ! મને ઘરમાં રોકાઈ રહેલાં ગોપીજનો યાદ આવી રહ્યાં છે. એમની સ્મૃતિ મને સતાવી રહી છે. એમનો કેવો અગાધ પ્રેમ છે. મિત્ર ! વ્રજની ગોપીઓ છે તો ઘરબારી, પણ એમના અંતરની લગની તો મારામાં જ લાગી રહી છે એ વાત હું સારી રીતે જાણું છું. હું જ્યારે વનમાં આવું છું, ત્યારે તેઓ મારે માટે ઝૂરે છે. કામકાજ છોડીને, ભેગાં થઈને મારી વાતો ને મારું જ ચિંતન કર્યા કરે છે. ગૃહસ્થ છતાં વિરક્ત જેવાં બની રહે છે. એમની લોકલજ્જા ને કુલકાન મારા સ્નેહને લઈને છૂટી જાય છે. એ પ્રેમઘેલાં બની જાય છે. મારા અર્ધા દિવસના વિયોગમાં તો એમને કંઈ કંઈ થઈ જાય છે. વિરહથી દીન, અધીર બને છે. મારું જ ધ્યાન કરતાં, મારામાં તન્મય થઈ જાય છે. કોઈવાર તો દિગ્મૂઢ કે મૂર્છિત પણ થઈ જાય છે.'

શ્રીદામા કહે છે : 'કૃષ્ણ ! અમને પણ તારામાં સ્નેહ તો છે જ, પણ આવું બધું તો ક્યારેય થતું નથી !'

'સખે ! ક્યારનાંય તે મારી રાહ જોઈ રહ્યાં હશે. એમની દૃષ્ટિ મારા પધારવાના માર્ગમાં જ લાગેલી હશે. દૂરથી પણ બંસરીનો નાદ સાંભળવા એમના કાન એકાગ્ર થઈ રહ્યા હશે. મારા મિલનની આશામાં જેમ તેમ કરીને, પ્રાણ ધારણ કરી રહ્યાં હશે. નહીંતર એ તો વિયોગમાં પ્રાણ છોડી દે, હોં ! પોતાના પ્રાણથીયે અધિક પ્રિય તેઓ મને માને છે ! મારા અંતરંગ! વાત એ છે કે સર્વ ગોપીઓમાં પણ અત્યંત પ્રિય એવી રાધામાં તો, મારું મન સતત આસક્ત રહે છે. એને પણ મારામાં કેવો અદ્ભુત સ્નેહ છે !

'મિત્ર શ્રીદામા ! રાધા મારા હૃદયનો આધાર છે, શૃંગાર છે. રાધા મારો પ્રાણ છે, જીવન છે, જન્મનું ફળ છે. મારાં નેત્ર એ જ છે ! હું અહીં છું પણ મારા મનથી તો એને જ જોઉં છું, એનો જ મધુર સ્વર સાંભળું છું, એના મુખકમળની માદક સુવાસ લઉં છું. જે કંઈ આરોગું તે એના અધરામૃતના સ્વાદવાળું બની જાય છે ! પ્રત્યક્ષ ન હોવા છતાં હું એનું આલિંગન-સુખ અનુભવી રહ્યો છું. ભાઈ ! મારી અંદર, આગળ, પાછળ મને એ જ ભાસે છે. ઊઠતાં, બેસતાં ને સૂતાં મને એ રાધા જ દેખાયા કરે છે ! હું તને કેટલું કહું ? અને મિત્ર ! એના અસાધારણ સૌન્દર્ય-સ્વરૂપની તો તને શી વાત કહું ! જાગ્રતિમાં, સુષુપ્તિમાં ને સ્વપ્નમાં પણ હું રાધાને જ જોઉં છું. મારી નજર આગળથી એ ક્ષણમાત્ર પણ દૂર થતી જ નથી. ખાતાં-પીતાં પણ એ જ યાદ આવે છે. અરે, જાણે પાસે આવીને જ ન ઊભી હોય, એવું લાગે છે ! એને જમાડ્યા વિના હું જમતો નથી, પાયા વિના કંઈ પીતો નથી. પ્રત્યેક પદાર્થમાં એના અધરામૃતનો જ સ્વાદ મને આવે છે. હું ચાલું છું, ત્યારે જાણે એ મારી સાથે ચાલે છે, બેસું ત્યાં જાણે સાથે આવીને બેસે છે!

'મને લાગે છે, ત્રિભુવનમાં એ ચંદ્રવદની સમાણું રૂપ કોઈનુંય હોઈ શકે જ નહીં ! મનોહર હંસગતિથી એ ચાલતી હોય ત્યારે એનાં નૂપુરનો નાદ કેવો કર્ણ-મધુર લાગે છે ! મેંદી મૂકેલા પગની પાનીઓ, તેના પર ઝૂલતી મનોહર ચણિયાની ઝૂલ, સુવર્ણ-મેખલાની ઘમકતી ઘૂઘરીઓ, વક્ષ-સ્થલ પર લટકતા મોતીના હાર ને રત્નના પદકો; શ્યામ કંચુકી પર રેશમી

સાડીનો લહેરાતો પાલવ; કરમાં કાચનાં કંકણ ને રત્નજટિત બંગડીઓ, બાંહે બાજુબંધ ને અંગઅંગમાં હીરા-મણિ-માણેક-નીલમ ને પન્નાનાં આભૂષણો; ગજમોતીનું નકવેસર, મયૂરાકૃતિ કુંડલો, સેંથામાં શીષફૂલ ને ભાલે કસ્તૂરીની બિંદી. શી અદ્ભુત છટા ! એની ચંપકવરણી કાયા પર આ બધું કેવું અનુપમ શોભી રહે છે! કેટલું કહું ? એના શ્યામ મેઘ સમાન કેશપાશમાં ગૂંથેલો પુષ્પ-સમૂહ તેમજ સુવર્ણ-મુક્તાની ઝુલણિયોની શોભા તો સાચે જ અવર્ણનીય છે, હોં ! અને મસ્તક પર ઓઢેલા ભાતીગળ, બારીક, પારદર્શક વસ્ત્રની નીચે એનું વદન-કમળ કેવું નયનરમ્ય લાગે છે, અહા !’

‘ભાઈ, હવે જવાનું મોડું થાય છે, એ ખબર છે ને ?’ શ્રીદામાથી કહેવાઈ ગયું અને કૃષ્ણ બોલ્યા : ‘ભાઈ શ્રીદામા, રાધાની વાતમાં તો હું એ ભાન પણ ભૂલી ગયો ! ચાલ હવે, ચાલતાં ચાલતાં કંઈક વાતો કરી લઈએ. અહીંથી તો બધા જતા રહ્યા હશે ને ?’ બંને મિત્રો ચાલવા લાગ્યા.

‘શ્રીદામા ! રાધાનો મારામાં કેટલો સ્નેહ છે ! એના સ્નેહથી તો હું જાણે વેચાઈ ગયો છું, એનો દાસ બનીને જ રહું છું. એ સાથે હોય ત્યારે જ હું પૂર્ણ બનું છું. એના વિના, મારા મનથી તો હું અર્ધો અર્ધો જ થઈ જાઉં છું. ભલે બીજા કોઈને એ ન દેખાતું હોય !’

‘હવે, મને તો એ દેખાવા લાગ્યું જ છે. મિત્ર, આપણા બંનેના દેહ ભલે જુદા છે; પણ મન તો એક જ છે ને ! તને દેખાય તે મને કેમ ન દેખાય? ચિંતા ન કર. તારી વાત સાચી જ માનું છું, બસ !’ શ્રીદામા બોલ્યો.

‘મિત્ર ! તું મને કહે કે રાધા હવે મને પ્રત્યક્ષ નીરખવા ક્યારે મળશે? એના સુકોમળ કર-કમળનો સુખદ સ્પર્શ હું ક્યારે પામીશ ? એના વદન-સરોજની સૌરભથી મારા મન-ભ્રમરને મસ્ત ક્યારે બનાવીશ ? અરે, એનું આલિંગન, એના અધરામૃતનું પાન...’

‘બંસ, બસ, ભાઈ ! હવે બહુ થઈ ગયું. જેટલી તું વધારે વાતો કરીશ; એટલો જ એમાં વિલંબ. જો સાંભળ, શિંગડીઓના અવાજ આવે છે. આપણી શોભાયાત્રા ઊપડવાની તૈયારી થઈ ગઈ લાગે છે. ઝટ પગ ઉપાડ, જોઉં ! શ્રીદામાએ સૂચવ્યું અને બન્ને મિત્રો ગાયોના ધણની દિશામાં સત્વર આગળ વધ્યા.

■

૨૧

ગૃહગમન

શ્રીકૃષ્ણ અને શ્રીદામા જુએ છે તો અસંખ્ય ગાયો આતુર થઈને ઊભી છે. એમના શરીર પર ગેરુનાં ચિત્રો છે. મોરપિચ્છની પટ્ટીઓ અને મણકાવાળાં આભૂષણો ગાયોને શોભાવી રહ્યાં છે. સોને મઢેલી શિંગડીઓ અને રૂપે મઢેલી ખરીઓ છે. ગોપબાળકો પણ શણગારેલા સજ્જ થઈને ઊભા છે. સૌથી આગળ બળવાન સશસ્ત્ર ગોપો સહાય માટે ઊભા છે. તેમની પાછળ બળદેવજી અને સખાઓ છે. શ્રીકૃષ્ણ અને શ્રીદામા ત્યાં સામેલ થઈ ગયા. ચારે બાજુ ગાયો જ ગાયો ! ગણી ગણાય નહીં એટલી, હૃષ્ટપુષ્ટ ને મદોન્મત્ત ! કેટલીક દૂધથી ભરેલાં આંચળવાળી, પીઠ પર ઓઢાડેલાં પીતાંબરવાળી; કોઈ નાની, કોઈ મોટી, વિવિધ રંગોવાળી, જાતજાતના અવાજો કાઢતી, પગનાં ઝાંઝરો ઝણકાવતી ગાયો ચાલી રહી છે.

ગોપબાળકો નાચતા-કૂદતા, ગાતા-બજાવતા, ગાયોની પાછળ ચાલે છે. એમનાં અંગ પણ ગેરુથી ચીતરેલાં છે. ખભા પર આડી લાકડીઓ રાખી છે, તે બે હાથે પકડેલી છે. કોઈ વળી શિંગડીઓ ફૂંકે છે. ઘડીકમાં ચાલે છે તો ઘડીકમાં દોડે છે. એ સૌની વચમાં શ્રીકૃષ્ણ અદ્ભુત વેષવાળા શોભી રહ્યા છે. વન-કુસુમોનાં આભૂષણ ધરેલાં છે. ચરણ સુધી ઝૂલતી વનમાળા છે, મનોહર મલ્લ-વેશ છે. વદન અને અલકાવલી ગૌરજથી આચ્છાદિત છે. જમણા હસ્તમાં વેત્ર છે. વામ હસ્તમાં લાંબી દાંડીવાળું પ્રફુલ્લિત કમળ છે. રમત કરતાં કરતાં કમળને ગોળ ગોળ ફેરવે છે. વનમાળા પર મંડરાતા ભ્રમરોને એ કમળ વડે ઉડાડે છે. ખુલ્લાં ચરણના સ્પર્શથી વ્રજભૂમિના તાપને મટાડે છે.

માર્ગમાં વૃક્ષો ફળભારથી નીચે નમેલાં છે, તે જાણે પ્રભુને વંદન કરી રહ્યાં છે. પ્રભુ એ તરુ-પલ્લવોને સ્પર્શ-સુખ આપતાં પધારે છે. એને લપટાયેલી વેલીઓ પરથી કોઈ કોઈ સુંદર પુષ્પ તોડતા જાય છે. વળી, ઘડીકમાં શ્રીદામાના ખભા પર હસ્ત મૂકે છે. હસ્ત અને મસ્તકના ડોલન દ્વારા વિવિધ હાવભાવ કરે છે. માર્ગની કુંજ- નિકુંજોની શોભાને નીરખતા

જાય છે; જ્યાં પ્રિય રાધા સાથે પ્રથમ મિલન થયેલું તે નિકુંજની પાસે આવતાં, પ્રિયાજીનું સ્મરણ થતાં, વિશેષ ભાવવશ બની જાય છે. ક્ષણવાર નેત્રો મીંચાય છે, જાણે એમાં ઘેન ન ભરાતું હોય ! મિત્ર શ્રીદામાને સાનમાં એ કુંજ બતાવી દે છે.

આમ, સંધ્યા-સમયે મૂર્તિમાન મન્મથસમા શ્રીકૃષ્ણ પાછા સ્વગૃહે પધારે છે, ત્યારે લાવણ્યરૂપી સુધા-સરિતાની લહરીઓ મુખ પર લહેરાઈ રહી છે; જે અપૂર્વ શોભા પ્રગટ કરે છે. જેમ જેમ નિકટ પધારે છે, તેમ તેમ પ્રિયા-મિલનની અધીરતા વધતી જાય છે. ગોપીજનોની સ્મૃતિથી મુખકમળ પ્રફુલ્લિત થાય છે. હવે ગાયોના સમૂહ સાથે સૌ ગોકુળની સીમાપર્યંત આવી પહોંચે છે.

◆

૨૨

વ્રજવનિતા સંવાદ

(ભોગસમય)

ઘડીભર અહીં ઊભા રહીને પ્રભુ ઉચ્ચ સ્વરે મનોહર મુરલીનાદ કરે છે. સમાનભાવી વ્રજભક્તો એકત્ર થઈને જ્યાં પ્રાણેશનું સ્મરણ કરતાં બેઠાં છે, ત્યાં તે નાદ સંભળાય છે. ક્ષણવાર તેઓ સ્તબ્ધ થઈ જાય છે. અરે, એ સ્વરોમાં નંદનંદન, એમનું નામ દઈને બોલાવી રહ્યા હોય એવું કેટલાંકને તો ભાસે છે. એ સ્વરો જાણે રજ્જુ-પાશ બનીને પોતાને પ્રાણેશ પ્રતિ ખેંચી ન રહ્યા હોય, એવું વ્રજજનોને લાગે છે. ભાવાવેશમાં કેટલાંક તો મૂર્છિત પણ થઈ જાય છે.

હવે વ્રજજનો પરસ્પર વાર્તાલાપ કરી રહ્યાં છે : ‘અલી સુનયની ! પ્રભુ હવે ગોકુળની સીમાપર્યન્ત પધાર્યા લાગે છે. મિલનનો સમય જેમ જેમ નજીક આવતો જાય, તેમ તેમ મનની અધીરતા કેમ વધતી હશે ?’ વિદ્યુલ્લતા બોલી.

‘સ્નેહનો સ્વભાવ જ એવો છે. પ્રિયની સામે જઈને નીરખવા મન કેટલું આતુર થઈ રહ્યું છે ? પણ મને લાગે છે કે જવાશે કેવી રીતે ? ભાવ-વિવશતાને લીધે હું તો કાષ્ઠની પુતળી જેવી બની ગઈ છું. હવે તો એ ખેલાડી શ્યામ, કાષ્ઠ-પુતળીના ખેલની જેમ, મારી દોરી ખેંચે તો જ હું ચાલી શકું! મારા પગ જ જાણે શક્તિહીન થઈ ગયા છે ને !’ - યામિનીએ કહ્યું.

પ્રીતમ પ્રીતિ હી તેં પૈયે,
યદ્યપિ રૂપ, ગુણ, સીલ, સુઘરતા ઇન બાતન ન રિઝૈયે. ૧

સતકુલ જન્મ, શુભ લક્ષણ, વેદ-પુરાન પઢૈયે,
‘ગોવિંદ’ પ્રભુ સ્નેહ સૂઆ-લૌં રસના કહા નચૈયે. ૨

‘સખી, તું ચિંતા ન કર. મૂર્છિતની મૂર્છા મંત્રથી વળે છે, તેમ આપણી વિયોગમૂર્છાને વેણુનાદના મંત્ર-ગાન વડે જ નંદનંદન વાળી રહ્યા છે. એ જ ચાલવાનું ચેતન પ્રગટાવશે !’ વિદ્યુલ્લતાએ ઉત્તર આપ્યો.

અને થોડી જ વારમાં, જેમ ગયેલા પ્રાણ પાછા આવતાં દેહ ચેતનવંતો બને તેમ તેઓ ઊઠ્યાં. મોહનની મુરલીનો એ જાદૂ હશે ને ! હવે ચંદ્રાનના બોલી : 'સખીઓ ! આ પ્રેમરૂપી વેલી કેવી વિચિત્ર છે ! સંયોગસુખના જળસિંચનથી એ કરમાય છે, પરંતુ વિયોગાગ્નિથી તે પ્રફુલ્લિત થાય છે ! આ અડધા દિવસમાં તો આપણી પ્રેમ-વલ્લરી પર પ્રિયમિલનની તાલાવેલીરૂપી પુષ્પો કેવાં ખીલ્યાં છે !'

સુરેખા બોલી : 'બહેન ચંદ્રાનના, પ્રભુને અત્યાર સુધી આપણે હૃદયમંદિરમાં તો નીરખતાં જ હતાં; છતાં એમને પ્રત્યક્ષ નીરખવાની અભિલાષા હવે આટલી પ્રબળ કેમ બની ગઈ ? કેવું આશ્ચર્ય ! તો હવે ચાલો, વિલંબ શા માટે ?'

ઝૂક રહી સુન મુરલીકી ટેર,
પનિયાઁકિ મિસ ગૃહતેં નિકસી ગૌ આવનકી બેર. ૧
મોરચંદ્રિકા સીસ બિરાજત ચપલ નૈનનકી ફેર,
'પરમાનંદ' પ્રભુ મિલે ખિરકમેં તાતેં ભઈ અવેર. ૨

અને તેઓ ઘરમાંથી નીકળ્યાં. વિવિધ મનોરથો મનમાં કરી રહ્યાં છે. પ્રાણનાથને નયનો ભરીને નીરખવાનું ક્યાંથી વિશેષ અનુકૂળ રહેશે એ શોધતાં, કોઈ ઘરની અટારી પર ગોઠવાઈ જવા લાગ્યાં. ગોકુળિયાની સાંકડી ગલીઓમાં, અસંખ્ય ગાયોના માર્ગમાં, વચ્ચે તો ઊભાં રહેવાય તેમ હતું જ ક્યાં ? સર્વત્ર વ્રજસુંદરીઓનાં જૂથનાં જૂથ દૃષ્ટિગોચર થવા લાગ્યાં. વળી કેટલાંકને તો પ્રભુ નજીક પધારે ત્યાં સુધીયે ધીરજ રહે તેમ નથી. તેઓ તો સૌથીયે આગળ જઈને ગોઠવાઈ ગયાં. સ્ત્રી-સહજ ચંચળતાને લીધે તેઓ મૂંગાં તો રહી શક્યાં જ નહીં. એમની વાતો ચાલવા લાગી : 'અલી યામિની ! જો ને, કેટલી વ્રજવામાઓ, આપણી જેમ અધીરી થઈને નીકળી પડી છે ! લજ્જા પણ કોઈને આડે આવતી નથી !' કમલિની બોલી.

'હા, બહેન, પ્રિય-વિરહમાં ઝૂરતી એવી કોણ હોય કે જે પ્રિય-મુખદર્શન સમયે, લોકલજ્જા કે માન-પ્રતિષ્ઠાને વળગીને ઘરમાં પુરાઈ રહે. મનની નિર્બળતાની એ તો પરિસીમા જ કહેવાય.' યામિનીએ કહ્યું. ત્યાં કોઈ ગોપીજન ઘૂંઘટમાં મુખ છુપાવતી, ઘરની અંદર જતી દેખાય છે, તેને

સંબોધીને યામિની કહેવા લાગી, 'અલી, ઓ લજ્જાવંતી ! આમ છાશ લેવા જવું ને દોણી સંતાડવી એ કેમ બનશે ? તારું ચિત્ત તો નંદનંદનને નીરખવા તલપાપડ થઈ રહ્યું છે ! મારી શરમાળ સખી ! હું એક રસ્તો બતાવું. તું મારી સાથે ચાલ. આપણે જરા દૂર નીકળી જઈએ. આછા ઘૂંઘટમાં છુપાયેલા તારા મુખને ત્યાં કોઈ ઓળખશે નહીં.'

જરા વાર રહીને વળી બોલી : 'ગામની સીમ પાસે અસંખ્ય ગાયોની ઊડતી ગોરજની આંધીમાં એ નંદરાજકુમારનું સાક્ષાત્ મિલન પણ કદાચ થઈ જાય ! ગોપીજનો તો એમને બહુ ગમે છે. પ્રાણેશને આપણે સંકેતમાં સૂચવી દઈશું કે ગાયોને સ્હેજ આગળ જવા દઈ જરાવાર અહીં ઊભા રહો.'

લજ્જાવતી સ્નેહલતિકા યામિનીના કાન પાસે મુખ રાખીને કહે છે: 'હાશ, તારી જીભમાં ગોળ, બહેન. ગુરુજનો અંદર છે. જલદી ચાલી જઈએ તો સારું, પછી જે કહેશે તે સહી લઈશું.'

'સખી, મારી ડાબી ભુજા અને આંખ ફરકી રહી છે. આ શુભ શકુનો શું સૂચવે છે ? આજે તો મનમોહનનું સમાગમ-સુખ મળશે જ.' અને બંને સહેલીઓ સત્વર ત્યાંથી આગળ ચાલી ગઈ. ગાયોના હુંકારા તથા ગોપબાળકોની કિકિયારીઓ સંભળાય એટલે સુધી એ બંને પહોંચી ગઈ.

ત્યાં અટારીમાં ઊભેલી વ્રજાંગનાઓ વચ્ચે વાતો ચાલી રહી હતી : 'અલી સખી ! એ વદનચંદ્ર જોઈને આ મારાં નયનચકોર ક્યારે તૃપ્ત થશે?' કોઈ આમ પૂછી રહી હતી.

પાસેની બારીમાંથી એને ઉત્તર મળી રહ્યો હતો : 'દામિનીબહેન, એમ ઉતાવળે આંબા પાકે ખરા કે ? થોડી તો ધીરજ રાખો. જરા સામે જુઓ; ઊડેલી ગૌરજના વાદળની ઝાંખી થઈ રહી છે.'

ત્યારે વળી બાજુની બે સખીઓ જુદી જ વાત કરી રહી હતી : 'અલી રતિકલા, આપણે એમને માટે આટલાં ઝૂરીએ છીએ, પણ તે તો આપણને યાદ પણ કરતા હશે કે નહીં, કોણ જાણે ! મને તો લાગે છે કે ભૂલી જ જતા હશે. અગાધ પ્રેમવાળાં રાધાજીની સ્નેહવશતાને લીધે ભગવાન ક્યારેક પોતાની જાતને પણ ભૂલી જાય છે, તો આપણું તો કહેવું જ શું ?' મન્મથમોદા બોલી.

'ના રે ના, સખી, એવી શંકા તો રખાય જ કેમ ? સમસ્ત વ્રજસીમંતીઓના મનોરથો પૂર્ણ કરવા માટે તો એ બહુનાયક નટવરપ્રભુ પ્રગટ્યા છે. તે આપણને ભૂલી જાય તે તો બને જ કેમ ? હા, વિરહમાં તપાવવાનો એમનો સ્વભાવ છે ખરો, એટલે ક્યારે મળવું તે તો તેમની ઇચ્છા ઉપર જ ! આટલી વાત ખરી બહેન.' રતિકલાએ પ્રત્યુત્તર દીધો.

'પરંતુ સખી ! મારા પ્રાણ પ્રાણપતિને 'આલિંગવા' ઊછળી રહ્યા છે. તે પ્રાણેશ પાસે ચાલ્યા જશે, તો પછી હું એમનું અંગસંગસુખ શી રીતે લઈશ ? તપાવવાનીયે કંઈક હદ તો હોય ને !' મન્મથમોદા બોલી.

'ધીરજ રાખ, સખી ! પ્રિયતમ એ એકલા પ્રાણને સંઘરશે જ નહીં, પાછા તારી પાસે જ મોકલશે. એમને નિજજનોનું સર્વસ્વ અંગીકાર કરવાનું ગમે છે, એકલા પ્રાણ નહીં. માટે ચિંતા ન કર.' રતિકળાએ સચોટ કારણ દર્શાવતાં સખીને આશ્વાસન આપ્યું.

કોઈ કહી રહી છે, 'બહેન, શ્રીકૃષ્ણચંદ્રનો વદન-સુધાકર તો શીતળતા અર્પે; છતાં એનું સ્મરણ-ચિંતન તાપ ઘટાડવાને બદલે વધારે છે કેમ ?'

ત્યારે તેની સખી ઉત્તર આપે છે : 'બહેન, એ ચંદ્ર ખરો, પણ લૌકિક ચંદ્ર જેવો કંઈ થોડો જ છે ! એ મુખચંદ્રની તો રીત જ વિલક્ષણ છે.'

ગાયોનો વિશાળ સમુદાય આગળ વધી રહ્યો છે. ગોકુળની ગલીઓમાં ભીડાભીડ થઈ રહી છે. શ્રીનંદનંદન રમતિયાળ ચાલે ચાલતા, ઘડીકમાં આ બાજુ તો ઘડીકમાં પેલી બાજુ ચાલે છે. લાંબી દાંડીવાળું ખીલેલું કમળ હાથમાં છે, તે જ્યારે ગોળ ગોળ ફેરવે છે, ત્યારે તદ્દન નજીક ઊભેલી વ્રજસુંદરીઓના વક્ષ:સ્થલને પણ ક્વચિત સ્પર્શી જાય છે; ત્યારે તેઓ પોતાનાં અહોભાગ્ય માને છે અને વિચારે છે કે 'અહા, આ જ રીતે પ્રિયતમનો સાક્ષાત્ હસ્તસ્પર્શ પણ આ ઉરોજ-યુગલને થશે જ. આ તેના શુભ સૂચનરૂપ જ હોવું જોઈએ.'

ગૌરજ રાજત સાઁવલ અંગ,
દેખ સખી વનતેં વ્રજ આવત ગોવિંદ ગૌધનકે સંગ. ૧
અંબુજવદન, નયનયુગ ખંજન, ક્રીડત અપને રંગ,
કુંચિત કેસ, સુદેસ માનો અતિ સોભિત યે સંગપ્રસંગ. ૨

ઊંચા ઝરુખાઓમાં ઊભેલી વ્રજાંગનાઓ તો ક્યારનીય એ મુખચંદ્રને દૂરથી નીરખી રહી હતી. ગોરજથી છવાયેલો અને વીખરાયેલી અલકોથી આચ્છાદિત એ વદનશશિ એમને કેવો લાગતો હતો ? જાણે સંધ્યાસમયે પૂર્વમાંથી ઊગતા પૂર્ણચંદ્રની આસપાસ આછાં વાદળ ન છવાયાં હોય !

હવે પ્રભુ કંઈક નજીક પધાર્યા. પ્રભુ ઊંચે પણ દૃષ્ટિ કરી રહ્યા હતા. વ્રજસુંદરીઓનાં નયનોના કુટિલ કટાક્ષો તેમના પર છૂટતા હતા, જાણે નેત્રકમળ વડે પ્રભુનું પૂજન કરતી હોય, એમનું સ્વાગત કરી રહી હોય !

મોહન નેક સુનાઓ ગૌરી,
વનતેં આવત કુઁવર કન્હૈયા પોહોપમાલ લે દૌરી. ૧
નંદલાડીલે મુરલી બજાઈ પર ગઈ પ્રીતિ ઠગારી,
'પરમાનંદ' પ્રભુ સુવન નંદકે દુહુઁ દિસ ધૂમર-ધૌરી. ૨

કોઈ અંગના કહી રહી છે : 'અલી પ્રણયિકા ! તું પ્રિયને નીરખી તો રહી છે; પણ કહે તો ખરી કે એમનું મુખ અત્યારે કોના જેવું લાગે છે ? સૂર્ય જેવું ? ચંદ્ર જેવું કે કમળ જેવું ? મને તો કંઈ સમજાતું નથી !'

પ્રણયિકા કહે છે, 'બહેન ! બીજાને ગમે તેમ લાગતું હોય, હું તો જોઉં છું કે પશ્ચિમમાં એક સૂર્ય અસ્ત થઈ રહ્યો છે; તેની સામે બીજા અનેક સૂર્યો ઊગી રહ્યા છે. પ્રભુના મૂલ્યવાન હીરાથી જટિત કુંડલો, ચિબુક-ભૂષણ આદિ કેવાં ઝળકી રહ્યાં છે ! અને એ બધાંની વચ્ચે એ તેજસ્વી મુખડું કેવું દેદીપ્યમાન દીસે છે, અહા !'

ત્યાં વળી રત્નપ્રભા બોલી : 'મને તો લાગે છે કે એ મુખડું સૂર્ય અને ચંદ્ર બંને છે. દિવસે વિરહના તાપમાં આપણને તપાવે છે અને સંધ્યાકાળે શશીરૂપે ઉદય થઈને એ જ વળી શીતળતા આપે છે !'

મુખ પર ચંદ વારૌં ડાર,
કુટિલ કચ પર ભ્રમર વારૌં, ભૌંહ પર ધનુ વાર. ૧
ભાલ કેસર તિલક છબિ પર મદન શતશત વાર,
માનો બહી સુધાધારા નીરખ મન ભ્રૌં વાર. ૨

ત્યાં સરોજિની બોલી : 'મને તો લાગે છે કે એ અદ્ભુત વદન, કમળરૂપ જ છે. સરોવર જેવાં આપણાં સ્નેહાર્દ્ર હૃદયોમાં એ વસે છે, માટેસ્તો !'

ત્યાં વળી ભૃંગલતા કહેવા લાગી : એમના મુખને તમારે જે કહેવું હોય તે કહો, પણ એ શ્યામસુંદર પોતે તો મને ઉન્મત્ત ભ્રમર જેવા જ લાગે છે, હોં ! વ્રજાંગનાઓના મુખકમળના મધુરસનું પાન કરવાવાળા એ ભ્રમર નથી શું ? શું એમને આપણા સમાગમ-સુખનું માદક ઘેન નથી ચઢતું ? જરૂર ચડે છે, ભ્રમરની જેમ જ !'

એટલામાં તો કલ્પલતિકા બોલી : 'સખીઓ, મને તો કંઈક જુદું જ લાગે છે : એ હરિવરને કલ્પતરુ કેમ ન કહેવો ? આપણા સર્વ મનોરથોને એ જ પૂરે છે ! પ્રભુનાં ચરણની અંગુલિઓ તો જાણે એ કલ્પવૃક્ષનાં મૂળ. ચરણતળરૂપી ક્યારીમાં એ મૂળ રોપાયેલાં છે ! જંઘાઓરૂપી પુષ્પો બે થડ, હસ્તરૂપી શાખાઓ, આંગળીઓરૂપી પલ્લવો, નયનરૂપી પુષ્પો, રક્ત બિંબફળ સમા અધરોષ્ઠ તે ફળ-સ્વરૂપ ! બધું જ એમાં છે. એ સર્વોત્તમ વૃક્ષ વૃક્ષની જેમ આપણને સંયોગસુખની શીતળતા પણ આપે જ છે ને !'

હવે સુરભિણી બોલી : 'સખીઓ, તમે તો વાતો જ કર્યા કરો છો ! શ્યામસુંદરના તાંબુલચર્વિત મુખ-કમળની સુગંધ લઈને, મંદ મંદ વાયુ અહીં વાઈ રહ્યો છે, એની સૌરભ જરા માણો, એમની વન માળાની અલૌકિક સુગંધ મનને કેવી મસ્ત બનાવી રહી છે !'

'અલી એ; તું શું કહેતી'તી ! મારું તો ધ્યાન એમાં જ છે. અરે, એ ચર્વિત તાંબુલની સુગંધ માણતાં તો જાણે સાક્ષાત્ અધરામૃત પાન કરી રહ્યાં હોઈએ, એવો આનંદ થાય છે !' મદનિકા બોલી અને ઉમેર્યું – 'વક્ષ:સ્થલ ઉપરની પુષ્પમાળાની સૌરભ તો જાણે સાક્ષાત્ આલિંગન-સુખ આપી રહી છે !'

'અરે હા, ડાહીબા ! અમે તો તારું મન ક્યારનુંય પારખી ગયાં છીએ. તું આમ બારીમાં વાંકી વળીને, મધ્ય ભાગને પીડતી ઊભી છે, એ પરથી જ અમે કલ્પી શકીએ છીએ કે પ્રિય-દર્શનથી ઉદ્ભવતા અસહ્ય સ્મર-વેગને નિવારવા માટે જ તું મથી રહી છે ! એટલે મનથી અધરામૃત-પાન અને આલિંગન તું કરે જ ! અમેય સમજીએ છીએ; ચતુરાઈ કંઈ તારી એકલીમાં નથી ભરી, હોં કે !' - તિરછા કટાક્ષ ફેંકતી સુરભિણીથી આમ વ્યંગ કર્યા વિના રહેવાયું નહીં.

'અલી સ્નેહલતિકા ! પ્રિયને નીરખવાનું તો મળ્યું, પણ સર્વાંગસુખ માટે મારું અંગઅંગ તલપી રહ્યું છે, એનું શું ? આ ભુજાઓ એમને આલિંગવા તલસી રહી છે, આ અધરોષ્ઠ એમના અધરરસપાન માટે, આ વક્ષ:સ્થલ એમના કરકમળના સ્પર્શ માટે, અને... કેટલું કહું, સખી ! લજ્જાળુ સ્વભાવવાળી હું, પ્રિયતમ મળે તોયે મારા મનની વાત કેમ કરીને કરી શકીશ ? મારી તો જીભ જ ન ઊપડે !' અનંગભદ્રા અંતરંગ સખીના કાનમાં આમ કહી રહી હતી; ત્યાં સ્નેહલતિકા બોલી : 'પ્યારી સખી ! ચતુરાઈ વાપરીને, તારા મનોભાવ પ્રિયતમને સંકેતમાં જ જણાવી દેજે ને ! એ પણ ચતુરશિરોમણિ છે. સાનમાં જ બધું સમજી જશે. અરે, તને સંકેત-સ્થળ અને સમય પણ સૂચવી દેશે.'

અને એમ જ થયું. ચંપક-પુષ્પની પાંખડીઓમાં સંકેત-ચિહ્નના અંક કરીને, પ્રભુને વધાવવાને મિષે, એમના પર તે ઉછાળી, ત્યારે પ્રભુએ પણ પોતાના હસ્તમાંની કમળપાંખડી દ્વારા તેનો પ્રત્યુત્તર વાળ્યો.

ગોપબાળકો અને ગાયોના ધણ સાથે પ્રભુ આગળ પધારી રહ્યા છે. આ સમયની ગોપાળ શ્રીપ્રભુની અવનવી શોભાનું તો કેટલું વર્ણન થાય !

પિછોરો ખાસાકો કટિ બાઁધે,
વે દેખો આવત નંદનંદન નયન કુસુમ-સર સાઁધે. ૧
સ્યામ સુભગ તન ગૌરજમંડિત બાઁહ સખાકે કાઁધે,
ચલત મંદગતિ ચાલ મનોહર માનો નટવા ગુણ ગાઁધે. ૨

'અલી બહેન ! આ મનોહર સ્વરૂપને નેત્રોરૂપી બારીમાં થઈને, હૃદય-મંદિરમાં જલદી પધરાવી લઈએ; નહીંતર હમણાં તે અદૃશ્ય થઈ જશે !' કોઈક સખી બોલી ગઈ.

ત્યારે તેની સખી કહી રહી છે : 'બહેન, મને લાગે છે કે એમને પણ આપણા તરફ આવો જ ભાવ છે. જોને, એમનાં નયનોની ચંચળતા આપણને જોતાં કેવી તો વધી ગઈ છે !'

વળી, ત્રીજી સખી બોલી : 'બહેન મને તો અંદરથી એવું જ થઈ રહ્યું છે કે આ પ્રાણનાથને મારા પ્રાણ સાથે જ જોડી દઉં, નહીંતર મારા પ્રાણ ઊડી જઈને એ પ્રાણપતિ સાથે જોડાઈ જશે.'

ત્યાં કોઈક ચોથી ગોપીએ કહ્યું : 'સખી, સૂર્યાસ્ત સમયે સરોવરમાંનું કમળ, ભ્રમરને અંતરમાં સમાવીને બિડાઈ જાય છે, તેવી જ રીતે, આ સંધ્યાએ મારું હૃદય-કમળ, એ શ્યામરૂપ ભ્રમરને પોતાની અંદર સમાવી લેવાની તીવ્ર અભિલાષા કરી રહ્યું છે, એ બનશે ? બહેન !'

સખી કહે છે : 'હા, હા. અને આ દિવસ-રાતની સંધિ તે સંધ્યા. તે આપણા વિરહ-દુઃખ અને મિલન-સુખની સંધિસમી બની રહેશે.'

ત્યાં વળી બીજી કોઈ બોલી : 'સખીઓ, આ દિવસ તો આપણો શત્રુ છે. તેનો ધ્વંસ થઈ રહ્યો છે, એ જ આપણે માટે મંગળ ઘડી છે. મનવાંછિત મેળવવામાં એ જ નડતો હતો ! હવે મદનમોહન પ્રભુ પોતાનું મનોહર મુખ દેખાડીને, હૃદયમાં સ્મરવેગ ઉત્પન્ન કરી રહ્યા છે; તો તેને તે પૂરશે પણ ખરા જ ને ? નિરર્થક શા માટે આપણા મનમંદિરમાં એમના મદનદૂતને મોકલે ? તે તો પ્રિયમિલનનો સંકેત આપવા જ આવે ને ?... ધીરજ રાખ, પ્રાણેશ સંકેતસ્થળે મળશે જ. એ રસિકેન્દ્ર માટે શંકા જ શી રાખવાની ?'

વળી કોઈ કહે છે, 'સખી, પ્રિયતમના રૂપદર્શને તો મારું સમગ્ર ચિત્ત ચોરાઈ ગયું છે.' એનો પ્રત્યુત્તર મળે છે : 'બહેન, એ રૂપ જાણે રમણીઓના મનહરણ માટે જ ધારણ ન કર્યું હોય, એવું લાગે છે ? ત્રિભુવનત્રિયાઓનાં ચિત્ત જ્યાં ચોરાઈ જાય, ત્યાં આપણા જેવીની વાત જ શી કરવી ?'

વળી બાજુના પ્રાંગણમાંથી સ્નેહશીલા સખી રસશીલાને કહેતી સંભળાય છે : 'બહેન, કેવો સુંદર સંધ્યા-સમય છે ! કેવા મનોહર, મૂર્તિમાન મન્મથસમા મનમોહન માર્ગમાં પધારે છે ! કેવી લાવણ્યલહરીઓ મુખ પર છવાઈ છે ! અરે, જો આ કુટિલ કટાક્ષો વડે હરિવર મારા વિવેક, ધૈર્ય અને લજ્જાને કેવા હરી રહ્યા છે ? સખી, મારા મનમાં લાગણીઓનું એવું પૂર ઊમટ્યું છે કે મને લાગે છે, જાણે હમણાં જ મારા સંયમની પાળ તૂટી જશે!'

'પ્રિયતમને કંઠે લગાવવા પ્રાણ ઉત્કંઠિત થઈ રહ્યા છે. પ્રાણ અત્યારે હૃદયમાં નથી, હોં ! એ તો ભુજાઓમાં આવી ગયા છે, અને ભુજાઓ ભેટી પડવા તડપી રહી છે. શ્રીમુખને ચૂમી લેવા અધરોષ્ઠ તલસી રહ્યા છે. અરે, પ્રિયનો સમગ્ર અધરસ ચૂસી લેવાનો એમને લોભ લાગ્યો છે. શું કરું સખી, મારાથી રહેવાતું નથી. હમણાં મારી લજ્જાનું લીલામ થયું સમજજે !'

ત્યારે રસશીલા એનો હાથ પકડીને બળપૂર્વક ઘરની અંદર લઈ જાય છે. એને સમજાય છે કે એ કામિની - પોતાની પ્રિય સખી - અંગઅંગમાં કામજ્વરથી પીડિત થઈ રહી છે. એને શીતળ ઉપચારો વડે સાંત્વન આપવા પ્રયાસ કરે છે.

વળી સ્નેહશીલા કહે છે : બહેન, એવો સમય ક્યારે આવશે કે જ્યારે હસ્તિનીસમી મદભર બનીને હું એ ગજરાજ સાથે વિલસીશ ?'

સખી સાંત્વન આપે છે : 'બહેન એ સમય દૂર નથી. તારી વાત સત્વર હું પ્રિયતમને પહોંચાડીશ. પ્રભુ પોતાનાં પ્રેમીજનોનું વિરહદુઃખ સહી શકતા નથી. એ રસિકેશ સત્વર તારા મનોરથો પૂરા કરશે જ.'

ક્ષણવાર રહીને વળી એ કહેવા લાગી : 'અરે હા, મારા મનમાં એક સરસ યુક્તિ સ્ફુરી આવે છે. બહેન, તું મારી સાથે ચાલ. આપણે ખિરકમાં જઈએ.' અને, હાથ પકડીને તેને પોતાની ગાયોની ખિરકમાં લઈ જાય છે. ત્યાં જઈને રસશીલા, મોટે સાદે પ્રભુને સંબોધીને ગાય છે :

લાલ ! નેક, ગૈયાઁ મેરી ઘેરૈં,
ખિરકતેં દૂર નિકસ ગઈ આગે ઊંચે સુરતેં ટેરૈં. ૧
મેરી ટેર સુનત નહીં સ્રવનન, ટેર રહી બહુતેરોં,
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ ! રૂપવદન તન હેરોં. ૨

'હે મદનમોહન, મારી ગાય ખિરકમાંથી દૂર ભાગી રહી છે; એને જરા ઘેરી લાવો ને ! મેં તો ઘણીયે બૂમો પાડી, પણ જાણે એ સાંભળતી જ નથી ! તમે તો ગોપાળ છો; મારી ગાયને લઈને ખિરકમાં પધારો, પ્રભુ!' ચતુરશિરોમણી નંદકિશોર એનું ચાતુર્ય સમજી જાય છે. ખિરકમાં પધારે છે; અને ભુજલતા ભીડીને એ ભામિનીઓના તન-તાપને નિવારે છે; અને તરત જ પાછા સખામંડળીમાં સામેલ થઈ જાય છે.

◆

૨૩

હવે નંદભવનમાં

(સંધ્યાભોગ-આરતી)

માર્ગમાં પધારતા નંદનંદનને નીરખવાનું સુખ લીધા પછી, એ વિવિધ ભાવવાળાં વ્રજભક્તો; વિવિધ મિષ કરીને, હવે નંદાલયમાં આવે છે. સાથે પોતપોતાના ભાવની સંધ્યાભોગની સામગ્રીઓ લાવે છે; અને ધીમે ધીમે પધારી રહેલા પ્રભુની ત્યાં આતુરતાથી રાહ જુએ છે.

ત્યાં નંદાલયમાં કુમારિકાઓ પણ એ જ રીતે, પ્રભુની પ્રતીક્ષા કરી રહ્યાં છે. સાથે સાથે સેવાની તૈયારી પણ ચાલી રહી છે. માતા યશોદા પણ વાત્સલ્ય-ભરિત હૃદયે, લાલની વાટ જોઈ રહ્યાં છે. પ્રભુ ક્યાં સુધી પધાર્યા, તે સમાચાર સખીઓ આવીને તેમને કહેતી રહે છે.

યશોદાજી પોતાની અંતરંગ સખીને હવે કહી રહ્યાં છે : 'બહેન, આજ તો આખો દિવસ મને કંઈ ગમ્યું ન નહીં. કનૈયા વિના હું કેવી સૂનીસૂની થઈ ગઈ છું ! ચાલો, હવે તો એ પધારશે. હું ઝરુખામાં ઊભી રહીને દૂરથી મારા સુતને પધારતા નીરખીશ. આખા સમૂહમાં એ કેવો સૌથી અધિક શોભી રહ્યો હશે ! એનું મુખકમળ વાંકડિયા કેશથી છવાયેલું હશે. પુષ્પ-પલ્લવોનાં આભૂષણોવાળો એ મલ્લવેશમાં કેવો સુંદર લાગશે ! એનાં કુંડળ અને શીષફૂલ, સંધ્યાના પ્રકાશમાં કેવાં ઝગારા મારતાં હશે ! એ વેણુ બજાવતો હશે તે પણ મને ઝરુખામાંથી સંભળાવશે.'

'એ શ્રમિત હશે. ગજરાજ સમી ધીમી ગતિએ ચાલતો હશે. હાથમાં લાલ લકુટી કે કમલ-પુષ્પને ફેરવતો હશે. પસીનાનાં બિંદુ મુખ પર લાગ્યાં હશે. એ કેવો મનોહર લાગતો હશે, સખી ?'

ખબર મળે છે કે પ્રભુ હવે થોડે દૂર છે. માતા મહેલની અટારીએ ચઢીને, લાલને ધારીધારીને નિહાળે છે. ભીડાભીડ કરતી ગાયોના સુંદર દશ્યને પણ જુએ છે. હવે તો પ્રભુ છેક પાસે પધાર્યા. યશોદાજી નીચે દોડી આવે છે. પ્રેમના આવેશમાં, વચ્ચે પડતાં પડતાં રહી જાય છે. દ્વારે પધારેલા

પુત્રનાં વળીવળીને ઓવારણાં લે છે, દૃષ્ટિદોષ નિવારવા રાઈ-લોણ ઉતારે છે : 'લાલ ! તું આવ્યો ?' - કહેતાં કંઠ ગદ્‌ગદિત થઈ જાય છે. નેત્રોમાં હરખનાં આંસુ આવી જાય છે.

પુત્ર નમીને પ્રણામ કરવા જાય છે, ત્યાં તો માતા તેમનો હસ્ત પકડીને પોતાના કંઠ સાથે લગાવી લે છે. પછી બંને કપોલને, ચિબુકને, લલાટ તેમજ હથેળીઓને વહાલભર્યાં ચુંબનો કરે છે, જાણે પુત્રને ચુંબનો વડે નવરાવી દેતાં ન હોય !

વનમાંથી આવેલી ગાય, પોતાના વાછરડાને કેવું વહાલ કરે છે ? માતા પુત્રને હૃદય સાથે લગાવીને, એમનું મસ્તક સૂંઘે છે, ત્યારે એમનાં અંગઅંગ કેવાં રોમાંચિત થઈ જાય છે ! ક્ષણ વાર તો સંદેહ અનુભવે છે કે 'હું જાગ્રત છું કે આ સ્વપ્નસુખ છે !'

સહજ સ્વસ્થ થતાં, કોમળ પાલવથી મુખની રજ પોંછે છે ને વળી મુખ નીરખે છે. મુખ પર આવેલી લટોને આંગળીઓથી સરખી કરે છે. વળી પુત્રને બે હાથ વડે તેડી લે છે ને મધુર વચનો કહે છે : 'લાલ, તારા વિના મને જરાયે ગમતું નથી, હોં ! તું મારો એકનો એક લાડકવાયો છે. ઘરે જ રહેતો હોય તો કેવું સારું ! તું હઠ કરે છે એટલે મારે મોકલવો જ પડે છે. વનમાં જવાની જિદ ન કરે તો કેવો ડાહ્યો કહું તને !'

વત્સ, આવવાનું મોડું પણ કેટલું કરી નાખ્યું ! સખીઓ સાથે મેં કહેવડાવેલું, તોયે વહેલો ન આવ્યો ? જો, લાલ ! તારે માટે આ સખીઓ પણ રાહ જોઈ રહી છે. બપોરના ભોજનને કેટલો બધો સમય થયો... તું ભૂખ્યો થયો હોઈશ. સખીજનો તારે માટે સંધ્યાભોગ લઈને આવ્યાં છે.'

'મા, મા. મને બહુ ભૂખ લાગી છે'- કહેતાં કૃષ્ણે માતાના કંઠમાં હાથ પરોવી દીધા. હવે યશોદાજી આસન પર બેઠાં અને પુત્રને પોતાની ગોદમાં બેસાડ્યા. પ્રભુ તાપમાંથી પધાર્યા છે, એમ વિચારતી કેટલીક સખીઓ શીતળ વાયુ ઢોળવા લાગી.

સખીજનો વિવિધ સામગ્રીઓ લઈને ત્યાં આવ્યાં, ને આસપાસ વીંટળાઈ વળ્યાં. એમને આરોગાવવા માટે હોંસાતુંસી થવા લાગી. સખીઓ મૈયાના હાથમાં આપે છે ને તે પુત્રને આરોગાવે છે; માખણ-મિશ્રી ને મેવા,

મીઠું ગોરસ ને વિવિધ વ્યંજનો ! ભાતભાતની સામગ્રીઓ આવી રહી છે. માતાના વાત્સલ્ય-સ્નેહથી ચકિત થતા પ્રભુ, હસતા મુખમાં રંચક રંચક આરોગે છે. પ્રિય વસ્તુઓ માગીમાગીને લે છે, માતાનું મન રાખવા સ્વાદની પ્રશંસા પણ કરતા જાય છે !

પછી સખીઓ, જળપાન કરાવીને તાંબુલ આપે છે. તે લઈને પ્રભુ ઊઠવા જાય છે. ત્યાં તો સખીઓ સોહામણી આરતી પ્રગટાવી લાવે છે. માતા લાડીલાને બેસાડી રાખે છે. સખીઓ આરતી ઉતારે છે. દીપકોના ફરતા પ્રકાશમાં, એ હસતું મુખ કેવું દેદીપ્યમાન દીસે છે ! વ્રજભક્તો એ મનોહર કાન્તિને નીરખતાં, જાણે ધરાતાં જ નથી.

એટલામાં નંદરાયજીની મોકલેલી સખી, કાર્યાર્થે યશોદાજીને બોલાવવા આવે છે. માતા સખીઓને પોતાનો પુત્ર સોંપીને હવે ત્યાંથી અંદર પધારે છે.

■

૨૪

નંદાલયમાં સખીજનો સાથે

હવે, વ્રજજનોનું મનભાવતું થયું. દિવસના વસમા વિયોગ પછીના આ મિલનથી તે હરખઘેલાં થયેલાં છે. પ્રત્યેક ગોપીજન ભાવભરિત હૃદયે, હર્ષાશ્રુ સાથે પ્રાણેશને ભેટી રહ્યાં છે. અંગઅંગ રોમાંચિત છે. ક્ષણવાર તો દેહાનુસંધાન પણ ભૂલી જાય છે. જાણે પરમાનંદ-સમુદ્રમાં ડૂબી ન રહ્યાં હોય! એવો જ રસાનુભાવ પ્રાણેશ પણ કરી રહ્યા છે. અંધકાર વ્યાપેલા સ્થળે થતી લીલા જેમ પ્રગટ દેખાય નહીં અને મન એમાં તન્મય થઈ જાય, એવી જ તન્મયતા તેઓ અનુભવી રહ્યા છે. જાણે બીજું કોઈ છે જ નહીં, સમૂહમાં હોવા છતાંયે ! વળી, સઘળી લીલા નિત્ય થતી હોવા છતાં, જ્યારે જ્યારે એ ગોપીજનોને પ્રિય-સમાગમ પ્રાપ્ત થતો, ત્યારે તેમાં નૂતનતા જ અનુભવતાં. પ્રથમ સમાગમ જેવા લજ્જા, સ્મિત, હાસ્ય, રોમાંચ આદિ મનોભાવો તથા અંગોમાં આલસ્ય ને વાક્પટુતા સાહજિક રીતે ઉદ્ભવતાં.

હવે શ્રીરાધા-સહચરી, ચંદ્રાવલીજી આદિ સ્વામિનીઓ પ્રભુની પાસે બિરાજે છે. તેઓ પોતાની સખીઓ પાસેથી લઈ લઈને, પોતાના ભાવની સંધ્યાભોગની સામગ્રીઓ, પ્રભુના મુખારવિંદમાં સ્નેહથી આરોગાવે છે. સખીજનો હાસ્ય-વિનોદ અને રજનીમિલનના સંકેતો કરી રહ્યાં છે. કેટલાક સમયપર્યંત, આમ રતિરસમય ચેષ્ટાઓ ત્યાં થતી રહે છે. સ્વામી અને સ્વામિનીઓ પરસ્પર આરોગાવે છે ને આરોગે છે.

પછી સખીઓએ મુખ-પ્રક્ષાલન કરાવ્યું. રાધાજીએ પાલવથી શ્રીમુખ પોંછ્યું અને તાંબુલ આરોગાવ્યું. પ્રભુએ સામું રાધાજીને આરોગાવ્યું. તાંબુલ-ચર્વણ કરતાં પ્રિયતમને રાધા-અધર-સુધા-સ્વાદ સાંભર્યો. વિશિષ્ટ ભાવનું ઉદ્દીપન થયું. પાસે બિરાજતાં પ્રિયતમાનું અધર-પાન સાક્ષાત્ થઈ ગયું. એમ જ પ્રિયાજીને પ્રિયતમનો ચર્વિત રસ પ્રાપ્ત થઈ ગયો. રસ, પ્રેમ, આનંદ અને ઉલ્લાસના નશામાં જાણે સૌ મસ્ત થઈ રહ્યાં છે ! અરે, પાસે ઊભી રહી પંખો કરતી સખીઓ પણ મનથી તો પ્રાણેશ સાથે વિલસી જ રહી છે ને !

■

૨૫

હવે યશોદાજી સાથે

(ગોદોહન : ખિરકમાં લીલા)

એટલામાં બહાર ઊભી રાખેલી સખી દ્વારા ખબર મળી કે યશોદાજી પાછાં પધારે છે. સૌ સ્વસ્થ થઈને અલગ અલગ બિરાજ્યાં. મૈયાએ પ્રવેશ કર્યો. એમના હાથમાં, લાલને પહેરાવવા માટે નૂતન વસ્ત્રાભૂષણો હતાં. સાથે સખીઓ હતી. તેમના હાથમાં અરગજા આદિ સુગંધિત પદાર્થો ને પુષ્પમાળાઓ હતી. મૈયા કહે છે, ‘અરે લાલ ! તું હજુ સુધી આમ જ બેસી રહ્યો છે ? વનનો વેશ પણ હજુ તેં ઉતાર્યો નથી ! કેટલું મોડું થઈ ગયું છે! હજુ તો તારે ખિરકમાં જવું હશે ! ગ્વાલબાળો તારી રાહ જોઈ બહાર ઊભા હશે. તારી પ્રિય ગાયને દોહવાનું તને કેટલું બધું ગમે છે ! આજે આટલો આળસુ કેમ બની ગયો છે ? ઊઠ, જોઉં !’

ત્યારે પ્રભુ આસન ઉપરથી ઊભા થાય છે. સખીજનો પણ જવાને તૈયાર થાય છે. યશોદાજી એમનું માન રાખવા થોડીક વાતો કરે છે : ‘સખીઓ ! તમારાં પૂરાં પુણ્યથી જ મને મોટી વયે આ રત્ન પ્રાપ્ત થયું છે. નિત્ય સાંજે વનમાંથી પધારતા મારા સુતનું મનોહર મુખ જોતાં મને તો એમ જ લાગે છે કે જાણે પૂર્વમાંથી પૂર્ણચંદ્રનો ઉદય થતો હોય ! આમ બધી તિથિઓ મારે માટે તો પૂર્ણિમારૂપ બની ગઈ છે. મારા ભવનનો આ દીપક છે ! કુળદીપક જ કહો ને ! મારા હૈયાનો હાર છે. નેત્રની કીકીઓ સમાન છે. અંધની લકુટી જેવો છે. અમારા જન્મની સફળતા આ પુત્રમાં જ છે ! એને જોતાં સર્વ ક્લેશો અદૃશ્ય થઈ જાય છે. સખીઓ ! કાલે પાછાં વહેલાં વહેલાં આવજો. મારો વત્સ તમને જોઈને બહુ પ્રસન્ન રહે છે, હોં !’ આમ કહેતાં યશોદાજી, હસતે મુખે સૌને વિદાય આપે છે.

હવે યશોદાજી, કુમારિકાઓની સહાયતાથી શ્રીઅંગ ઉપરથી લાલનાં વસ્ત્રો ને આભૂષણો ઉતારે છે. ત્યારે કેવળ કંદોરાવાળા નિરાવરણ શ્રીઅંગથી પ્રભુ બહુ શોભી ઊઠે છે ! રાધા-સહચરી ને સખીજનો એમને નીરખી જ રહે છે ! પછી ચંદન, અરગજા આદિ સુગંધિત પદાર્થોનું લેપન

કરીને પ્રભુને અંગે અંઘોળ કરાવે છે. અંગવસ્ત્ર કરાવે છે. તેલમર્દન કરીને, કેશમાં પુષ્પો ગૂંથે છે ! નાનું શ્વેત કટિવસ્ત્ર (તનિયો) પહેરાવે છે. પાઘ પર વાંકી ચંદ્રિકા, મોતીની કંઠસરી ને કર્ણફૂલ, નકવેસર જેવાં સૂક્ષ્મ આભરણો ધરાવે છે. વચમાં માતા પુત્રનું પુનઃ પુનઃ ચુંબન પણ કરતાં જાય છે. સાથે સાથે વનના સમાચાર પૂછે છે : ‘વત્સ ! તેં ગાયોને તાપમાં ચરાવી કે છાયામાં ? તું તો તડકામાં ફર્યો નથી ને !’

પ્રભુ કહે છે : ‘ના, મૈયા, હું તો કદંબ વૃક્ષની શીતળ છાયામાં જ બેઠેલો. ગાયો તો મોટાભાઈ તથા ગોપબાળો ચરાવતા હતા !’

માતા કહે છે : ‘જોઉં, તારા ચરણનાં તળિયાં ! એમાં કાંટા-કાંકરા તો નથી લાગ્યા ને ! ગરમીથી છાલાં તો નથી પડ્યાં ને ? તું સાચું કહે છે કે ખોટું, તે તો પકડાઈ જ જશે, હોં !’

કનૈયાજી પોતાનાં ચરણતળ બતાવે છે : સ્વચ્છ, સુકોમળ ને કુંકુમવર્ણાં ! એ ચરણ પર હસ્ત ફેરવતાં, માતા ઉમળકાથી એને ચૂમી લે છે. વળી, પૂછે છે : ‘લાલ, તું યમુનાજીમાં નહાવા તો નહોતો પડ્યો ને ?’

પુત્ર કહે છે : ‘મૈયા, મોટાભાઈ મને સૂનો મૂકે છે જ ક્યાં કે હું નહાવા જઈ શકું ! મન તો ઘણુંયે થાય, પણ શું કરું ! તટ પરના કદંબ નીચે બેસીને ગોપબાળકોને નહાતા અને જળમાં ખેલતા જોયા કરતો હતો. હા, મેં નીચે ઊતરીને, અંજલિ ભરીને, શીતળ જળ પીધેલું, હોં !’

મૈયા પૂછે છે : ‘કદંબવૃક્ષ નીચે તેં બંસી બજાવેલી કે ?’

લાલા કહે છે : ‘હા, મૈયા ! એ બંસીવાદન તો એવું સરસ થયેલું કે વનનાં મયૂર, હંસ ને હરણીઓ દોડી આવીને, મારી આસપાસ વીંટળાઈ વળ્યાં હતાં. અરે, આપણી ગાયો ચરવાનું મૂકીને ત્યાં આવતી રહી હતી! ગ્વાલબાળો જેમ તેમ કરીને એમને પાછી હાંકી ગયા ત્યારે !’

મૈયા કહે છે : ‘વત્સ, તારી બંસી તો મનેય સાંભળવી બહુ ગમે છે, હોં ! ક્યારે સંભળાવીશ ?’

પુત્ર કહે છે : ‘મા, તું મારી સાથે કાલે વનમાં આવજે. ત્યાં યમુના-તટે મારું બંસીવાદન જેવું ખીલે છે, એવું બીજે ક્યાંય ખીલતું નથી.’

વળી માતા પૂછે છે : 'લાલ, તું ગ્વાલબાળ સાથે તોફાન-મસ્તી તો નથી કરતો ને ?' લાલ કહે છે : 'મૈયા, તને તો મારો વિશ્વાસ જ નથી. મારું કહેવું તું ક્યાં માનવાની છે ! બલદાઊને જ પૂછી જોજે ને, હું કેટલો ડાહ્યો છું ! તું તો બહુ અધીરી, મૈયા !'

'તારે માટે અધીરાઈ ન કરું, તો શું કરું ? તું તો મારું સર્વસ્વ છે. તારો વાળ વાંકો થાય તોયે મારા તો પ્રાણ નીકળી જાય, બેટા.'

પ્રભુ માતાનું અપ્રતિમ વાત્સલ્ય જોઈ ચકિત થાય છે. માતા પ્રેમથી પૂછે છે : 'વત્સ, તું ગોપબાળકો સાથે રમતો તો રમ્યો જ હશે ! કોની સાથે કેવી કેવી રમતો રમ્યો ! ક્યાં આગળ રમ્યો? કોણ હાર્યું, કોણ જીત્યું ?'

પુત્ર કહે છે : 'હા મૈયા, ખેલવાનું તો મને ઘણું જ પ્રિય છે. શ્રીદામા તથા સખાઓ સાથે, યમુના-તટ પર વૃક્ષોની છાયામાં, હું ગિલ્લીદંડા, ગેંદ-ચોગાન, આંખમિંચોલી, સંતાકૂકડી, દોડવા-કૂદવાની રમતો, એકબીજાના પર ચઢવાનો ખેલ - એવું ઘણુંબધું રમેલો. મૈયા, અમે રાજા-રાજા પણ રમેલા. એમાં તો ઘણી મજા આવેલી, હોં !'

'એમ ? રાજા કોણ થયેલું ? પ્રધાન કોણ ?' મૈયાએ પૂછ્યું.

'રાજા તો હું જ હતો, મા ! દાઊભૈયા મારા મુખ્ય સેનાપતિ થયેલા, ને શ્રીદામાને પ્રધાન બનોવેલો. અમે ચોરને એવા તો પકડેલા ને ! તે તો મોટા મોટા ગોપબાળકો હતા. એમને પીટવાની બહુ જ મજા આવી, મા! રમતોમાં દરેક વખત હું જ જીતતો હતો, હોં ! કોઈ વાર હારું તો રડવા જ બેસું. એટલે સખાઓ જાણીજોઈને મને જ જિતાડી દેતા. એમ તો મૈયા, નાનાં બાળકો સાથે મેં યમુનાજીની રેતીમાં કુસ્તી પણ કરેલી. એમાં પણ હું જ જીતેલો. મા, હું તારું દૂધ ધાવેલો ને ! તું મને માખણ-મિશ્રી, મેવા, દૂધ ને દહીં કેવું ખવરાવે છે ! અરે, મોટો થઈને હું મલ્લ-યુદ્ધ તો રમતવાતમાં જીતીશ. ભલે ને મોટા મોટા દૈત્યો આવે, બધાંને પાડી દઉં હોં, મા ! તારે મારું પરાક્રમ જોવું હોય તો વનમાં આવજે ને ! કેમ નથી આવતી તું ?'

કનૈયાની આ બડાઈ ને પરાક્રમની વાતો સાંભળીને, માતાની છાતી ગજગજ ફૂલે છે. ઊભરાતા હેતે માતા પુત્રને કંઠ સાથે લગાવી લે છે, બે ચાર ચૂમીઓ પણ ભરી લે છે.

મૈયા પૂછે છે : 'વત્સ ! સખીઓ સાથે મેં સામગ્રીઓ મોકલેલી, તે બધી તને ભાવી કે ?'

શ્યામ કહે છે : 'અરે, હું ને બલદાઊ ને મારા સખાઓ હોંશે હોંશે જમ્યા, મા ! તું ને રોહિણીમૈયા, ભોજન બહુ સરસ બનાવો છો, હોં કે!'

યશોદાજી કહે છે : 'લાલ, મારી જેમ રોહિણીજીનો પણ તમારા ઉપર અત્યંત પ્રેમ છે ! એ સ્વાદ ભોજનનો નહીં, અમારા પ્રેમનો હતો, હોં ! તમે વનમાં બીજું શું શું કર્યું ?'

શ્યામ કહે છે : મૈયા, હું તને કેટકેટલું ગણાવું ? વનમાં તો અમે ઘણુંબધું કરીએ છીએ; પશુ-પક્ષીઓના જાતજાતના અવાજો કાઢીએ છીએ, મનફાવે તેમ નૃત્ય કરીએ છીએ, વૃક્ષો ઉપરથી ફળો પાડીને ખાઈએ છીએ. અરે, મોટા ગ્વાલબાલો તો વૃક્ષો ઉપર પણ ચઢી જાય છે. મા, હું ઝાડ પર નથી ચડતો, હોં ! તું બિલકુલ ચિંતા ન કરતી. મૈયા, ઘર કરતાં વનમાં ઘણી મજા આવે છે, હોં ! તું કેમ. કોઈ દિવસ નથી આવતી ?'

બાળકની મુગ્ધતા પર માતા ઓવારી જાય છે, મંદ મંદ હસે છે. વળી કંઠે.લગાવે છે ને વહાલ કરે છે. પછી પૂછે છે : 'શ્યામ, તું ગોવર્ધન પર ચઢેલો કે ? ઊંચી અણીદાર શિલાઓ પર તો પગ નથી મૂકતો ને ?'

શ્યામ કહે છે : મૈયા, સખાઓ સાથે હું ગિરિરાજ ઉપર ગયો હતો, પણ સીધે માર્ગે જ ચડ્યો હતો. ત્યાં સુંદરશિલા પર ફળો મૂકીને અમે મોજથી ખાધેલાં. પર્વત ઉપરથી, ચારે બાજુ કેવું સુંદર દેખાતું હતું ! મા, તું કોઈ દિવસ પર્વત પર ચઢી છે કે ? તને મન નથી થતું ?'

વળી, યશોદાજી સ્મિત કરીને અટકી ગયાં. પુત્રનો ઉત્સાહ, ચપળતા ને નિર્ભયતા જોઈને, માતાનું અંતર ઉલ્લાસથી ભરાઈ જતું હતું.

બહારથી આવતા સખાઓના કોલાહલથી વાતોમાં ખલેલ પડવા લાગી. ગોપબાળકો શ્રીકૃષ્ણને ખિરકમાં લઈ જવા આતુર હતાં. એમના હાથમાં દોરડાં હતાં. પ્રભુ ત્યાંથી બહાર પધાર્યા. મિત્રો તેમને ઘેરી વળ્યા.

'અરે કૃષ્ણ, તું તો ઘરમાં જ ભરાઈ રહે છે. અમને તારા વિના ખેલવામાં મજા આવતી નથી. પૂછી જો આ બધાને !' શ્રીદામા બોલ્યો.

ત્યાં વળી સુબલ સખા કહેવા લાગ્યો : 'કનૈયા, ચાલ ! આપણે ખિરકમાં જઈ તારી પ્રિય ગાયોને દોહીએ. ધોળી ગાયનું ધારોષ્ણ દૂધ પીએ. એનાથી અંગમાં બળ આવે છે. તારે જબરા થવું છે કે નહીં ? આપણે મોટા થઈને ગાયોને કાબૂમાં રાખવી પડશે; લડતા ગોધાઓનાં શિંગડાં પકડવાં પડશે. અરે, દૈત્યોનોય મુકાબલો કરવો પડે ! બળ વિના તે કેમ ચાલે ?'

એટલામાં તોક સખા બોલ્યો : 'કૃષ્ણ, અમે ખિરકમાં જઈ આવ્યા. ત્યાં તારી પ્રિય ગાયો પાસે ઘાસ છતાં તેનો કોળિયો પણ લેતી નથી. જાણે તારા વિના સૂની થઈ ગઈ છે ! વાછરડાં માતાને ધાવવા ઉતાવળાં થઈ રહ્યાં છે ને બૂમો પાડે છે. અમનેય હવે તો ભૂખ લાગી છે. તેં આટલો બધો વિલંબ કેમ કર્યો ? તને ગાય દોહવાનું તો બહુ ગમે છે ને !'

હવે મધુમંગલ કહી રહ્યો છે : 'કનૈયા, ત્યાં આપણે પાછા રમતો રમીશું. કઈ રમતો રમવી તે પણ અમે ગોઠવી રાખ્યું છે. તને કેટલીક છાની વાતો પણ કહેવાની છે, હોં ! એ વાતો તને બહુ જ ગમશે.'

કૃષ્ણને લલચાવીને લઈ જવા સખાઓ આમ પ્રયાસ કરી રહ્યા હતા. પ્રભુ ખિરકમાં પધારવા મૈયાની રજા લેવા અંદર આવ્યા. માતા થોડી વધુ શિખામણ આપવાની ઇચ્છા રોકી ન શક્યાં. તે બોલ્યાં : 'પુત્ર, તું હજુ બાળક છે. ત્યાં અણીદાર શિંગડાંવાળી મોટી મદોન્મત્ત ગાયો છે. વાછરડાં પણ કૂદાકૂદ કરશે. તને વગાડી બેસશે તો ! વત્સ, ખરું કહું ? તને કોઈ પણ જગાએ મોકલતાં મને ડર રહે છે; પેલા દુષ્ટ કંસના મોકલેલા અસુરોનો ! તારે જવાની શી જરૂર છે ? આપણા પાલિત ગોપો તે ગાયોને દોહશે. દૂધ-ઘૈયા તો તને ઘેરબેઠાં મળશે. સખાઓ સાથે તો વનમાં તું ઘણુંયે ખેલ્યો છે, હવે ખિરકમાં ન જાય તો ન ચાલે ? અને જો તારે ખેલવું જ હોય, તો મિત્રો સાથે આપણા આંગણામાં ખેલ ને ! હુંયે તારા ખેલ જોઉં. મારી નજર આગળથી ન ખસે તો કેવું સારું ! તું જે ગ્વાલબાલોને કહીશ તે બધા અહીં ખેલશે. તું તો રાજપુત્ર છે, તારું વચન કોઈ નહીં ઉથાપે. મારા કુળદીપક! તારે લીધે તો આ વ્રજમાં સૌને સુખ છે, અને તારે લીધે જ અહીં આ સઘળી સમુદ્ધિ છે ! વત્સ, તું સાહસ કરવાના સ્વભાવવાળો છે; તેથી વિશેષ ડર લાગે છે. નહીં તો, ના શા માટે કહું ? બેટા, તું મારી વાત માનીશ ?'

■

૨૬

કાન્હ, હમારી દુહિ દીજે ગૈયા

(ગોદોહન અને ખિરકમાં લીલાઓ)

હવે નંદનંદન, સખાઓ સાથે હાથમાં વેણુ તથા વેત્ર લઈને ચાલ્યા. બીજા હસ્તમાં દોરડું છે. મસ્તક પર પટકો ફેંટાની જેમ લપેટ્યો છે. કટિ પર પીતાંબરના અંચલ વડે ફેંટ બાંધી છે. ચરણમાં નૂપુર રણકી રહ્યાં છે. પ્રભુ સાથે બળદેવજી પણ પધારે છે.

પ્રથમ તેઓ વાછરડાં હતાં તે ભાગમાં આવ્યા. વાછરડાં ઊંચા કાન કરીને, ચકિત આંખોથી જોઈ રહ્યાં છે. તે તેમની માતાઓ પાસે જવા આતુર છે. સવારથી તેમનો વિયોગ હતો, ભૂખ્યાં થયાં હતાં. જેવાં છૂટ્યાં એવાં જ ઝડપથી કૂદતાં ત્યાં દોડ્યાં ને ગાયોને ધાવવા મંડી પડ્યાં ! શ્રીકૃષ્ણ આ દૃશ્ય જોતાં પ્રસન્ન થાય છે ને ઊભા ઊભા વેણુ વગાડે છે.

વ્રજભક્તો ઘેરબેઠાં એ નાદ સાંભળતાં સમજી જાય છે કે પ્રભુ હવે ખિરકમાં પધાર્યા છે. તેઓ કંઈ ને કંઈ મિષે, પ્રભુની ગોદોહન-શોભા જોવાને ત્યાં આવી પહોંચે છે. ગ્વાલોએ બધી તૈયારી કરી રાખી છે. પ્રભુ ગોદોહન માટે તૈયાર થાય છે. જમણા હાથે પીતાંબરનો છેડો પકડ્યો છે, ડાબા હાથમાં દોહની (દૂધ માટેનું વાસણ) છે, ખભા પર દોરી છે. ધીમે ધીમે ચાલે છે; નૂપુર ખખડવા દેતા નથી ને ગાયો પાસે જાય છે.

બીજા ગ્વાલોનું બરાબર અનુકરણ કરીને, અધ્ધર પગે બેસીને, દોહનીને બે જંઘાઓ વચ્ચે પકડીને, પોતાની સૌથી પ્રિય ગાયને દોહવા લાગે છે; પરંતુ તે તો વિના દોહ્યે જ દૂધની સેરો છોડવા માંડે છે ! નવાઈની વાત ભાઈ, પ્રભુનો શ્રમ બચાવતી હશે ! પશુ હોવા છતાંય શી એની સ્નેહવશતા!

ગોપો અને ગોપીઓ ચારે બાજુ વીંટળાઈને ઊભાં છે. નંદકિશોરની અદ્ભુત ગોદોહન-લીલા, ચિત્રવત્ બનીને નીરખી રહ્યાં છે. એમનાં નયનો વિસ્ફારિત અને મુખ પ્રફુલ્લિત થઈ રહ્યાં છે; અને જેમ ખીલેલાં કમળોને જોઈને ભ્રમર આનંદિત થાય, તેમ શ્યામસુંદર ગોપીજનોનાં કમળવદનો

જોતાં હર્ષિત થઈ રહ્યા છે. સ્વામિનીઓના રસમાં પરવશ થતાં, ક્ષણવાર નેત્રો મીંચી દે છે અને રોમાંચિત થાય છે. પ્રિયાઓના દૃષ્ટિપાતથી અધિક ઉત્સાહિત થતાં, પ્રભુ ગોદોહન કરી રહ્યા છે.

મસ્તકનું સહજ ડોલન થઈ રહ્યું છે; સાથે કુંડળોનું પણ ! કપોલ પર તેની આભા પ્રસરે છે. નકવેસરનું નિર્મળ મોતી નાસિકા નીચે ઝૂલી રહ્યું છે. કપોલદ્વય હાસ્યથી પ્રફુલ્લિત છે ! મુક્તાહાર ને રત્નપદકો પણ વક્ષ:-સ્થળમાં ઝૂલી રહ્યાં છે ને ઝળકી રહ્યાં છે ! અંગઅંગનાં અવનવાં આભૂષણો, શ્યામસુંદરના અનુપમ સૌંદર્યને અત્યારે અનેરી દીપ્તિ આપી રહ્યાં છે. પ્રભુ ગોદોહન કરી રહ્યા છે. દૂધધારાઓને કુતૂહલથી અવલોકી રહ્યા છે. ધૈયા આરોગવાની તત્પરતા મુખ પર ઝલકે છે. આવા ચંચળ, ચપળ અને આતુરતા-શિરોમણિ શ્યામને સૌ નીરખીને હરખી રહ્યાં છે.

શ્રીવૃષભાનનંદિની પણ પોતાના સર્વસ્વરૂપ નંદનંદનને ગોદોહન કરતા નીરખીને, ભાવવિવશ બની રહ્યાં છે - નિજ નયનોને સફળ કરી રહ્યાં છે ! કોઈ ગોપીનું મન, પ્રભુના સ્વરૂપમાં જ નિરોધ પામી રહ્યું છે; તો કોઈનું ચિત્ત, કામ-સંતપ્ત થઈ લજ્જા મૂકીને પ્રિય-સમાગમ માટે વિકળ થઈ રહ્યું છે. કોઈ પ્રભુનાં પ્રેમથી ઓવારણાં લઈ રહી છે, તો કોઈ પ્રિયતમમાં તન્મય થઈ રહી છે - તે એવી કે પ્રભુ ગાય દોહતાં હસ્ત હલાવે છે, તે જ રીતે તે ખાલી ખાલી હાથ હલાવવા મંડી ગઈ છે ! પ્રભુ એને જોતાં હસી રહ્યા છે.

કોઈ ચતુરા વળી શ્યામસુંદરને સલાહ આપી રહી છે : 'આમ કેમ દૂહો છો ? આ રીતે દૂહો. તમને દોહતાં જ ક્યાં આવડે છે !' અને શ્યામ એને પકડીને કહે છે : 'સખી તું જ દોહી બતાવ ને; તારી ચતુરાઈ જોઉં તો ખરો !' - પ્રિય સાથે વાર્તાલાપનું સુખ સખી આ મિષે માણી લે છે.

આ બધું સૌ ચિત્રવત્ નીરખી રહ્યાં છે ! પ્રિયમુખના લાવણ્યરસ-સાગરમાં નિમગ્ન છે. પોતાનાં નેત્ર-કુમુદોને ખીલવનાર પ્રિયતમના વદનચંદ્રને, ચકોરીની જેમ એકીટસે નિહાળી રહ્યાં છે. ઉર-સરોવરમાં એ મુખ-શશિનું પ્રતિબિંબ ઝીલી રહ્યાં છે. કોઈ વળી પ્રિયતમ પ્રતિ, તિરછાં કટાક્ષબાણો છોડી રહ્યાં છે; જાણે પ્રિયનો અન્ય સાથેનો સંબંધ સહી ન શકતાં હોય, ને રીસ ન ઠાલવતાં હોય ! કોઈ ગોપીજન અર્ધનિમિલિત નયનોથી, યોગીની જેમ પ્રિયને સમાધિમાં ધારણ કરવા મથી રહ્યાં છે; તો કોઈક વળી ભક્તની જેમ પ્રભુનું પ્રત્યક્ષ દર્શનસુખ માણવામાં તત્પર છે. એમનાં નયનોને આ રૂપસુધાનું પાન કરતાં તૃપ્તિ જ ક્યાં થાય છે !

પ્રભુમાં નિષ્કામ સ્નેહવાળાં કોઈક સખીજન, અહીં શ્યામને થતા શ્રમનો વિચાર કરી રહ્યાં છે, ને મનથી દુ:ખિત થઈ રહ્યાં છે ! 'પ્રભુ ! અમને દોહવા દો ને ! આપ કેટલી મહેનત કરશો !' એમ વીનવી રહ્યાં છે.

પ્રભુ એમની વિનંતીથી, મનોહર નૂપુરનાદ કરતા ત્યાંથી ઊઠે છે. ત્યારે કેટલીક વ્રજાંગનાઓને રહસ્યલીલા-સમયનો નૂપુરધ્વનિ સાંભરી આવે છે, ને રસવિવશ થઈ જાય છે ! અંતર્યામી પ્રભુ મનના ભાવને જાણી લે છે ને તે ભાવનું પોષણ કરવા, તેમને ઘેર પધારવાનો સંકેત, નેત્ર-સંકેત દ્વારા જણાવી રહ્યા છે !

આ વખતે કેટલાંક વ્રજભક્તો પ્રભુના દર્શનમાત્રથી સંતુષ્ટ ન થતાં, કંઈક બીજું જ અનુભવી રહ્યાં છે. મદન-મનોહર દિલદારનાં દર્શનથી અંતરમાં એકાન્તિક સુખની લાલસા ઑર પ્રબળ બની જાય છે. એમનાં તન-મન મદનથી પીડિત થઈ રહ્યાં છે. તે તલસે છે કે 'ક્યારે આ રસ-સ્વરૂપને ભુજાઓમાં ભીડીને, અમારાં ઉરોજયુગલ વચ્ચે સમાવી લઈએ! એમના કમળ-કોમળ કપોલદ્વયને, ગાઢ એકાંતમાં પુન: પુન: ચૂમીને, અમારા તૃષાતુર અધરોને ક્યારે તૃપ્ત કરીએ ! પરસ્પર ગલબાઁહી દઈને ચિરકાળપર્યંત પ્રેમની વાતો જ કર્યા કરીએ ! એ પ્રેમની વાતો અંતરમાં ઘુંટાઈને, હૃદયને ક્ષુબ્ધ કરી રહી છે. અરે, હવે તો હોઠે આવીને રહી છે. વળી, આ કોક-કલા-વિશારદ કાન્હકુંવર સાથે કામ-કેલિનો અનુભવ કેમ કરીએ ! વિવિધ બંધો દ્વારા, રીત-વિપરીત રમણરસનું પાન કરીને તન-મનની તપન ક્યારે બુઝાવીએ ! સૌના સમૂહ વચ્ચે, આ અભિલાષા પ્રિયતમને જણાવી પણ કેમ શકાય ? સખી સાથે પ્રિયને સંદેશો મોકલીએ, ત્યારે તે પોતાનું જ કાર્ય વચ્ચે કરી લે, એનું શું ? નંદકિશોરને ન ચાહતી હોય એવી કઈ રમણી ત્રિભુવનમાં હશે, વારુ ! ત્યારે કરવું શું ?'

એમને શ્રીદામાની સ્મૃતિ થઈ. પ્રભુનો એ અંતરંગ સખા ! તેની સાથે પોતાનો પૂર્વપરિચય પણ ખરો. ખાનપાનાદિથી તેઓ એને સદૈવ પ્રસન્ન

રાખતાં. એ શ્રીદામા તો ત્યાં ખિરકમાં જ હતો. એને સાન કરીને તેઓ બાજુની ખિરકમાં લઈ ગયાં. એના દ્વારા પોતાનો રહસ્યસંદેશ પ્રિયને પહોંચાડવો હતો : 'શ્રીદામા, તું આજે અમારું એક કામ ન કરે, ભાઈ ?' એક ગોપીએ કહ્યું.

'અરે આ શું બોલ્યાં ? એક શું, અનેક કામ બતાવો ને ! મહેનતાણામાં મેવા-મિઠાઈ ને માખણ ખવરાવશો ને ! બસ, પછી શું ?'

ગોપી કહે છે : "ભાઈ, તારે અમારો પ્રેમનો એક ખાનગી સંદેશો શ્રીકૃષ્ણને પહોંચાડવાનો છે. જો, સાંભળ, તું પ્રભુને અમારું નામ દઈને કહેજે કે 'કૃષ્ણ ! એ ગોપીઓ તમારા વિયોગમાં ઝૂરે છે. સાંજે તમારાં દર્શનમાત્રથી એમને સંતોષ થતો નથી. રાત્રિએ તમારી સેવા કરવાનો એમનો મનોરથ છે. એ તમારા ચરણ દબાવશે. વનમાં ગાયો ચરાવીને તમે થાકી જાઓ છો ને, માટે સ્તો ! વળી, સુંદર સિંગાર ધરાવશે. મને મેવા-મિઠાઈ આપે છે, તેવા તમને ખવરાવશે. સરસ સુગંધીવાળાં પાન ચવરાવશે. મીઠી-મધુરી વાતો કહેશે. એ પોતે નાચશે ને તમને નચાવશે. એ ગાશે ને તમને ગવરાવશે. ઝૂલતી શૈયામાં સુવાડીને તમને ઝુલાવશે. મિત્ર, તમને બહુ મજા પડશે, હોં !' બોલ, શ્રીદામા ! અમારો આટલો સંદેશો પહોંચાડીશ ને ! પણ તદ્દન એકાંતમાં એમના કાનમાં કહેવાનો, હોં કે !" ગોપીએ કહ્યું.

'હા, હા, કેમ નહીં ! ચોક્કસ પહોંચાડીશ. જાઓ, હવે નિરાંતે સો મણ રૂની તળાઈમાં જઈને સૂઈ જાઓ. ચિંતા કરશો નહીં.'

ગોપી કહે છે, 'ના, એમ નહીં. અમને પ્રભુ ક્યાં ને ક્યારે મળશે, તે સંદેશો તારે પાછો પહોંચાડવાનો છે.'

શ્રીદામા પ્રભુ પાસે જાય છે. ગોપીઓ એની રાહ જુએ છે. ગોદોહન તો થઈ ગયું છે, તેથી પ્રભુને એકાંતમાં બોલાવીને ગોપીઓની વાત કહી સંભળાવે છે. પછી પ્રભુ જે સમય-સ્થળ બતાવે છે તે ગોપીઓને કહી જાય છે અને આ દૂત-કાર્યના બદલામાં પોતાને કાલે કેટલાં મેવા-મિઠાઈ મળશે, તેની વાત પણ પાકી કરતો જાય છે !

◆

૨૭

ઘૈયા : માતાપુત્રની વાતો

બધા ગ્વાલબાલો ગોદોહન કરી રહ્યા એટલે શ્રીકૃષ્ણને વીંટળાઈ વળ્યા. કહેવા લાગ્યા : 'કૃષ્ણ, ચાલ. હવે દૂધનું મથન કરીએ. તેનું મધુર બળવર્ધક ફીણ સૌ પ્રથમ તો તારે જ પીવાનું છે. લે આ કટોરો, ભરી ભરીને પીજે. કનૈયા, તને આનંદ આવે એવું કરવામાં કોણ જાણે કેમ; અમને પણ બહુ જ મજા પડે છે. તું અમને બહુ વહાલો લાગે છે. અમારે હાથે તારે ઘૈયા આરોગવાની છે. હવે તું આ ચોકી પર બેસ, અને અમે શું કરીએ છીએ તે નિરાંતે જોયા કર.'

ગોપબાળકોએ બધું તૈયાર કર્યું. એ મથન કરેલું દૂધ, ફીણ સહિત ગાઢું, રૂના ઢગલા જેવું હતું. તેમાં મિશ્રી મિલાવીને મિષ્ટ બનાવ્યું. પછી સુવર્ણ-પાત્રમાં ભરી ભરીને નંદરાજકુમારને આરોગાવ્યું. વળી, પોતે પણ પીવા લાગ્યા. અંતરંગો સાથે આરોગવામાં હરિને પણ બહુ આનંદ આવે છે. રસરૂપ પ્રભુ સીત્કારો કરતા, કંઈક આંખો મીંચીને ઘૈયા આરોગે છે. સ્વામિની-સમાગમમાં થતા રસ-સીત્કારોનું એમને સ્મરણ થઈ આવે છે. વળી, અંતરંગ સખાઓની સાથે રસની વાતો કરતાં, રસાવિષ્ટ બનતાં ઘૈયાનું પાન કરી રહ્યા છે. ફરી ફરીને, માગી માગીને આરોગે છે, જાણે તૃપ્તિ જ થતી નથી ! સખાઓને કહે છે : 'મિત્રો, કેટલી સરસ છે ! આવી ઘૈયા પીને તો આપણે મોટા દૈત્યોને પણ મારી શકીએ. કેવું બળ આવે છે! આવું દૂધ આપનારી આ ગાયો મને ઘણી જ વહાલી લાગે છે, હોં.'

ત્યાં તો યશોદાજી, લાલને જોવા અધીરાં થતાં શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચે છે. પુત્રને પ્રસન્નતાથી ઘૈયા પીતાં જોઈને રાજી થાય છે અને કહે છે, 'વત્સ ! તેં બહુ વાર લગાડી, હોં ! ઘેર હું અને રોહિણીજી ક્યારનાં તારી રાહ જોઈ રહ્યાં હતાં ! અમે તારા શયનભોગ માટે સરસ સામગ્રીઓ સિદ્ધ કરી છે. તે શીતળ થઈ જાય, પછી કેમ ભાવે ? માટે જલદી કર.'

કહાઁ કહાઁ ખેલે હો લાલન, બાત કહી મોસોં વનકી,
આઓ ઉછંગ સાઁવરે મોહન ગૌરજ પોંછૂં બદનકી. ૧

સુંદર વદનકમલ કુમ્હલાનો ઔર દસા ભઈ તનકી,
'રસિક'પ્રીતમસોં કહત નંદરાની બલિબલિ છગન-મગનકી. ૨

શ્યામ આનાકાની કરવા લાગ્યા, 'મૈયા, મારે હજુ ખેલવું છે.' ત્યારે યશોદાજીએ લાલનો સુકોમળ હસ્ત પકડ્યો. ક્ષણ વાર રોમાંચ અનુભવતાં માતા લાલને લઈ જવા લલચાવવા લાગ્યાં : 'વત્સ, તારે માટે તો આજે ઘણું બધું બનાવ્યું છે. એક તો સફેદ ખીલેલો ભાત અને સાથે કઢેલું મીઠું દૂધ. દૂધભાત આરોગવાથી તારો વનનો બધો શ્રમ દૂર થઈ જશે. સાથે વિવિધ શાક, સરસ દાળ, ઘી ભરેલી રોટી છે. વળી જાતજાતનાં મેવા-મિઠાઈ ને પકવાનો પણ તૈયાર છે. તને મજા પડશે. જો, હવે તો રાત પડી. ગગનમાં ચંદ્ર અને તારા જો. હવે કંઈ વહેલું છે ! રાત્રિએ બહાર ન ખેલાય. તારા પિતા પણ તારી વાટ જોઈ રહ્યા છે. આવેલા મહેમાનો પણ ખોટી થાય છે. હવે વિલંબ કરાય ? અરે, ગોપીઓ પણ આવી છે ને સરસ ગીતો ગાય છે. તને તે કેટલાં બધાં ગમે છે ! ચાલ, જોઉં.'

'હેં મૈયા, ગોપીઓ ગીતો ગાય છે ?' એમ બોલતા શ્યામ ઊભા થયા અને મૈયાની સાથે ઘર તરફ ચાલ્યા.

■

૨૯

બ્યારૂ કરત હૈં ઘનસ્યામ

(શયનભોગ)

નંદસદનના ભોજનગૃહમાં મૈયા આસન પર બેઠાં. પુત્રને પોતાની ગોદમાં બેસાડ્યા. રોહિણીજી સુવર્ણનો થાળ લઈને આવ્યાં. એમાં વિવિધ વ્યંજનો સાજેલાં હતાં. પરમ ભાગ્યવાન વસુદેવ-પત્ની રોહિણી, કૃષ્ણ-બળદેવ પર અત્યંત પ્રીતિવાળાં છે. બળદેવજી પણ સાથે જ વાળુ કરવા બિરાજેલા છે. વાત્સલ્ય એમના અંતરમાં ઊભરાય છે ને આગ્રહ કરીને પીરસી રહ્યાં છે. કુમારિકાઓ યમુનાજળ ભરેલી સુવર્ણઝારીઓ લાવે છે ને પાસે ધરે છે. ઊભાં ઊભાં પંખો કરે છે. અન્ય ગોપીજનો બહાર બેસીને મધુર ગાન કરી રહ્યાં છે, જેથી આરોગવામાં પ્રભુને વિશેષ આનંદ આવે.

યશોદાજી પ્રેમથી આરોગાવે છે : પ્રથમ દૂધ-ભાત, પછી ક્રમશ: બીજું બધું લેવરાવે છે. પ્રભુ પણ માતાનું મન રાખવા, સ્વાદ બતાવી બતાવીને શયનભોગ આરોગી રહ્યા છે.

મૈયા અપને સુત હી જિમાવત,
ખીરખાંડ ઘૃત લોણી લાડુ જોઈજોઈ શ્યામ હી ભાવત. ૧
ઘૃતપક રસપક પયપક જલપક છપ્પનભોગ ધરાવે,
જેંવત મગન હોત મનમોહન મુરલીદાસ યશ ગાવે. ૨

બાળસહજ ચંચળતાથી, વચમાં વળી ઊભા થવા જાય છે; ત્યારે માતા અલક સઁવારતાં સમજાવે છે : 'વત્સ, ભોજન ધીમે ધીમે જ કરવું જોઈએ. બેસ, હું સરસ કંઈક મંગાવું' અને પછી નાનકડી મજાની વાર્તા કહેવા લાગે છે. વાર્તાના રસમાં પ્રભુ હસતાં હસતાં આરોગે છે. તે જોતાં માતા પણ પ્રસન્નતા અનુભવે છે.

વાર્તા પૂરી થતાં યશોદાજી, હવે બળદેવજીને સંબોધે છે અને કંઈક શિખામણો આપે છે : 'બળદાઊ ! આજે વનમાંથી આવવાનું મોડું કરેલું ને ! એમ ન કરવું. મોડે સુધી મારો લાલ જંગલમાં રહે, તેમાં મને ભય

લાગે છે. જોકે તું સાથે જ હોય છે. તું મારો મોટો બળવાન છે. ગર્ગાચાર્યના કહેવા પ્રમાણે વસુદેવપુત્ર, સંકર્ષણ-સ્વરૂપ, ક્ષત્રિયના શૌર્યથી ભરેલો છે. તેથી મારા બાળકની રક્ષાનું કાર્ય તને સોંપ્યું છે. આ કૃષ્ણ તો નાનો, ભોળો ને અત્યંત સુકુમાર છે. શત્રુ-મિત્રનો ભેદ પણ સમજતો નથી. કંસ જેવા શત્રુનો માથે ભય છે. તારે એને બધું સમજાવતા રહેવું. વળી, ગાયો કે ગોધા લડતા હોય ત્યાં જવા ન દેવો. જળાશયમાં, અગ્નિ પાસે, વૃક્ષ પર કે વાંદરો નજીક ન જાય તે જોતા રહેવું. કૂદકા કે ભૂસકા મારવા ન દેવા. તારી પાસે ને પાસે જ રાખજે. દાઊ, તારે ભરોસે હું એને વનમાં મોકલું છું, હોં ભાઈ!'

માતાની અધીરાઈ જોઈ, બળદેવજી એમને સાંત્વન આપે છે : 'મૈયા યશોદા, કૃષ્ણની તારે લેશ પણ ચિંતા ન કરવી. એ નાનો છે, પણ હજાર મોટાને પણ ભારે પડે તેવો છે ! અમે પણ એના બળથી જ બળવાન છીએ. તું એના પરાક્રમને જાણવા છતાં ભૂલી કેમ જાય છે ? છ દિવસની વયમાં, એણે પૂતના જેવી રાક્ષસીના પ્રાણ શોષ્યા હતા ! વળી, શકટાસુર, વત્સાસુર, અઘાસુર, બકાસુર, પ્રલંબાસુર ને ધેનુક-તૃણાવર્ત જેવાના એણે રામ રમાડી દીધા હતા. યમલાર્જુન-વૃક્ષો પાડ્યાં, કાલિયનાગનું દમન કર્યું, દાવાનળપાન કર્યું ! અરે, તને એના મુખમાં વિશ્વદર્શન થયું હતું, તે પણ તું ભૂલી જાય છે ?

'કૃષ્ણ અમારી સાથે હોય ત્યાં સુધી અમને કોઈનો ભય લાગતો નથી. વનમાં અમે ગાયો ચરાવીએ છીએ. કૃષ્ણને તો શીતળ છાયામાં, એની ઇચ્છાનુસાર ખેલવા દઈએ છીએ. યશોદામા, માતાના સહજ સ્વભાવે, સ્નેહાતિશયને લીધે તને ચિંતા થાય છે; પરંતુ મારી વાતમાં તું વિશ્વાસ રાખ. એનામાં અસાધારણ સામર્થ્ય છે. આ કૃષ્ણ કોઈ અદ્ભુત બાળક છે!'

પુત્રના પ્રતાપ ને પરાક્રમની વાતોથી માતાનું અંતર પ્રફુલ્લિત થઈ ગયું. વળી તે બોલ્યાં : 'બલદાઊ, તારી વાત તો ખરી છે. પૂર્વજોનાં પરમ પુણ્યથી, અત્યાર સુધી આવેલાં વિઘ્નો તો દૂર થયાં છે; પરંતુ ચેતતા નર સદા સુખી. આપણે સદૈવ સાવધાન રહેવું જોએ. કંસના દ્વેષને લીધે અગણિત અસુરો અમારા શત્રુ થયા છે. મારા બાળક તરફ એ લોકોને વેરભાવ છે. માટે જ આપણે સચેત રહેવાનું છે. તમારે ગાયો લઈને બહુ દૂર જવું નહીં. કોઈ સાહસકર્મ કરવું નહીં. તમારી સાથે શસ્ત્રાસ્ત્રધારી બળવાન ગોપોને પણ રાખવા. ભાઈ ! વયોવૃદ્ધની શિખામણો હમેશાં ધ્યાનમાં રાખવા જેવી હોય છે. જુવાનીના જોમમાં કંઈ ને કંઈ સાહસ કે ગફલત થઈ જાય પછી પસ્તાવાનું થાય.'

બળદેવજીએ વાતમાં પોતાની સંમતિ દર્શાવી; એટલે એ વાત ત્યાં અટકી. માતા વાતમાં રહ્યાં એટલે પુત્ર ઊંચાનીચા થતા હતા, હવે તે ઊભા થઈ ગયા. યશોદાજી હાથ પકડીને પાછા બેસાડતાં બોલ્યાં, 'વત્સ ! હજુ તો તેં કંઈ ખાધું જ નથી ! જો ને, આ થાળ તો જેમનો તેમ ભરેલો જ છે, આવું તે ચાલે ! હવે થોડુંક ખા, મારા લાલ ! તને બહુ જ ભાવે તેવું તારા મુખમાં મૂકીશ, બસ !'

મનુહાર કરીને વળી કંઈક આરોગાવે છે. ત્યાં તો પાછા ઊભા થઈ જાય છે. માતાના કહેતાં પહેલાં તો પગ પછાડવા લાગ્યા. નૂપુરોની ઘૂઘરીઓ ઘમકી ઊઠે છે. માતા જુએ છે કે હવે પ્રયત્ન નકામો છે. લાલને આંગણામાં લઈ જઈ મુખ-પ્રક્ષાલન કરાવે છે. પાલવથી મુખ પોંછી પાન આરોગાવે છે. પછી જ્યાં નંદરાયજી બેઠા છે, ત્યાં લઈ જાય છે ને પિતાને સોંપે છે. નંદરાયજી લાલના બંને કપોલ પર વાત્સલ્યથી ચુંબન કરતાં, એમને વિવિધ પ્રકારે ખેલાવે છે.

◆

૨૯

પોઢિયે ઘનસ્યામ, બલૈયા લેહીં

(શયનલીલા-નંદાલયમાં)

યશોદાજી જુએ છે કે પુત્રના નેત્રમાં નિદ્રાનું ઘેન ભરાવા લાગ્યું છે; એટલે પોઢાવવાનો વિચાર કરે છે. ત્યાં તો કુમારિકાઓ આવીને કહેવા લાગ્યાં : 'માજી, અમે શય્યામંદિરની સર્વ તૈયારી પૂરી કરી છે, તેમ છતાં આવીને જોઈ જાઓ, તો સારું.'

યશોદાજી ઊઠીને ત્યાં ગયાં. સખીઓ બતાવે છે ને એ અવલોકન કરે છે. હાથીદાંતની કલાકારીગરીવાળો મનોહર પલંગ હતો. તેના પર સુવર્ણના રસથી વિવિધ ચિત્રો કાઢેલાં હતાં. રૂ-ભરેલી સુકોમળ ગાદીઓ, રેશમી ગુચ્છાવાળા સુશોભિત તકિયા ને સ્વચ્છ - શ્વેત, સુગંધિત, બારીક ચાદરો છે. ઓશિકા બાજુ બાંધેલી કસ્તૂરીની નાનકડી થેલીઓ છે. ચાદર ખસી ન જાય તે માટે ચારે ખૂણે બાંધેલા કસના છે. વળી, શય્યાની જુદી જુદી બાજુએ ધરેલી વસ્તુઓ પણ જોઈ. સુંદર વિવિધ પ્રકારની સામગ્રીઓ અને બીજું ઘણું સુંદર રીતે ત્યાં સાજેલું હતું. યશોદાજી સખીજનો પર પ્રસન્ન થયાં. પછી લાલને તેડીને ત્યાં લઈ આવ્યાં,ને શય્યામાં સુવડાવ્યા. વનના શ્રમનો વિચાર કરતાં, સુકોમળ અંગ પર હાથ ફેરવવા લાગ્યાં. સખીઓ વાયુ ઢોળી રહી છે. લાલ સહજ નેત્રો ખોલે છે ને મીંચે છે. માતા પુત્રને ઊંઘાડવા કંઈક ગાય છે :

પૌઢિયે ઘનસ્યામ બલૈયા લેહીં,
અતિ સ્રમ ભયો વન ગૌચારનમેં ધૌસ પરિ હૈ ઘામ. ૧
સીરી બ્યાર ઝરોખનકે મધિ આવત અતિ સીતલ સુખધામ,
'આસકરન' પ્રભુ મોહનનાગર ! અંગ અંગ અભિરામ. ૨

'હે વ્રજરાજસુત ! હે હરિ ! પિતાને સંતોષ આપનાર, મારા હૈયાના હાર, મારાં નેત્રોના તારા ! તું સૂઈ જા. ગાયો ચરાવતાં વનમાં તને પરિશ્રમ પડેલો છે. તે નિવારવા, હવે તું ઊંઘી જા. હે ગોપાલ, સમગ્ર ગોકુળને આનંદ આપનાર ગોકુલોત્સવ ! ગોકુળને અભય આપનાર, ગાયોને પ્રિય, મારા

લાલ ! તું સૂઈ જા. વનના તૃણાંકુર, કાંટા ને કાંકરા વડે તારા કોમળ ચરણ દુ:ખતા હશે. ગોપીઓના ઘરમાં માખણ-ચોરી કરતાં તું થાકી ગયો હોઈશ. વાછરડાંનાં પૂંછડાં પકડીને દોડ્યો હોઈશ. ગોચરણમાં જલદી ચાલવાથી તને થાક લાગ્યો હશે. લાલ ! હવે ઊંઘી જા. ગોપીઓ પાસે નટની જેમ તું નૃત્ય કરતો હતો. ખેલવાના ઉત્સાહમાં ખાવાપીવામાંયે તારું ચિત્ત નહોતું લાગતું; છતાં માખણ માટે મારી પાસે હઠ કરતો હતો. વલોણું વલોવતાં મારી મથનીની રવાઈ પકડી લેતો હતો. હવે કેવો શાન્ત બની ગયો છે ! કેટલો ડાહ્યો લાગે છે, લાલ ! તું ઊંઘી જા.

'તારું કેવું મનોહર રૂપ ! અંજનથી શોભતાં અણિયાળાં નયનો, કસ્તૂરી-તિલક, વાંકડિયા કેશથી છવાતું વદન, ઝૂલતું નકવેસર ને ઝળકતાં કુંડળ, કંઠની મુક્તામાળાઓ ને વક્ષ:સ્થળમાં વાઘનખનું ભૂષણ ! સુવર્ણની મણિમાળાઓ, રણકતી કટિમેખલા, મોરમુકુટ ને વળી પીળું પીતાંબર ! દર્પણમાં મુખ જોઈને તું પોતેય કેટલો રાજી થાય છે ! વત્સ, હવે ઊંઘી જા.

'લાલ, ગોપીઓનો તારા પર કેવો અદ્ભુત પ્રેમ ! તું તો રાજકુમાર છે ને ! સૌનું ચિત્ત ચોરી લે તેવો. નહીંતર પારકા બાળક પર આટલો પ્રેમ કોણ કરે ? હે મુગ્ધ કૃષ્ણ, કોઈ વાર શરમાતો; કોઈ વાર મંદ હસતો, કોઈવાર વળી અટ્ટહાસ્ય કરતો, તું કેવો મનોહર લાગે છે ? ઘડીકમાં ખેલતાં વ્રજરજ-લિપ્ત અંગવાળો તું કેવો સુંદર લાગે છે ? મારી ગોદમાં ચઢી પયપાન માટે તું કેવો આતુર થાય છે ? તું હસે છે ત્યારે દાડમકળી જેવી તારી દંતૂડિયો કેવી ચમકે છે ! લાલ, હવે તું સત્વર ઊંઘી જા.'

ગાતાં ગાતાં માતાનું હૃદય ભાવવશ બની જાય છે. કોઈ વાર કંઠ ગદ્ગદ થાય છે. કોઈ વાર નેત્રમાં હર્ષાશ્રુ આવે છે. હવે તેમણે જોયું કે લાલ પૂરી ઊંઘમાં આવી ગયા છે; એટલે મલમલની શ્વેત સુકોમળ ચાદર એમને ઓઢાડી અને ધીમે પગલે ત્યાંથી નીકળી ગયાં. જતાં જતાં અંતરંગ સખી - રાધાસહચરીને, પ્રભુ પાસે રહેવાનું કહેતાં ગયાં. હવે પોતે બાકી રહેલા ગૃહકાર્યમાં લાગી ગયાં.

આમ, એક બાજુ યશોદાજીના વાત્સલ્યભાવને પોષવા પ્રભુ નંદાલયમાં શયન કરતા દેખાય છે. ■

૩૦

કુસુમસેજ પિય-પ્યારી પોઢે

(રસાત્મક શયનલીલા)

બીજી બાજુ, પ્રભુને પોતાનામાં અતિ પ્રેમવાળાં વ્રજભક્તો યાદ આવે છે. ખિરકમાં શ્રીદામા દ્વારા જેમણે સંકેત-સમય પુછાવી લીધો હતો, તે ગોપીજનોની પણ સ્મૃતિ થાય છે. સમસ્ત વ્રજસુંદરીઓના રસભર્યા મનોરથો પૂરવા તો પોતે વ્રજમાં પ્રગટ્યા છે. આમ, નંદાલયમાં એકલા એકલા સૂઈ રહેવાથી કેમ ચાલે ! પાસે રહીને વાયુ ઢોળતાં, રાધાસહચરીજી તથા અંતરંગ કુમારિકાઓ પણ પોતાના મનોરથો પૂરા કરવાને આતુર છે ! આમ, બાળક બનીને એકલા-એકલા શયન કરવાથી કેમ ચાલે !

તરત જ પ્રભુ, કોટિકંદર્પલાવણ્ય કિશોરરૂપ ધરીને જાગૃત થાય છે. ત્યાં તો પ્રિયમિલન માટે તલસતી પ્રિયાઓની પ્રિય દાસીઓ પ્રભુને સ્વામિનીઓ પાસે તેડી જવા માટે, એક પછી એક આવે છે. પોતપોતાનાં સ્વામિનીની વિરહ-વ્યથાની વાત પણ પ્રાણેશને જણાવે છે.

આપુન ચલિયેજુ લાલન નેક ન કીજૈ લાજ,
મો સરખી તુમ કોટિક પઠવૌ પ્યારી ન માને આજ. ૧
મૈં તો તેરી આજ્ઞાકારી, મોસું કહા કહત મહારાજ,
'નંદદાસ' પ્રભુ બડેઈ કહ ગયે આપ કાજ મહાકાજ. ૨

હે વ્રજેશ ! અમારાં સ્વામિની આપને માટે તલસી રહ્યાં છે. રતિરસનાં અભિલાષી તેઓ સર્વ સુખસાધનો સિદ્ધ કરાવીને, આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે, વિરહથી બેચેન બની રહ્યાં છે. ક્ષણ એમને જુગ જેવડી લાગે છે! વિલસવાના વિવિધ મનોરથો કરી રહ્યાં છે. આપને ધરવાની પુષ્પમાળા ને વિવિધ સામગ્રીઓ પણ સાજી રહ્યાં છે ! ઉત્તમ તાંબુલ સ્વહસ્તે બનાવી રહ્યાં છે. વચ્ચેવચ્ચે દ્વાર પાસે આવીને, ઉત્કંઠિત થઈને માર્ગ નિહાળી રહ્યાં છે, અંતે થાકીને તેમણે અમને મોકલ્યાં છે. પ્રભુ ! એમના મનોરથ સત્વર પૂરવા જોઈએ, નહીં તો એમની કેવી અવસ્થા થશે, તે કહી શકાતું નથી.

તેઓ ઘડીકમાં લમણે હાથ દઈને વિચારમગ્ન બની જાય છે અને ચિંતા-સમુદ્રમાં ડૂબી જાય છે; વિરહના ઉષ્ણ નિઃશ્વાસો મૂકે છે. કોઈક વાર તો મૂર્છિત પણ થઈ જાય છે. આપના વિનાની સૂની શૈયા જોઈને તો એમને કંઈ કંઈ થઈ જાય છે. મિલનની આશાના તંતુ વડે માત્ર પ્રાણ બંધાઈ રહ્યા છે, નહીંતર તો ક્યારનાયે ઊડી ગયા હોત ! આપ નહીં પધારો, તો શું થશે તે કહેતાં અમારી જીભ ઊપડતી નથી, પ્રભુ !'

આય ક્યોં ન દેખો લાલ આપની પ્યારીકી છબિ
        ચાંદનીમેં પોઢી યાતેં ચન્દ્રહુ રહ્યો લજાય,
મંડલ પુહુપમાલ, નીલાંબર અંબર
        નાસિકાકો મોતી દેખે ઉડુગણ સકુચાય. ૧

પ્રભુ એમને આશ્વાસન આપે છે અને પધારવાનું વચન આપે છે. પ્રત્યેક વ્રજભક્તોના ભાવનું એકેક નૂતન કિશોરસ્વરૂપ ધારણ કરે છે અને આવેલી દાસી સાથે સત્વરે પધારે છે. આમ, '**રસો વૈ સ:**' પ્રભુ, અનંત રસરૂપ-સ્વરૂપો ધરી રહ્યા છે. કોટી મન્મથ-મન્મથ, મદનમનોહર વેશ. ભક્તના મનોરથ પૂરવાની આતુરતા, ભાવ-વિવશતા ને પ્રેમરસની પરાકાષ્ઠા ! પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ તો પ્રેમસ્વરૂપ જ છે ને !

દાસીજનો પધરાવે તે માર્ગે આપ પધારે છે - ગૃહમાં, કોઈ કુંજ-નિકુંજોમાં, કોઈ અન્ય સંકેતસ્થળોમાં ! ગજરાજની જેમ મલપતા મનમોહન ચાલે છે. વ્રજભક્તો પ્રભુના પધારવાની પ્રતીક્ષા કરી રહ્યાં છે, 'દાસીને મોકલી તોયે પ્રાણેશ પધાર્યા નહીં. અહા, કેટલો બધો સમય થઈ ગયો !' વાટ જોનારને વેળા લાંબી જ લાગે ને ! જેમ મયૂરી મેઘની, માછલી જળમાં ઝંપલાવવાની, ચકોરી ચંદ્રોદયની અને ચક્રવાકી રજની પૂરી થવાની રાહ જોયા કરે; તેમ પ્રતીક્ષા કરી રહ્યાં છે. ક્ષુધિતજનો અન્ન કાજે અને તૃષિતો નીર માટે જેવી આતુરતા સેવે, તેથી અનેકગણી આતુરતાથી, એ ચકોરીઓ, એ મયૂરીઓ, એ ચક્રવાકીઓ - અર્થાત્ વ્રજલલનાઓ, ઘનશ્યામ પ્રભુની રાહ જોઈ રહ્યાં છે.

ત્યાં દાસીજન સાથે, દૂરથી પ્રાણનાથને પધારતા જોઈને, એ પ્રિયાઓનાં ચિત્ત આનંદવિભોર બની જાય છે. ક્ષણવાર તો એ સૂધબૂધ પણ

ભૂલી જાય છે. પ્રિયતમને આલિંગવા સામે પધારે છે. હસ્ત પકડીને આપને પધરાવી લાવે છે. હર્ષાશ્રુ-યુક્ત નયન-કમળોથી પ્રાણેશને સત્કારે છે; જાણે જળસહિત કમળ વડે આપનું પૂજન ન કરતાં હોય ! પુષ્પોથી વધાવે છે ને પુષ્પમાળા પહેરાવે છે. પછી સ્નેહપૂર્વક શય્યામાં પધરાવે છે –

રાધિકા આજ આનંદમેં ડોલે,
સાँવરે ચંદ ગોવિંદકે રસભરી દૂસરી કોકિલા મધુર સ્વર બોલે. ૧
પહર તન નીલપટ કનક હારાવલી હાથ લે આરસી રૂપકો તોલે,
કહત 'શ્રીભટ' વ્રજનારી નાગર બની કૃષ્ણકે શીલકી ગ્રંથિકા ખોલે. ૨

કલા-કારીગરીવાળો સુખડનો પર્યંક છે. સુકોમળ ગાદી-તકિયા છે. સુખસામગ્રીઓ સાજેલી છે. સુવર્ણપાત્રો અને જળની ઝારીઓ છે. આરોગવાનાં વિવિધ વ્યંજનો છે. પુષ્પમાળાઓ ને પુષ્પગુચ્છા છે : કમળ-કુમુદ-કુંદ, મંદાર-કેતકી, ચંપો-ચમેલી ને પારિજાતક આદિની સૌરભ પ્રસરી રહી છે. અત્તરદાનીઓ અને વિવિધ પ્રકારનાં અત્તરો છે. રૂપાની પિકદાની પણ એક બાજુ રાખેલી છે.

શય્યા-મંદિરનો માર્ગ ગુલાબની કોમળ પાંખડીઓથી છાઈ દીધેલો છે. શય્યા પાસે શેતરંજ ને સોગઠાંબાજી બિછાવી છે. અનુપમ આકૃતિવાળાં રત્નજટિત દર્પણો અને મણિ-દીપકોથી શય્યા-મંદિર ઝળહળી રહ્યું છે. ઉપર મોતીની ઝૂલવાળો કલાત્મક ચંદરવો બાંધેલો છે તેમજ દીવાલો પર ચારે બાજુએ સમાગમ-સુખનાં રસોદ્દીપક દશ્યોવાળાં મોટાં રંગીન ચિત્રો પણ શોભી રહ્યાં છે !

હવે ગોપીજન, પોતાના ભાવની રસમય સામગ્રીઓ પોતાને હાથે પ્રાણેશને આરોગાવે છે. તાંબુલ અર્પે છે, ચર્વિત સહિત અધરરસ લે છે. અધર-પાનથી રસોદ્બોધ થતાં, વિવિધ પ્રકારે વિલસે છે અને રીત-વિપરીત રમણ કરે છે.

કુસુમસેજ પિયપ્યારી પોઢે
કરત હૈં રસકી બતિયાઁ,
હઁસત પરસ્પર આનંદ હુલસત
લટકલટક લપટાતજુ છતિયાઁ. ૧

અતિ રસરંગભીને રીઝેરી રીઝવાર
એક તનમન ભઈ, એક મતિગતિયાઁ,
'રસિક' સુજાન નિર્ભય ક્રીડત દોઉ અંગઅંગ
પ્રતિબિંબિત દોઉનકે બસન ભતિયાઁ. ૨

પછી પરસ્પર વિવિધ વસ્ત્રાભૂષણો ધરે છે, કેસર-કુંકુમ વડે કપોલ-મંડલ કરે છે. ઉત્તમ કેસરી મલયચંદન સમર્પે છે. દીવાલ પરનાં દર્પણોમાં મુખદર્શન કરે છે. સાથે સાથે, રસોદ્દીપક આસનચિત્રોનાં રહસ્યો વિષે વિનોદભર્યો વાર્તાલાપ પણ ચાલે છે.

શેતરંજ આદિ ખેલે છે. ખેલતાં ખેલતાં વાતો કરે છે. રાતો વીતે તોયે વાતો ન ખૂટે ! એવી છે એ પ્રેમની વાતો ! એ પ્રેમઘેલાં બની ગયાં છે ! ચિરકાળથી સેવેલા મનોરથો આજ સાકાર બની રહ્યા છે - પૂર્ણ તૃપ્તિને પામી રહ્યા છે !

આજે એમને જાણે સોનાનો સૂરજ ઊગ્યો છે ! રસના મેહ વરસી રહ્યા છે ! આનંદની હેલી થઈ રહી છે ! પ્રેમનાં સરોવર છલકાઈ રહ્યાં છે ! સ્નેહસરિતાઓ વહી રહી છે ને સુખના સાગર ઊછળી રહ્યા છે !

ચાઁપત ચરનન મોહનલાલ,
પલિકા પોઢિ કુઁવરી રાધિકા સુંદરી નવલ બિસાલ. ૧
કબહુ કર ગ્રહી નૈન સિરાવત કબહુ છુવાવત ભાલ,
'નંદદાસ' પ્રભુ છબિ નિહારત પ્રીતિ દિયે પ્રતિપાલ. ૨

પોતે જાગ્રતિમાં છે કે સ્વપ્નમાં ? આ અનુભવી રહ્યાં છે, તેનો પણ ક્ષણવાર સંદેહ થઈ આવે છે ! પ્રાણનાથ રસ-કટાક્ષથી નીરખતાં, મધુર વચનામૃતથી સીંચતાં, અંગ-સંગ-સુખરૂપી ઔષધિથી એમની મદન-પીડાને મટાડતા, અધર-રસનું આદાન-પ્રદાન કરતાં, આલિંગન-સુખની પરાકાષ્ઠા સર્જતાં, વિવિધ પ્રકારે એ કામિનીઓના અલૌકિક કામને પૂરી રહ્યા છે – પરમાનંદરસનું દાન કરી રહ્યા છે !

પ્રેમરસ પીતાં કોણ ધરાયું છે ! એ રસ એવો માદક છે - નશાથી ભરેલો છે કે તન-મન કદી શ્રમિત થતાં નથી ! ગમે તેટલો સમય વીતે તોય છૂટા પડવાનું ગમતું નથી. કોઈક અચિંત્ય-અસાધારણ-અલૌકિક સુખ-

સમૂહ, એ ભાગ્યવતી ભામિનીઓ ભોગવી રહી છે. વિપશ્ચિત બ્રહ્મ-વિવિધ ભોગ-ચતુર ભગવાન સાથે એ પરમ ભાગ્યવતી વ્રજસુંદરીઓ કયા પ્રકારે અને કેટલું વિલસી ? પોતાની સર્વ કામનાઓનો કેવો ઉપયોગ કર્યો તે તો તે જાણે, તેમના અંતર્યામી પ્રભુ જાણે કે લીલામધ્યપાતી શ્રીવલ્લભ કૃપા કરીને જે અનન્ય ભગવદીયના હૃદયમાં સ્ફુરિત કરે, તે જાણે !

આવો એ અગાધ લીલા-રસ-સાગર છે. એનો પાર કોઈ પામી શક્યા નથી, પામી શકશે પણ નહીં.શ્રીનંદનંદનની આવી નિત્યલીલા વ્રજમાં થઈ ગઈ એમ નહીં, તે લીલા નિત્ય-નિરંતર થઈ રહી છે ! અત્યારે પણ તે થયા જ કરે છે. ભગવાન દિવ્ય-ચક્ષુનું દાન કરે તો નિત્ય અને સર્વત્ર દૃશ્યમાન થઈ શકે છે ! સૂરદાસ આદિ અષ્ટછાપ ભક્ત-કવિઓએ, આ લીલાઓનાં પ્રત્યક્ષ દર્શન કરીને જ એની રસભરી કાવ્ય-રચનાઓ પ્રગટ કરી છે ને!

શ્રીપુરુષોત્તમની અંગીસૃષ્ટિના જીવો - રસાત્મક પુષ્ટિભક્તો - માટે તો આ રસ જ જીવનનું સર્વસ્વ છે ! સર્વોત્કૃષ્ટ ફળ છે ! આ સિવાય બીજું કંઈ પણ, એમનાં રસમગ્ન હૃદયોને તૃપ્ત કરી શકે તેમ છે જ નહીં. અસ્તુ.

◆

• ઇતિશ્રી •



चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ।
ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥

उक्त सेवासाधने इतरे इत्याहुस्तदिति । वित्तं दत्वा अन्येन पुरुषेण कृत्वा कारितैका । ऐतादृशेन पुंसा कृता चापरा । ऐतादृश्यौ ते तत्साधिके नेत्यभिप्रायज्ञापकं समस्तं पदम् । एतेन भगवदर्थ निरुपधिस्वसर्वस्वनिवेदनपूर्वकं तत्रैव स्वदेहविनियोगे प्रेम्णि जाते सा भवतीति भावः । ऐतादृशस्य अवान्तरफलं भवति इत्याहुः तत इति ॥ अहंता–ममतात्मक संसारो, न तु प्रपञ्चात्मकः, तस्य ब्रह्मात्मकत्वात्, तन्निवृत्याडनिष्टनिवृत्तिरुक्ताः । इष्टप्राप्तिमाहुर्ब्रे । स्वात्मनि प्रपञ्चे चाक्षर ब्रह्मात्मकत्वेन ज्ञानम् । भगवत्सेवायामभिनिविष्टस्य यद्यप्यनभिलषिते ते, तथापि वस्तुस्वभावाद्भवत इति भावः ॥२॥

–सिद्धान्तमुक्तावली

Printed by : **BHAGYA MUDRA**, 158, GIDC Estate-1, **MEHSANA**-384 002 Ph. : [02762] **55033**, Fax : **40728**